વિવિધ ગ્રંથમાળા: પુસ્તક ૧૭-૧૮.

ૐ

સ્વામી વિવેકાનંદનાં પત્રો

સંક્ષિપ્ત જીવનરેખા સહિત.

અનુવાદક, મોહનલાલ દલીચંદ દેશાઇ
બી. એ. એલ્. એલ્. બી.

પ્રકાશક:
સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય.

સંવત [illegible] વર્ષ બીજું
છૂટક મૂલ્ય [illegible] / [illegible] ના. પો૦ માફ.

વિવિધગ્રંથમાળ [illegible] ૧૫૦૦ નું મૂલ્ય:
કાચાંપૂઠાં રૂ. ૧॥, પાકાં [illegible] રૂ. ૪

વિવિધગ્રંથમાળા: પુસ્તક ૧૭-૧૮.

સ્વામી વિવેકાનંદનાં પત્રો

ત્હેમની સંક્ષિપ્ત જીવનરેખા સહિત.

અનુવાદક-

મોહનલાલ દલીચંદ દેશાઈ.

બી. એ, એલ. એલ. બી, હાઈકોર્ટ પ્લીડર-મુંબઈ.

આવૃત્તિ પહેલી. પ્રત ૫૩૦૦.

પ્રકાશક-સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

'મંત્રી' ભિક્ષુ-અખંડાનંદ. કાલબાદેવી-મુંબઈ.

ફાગણ-ચૈત્ર. સંવત ૧૯૬૮ (બીજું વર્ષ).

મૂલ્ય: { કાચું પૂઠું ૦-૫-૦ | સોનેરી ૦-૧૫-૦.
પાકું પૂઠું ૦-૧૦-૦ | પોસ્ટેજ માફ.

શ્રી સત્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસમાં શાહ પ્રેમચંદ નહાલચંદ
તથા ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપ્યું.
ઠે. ખાડીયા—અમદાવાદ.



સ્વામીશ્રી વિવેકાનંદજી.

દેહત્યાગ સન ૧૯૦૨.

જન્મ સન ૧૮૬૩.

Printed at the Bombay Art Printing Works, Fort.

પ્રકાશકના બે બોલ.

વિવિધ ગ્રંથમાળાના વાંચકોની સેવામાં ૧૭-૧૮ મણુકા દાખલ 'સ્વામી વિવેકાનંદનાં પત્રો ' રજુ થાય છે. સાથે સ્વામીશ્રીની સંક્ષિપ્ત જીવનરેખા પણ છે; જે ઉપરથી તેઓશ્રીની મહત્તાની વાંચનારને પ્રતીતિ થશે.

ઈંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા આ પત્રોનું ગુર્જર ભાષાન્તર પ્રસિદ્ધ કરવા નિર્ણય થયા પછી, તે ભાષાન્તર નિષ્કામ ભાવે કરી આપે એવા એકાદ યોગ્ય લેખકને તે કાર્ય સોંપાવા તૈયારી હતી; તેવામાંજ હાલના ભાષાન્તર કર્તા શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેશાઇનો અણધાર્યો મેળાપ થતાં; અને પ્રસંગોપાત આ ભાષાન્તર વિષે વાત નીકળતાં, તે કાર્ય કાંઇપણ બદલા વિના કરી આપવાની ઉત્સાહપૂર્વક તેમણે હા પાડી; જેના પરિણામે આ ભાષાન્તર તૈયાર થઈ જનસેવામાં રજુ થાય છે. તેમના જેવા સુયોગ્ય લેખકને હાથે આ કાર્ય વધારે સારૂં થવાનો જે સંભવ પ્રથમથીજ રખાયો હતો, તે તેમણે આ કાર્યને બને તેટલું ઉત્તમ પ્રતિનું તૈયાર કરી આપીને કેટલો ખરો પાડી આપ્યો છે; એ વાત મૂળ ઈંગ્રેજી પુસ્તક સાથે આની સરખામણી કરી જોનાર વાંચક બંધુઓને સ્વતઃજ પ્રતીત થશે.

મુંબઇ શહેરની ધંધાને લગતી અને બીજી રોકાણો છતાં, ઉક્ત ગૃહસ્થે પોતાનો કિમતી સમય રોકીને આ ભાષાન્તર જે મહેનત, ઉત્સાહ અને નિષ્કામ ભાવથી તૈયાર કર્યું છે; તે બદલ વાંચક વર્ગ તરફથી તેમજ આ સંસ્થા તરફથી તેમનો ખાસ આભાર પ્રદર્શિત કરવામાં આવે છે. આશા છે કે ઉક્ત સદ્ગૃહસ્થ અને બીજા પણ આ

ખાતાને પોતાની વિદ્વતાનો લાભ આપતા રહેલા અન્ય વિદ્વાનોની અન્ય વિદ્વાન સજ્જનો પણ, પોતાના અનેક અજ્ઞ માનવ બંધુએ હિતને ખાતર પોતાની વિદ્વત્તાનો યથાશક્તિ લાભ આ જનસેવા કાર્યમાં આપી સહાયક થશેજ.

વિશેષ પ્રચલિત ન થઇ શકયાં હોય, એવાં ઉત્તમ પુસ્તકોને વિશેષ પ્રચાર કરવાના આવશ્યક કાર્ય ઉપરાંત, ઉત્તમ પ્રકારનાં નવીન પુસ્તકો અને ભાષાન્તરો આ સંસ્થાદ્વારા પ્રસિદ્ધ થવાનો વિશેષ આધાર આવા નિષ્કામ અને સુયોગ્ય લેખક સજ્જનો પરજ રહેલો છે.

લેખક તરીકે અને અન્ય અનેક પ્રકારે આ દેશ તેમજ પૃથ્વીપરના દરેક દેશમાં કરવા યોગ્ય જનકલ્યાણનાં અનેક સત્કાર્યો સેવાબુદ્ધિથી કરનાર, નિષ્કામ, કુશળ, ઉદાર, ઉત્સાહી, અને પ્રમાણિક નરનારીઓની સર્વદા વૃદ્ધિ કરવા કૃપાળુ પ્રભુ પ્રત્યે પ્રાર્થનાપૂર્વક ૐ **तत् सत्** ।

મહાશિવરાત્રિ. સં. ૧૯૬૮ }
ફેબ્રુઆરી સન. ૧૯૧૨. }

મંત્રી
સ. સા. વ. કાર્યાલય.

વી. પી. નો અસ્વીકાર.

ચાલુ બીજા વર્ષનું પ્રથમ પુસ્તક 'નવસંહિતા' નિયમ પ્રમાણે વી. પી. થી મોકલવાનું હોવાથી; તે મોકલવા અગાઉ વી.પી. નો અસ્વીકાર ન થાય એવા હેતુથી પ્રથમ વર્ષના છેલ્લા પુસ્તકમાં ગ્રાહકોને સવેળાથીજ જણાવવામાં આવ્યું હતું કે, જેમને બીજા વર્ષથી ગ્રાહક ન રહેવું હોય તેમણે અગાઉથીજ અમુક સમય સુધીમાં અમને તે પ્રમાણે લખી જણાવવું. વળી તેમની સુગમતાર્થે તે મતલબનાં છાપેલાં કાર્ડ પણ તે પુસ્તક સાથે વહેંચવામાં આવ્યાં હતાં.

ઉપલી ખબરને અનુસરીને સવેળા 'ના' લખી જણાવનાર બસો એક સજ્જનો શિવાય બાકીના ગ્રાહકોને 'નવ સંહિતા' નું પુસ્તક વેલ્યુ-પેબલથી રવાના કરવામાં આવ્યું હતું.

આમ સવેળાથી ચેતવણી અને ના લખી જણાવવાની તક આપ્યા છતાં, અને તે માટે ઠરાવ્યા કરતાં પણ વધુ સમય જવા દીધા પછીજ વી. પી. મોકલવા છતાં, દિલગિરિ સાથે જણાવવું પડે છે કે, સુમારે ૬૦૦ થી ૭૦૦ વેલ્યુપેબલો અસ્વીકાર (રીફ્યુઝ) થઇને પાછાં આવ્યાં છે. જે બદલ દર પ્રતે બબ્બે આના પોસ્ટેજ ઉપરાંત પેકીંગ, લખામણી, ઇત્યાદિ મળીને નાહક રૂ. ૧૦૦–૧૨૫ નું નુકશાન, જેમ તેમ આ ધર્મકાર્ય ચલાવતી સંસ્થાને થયું છે. આ પ્રકારનું નુકશાન આ ખાતાએ શા કારણથી અને કયા સાધન વડે ખમવું એનો વિચાર દરેક અસ્વીકાર કરનાર બંધુએ કરવો જોઇએ, અને ન્યાય પુરઃસર નીચેની વિનંતિ સ્વીકારવી જોઇએ.

એ પ્રમાણે અસ્વીકાર કરનાર દરેક બંધુને આ લખાણથી અમારી વિવેકપૂર્વક વિનંતિ છે કે, તેમણે તેવાં દરેક વી. પી. દીઠ પોસ્ટેજના વૃથા ગએલા બબ્બે આના જેટલી પોસ્ટની ટીકીટો પોસ્ટ રસ્તે મોકલી આપી, પોતાની ભૂલ કે બીન કાળજીને લીધે આ ધર્મકાર્યમાં નાહકનું

નુકશાન થતું અટકે તેમ કરવું. આવાં કાર્યોમાં દરેક સજ્જને બનતી મદદ કરવી જોઇએ; તેને બદલે જાણે અજાણે ઉલટું આમ નુકશાન કરી દેવાયું હોય, તે ઉક્ત પ્રકારે દૂર કરવાની તેવા દરેક સજ્જને પોતાની આવશ્યક ફરજ સમજવી જોઇએ. વ્યક્તિ દીઠ બબ્બે આના છતાં સામટું ગણતાં રૂ. ૧૦૦-૧૨૫ નું નુકશાન આવી સંસ્થાને માટે કેવું અસહ્ય થઇ પડે; એ વાત દરેક સમજુના ખ્યાલમાં આવી શકે તેમ છે. આશા છે કે જેઓ રૂડી સમજણ ધરાવતા હશે તેઓ તો આટલા વિવેચન પછી ઉપલી વિનતિપર સત્વર અમલ કરશેજ,

જેઓ આ પુસ્તકની રવાનગી થયા પછીના પંદર દિવસ સુધીમાં તેમ નહિ કરે, તેમને માટે સારો અભિપ્રાય ન રહેતાં દિલગિરિ સાથે તેમનાં નામો, તેઓ લોકોમાં ગમે તેવા પ્રતિષ્ઠિત ગણાતા હશે તોપણ, વિવિધ ગ્રંથમાળામાં કાંઈ પણ સંકોચ વિના ખુલ્લાં પાડવામાં આવશે.

સવેળા ખબર આપ્યા છતાં, સવેળા ના ન લખતાં વી.પી. નો સ્વીકાર ન કરવો, એ એકજ કારણ આવી રીતે નામ પ્રસિદ્ધ કરવા માટે પૂરતું છે. છતાં ઉપર પ્રમાણે એ ભૂલ સુધારવાની તક આપવામાં આવી છે; અને તેમ છતાં તે ભૂલ ન સુધારી લેનાર જેઓનાં નામ પ્રસિદ્ધ થવાને લીધે તેમની ફજેતી કે હલકાઈ થતી હશે, તેને માટે અમે કોઇ પણ રીતે જવાબદાર નથી; તેમજ 'આ ખબર તેમણે જાણી નહોતી' એ કારણ પણ ચાલશે નહિ. આ પ્રમાણે નામો પ્રસિદ્ધ થવાથી એક એ પણ સાર્વજનિક લાભ થશે કે ભવિષ્યમાં તેવાઓથી ચેતીને બીજાઓ તેમને હાથે તેવું નુકશાન પામતા અટકશે.

આશા છે કે દરેક ચાલુ ગ્રાહક એવા અસ્વીકાર કરનાર જે જે ગ્રાહકો પોતાની જાણમાં હોય, તેમને આ ખબર યોગ્ય સલાહ સાથે પહોંચાડી આ કાર્યમાં સહાય કરશેજ.

'વ્યવસ્થાપક' સ. સા. વ. કાર્યાલય.

ગ્રાહકોનો ઘટાડો અને તે વિષે વિનંતિ.

નવા વર્ષનું પુસ્તક વી. પી. કરવા સમયે ગ્રાહકોની સંખ્યા લગભગ ચાર હજાર જેટલી હતી; જેમાંથી ઉપર જણાવેલી બાબતને લીધે ૮૦૦–૯૦૦ ગ્રાહકોનો ઘટાડો થવાથી હવે નક્કી સંખ્યા ત્રણ હજાર પર આવી ગઇ છે. દુષ્કાળના સમયને લીધે વર્ષની આખર સુધીમાં સાધારણ રીતે તો બસો પાંચસોથી વધુ નવીન ગ્રાહકો નીકળી આવવા સંભવ નથી; અને તેથી એકંદરે ખૂટતા બે હજાર જેટલા ગ્રાહકો ચાલુ વર્ષની આખર સુધીમાં વધે, તે માટે ખાસ પ્રયાસ કરવાની જરૂર ઉભી થઈ છે.

એ પ્રયાસનો સર્વ આધાર હાલના ચાલુ ગ્રાહકો પરજ રહેલો છે; જેથી ગયા વર્ષમાં અનેક ગ્રાહક સજ્જનોએ આ બાબતમાં જે અસાધારણ ઉત્સાહ દર્શાવ્યો હતો તેઓને તેમજ જેઓથી ગયા વર્ષમાં તેવો પ્રયત્ન કરવા બન્યું નથી તેવા દરેક વાંચક બંધુને, આ ખાસ અગત્યની બાબતમાં પ્રયત્ન કરવા ખાસ વિનંતિ કરવામાં આવે છે. આ ગ્રંથમાળાના સસ્તાપણાની અને તે દ્વારા મળતા ઉપયોગી વાંચનની માહિતી મળતાં તુરતજ હોંશથી તેના ગ્રાહક થાય, એવા અસંખ્ય મનુષ્યો ગુજરાત, કાઠીઆવાડ અને કચ્છના મૂલકમાં હજી પણ આ યોજનાથી બીલકુલ અજાણ્યા છે તેઓમાં; તેમજ પોતાના મિત્રો, પાડોશીઓ, નાતીલાઓ અને ઓળખાણવાળાઓમાં આ બાબતની માહિતી ફેલાવવાનો માત્ર થોડો થોડો પણ પ્રયત્ન કરવા; અને વધુ નહિતો અઠવાડીએ માત્ર એકાદ કલાક જેટલો સમય પણ તે ખાતે ગાળવા દરેક વાંચનાર બંધુ તસ્દી લેશે, તો આશા છે કે પાંચ હજાર ગ્રાહકોની સંખ્યા જલદીથી પૂર્ણ થઈ જશે.

'વ્યવસ્થાપક' સ. સા. વ. કાર્યાલય.

નિવેદન.

Epistles of Swami Vivekanand એ નામક 'પ્રબુદ્ધ-ભારત' ઑફીસમાંથી બહાર પડેલ અંગ્રેજી પુસ્તકના બે ભાગનો આ 'સ્વામી વિવેકાનંદના પત્રો' અનુવાદ છે. સ્વામીશ્રીએ પોતાના મિત્રો, સહાયકો અને શિષ્યો પ્રત્યે આ પત્રો એકાદ અપવાદ સિવાય સર્વે લખેલા છે, અને તે વાંચતાં તનમાં તનમનાટ અને મનમાં અપૂર્વ જુસ્સો પ્રગટ થાય છે. ભાષા એવી પ્રોત્સાહક (vigorous) છે, કલ્પના એવી મનોરમ્ય અને ચિત્તાકર્ષક છે, અને આત્માનો વેગ એવો પ્રબલ અને શૌર્યાન્વિત છે કે કોઇ પણ વ્યક્તિ મંત્રમુગ્ધ થયા વગર રહે તેમ નથી મને આ વાંચવાથી જે સ્ફુરણા થઇ, તે વિશેષ ફલિતાર્થ કરવાને અને ગુજરાતી પ્રજા બીજી પ્રજાઓની અપેક્ષાએ ઓછી જુસ્સાવાળી હોવાથી તેની સંમુખ આ પત્રો મૂકવામાં આવે, તો તેમાં કંઇ નવો જુસ્સો પ્રગટ થશે અને નવીન જીવન રેડાશે એ પ્રતીતિથી યથાશકિત ગુજરાતી ભાષામાં તે ભાષાંતરનું નજરાણું ધર્યું છે તે સાદર સ્વીકારવામાં આવશે, તો મારો પ્રયાસ સફલ થશે.

આ સાથે મારે કહેવું જોઇશે કે સ્વામીશ્રીના બધા વિચારો જેમ સર્વને સર્વમાન્ય હોઇ નજ શકે તેમ મને પણ નથી. આનું મહાન્‌માં મહાન્ ઉદાહરણ તેમણે માંસાહાર પ્રત્યે—હિંસા પ્રત્યે જે અનુકૂલ વલણ બતાવી છે, તે યોગ્ય નથી, અને તેથી મેં જે પત્રમાં તે જેટલી બતાવવામાં આવી છે તે પત્રનો તેટલો ભાગ (પત્રાંક ૬૪. પૃ. ૧૬૩) ભાષાંતરમાં મૂકયોજ નથી; છતાં કયાંક તે સંબંધે જરીક પણ ઉલ્લેખ થઇ ગયો છે; આ અને બીજાં ઉદાહરણો છે.

અત્યારસુધીમાં આ પત્રોનું ગુજરાતી ભાષાંતર થયુંજ નથી; મારા મિત્ર રા. નારાયણ વિસનજી ઠક્કુરે તે પ્રસિદ્ધ થશે એમ જાહેર કર્યું છે,

પણ તે થાય ત્યારે; હમણાં સંભળાયું છે કે રા. **ભગુભાઇ ફત્તેહચંદ કારભારી** તરફથી બહાર પડે છે (કિંમત ૦–૬–૦), અને તેનો અમુક ભાગ મેં ભાષાંતર કરી લીધા પછી, અને અડધો ભાગ છપાયા પછી રા. **ભગુભાઇ** પાસેથી જોયો તો માલૂમ પડ્યું કે તે ભાષાશૈલી, વિચાર-વેગ, અને મૂલભાવ સુંદર રીતે ઓછાં બતાવી શકશે. ગમે તે હો; આ ભાષાંતર અને તે કેવાં આદરમાન ગુજરાતી વિવેચક પ્રજામાં પામશે તે હવે જોવાનું છે. મરાઠીમાં **મનોરંજન ઑફીસ** તરફથી એકભાગ બહાર પડેલ છે, તે વાંચીને મૂલ સાથે સરખાવતાં એમજ જણાયું કે તે અક્ષરશઃ ભાષાંતર નથી, એટલુંજ નહિ પરંતુ જે કઠિન લાગ્યું, બરાબર ન સમજાયું, તે તેમાં પડતું મૂકવામાં આવ્યું છે, તેથી **સ્વામીશ્રીના** અંતર્ગત આશયો અને ભાવો સ્પષ્ટ રીતે ઘણી ઘણી વખત તેમાં પ્રદર્શિત થયા નથી. આથી તેનો આધાર લેવો અયોગ્ય એમ મારા મનને ઠર્યું; તેથી મૂળ અંગ્રેજીમાંથી જેમ મને યોગ્ય લાગે તેમ, અંતર્ગત ભાવો વિશેષ પ્રકટ થાય તેમ વિનાલંબને ગુજરાતી ભાષાંતર મારે કરવું પડ્યું છે; અને તેમાં પણ જેમ ભાષાંતરમાં હમેશાં મૂળથી ન્યૂનતાજ રહે છે તે પ્રમાણે, તેમજ વિશાલાર્થી અંગ્રેજી ભાષાને અલ્પાર્થી ગુજરાતીમાં ઉતારવી મુશ્કેલ છે તેથી, એટલુંજ નહિ પરંતુ મને કેટલીક વખત સ્પષ્ટરીતે વ્યક્ત થયું કે સ્વામીશ્રીના અંતર્ભાવો અમુક શબ્દોમાં શું હોવા જોઇએ તે હું સમજી શક્યો નથી તેથી, વળી ધાર્યા કરતાં શીઘ્ર ભાષાંતર કરવાની ફરજ પડવાથી આ ભાષાંતર ઘણે અંશે ન્યૂન રહ્યું હશે; માટે વિદ્વજ્જન મને ક્ષમા આપશે.

મૂલ અંગ્રેજી પત્રો બે ભાગમાં છપાયેલ છે, અને તે બેમાં મિતિ પ્રમાણે એક પછી એક એમ પત્રો અપાયા નથી, પણ જેમ પ્રાપ્ત થતા ગયા તેમ છાપવામાં આવ્યા છે; જ્યારે આ ભાષાંતરમાં મિતિના બરાબર અનુક્રમ પ્રમાણે આપવામાં આવ્યા છે, અને જે પત્રમાં મિતિ પૂરી રીતે આપવામાં આવી નથી, તેને સંબંધ જોઇ તેના આવતા ક્રમમાં

મૂકવામાં આવેલ છે. આથી આની સાથે સ્વામીશ્રીની ટુંક જીવનરેખા બરાબર કાલક્રમાનુસાર સ્પષ્ટરીતે સમજી શકાશે, એટલુંજ નહિ પરંતુ તેમનું માનસિક જીવન અમુક અમુક વખતે કયા વિચારપ્રદેશમાં પર્યટન કરતું હતું તે પણ સૂક્ષ્મદષ્ટિથી તપાસવાને સુલભ થઇ પડશે. તે બે ભાગમાં જેટલા પત્રો પ્રકટ થયા છે તે સિવાય અન્ય પત્રો ક્યાંય પ્રકટ થયા નથી, તેથી હમણાં તેટલાજ પત્રોનું ભાષાંતર કરી સંતોષ માનવો પડ્યો છે.

આ ફક્ત પ્રીતિશ્રમ (Labour of Love) છે, અને તેને અંગે આ ભાષાંતરની સાથે સસ્તું સાહિત્ય વર્ધક મંડળીની સંગતિ થઈ છે, અને તે સંગતિ પાર પાડવામાં નિમિત્ત એવા શ્રી અખંડાનંદ ભિક્ષુનો, તથા આ પુસ્તક ગુજરાતીમાં પ્રગટ થવા માટે 'પ્રબુદ્ધભારત' પ્રેસે પોતાની સંમતિ મારાપરના તા. ૧૯-૧૨-૧૧ ના પત્રથી આપી છે તેથી તેનો ઉપકાર શિરે ચડાવું છું.

સાથે સાથે આની સાથે જોડેલી સ્વામીશ્રીના જીવનની ટુંક રૂપરેખા તથા તેમની પ્રતીતિઓ વગેરે લખવા માટે Life and Work of Swami Vivekanand (Commercial Printing Press, Bombay.) Indian Nation Builders Part II (Ganesh and Co. Madras), Swami Vivekananda—His Life and Teachings (G. A. Natesan and Co. Madras), Mahratta dated 14 th January 1912, અને મારા મિત્ર રા. રા. નારાયણ વિસનજી ઠક્કુરથી અનુવાદિત વિવેકાનંદવિચારમાળા-પ્રથમ પુષ્પ ('ગુજરાતી' પ્રેસના માલિક મુંબઇ)નો આધાર લેવામાં આવ્યો છે તો તે સર્વનો ઋણી થયો છું એ મુક્તકંઠે સ્વીકારૂં છું.

મુંબઇ તા. ૨૬-૧-૧૯૧૨. મોહનલાલ દ. દેશાઇ

સ્વામી શ્રી વિવેકાનંદ.

સંક્ષિપ્ત જીવનરેખા.

૧

પ્રસ્તાવ.

અમેરિકાના ભૂપ્રદેશને પાવન કરનાર, અને આર્યભૂમિના પવિત્ર અને આત્મજ્યોતિર્મય જલથી રેલાવનાર સ્વામીશ્રી પ્રત્યે તેજ ભૂમિના વાસી ડાક્ટર જૉન સી. વાઈમન પ્રેમપ્રતીતિપૂર્વક કથે છે કેઃ—

Brother Swami Vivekanand,
  Bright pearl of the Orient sea,
Came here with his soul all illumined
  By Light, Love and Liberty.

He came here with greetings fraternal
  From the mystical East to our West;
And from those wise Vedas inspired
  He taught us the purest and best.

He brought us a message most gracious
  From the long past ages of time;
He came as the Priest and the Prophet,
  Enthused with a faith all sublime.

Right soon to our hearts he found entrance,
  So lovable, so gentle was he,—

And as *teacher* or *friend* was so winning,
None could other than lover be.

He proclaimed ancient truths with wisdom,
And his eloquence quickly did win
Many earnest and faithful disciples,
Whom he taught of their God-powers within.

૨

બાલ્યકાલ–વિદ્યાર્થીજીવન.

૧૮૬૨–૧૮૮૨–૩

આવા–સમસ્ત ભૂમંડલના એક મહાનમાં મહાન્ ધાર્મિક ઉપદેશક અને વિચારક તરીકે પ્રસિદ્ધ થયેલ શ્રી વિવેકાનંદનો જન્મ સિમોધાના દત્ત નામના એક પ્રાચીન કાયસ્થ (એક ક્ષત્રિયવંશથી ઉતરી આવેલ જ્ઞાતિ) કુંટુંબમાં તા. ૧૪ મી જાન્યુઆરી સને ૧૮૬૨ના દિને થયો હતો. તે વખતનું નામ નરેંદ્રનાથ હતું. તેમના પૂર્વજો સરલ અને ભક્તિથી લદબદ એવી ધાર્મિક વલણ ધરાવતા હતા. એમ કહેવામાં આવે છે કે તેના પિતામહ પોતાની છેલ્લી અવસ્થામાં સંન્યાસી થયા હતા. નરેન્દ્રનાથના પિતાનું નામ વિશ્વનાથ દત્ત હતું અને તે કલકત્તા હાઇકોર્ટમાં સોલીસીટર હતા. તેમની માતુશ્રીનું નામ ભુવનેશ્વરીદેવી હતું કે જે ગયા વર્ષમાંજ–જુલાઇ માસમાં સ્વર્ગસ્થ થયાં. તે બુદ્ધિમતી અને અદ્ભુત સ્મરણશક્તિ ધરાવનારાં હતાં. આમ કુંટુંબમાં બુદ્ધિ, ભક્તિ, વિવેચક નિરીક્ષણદષ્ટિ, એક યા બીજામાં બહુ સારા અંશમાં જોવામાં આવતી અને તે સર્વગુણ વિવેકાનંદમાં અપૂર્વ અને ઉત્તમ રીતે ખીલી પૂર્ણ વિકસિત થયાં હતા.

વિવેકાનંદમાં ક્ષત્રિયતેજ–શૌર્ય દીપતું હતું, તે તેના કાયસ્થ-ક્ષત્રિયવર્ણમાંથી ઉતરી આવેલું હતું. તે લખે છે કેઃ—

તમે માંસભક્ષક ક્ષત્રિયની વાત કરો છો; માંસ કે ન માંસ પણ તેઓજ હિંદુધર્મમાં જે ઉચ્ચશ્રેણિનું અને સુંદર છે તેના જન્મદાતા છે. ઉપનિષદો કોણે લખ્યાં? રામ કોણ હતા? કૃષ્ણ કોણ હતા? બુદ્ધ કોણ હતા? જૈનોના તીર્થંકરો કોણ હતા? જ્યારે જ્યારે ક્ષત્રિયોએ ધર્મનો ઉપદેશ આપ્યો છે, ત્યારે ત્યારે તેઓએ દરેક વ્યક્તિને તે આપેલ છે, અને જ્યારે જ્યારે બ્રાહ્મણોએ કંઇ પણ લખ્યું છે ત્યારે ત્યારે તેઓએ બીજાના હક્કો સ્વીકારવાની ના પાડી છે.

પત્રાંક ૧૦ પૃષ્ટ ૪૯.

વંશ–પિતામાતાના ગુણો નામે અનુકંપા અને બંધુભાવ, પવિત્રતા અને ભક્તિ, પ્રભુશ્રદ્ધા અને ધાર્મિક ઉત્સાહ નરેન્દ્રમાં ન્હાનપણથીજ પ્રદર્શિત થતા હતા. તેની મૂળ પ્રકૃતિજ વિચારશીલ અને પર્યેષક હતી. વિદ્યાર્થી તરીકે હિંદુ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, અને હર્બર્ટ સ્પેન્સરનાં જડવાદનું દલીલપૂર્વક મંડન કરનારાં પુસ્તકોનું વાંચન જારી રાખ્યાં. કૉલેજમાં હતા ત્યારે એવું કહેવામાં આવે છે કે ખુદ હર્બર્ટ સ્પેન્સરને તેની દલીલોનું ખંડન કરતો એક પત્ર શ્રીનરેન્દ્રે લખ્યો હતો, અને તેના ઉત્તરમાં હર્બર્ટ સ્પેન્સરે ચકિત થઈ એવું જણાવ્યું કે ‘ ખૂબ અભ્યાસ અને શોધ કરો. આમ અભ્યાસ કરતાં તે જડવાદી બન્યા, પરંતુ તે જડવાદ બહુ વખત સુધી સુભાગ્યે ન રહ્યો, અને તેથી તેઓ જરા સામાન્ય ભાષામાં એવું કહેતા હતા કે કોઇપણ હિંદુ નાસ્તિક–અનીશ્વરવાદી બની શકે તે હું માનતો નથી. તે ભલે યુરોપીય પુસ્તકો વાંચે અને પોતે એક જડવાદી છે એમ માને–મનાવે, પણ યાદ રાખજો કે તે બધું ફક્ત પાંચ મહિના માટે; કારણ કે જડવાદ હિંદુના લોહીમાંજ નથી.’ તેની પ્રકૃતિ અતિશય ભાવનામય અને ઉગ્ર ધાર્મિક વલણવાળી હોવાથી અનીશ્વરવાદ અને જડવાદ સામે વારંવાર થતી, તેથી તુરતજ તેનો આખરે નાશ કર્યો. પછી બ્રહ્મસમાજના ધર્મમાં ભળી તેની તપાસ લીધી. તે સંપ્રદાય પણ પોતાના નિરંકુશ આત્માને

સંકુચિત અને મર્યાદિત લાગ્યો. આ વખતે નરેન્દ્ર સંક્રાંત દશામાંથી પસાર થતા હતા. આવી દશા જગત્‌ના ધાર્મિક ઉપદેશકોને હમેશાં આવેજ છે. આ અવસ્થામાં તેના મનમાં તીવ્ર વેદના રહેતી, અને ધાર્મિક જ્ઞાન તથા દિવ્ય સત્ય શોધી પ્રાપ્ત કરવાની આતુરતામય અભિલાષા, અને ઉગ્ર તૃષા રહ્યાંજ કરતી. આ વખતે–ઇ. સ. ૧૮૮૩–૮૪ ના વર્ષમાં–લગભગ ૨૧–૨૨ વર્ષની વયે કલકત્તાની કૉલેજમાંથી બી. એ. ની ડીગ્રી–પદવી મેળવી, અને વકીલના ધંધામાં જવું કે નહિ તેનો વિચાર કરવામાં આવ્યો.

૩

ગુરૂસમાગમ.

૧૮૮૪–૧૮૮૬

આ વખતે મન અંધકારમય અને સંશયગ્રસ્ત હતું. આ અંધકાર અને સંશય દૂર કરવા કોઇ સાક્ષાત્ પરમાત્મમૂર્તિ–ગુરૂની શોધમાં હતા. આ જમાનામાં આવા ગુરૂમહાત્મા કયાંય જોવામાં આવતા નથી, તેથી હૃદયમાં વિશેષ ક્ષોભ થતો, પરંતુ જે મનુષ્ય સત્યની શોધમાં જ્વલંત પ્રયાસ કરે છે, જેની બ્રહ્મતૃષા નિરંતર પીડા કર્યાં કરતી હોય અને તે તૃષા છીપાવવા જેનું હૃદય ઝાંવાં નાખતું હોય તેવાને સત્યદર્શી મહાત્મન્ મળી આવે છે. નરેન્દ્રના સંબંધમાં પણ તેવુંજ થયું. તેના કાકા એક ગુરૂના શિષ્ય બની રહ્યા હતા, અને વારંવાર તેના સમાગમનો આનંદ લેવા જતા. આ ગુરૂનું નામ શ્રી રામકૃષ્ણ પરમહંસ હતું. એકદા નાસ્તિક ભત્રિજાને કાકા તેની પાસે લઈ ગયા. આ પ્રથમ સમાગમથી નરેંદ્રના જીવને સર્વસ્વ અવનવુંજ સ્વરૂપ ધારણ કર્યું. ગુરૂએ નરેન્દ્રને શ્રીકૃષ્ણ પ્રભુનાં ધાર્મિક ગીતો ગાવાનું કહ્યું. નરેન્દ્ર સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો સૂક્ષ્મ અભ્યાસી હતો, એટલુંજ નહિ પરંતુ વિવિધ કલાઓ જેવી કે સંગીત, નૃત્યકલા, અને ચિત્રકલામાં બહુ કુશળ હતો. મધુર-

કંઠાલાપથી ગીતો છેડયાં, ગીતમાં પ્રભુત્વ હતું. આખો આશ્રમ મધુર-ધ્વનિથી, દિવ્ય વાતાવરણથી આંદોલિત થયો. પાસે બેઠેલું શિષ્યમંડળ એકાગ્ર–તલ્લીન બની નાદમાં મસ્ત બન્યું, અને ગુરૂમહાત્મન્ મગ્ન-દશામાં આવ્યા એટલે તેના મુખપર દિવ્ય અપૂર્વ જ્યોતિ ચમકી, અને તેનો વિસ્તાર નરેન્દ્ર ઉપર ફેલાયો. સર્વ મંત્રમુગ્ધ બને તેમ નરેન્દ્ર ગુરૂમાં મુગ્ધ થયો. સંશયગ્રસ્ત મન અપૂર્વ શાંતિ અનુભવવા લાગ્યું. સર્વત્ર ભક્તિ પ્રસરી. આ પ્રસંગ બહુ સ્મરણીય એટલા માટે છે કે આ ગુરૂ શિષ્યનો સંબંધ ગુરૂ જ્યાંસુધી વિદ્યમાન રહ્યો ત્યાં સુધી દૃઢ રીતે રહ્યો એટલુંજ નહિ, પરંતુ આથી નરેન્દ્રના આગામી જીવનનો સમસ્ત પ્રવાહ બદલાઈ ગયો, કે જે હવે આપણે જોઇશું. આ પ્રસંગેજ ગુરૂએ આ શિષ્યના સંબંધમાં એવું ભવિષ્ય ભાખ્યું કે શિષ્ય ભાવી ઉદ્ધારક થશે. આ, અને ત્યાર પછીના ગુરૂશિષ્યના પરિચય પ્રસંગો અદ્‌ભૂત છે. તેમાંનામાં નરેન્દ્રને પરમાત્માનો સાક્ષાત્કાર, તથા આત્મા અન્નપાન વગર રહી શકે છે તેની પ્રતીતિ કરાવ્યાના પ્રસંગો ખાસ જાણવા યોગ્ય છે. મહાત્મન્ રામકૃષ્ણે પોતાનો કોઈ શિષ્ય બને, શિષ્ય પરિવાર વધે એવો કદીપણ પ્રયત્ન કર્યો નથી, છતાં તેમનામાં કોઇ એવા અલૌકિક આકર્ષક ગુણો હતા કે તેને લીધે એક શિષ્યમંડળ એકઠું થયું,–ને તે વળી એવું કે તેમાં વીશેક શિષ્યો તો ગ્રેજ્યુએટો હતા. આમાં નરેન્દ્રનાથ પાછળથી થયેલા ગ્રેજ્યુએટ શિષ્ય હતા, છતાં તે પટ્ટશિષ્ય અને મુખ્યમાં મુખ્ય ગણાયા. ગુરૂનો દેહોત્સર્ગ થયો તે પહેલાં ક્યારનો નરેન્દ્રનાથે સંસારત્યાગ કર્યો હતો, પણ પોતાની માતુશ્રીના અત્યંત આગ્રહથી એક નોકરી થોડા વખત માટે લીધી હતી. ગુરૂ મહારાજ ચાર મહિના શરીરવ્યાધિ ભોગવી સર્વ શિષ્યોની અત્યંત શુશ્રૂષા મેળવી, મરણપર્યંત અસ્ખલિત ધર્મના ગૂઢ રહસ્યો શિષ્ય સંમુખ દાખવી. તા. ૧૬ મી આગષ્ટ સને ૧૮૮૬ને દિને સમાધિસ્થ થયા.

૪

ગુરૂસ્મારક.

હવે સર્વ શિષ્યો મળી પોતાના પરમ કલ્યાણકારક ગુરૂના સ્મારક માટે શું કરવું. તેના વિચારમાં પડયા, સર્વાનુમતે એવો નિશ્ચય કરવામાં આવ્યો કે તે ગુરૂએ બોધેલાં વચનો જગતમાં વેરી-વિસ્તારી જગતને ફલદ્રુપ કરવા અર્થે તેમના જેવુંજ સંન્યસ્ત વ્રત સ્વીકારવું, અને આત્મજીવન શું વસ્તુ છે એ બતાવવું. તરૂણ અને અંગ્રેજી ઉચ્ચ કેળવણીથી સંસ્કૃત થયેલા એવા વીશ ગ્રેજ્યુએટોએ સંસારનાં સર્વ સુખોનો ત્યાગ કરી દેશની નૈતિક સુધારણા અને ધર્મની વૃદ્ધિ કરવા અર્થે મૂળ નામ બદલી વિવેકાનંદ, અભયાનંદ, બ્રહ્માનંદ, રામકૃષ્ણાનંદ, અદ્વયાનંદ, ત્રિગુણાતીતાનંદ, નિરંજનાનંદ, આદિ નવીન નામો ધારણ કરી બ્રહ્મચારી-સંન્યાસીઓની એક પવિત્ર સંસ્થા બનાવી. આમાંના વિવેકાનંદ તેજ આપણા ચરિત્ર નાયક છે.

૫.

વિવેકાનંદનો પ્રવાસ.

૧૮૮૭-૧૮૯૨.

જે જીવનકાર્ય વિવેકાનંદે પ્રથમ નિર્દિષ્ટ કર્યું, તે પૂર્ણ પ્રેમથી વેદાંતવિસ્તારનું મહાન્ કાર્ય બજાવવું એ હતું આ માટે જ્ઞાનસંપત્ તથા ધ્યાન આદિ સામગ્રીઓ પૂર્ણ મેળવવા લક્ષ દોર્યું. પ્રથમ તેણે પોતાના ગુરૂબંધુઓ સાથે કેટલુંક કાર્ય કર્યું. પછી હિમાલયમાં આત્મધ્યાન અને અભ્યાસ માટે એકાંતવાસ સ્વીકાર્યો. અહીં તિબેટમાં જઇ બૌદ્ધધર્મનું અધ્યયન કર્યું. ત્યાંથી પાછા ફરી કલકત્તે આવ્યા, અને આખા ભારતનો પ્રવાસ કરવા નીકળ્યા. ખત્રીમાં ત્યાંના મહારાજાને પોતાની પ્રતીતિઓથી અભિમુખ કર્યા અને પોતાપ્રત્યે ઉચ્ચ પૂજ્યભાવ જાગ્રત કરાવ્યો. અહીંથી પશ્ચિમ કિનારા તરફ બધે ફરી ત્રિવેંદ્રમ આવ્યા. ત્યાંથી મદ્રાસ

આવ્યા. આ સર્વ સ્થળે તેમણે અશ્રાંતપણે વેદાંતનો ઉપદેશ કર્યો, અને પ્રાચીન ભારતવર્ષની અદ્‌ભૂત જ્યોતિનો સાક્ષાત્કાર યુવકજનોમાં કરાવ્યો. જ્યારે તે મદ્રાસમાં રહ્યા ત્યારે તેમણે સર્વ સ્થળેથી સન્માન અને પૂજ્યાદર મેળવ્યાં. આ વખતે અમેરિકાના ચિકાગો શહેરમાં 'પાર્લામેન્ટ ઓફ રિલિજિયન્સ'– સર્વ ધર્મોની મહાન્ પરિષદ્ મળવાની હતી, અને તેમાં સ્વામીજી હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે જાય તો ધર્મનો ઝુંડો દૂર દેશમાં ફરકે એવું કેટલાક સુશિક્ષિત જનોને લાગ્યું, તેથી તેઓએ નાણાંની ટીપ કરી સ્વામીજીને અમેરિકા મોકલાવ્યા. જાપાન થઇ અમેરિકાનો પ્રવાસ કર્યો. જાપાનમાં શું શું જોયું અને તે પરથી હિંદને શું શું બોધ લેવા યોગ્ય છે તે માટે તેમનો જાપાનથી તા. ૧૦ મી જુલાઈ ૧૮૯૩ નો લખેલો પ્રોત્સાહ પત્ર અવસ્ય મનન કરવા યોગ્ય છે. (પૃ. ૮). અમેરિકા પહોંચ્યા ત્યાર પછી લખેલ ૨૦ મી આગસ્ટ ૧૮૯૩ નો પત્ર જુઓ. (પૃ. ૧૭)

૬.

અમેરિકા નિવાસ.

૧૮૯૩–૧૮૯૫.

ચિકાગો પહોંચ્યા પછી પોતાની પાસે જે ધન હતું તે બધું વપરાઈ ગયું હતું, અને તદ્દન નિર્ધન અને નિરાધાર સ્થિતિ પ્રાપ્ત થઇ હતી. આ વખતે સ્વામીજીમાં જે અચલ ધૈર્ય હતું તે પ્રશંસનીય છે. **देहं वा पातयेत् अर्थं वा साधयेत्** એજ સૂત્રનું સદોદિત ચિંતન રહ્યાં કરતું હતું. ત્યાં એવું બન્યું કે બોસ્ટન શહેરની પાસેના એક ગામડામાં આગગાડીમાં જતાં એક વૃદ્ધ બાઇ તેના હિંદુ સંન્યાસીના પોશાક તથા દેખાવ જોઇ આશ્ચર્યચકિત થઇ અને પોતે અહીં શું કરે છે તે વિસ્મયથી પૂછ્યું. સ્વામીજીએ બધી હકીકત નિવેદન કરી, તેથી "તેણીએ મને પોતાને ત્યાં આવી વસવાને આગ્રહપૂર્વક આમંત્રણ કર્યું, અને મેં તે સ્વીકારી લીધું. તેણીની સાથે અહીં રહેવામાં મને એ લાભ

થાય છે કે દરરોજનું મારૂં ૧૫ રૂપીઆનું ખર્ચ થોડા વખત માટે બચે છે, અને તેણીને એ લાભ થાય છે કે તેણી પોતાના ઈષ્ટ મિત્રોને આમંત્રણ કરી બોલાવે છે, અને હિંદની એક વિચિત્ર વસ્તુનું—મારૂં પ્રદર્શન બતાવે છે આ રીતે બંનેનું કાર્ય થાય છે. આ બધું વેઠી લેવું જોઇએ. ભૂખથી રીબાવું—ઠંડીનો ઉપદ્રવ સહન કરવો—અને મારા વિચિત્ર પોશાકને લઇને શેરીઓમાં હુરીઓ હુરીઓ થવું—પડે છે. પરંતુ વ્હાલા મિત્ર! કોઇપણ મહાન્ કાર્યો મહાન્ પરિશ્રમ વગર બની શકયાં નથી. એ બરાબર મારા ખ્યાલમાં છે."— પત્રાંક ૬ પૃ. ૧૮–૧૯.

આ બાઈના મિત્રોએ જોયું કે સ્વામી પશ્ચિમના મહા વિદ્વાનો કરતાં પણ વધુ બુદ્ધિવાન્ અને પ્રતિભાશાલી છે, અને તેથી તેમની અદ્વિતીય તત્ત્વજ્ઞાનની વાતો સમજી શકતા નથી; તેથી તે બરાબર સમજવા માટે ત્યાંના કોઇ તત્ત્વજ્ઞાનના પ્રોફેસરને બોલાવ્યો તેણે સ્વામીજીની અદ્ભૂત વિદ્વત્તા જોઇ, અને પછી ચિકાગોમાં ભરાવાની સર્વ ધર્મ-સમાજના પ્રેસિડંટ ડા. બેરોઝની સાથે તેની ઓળખાણ કરાવી. ડા. બેરોઝે તેને હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે મૂકયા, એટલુંજ નહિ પરંતુ હિંદમાંથી જે ધર્મના પ્રતિનિધિઓ આવે તેનું પરિષદ્ તરફથી સન્માન-આતિથ્ય કરવા માટે પણ નિયોજ્યા.

ધર્મસમાજ ભરાઇ તે પહેલાં વ્યાખ્યાનો, ભાષણો સ્વામીજીએ ચાલુ રાખ્યાં, અને પોતાની અલૌકિક વકતૃત્ત્વશકિત, વિચારશ્રેણી, અને મધુર વાર્તાલાપનો મિષ્ટ સ્વાદ ચખાડી અમેરિકન પ્રજામાં પોતાપ્રત્યે આકર્ષક જિજ્ઞાસા જગાવી. ધર્મસમાજ ભરાયો અને તે વખતે સભા-મંડપમાં બોલતાં પહેલાં પોતે આગળથી તૈયાર ન હોવાને લીધે નૈસર્ગિક મનની ગભરામણ થાય તે પ્રમાણે પોતાના મનની સ્થિતિ ચાલતી હતી તે કેવી રીતે નિવારી અને 'અમેરિકાનાં ભગિનીઓ અને ભ્રાતાઓ' એ સંબોધનથી આખા સભાજન સમૂહનાં ચિત્ત કેવાં આકર્ષી લીધાં તે જગદ્વિખ્યાત છે. આ માટે જુઓ પત્રાંક ૭. પૃ. ૨૯.

બીજે દિવસે વર્તમાનપત્રોમાં સ્વામીજીનાં અતિશય સ્તુતિગાનો આવવા લાગ્યાં. ન્યુયૉર્ક હેરલ્ડે એવું પ્રતીતિપૂર્વક જણાવ્યું કે:—

"વિવેકાનંદ એ ધર્મસમાજમાં નિ:સંશય એક મહાનમાં મહાન વ્યક્તિ છે. તેનું ભાષણ શ્રવણ કરીને અમોને બરાબર એમજ લાગે છે કે તેના દેશની (હિંદની) વિદ્વાન પ્રજા પાસે આપણા ધર્મના (ખ્રિસ્તી) મિશનરીઓ–ધર્મ પ્રચારકો મોકલવા એ અતિ મૂર્ખાઈભરેલું છે."

ન્યુયૉર્ક ક્રિટિક નામના પત્રે એવી ટીકા કરી કે:—

"તે (વિવેકાનંદ) ઈશ્વરી બક્ષિસથી ઉત્પન્ન થયેલ મહાન વક્તા છે, અને તેના હૃદયમાંથી નીકળેલા ઉદ્ગારો એ અને સંગીત તાલ ધ્વનિવાળાં ભાષણે જેટલો રસ ઉપજાવ્યો છે તેટલોજ રસ તેનાં ભગવાં વસ્ત્રોમાં અંકિત થયેલ તેની બલવાન બુદ્ધિમાન, મુખમુદ્રા આપતી હતી."

આ પછી અમેરિકાના બધા પ્રદેશોમાંથી તત્ત્વજ્ઞાન અને ધર્મ ઉપર વ્યાખ્યાન આપવાનાં આમંત્રણપત્રો સંખ્યાબંધ આવવા લાગ્યા. આ આવાહનપત્રોને માન આપી બે વર્ષ સુધી વ્યાખ્યાનપ્રવાસ ચાલુ રાખ્યો, અને તેમાં વેઠવો પડતો શ્રમ ગજા ઉપરાંત લઇ અમેરિકાની જડવાદી પ્રજામાં વેદાંત ધર્મને પ્રજાપ્રિય વ્યાવહારિક ધર્મ બનાવવાનું મિશન પાર પાડ્યું. આજ વ્યાખ્યાનોમાં 'ભક્તિયોગ, કર્મયોગ અને રાજયોગ' ઉપરનાં વ્યાખ્યાનોનો સમાવેશ થાય છે.

આ વ્યાખ્યાનોથી સ્વામીશ્રીએ જેવી મદ્રાસમાં ચિત્તાકર્ષક અસર કરી હતી તેવીજ રીતે અહીં અસર કરી. તેને પ્રશંસનારાં અનેક સ્ત્રી પુરૂષો થતાં ગયાં, અને આ પ્રશંસકોમાંથી ઘણાં તેના શિષ્ય થયાં. પ્રથમ વર્ષ પૂરૂં ન થયું ત્યાં બે મહાન શિષ્યો દીક્ષિત થયા. એક સ્વામી અભયાનંદ. તે મૂળ એક ફ્રેન્ચ સ્ત્રી હતી. અને ન્યુયૉર્કમાં ૨૫ વર્ષનો વસવાટ કરી ત્યાંની વતની થઈ હતી. તે શિષ્યા થઇ તે પહેલાંના વર્ષે મનહદ લિબરલ કલબની સભાજન હતી, અને લેખક તથા

વ્યાખ્યાનકાર તરીકે મૅડમ મેરી લાઉસી નામે નિર્ભય, વૃદ્ધિવાદી (Progressionist) અને સમાજસુધારક તરીકે પ્રસિદ્ધ થઇ હતી. બીજો શિષ્ય પણ એક ઉત્સાહી વિરલ નર હતો. તેનું નામ સ્વામી કૃપાનંદ રખાયું. તે મૂળ ન્યુયૉર્કનું એક પ્રતિષ્ઠિત વર્તમાનપત્ર ચલાવતો હતો. જન્મથી તે રશિયન જ્યુ હતો, અને તેનું નામ લિઓન સેન્ડ્સબર્ગ હતું. આ બંને શિષ્યોએ વિવેકાનંદના ગુરૂપણા નીચે તેમના જેવુંજ ગરીબાઇનું અને બ્રહ્મચર્યનું વ્રત લીધું. આ સિવાય એક અમેરિકન શિષ્યા થઇ, તેનું નામ શ્રદ્ધાનંદા રાખવામાં આવ્યું હતું. આ શિષ્યા થોડા વર્ષ પહેલાં મુંબઇમાં પણ આવી હતી, અને પોતાના વ્યાખ્યાનથી મુંબઇપ્રજાને આશ્ચર્યચકિત કરી ગઇ હતી. આવી રીતે શિષ્યો કરવા ઉપરાંત વૈદિકમઠોની સ્થાપના કરી, અનેક સ્ત્રી પુરૂષોને વેદાંત ધર્મના રંગથી રંગિત કર્યા.

૭

ઇંગ્લાંડ અને અમેરિકા વચ્ચે.

૧૮૯૫ અકટોમ્બર–૧૮૯૬ ડિસેમ્બર.

સને ૧૮૯૫ ના આખરમાં—અકટોમ્બરમાં સ્વામીજી ઇંગ્લંડ પધાર્યા. ત્યાં પહેલાં ત્રણ માસ રહ્યા. અહીં અમેરિકામાં કરેલા કાર્યની પ્રશંસા ક્યારની આવી પહોંચી હતી; તેથી પોતાની ઓળખાણ કરાવવાનો શ્રમ લેવોજ ન પડ્યો. જુદાં જુદાં સ્થળોએ વર્ગો ખોલી વ્યાખ્યાનશ્રેણી આરંભી. એક અંગ્રેજી વર્ત્તમાનપત્રે લખ્યું કે:—

"લંડનમાં અનેક જાતનાં અને અવસ્થાનાં મનુષ્યો મળે છે. પણ ઉક્ત મહાન્ શહેરમાં ચિકાગોમાં મળેલી ધર્મસમાજમાં હિંદુધર્મના પ્રતિનિધ તરીકે અને તત્ત્વજ્ઞાની તરીકે નામાંકિત થયેલ એક વધારે મહાન્ પુરૂષ આવેલ છે."

અહીં કરેલાં વ્યાખ્યાનોમાં 'જ્ઞાનયોગ' પરનાં પ્રસિદ્ધ વ્યાખ્યાનોનો

સમાવેશ થાય છે. આમાં વેદ અને ઉપનિષદ્‌નો બોધ કર્યો અને અંગ્રેજ લોકોને મુગ્ધ કર્યા. સ્વર્ગસ્થ મૅક્સમુલર જેવા વિદ્વાન્ પંડિત અને સંસ્કૃત વિદ્યાથી રસભીના થયેલ પ્રસિદ્ધ પુરૂષે તેમનો સમાગમ સાધ્યો, અને તે યોગે તેણે 'શ્રી રામકૃષ્ણનું જીવન અને બોધ વચનો' એ નામનું પુસ્તક લખ્યું છે, અને તેને ઘણાં સાધનો સ્વામીજીએ પૂરાં પાડયાં હતાં. (પૃ. ૧૩૬) અહીં પોતે બે ત્રણ માસ રહ્યા, તે દરમ્યાનમાં તેમણે અતિશય શ્રમ લીધો. તે લખે છે કેઃ—

"બંગાળીઓ કહે છે તેવી રીતે મરવાનો પણ મને વખત મળતો નથી. હું કામ કરૂં છું, કરૂં છું તે કર્યાંજ કરૂં છું, અને મારી રોટલી મેળવી મારા દેશને સહાય આપતો રહું છું." પત્રાંક ૪૭ પૃષ્ઠ ૧૨૯.

પોતે લખે છે કે 'ઇંગ્લાંડમાંનું મારૂં કાર્ય ખરેખર ભવ્ય થયું છે. હું પોતે તે તરફ દષ્ટિ નાંખતાં આશ્ચર્યચકિત થયો છું':—

ઇંગ્લંડથી ૬ ઠી ડીસેમ્બર ૧૮૯૫ માં તેઓ ફરી અમેરિકા આવ્યા; આ દરમ્યાન સ્વામીજીના શિષ્યોએ ક્યારના સ્વતંત્ર મઠો બફેલો, ન્યુયૉર્ક, ડિટ્રોઇટ અને બીજા અમેરિકાના શહેરોમાં સ્થાપી દીધા હતા. સત્યજિજ્ઞાસુ અનેક સ્ત્રી પુરૂષો સ્વામી પાસે એકઠાં થતાં હતાં, અને સત્કાર્ય તરફ ઉત્સાહ ધરાવતાં હતાં. ઇંગ્લંડથી આવીને તરતજ પોતાના વર્ગો તથા 'સન્ડે લેક્ચરો' (રવિવાર વ્યાખ્યાન શ્રેણી) શરૂ કર્યાં. આ વર્ગોમાં ભગવદ્‌ગીતા અને તેવા બાજા વિષયોપર ભાષણો થતાં. ન્યુયૉર્કમાં હાર્ડમન હૉલમાં જાહેર ભાષણશ્રેણી આપી, તેમાં આશા રખાય તે કરતાં પણ વધુ શ્રોતાઓ ફક્ત ભાષણકારના નામથીજ આકર્ષાઇ આવવા લાગ્યા, અને વર્ગમાં પણ તેમજ થવા લાગ્યું. સને ૧૮૯૬ ના જાન્યુઆરીમાં વર્ગમાં સરાસરી હમેશની સો ઉપર થતી. ૧૮૯૬ ની ફેબ્રુઆરીમાં ડાકટર સ્ટ્રીટ યોગી થઇ યોગાનંદ એ નામ ધારણ કર્યું. સ્વામીજીએ પછી બોસ્ટન જઇ પોકોપેશિયાની ક્લબ તરફથી ચાર

વર્ગનાં ભાષણો આપ્યાં. આમાં શ્રોતાઓની સંખ્યા હમેશાં ચારસે પાંચસો થતી; પછી કેમ્બ્રિજમાં મિસિસ ઓલબૉલના ઘેર બે ભાષણો, અને હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસરો અને તાત્વિક વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસે એક એક એમ ત્રણ ભાષણો આપ્યાં. ટ્વેન્ટિએથ સેન્ચરી ક્લબે પોતાના અતિથિ તરીકે સ્વીકારી એક ભાષણ તેમની પાસે કરાવ્યું. આ સર્વ મહાભારત જહેમત માટે પોતે લખે છે કેઃ—

"મને બીક છે કે જોઈએ તે કરતાં વધુ મેં કામ કર્યું છે. મારા જ્ઞાનતંતુઓ આ લાંબા સમય સુધી જારી રાખેલા કામથી લગભગ તૂટી ગયા છે.......વારૂ, મને સંતોષ છે કે સારૂં કરવાનું મારાથી બને તેટલું કરવા પ્રયત્ન કર્યો છે અને આ કાર્યથી મુક્ત થઈ ગુફામાં બેસીશ ત્યારે મારૂં અંતઃકરણ શુદ્ધ–નિર્મળ રહેશે." પત્રાંક ૪૯ પૃ. ૧૩૨.

ત્યાર પછી એટલે ૧૮૯૬ ના મે માં ફરી ઈંગ્લાંડ આવ્યા. અહીં પોતે જે વર્ગો સ્થાપેલા હતા તેનું કાર્ય એપ્રિલમાં શારદાનંદે આવી શરૂ કર્યું હતું, અને તેમાં સ્વામીજી તેમાં જોડાયા. વળી સ્વામીજીએ 'રૉયલ ઇન્સ્ટિટ્યુટ ઑફ પેઈન્ટર્સ ઈન્ વૉટરકલર્સ'ની ગૅલેરીમાં ભાષણશ્રેણી આપી. આની અસર બરાબર ન્યુયૉર્કમાં હાર્ડમન હૉલમાં આપેલી ભાષણશ્રેણીથી થયેલી અસર જેવીજ થઇ. પ્રથમનાં ત્રણ ભાષણો એટલી બધી પ્રશંસા પામ્યાં કે બીજાં ત્રણ ભાષણો વધુ આપવા માટે માગણી થઇ. થીઓસોફીકલ લૉજમાં પણ તેમણે 'ભક્તિ' ઉપર ભાષણ આપ્યું (પૃ. ૧૩૮). પોતાના સ્થાપેલા વર્ગોનું પરિણામ એ આવ્યું કે જુનમાં તેના વર્ગમાં એકઠા થનારાએ લંડનમાં વેદાંતના બોધ માટે સ્થાન મેળવવા જેટલા પૈસા સ્વતઃ ભેગા કરી આપ્યા. આટલેથીજ બસ ન થયું, પણ હમણાંજ ચર્ચમાં સંગીત ગાવામાં એક પ્રમાણભૂત કુશલ નર અને એંગ્લિકન ચર્ચ તરફથી ચિકાગોની ધર્મ સમાજમાં આવેલ પ્રતિનિધિ નામે રેવરંડ એચ. આર. હૅવ્યુસે પણ લંડનમાં મેરિલિ-

બોર્નના સેંટ જેમ્સ ચેપલમાં બે ધર્મવ્યાખ્યાનો સ્વામીજી ઉપર આપ્યાં. તેમાં સ્વામીજીએ ઈસુ ખ્રિસ્તનાં બોધ વચનો જે સરસ રીતે સમજાવ્યાં હતાં તે કહી બતાવ્યાં, અને સ્વામીજીની નીચેની વૈદિક પ્રાર્થનનાં અતિ વખાણ કર્યાં.

असतो मा सद्गमय,
तमसो मा ज्योतिर्गमय.

અસત્‌માંથી સત્‌માં જઈએ છીએ, અંધકારમાંથી જ્યોતિમાં જઈએ છીએ, અને મૃત્યુમાંથી અમરત્વ પ્રતિ પ્રયાણ કરીએ છીએ.

સ્વામીજીના ઈંગ્લંડમાંના આ ટુંક નિવાસ દરમ્યાન બીજાં ભવ્ય કામો એ હતાં કે આ વખતે વિમ્બલ્ડનવાસી મિસ માર્ગારેટ નોબલ નામની શિષ્યા થઇ કે જે પાછળથી સ્વામીજીની બહુ રાગ અને ભકિતવાળી શિષ્યાઓમાંની એક નામે સિસ્ટર (ભગિની) નિવેદિતા તરીકે પ્રસિદ્ધ થયેલ છે, અને જેણે હિંદમાં રહી હિંદીઓ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી ગરીબ, અનાથ અને વિધવાઓનાં દુઃખ દૂર કરવા માટે અવિશ્રાંત પ્રયત્ન કરી હિંદી તરીકે જ જીવન ગાળેલ છે અને જેનો પુણ્યાત્મા તેને અંતે અમર લોકમાં હમણાં જ સિધાવ્યો છે. (પ્રભુ ! તે આત્માને અવિચલ શાંતિ આપો !). બીજો શિષ્ય સ્વર્ગસ્થ જે. જે. ગુડ્વિન હતો કે જેણે જ્યાં જ્યાં સ્વામીજી ગયા ત્યાં ત્યાં સાથે જ રહી તેની અપૂર્વ સેવા બજાવી હતી. ત્રીજો શિષ્ય કેપ્ટન સૅવિયર હતો, કે જેણે હિમાલયમાં માયાવતી પાસે અદ્વૈત આશ્રમ સ્થાપવામાં સહાય કરી છે. આ સર્વ ઉપરાંત સ્વામીજી લખવામાં પણ પ્રવૃત્ત હતા તે તેના પત્રથી જણાય છે:--

" વેદાંત તત્ત્વજ્ઞાન ઉપર એક મહાન્‌ પુસ્તક લખવા હમણાં પ્રવૃત્ત થયેલો છું. . . . ફિલસુફીને કંઈક પુસ્તકાકારમાં આરૂઢ કર્યા વગર મારે પશ્ચિમને છોડી જવું એ અફસોસકારક લાગે છે. " પત્રાંક ૫૭ પૃ. ૧૪૩.

સ્વામીજી માટે લંડનના સર્વ વર્તમાનપત્રોએ અતિ પ્રશંસા કરી હતી.

૮.

સ્વદેશ પ્રતિ આગમન.

૧૮૯૬ ના ડિસેંબર–૧૮૯૯ જુન.

૧૮૯૬ ના ડિસેંબરની ૧૬ મી તારીખે વિવેકાનંદે પોતાના થોડા અંગ્રેજ શિષ્યો સાથે સ્વદેશ પ્રતિ પ્રયાણ કર્યું. આ શિષ્યો મિ. અને મિસિસ સેવિયર, મિસ મુલ્લર, અને મિ. ગુડ્‌વિન હોવા જોઇએ એમ તેના નીચેના પત્ર ઉપરથી જણાય છે.

" ઘણું ખરૂં હું મિ. અને મિસિસ સેવિઅર, મિસ મુલ્લર, અને મિ. ગુડ્‌વિનને સાથે લઈને હિંદમાં આવીશ. મિ. અને મિસિસ સેવિઅર ઓછામાં ઓછું થોડા વખતને માટે પણ સંભવિત રીતે આલ્મોરામાં આવી વસવાનાં છે. ગુડ્‌વિન સંન્યાસી બનવાના છે. આપણાં બધાં પુસ્તકો પ્રકટ થયાં છે તે તેને લઈને છે..... ગુડ્‌વિન દૃઢાગ્રહી વેજીટેરીઅન (અન્નાહારી) છે."

પત્રાંક ૫૯ પૃ. ૧૪૮.

વળી તે શિષ્યના સંબંધમાં લખે છે કે.

" મિ. સેવિઅર અને તેમની પત્ની હિમાલયમાં આવેલ આલ્મોરા પાસે એક સ્થાન બનાવવાનાં છે, અને હું તેને મારૂં હિમાલયમાંનું કાર્યસ્થાન કરનાર છું, એટલું જ નહિ પરંતુ ત્યાં પશ્ચિમના મારા શિષ્યોને બ્રહ્મચારી અને સંન્યાસી તરીકે જીવન ગાળવા રાખીશ. ગુડ્‌વિન એક અપરિણીત યુવક છે, અને તે મારી સાથે પ્રવાસ કરવા તેમજ રહેવા માગે છે. તે ખરેખર એક સંન્યાસી જેવો જ છે."

પ્રત્રાંક ૬૧ પૃ. ૧૪૯.

આ ઉપરથી પોતાના પશ્ચિમના શિષ્યોને સાથે લઇ આવવાનું

કારણુ સમજાયું હશે, તે ઉપરાંત બીજું કારણુ સ્વામીજી બતાવે છે કેઃ—

"......તેમને મારી સાથે હિંદમાં લઈ આવવાનો છું. આ 'શ્વેત' ચહેરાઓની અસર હિંદમાં હિંદુઓ જે અસર કરે તેના કરતાં વધુ થશે—તે ઉપરાંત તેઓ ઉત્સાહી છે, જ્યારે હિંદુઓ અચેતન છે."

પત્રાંક ૪૯ પૃ. ૧૩૨.

આ શિષ્યોને લઇને કોલંબોમાં ૨૫ મી જાન્યુઆરી ૧૮૯૭ ને દિને ઉતર્યા. ત્યાંથી તેઓ પ્રવાસ કરી આલ્મોરા પહોંચ્યા. આ પ્રવાસમાં લોકો તરફથી ઉત્સાહભર્યો અતિભવ્ય અને અસાધારણુ આવકાર મળ્યો.

કોલંબોમાં તેમના ગુરૂબંધુ સ્વામી નિરંજનાનંદ ત્યાંના સ્થાપેલા મઠમાં કાર્ય કરનારા હતા. તેણે ત્યાં સુશોભિત રથમાં બેસાડી ભર શહેરમાં લઇ જઇ તેનો સત્કાર કર્યો. સીલોનમાં પ્રવાસ કરી મદ્રાસ ઇલાકામાં આવ્યા. ત્યાં પહેલો મુકામ પામ્બેન કર્યો. આ રામનાથના રાજાની રાજધાની હતું. અહીં પણુ સ્વામીજીને રથમાં બેસાડી રાજમહેલ સુધી લઇ ગયા; પછી લોકોએ રથના અશ્વો છોડી નાંખી પોતે રથને હાંક્યો અને રાજા તથા પ્રજાએ આમ પોતાની પૂજ્યબુદ્ધિ અપૂર્વ રીતે પ્રકટાવી. પછી રામેશ્વર ગયા. ત્યાંથી મદ્રાસ જવા પ્રથમ પરમકુદ્દિ, શિવગંગા, મદુરા, ત્રિચિનાપલ્લિ, અને તંજાવર આદિ સ્ટેશનો પરથી માનપત્રો અને પુષ્પમાળાઓ લઇ કુંભકણુમાં આવ્યા. ત્યાંથી માનપત્ર લઇ મદ્રાસ આવ્યા. મદ્રાસમાં અપાયેલું માન અપૂર્વ અને ભવ્ય હતું. અહીં ઘણા દિવસ રહી કેટલાંક વ્યાખ્યાનો આપ્યા પછી કલકત્તે આવ્યા. આ વખતે સ્ટેશને પાંચ હજાર મનુષ્યોની મેદની માન આપવા જાગી રહી હતી. તેમાંના દરભંગાના મહારાજા, તથા બીજા રાજા, જમીનદારો, અમીરવર્ગ તથા પ્રજાનાયકો હતા. અહીં પોતાની જન્મભૂમિના દર્શનથી બહુજ આનંદ થયો, અને અપાયેલા

માનપત્રના ઉત્તરમાં અશ્રુપ્રવાહ રેડ્યો. અહીંથી પોતાના પ્રિયસ્થાન દાર્જિલિંગમાં ગયા. ત્યાંથી જેને માટે પોતાને ક્યારની ઇચ્છા રહેતી હતી, તે હિમાલયના સ્થાન નામે આલ્મોરા આવ્યા.

આ વખતે અશ્રાંત અને અસ્ખલિત શ્રમ પછી સંપૂર્ણ આરામ, શાંતિ, અને સ્થિરતાની જરૂર હતી તેથી પોતાનું ઉપદેશ–વ્યાખ્યાન-કાર્ય મૂકી દીધું, છતાં પોતાનું બળ કાર્યશક્તિવાળુંજ હોવાથી બીજું શાંત કાર્ય ઉપાડ્યું. વ્યાવહારિક, ઉપયોગી અને સ્થાયી કાર્ય કે જે પોતાના નિર્ણીત ઉદ્દેશમાં હતું તે હવે હાથ ધર્યું. તેમણે બ્રહ્મચારીઓને કેળવવા માટે એક કલકત્તાથી ૭ માઇલ દૂર, અને બીજો હિમાલયમાં એમ બે મઠ સ્થાપ્યા. રામકૃષ્ણ મિશનની યોજના આ રીતે પ્રવૃત્તિમાં મૂકી, અને તેને કઇ દિશામાં કાર્ય કરવું તે સૌ વ્યવસ્થિત કર્યું. ૧૮૯૭ ના દુકાળમાં જુદે જુદે સ્થાને 'રામકૃષ્ણ મિશન રિલીફ વર્કસ' સ્થાપ્યાં.

આમ અનેક પ્રવૃત્તિ કરવાથી તેની આરોગ્યતા પર ધક્કો લાગ્યો. વૈદ્ય. ડાક્ટરોએ ઇંગ્લંડ અને અમેરિકામાં થોડો વખત જઇ આવવા સંપૂર્ણ સલાહ આપી તેથી પોતે કલકત્તે આવી ઇ. સ. ૧૮૯૯ ના જુન માસની ૨૦ મી તારીખે યુરોપ તરફ પ્રયાણ કર્યું.

૯
યુરોપગમન.

ઇંગ્લંડ જઇને અમેરિકા આવ્યા, ત્યાં કાલિફોર્નિયામાં થોડો વખત રહ્યા એટલે આરોગ્યતા ઘણી સુધરી અને તેથી પાછાં ભાષણો આપવાનું શરૂ કર્યું. સાન્ફ્રાન્સિસ્કોમાં એક 'વેદાંત સોસાઇટી' સ્થાપી અને 'શાંતિઆશ્રમ' નામનો મઠ સ્થાપ્યો કે જે હજુપણ ઘણી સરસ સ્થિતિમાં ગતિ કર્યો જાય છે. ખ્રિસ્તી પ્રજા અને વિદ્યામાં આગળ વધેલા ખ્રિસ્તીધર્મના આચાર્યોની સંમુખ તેમના લોકને પોતાના ધર્મમાં લઇ તેમની વચ્ચેજ 'મઠ' ની સ્થાપના કરવી, એ કાર્ય ઘણું મહત્વનું હતું.

સ્વામી વિવેકાનંદના જ્ઞાન અને વક્તૃત્વની તે અતિ ઉચ્ચ પ્રકારની પ્રતીતિ છે.

તેઓ કહેતા હતા કે ભરતખંડમાંજ અદ્વૈતસિદ્ધાંતો ગોંધી નહિ રાખતાં લોકોમાં તેનો પ્રસાર કરવો જોઇએ. આ શતકમાં એવી વિદ્યા અને એવા સ્વતંત્ર વિચારો પ્રવર્ત્યાં છે કે આર્યધર્મનો પ્રસાર કરવાનું સારીરીતે બની આવે, હિંદુઓની પાસે તેમના પૂર્વજો તરફનું જો કંઇપણ ઉત્તમ સાહિત્ય રહ્યું હોય તો તે ધર્મજ છે અને તે તેમણે ભરતખંડમાં અને ભરતખંડના વિદ્વાનોમાં ગોંધી નહિ રાખતાં જગત્ સમક્ષ રજુ કરી પરદેશીઓને તેનો લાભ આપી પોતાના અદ્વૈતમતમાં લેવાનો યત્ન કરવો ઘટે છે. હિંદુઓએ જો ધર્મ છોડયો તો તેમણે સર્વસ્વ ગુમાવ્યું એમજ જાણવું. આપણે આપણો ધર્મ સંભાળવો, તેમાં શું છે તે જોવું, અને તેને બીજાં ધર્મશાસ્ત્રોની કસોટીમાં આણી આપણા ધર્મનાં સત્ય જગત્માં પ્રસિદ્ધ કરવાં એજ આપણું મુખ્ય કર્તવ્ય છે. સર્વ ધર્મો ભક્તિપ્રધાન છે, ત્યારે આર્યધર્મ તત્ત્વપ્રધાન છે. પરંતુ ભક્તિથી ધર્મનું આખું સ્વરૂપ બંધાતું નથી. અદ્વૈતજ્ઞાનના પાસાવગર ભક્તિ પૂર્ણ અંગ કહેવાય નહિ. પરધર્મના સંબંધમાં તેઓ જ્યારે ભાષણ આપતા કિંવા બોલતા ત્યારે ઘણા વિવેકથી અને બંધુભાવથી તેમના સિદ્ધાંતો ઉપરજ કટાક્ષ કરતા, તેઓએ કદી પણ પરધર્મની નિંદા કરી નથી, તેમ અદ્વૈતની દીક્ષા લેનારા ખ્રિસ્તીઓને તેમણે કદી પણ એવો ઉપદેશ કર્યો નથી કે, તમે ખ્રિસ્તીધર્મ તજી દ્યો. ઇસુને ભજો કે મહમદ પેગંબરને ભજો, પણ તત્ત્વજ્ઞાનના સિદ્ધાંત તમારામાં નથી માટે તેનો આર્યધર્મમાંથી સ્વીકાર કરો, તે વગર ધર્મનું સ્વરૂપ પૂર્ણ થતું નથી. અદ્વૈત સિદ્ધાંત કોઇપણ ધર્મવાળાને અમાન્ય નથી અથવા દરેક ધર્મગુરૂએ અદ્વૈત સિદ્ધાંતના મૂળતત્ત્વ ઉપર લક્ષ રાખી પોતાનો ધર્મ યોજેલો છે એમ કહી તેઓ દરેક ધર્મના લોકોનું મન હરી લેતા હતા. +

+ સમાલોચક પુ. ૭. અંક ૩. પૃ. ૯૩.

આવા વિચારથી સ્થાપન કરેલા મઠો વિશેષ બલ અને ગતિ પ્રાપ્ત કરે એમાં નવાઈ નથી. તેથીજ તેમણે આર્યભૂમિમાં અને અમેરિકામાં મઠોની સ્થાપના કરી, અને તે યોજના ઘણે અંશે ફલવતી થઇ.

ત્યાર પછી ન્યુયૉર્કમાં હતા, ત્યારે તેમને સને ૧૯૦૦ માં પારિસ ખાતે એક મોટું પ્રદર્શન તથા ધર્મસમાજ ભરાવાનાં હતાં તેમાં ફ્રેન્ચ લોકોએ સ્વામીશ્રી વિવેકાનંદને હિંદુધર્મના પ્રતિનિધિ તરીકે પારિસમાં આમંત્રણ કર્યું હતું. પારિસ ખાતે આમંત્રણ થયું ત્યારે ૭ માસ બાકી હતા એટલામાં સ્વામીએ ફ્રેન્ચભાષા ભણવાનો પ્રારંભ કર્યો, અને ત્યાં જતાં ફ્રાંસની રંગભૂમિ ઉપર અદ્વૈતવાદને લગતાં ભાષણો ફ્રેન્ચભાષામાં લોકોને છક કરી નાંખે તેવી નિપુણતાથી આપ્યાં, પારિસમાં અમેરિકાની માફક સ્વામીની ચારે તરફ વાહ વાહ બોલાઇ અને ફ્રેંચભાષામાં બોલવાની તેમની છટા અને વાદનો અભિક્રમ શ્રોતાઓ સંમુખ રજુ કરવાની છટાથી વેદાંતસિદ્ધાંત લોકમાં સર્વત્ર વખણાયો હતો.

૧૦

જન્મભૂમિમાં સમાધિ.

પારિસથી હિંદમાં આવ્યા, આ વખતે તેમની તબિયત તદ્દન અસ્વસ્થ બની ગઇ હતી. વેગ અને ઉત્સાહ આત્મામાં એટલો બધો પ્રબળ હતો કે ડાક્ટરો તેમને સંપૂર્ણ આરામ લેવા કહેતા હતા છતાં પણ પોતે જુએ કે અમુક કાર્ય કરવાનું છે તો, તે પૂરૂં થાય નહિ ત્યાં સુધી નિરાંતે બેસતાજ નહિ. તેમણે સાધુઓને સહાય આપવા અર્થે રામકૃષ્ણ સેવાશ્રમ સ્થાપ્યો, અને બીજો એક આશ્રમ કાશીના પવિત્ર ધામમાં હિંદના યુવકોને બ્રહ્મચર્યનો પાઠ આપવા અર્થે ઉઘાડ્યો. વળી વિદ્યાર્થીઓને કેળવવા રામકૃષ્ણ પાઠશાળા સ્થાપી, અને

કાશીમાં ગરીબ અને અનાથનાં દુઃખો દૂર કરવા રામકૃષ્ણ હોમ ઑફ સર્વિસ (સેવાસદન) સ્થાપ્યું.

આ વખતે જાપાનમાં ધાર્મિક જાગૃતિની બહુજ જરૂર હોવાથી ધાર્મિક પરિષદ્ ભરાવાની હતી તેમાં ભાગ લેવા સ્વામીજીને આમંત્રણ કરવા કેટલાએક જાપાનના નાયક પુરૂષો આવ્યા, પણ સ્વામીજી આ વિનતિ અસ્વસ્થ આરોગ્યતાને લઇને સ્વીકારી શકયા નહિ.

પારિસથી સ્વામી પાછા આવ્યા ત્યારથીજ તેમને છાતીમાં દર્દ લાગુ પડયું હતું. જો કે તેઓ અશક્ત થઈ પડયા ન હતા, પરંતુ વારંવાર તેની ફરિયાદ કરતા જણાયા હતા. બેલુરના મઠ ખાતે ૧૯૦૨ ની ૪ થી જુલાઇને દિવસે પોતે સમાધિમાં લીન થયા. આ વખતે સ્વસ્થતા હતી. દિવસના ભાગમાં પોતાનો વર્ગ લીધો, અને પાણિનીનું વ્યાકરણ શીખવ્યું. મધ્યાન્હે વેદપર વ્યાખ્યાન કર્યું, પછી સાંજે ફરવા ગયા, ફરીને આવ્યા પછી સ્વામીને છાતીમાં પીડા થતી જણાઇ હતી. તુરતજ શિષ્યોને બોલાવી પોતાની સમાધિનો કાળ નજીક આવ્યાની ખબર આપી, તેમણે આરંભેલા કાર્યને પાર ઉતારવાની શિષ્યોને શિખામણ આપી, વાત કરતાં કરતાંજ ચાર ઉંચા શ્વાસ લઇ સમાધિમાં બેઠા બેઠા લગભગ રાતના ૯ વાગે મહાસમાધિમાં લય—લીન થઇ સ્વર્ગસ્થ થયા.

૧૧
સ્મારક.

પૂર્વ તેમજ પશ્ચિમમાં આર્યધર્મનો ઉદ્‌ઘોષ કરનાર મહાન્ આચાર્ય અને વક્તા તરીકે પ્રસિદ્ધ થયેલા સ્વામીશ્રી વિવેકાનંદજીના જન્મ થયે પૂર્ણ પચાશ વર્ષ વ્યતીત થઇ ગયાં છે. હિંદુધર્મના સિદ્ધાંતો અને વેદાંતનું ખરૂં રહસ્ય પશ્ચિમ તરફના દેશોમાં પ્રકટ કરવાનું માન સમાધિસ્થ સ્વામીનેજ ઘટે છે, જો કે થિઓસોફીકલ સોસાયટિએ તેમની પહેલાં એવો યત્ન આદર્યો હતો, પરંતું સ્વામીશ્રીનાં અમેરિકા ખાતેનાં

વ્યાખ્યાનોની પૂર્વે લોકના મોટા સમૂહનું લક્ષ તે તરફ આખુંજ ખેં ચાયું હતું. સ્વામીએ આર્યધર્મને યુરપ, અમેરિકા, ચીન, અને જાપાન તરફ ગજાવી મૂકયો છે એટલુંજ નહિ, પરંતુ બીજા ધર્મના વિદ્વાનોને આર્યધર્મનું અતિ ગહન જ્ઞાન કંઇક સ્પષ્ટ કરી બતાવી, તેમની વૃત્તિઓ વેદાંતના સિદ્ધાંતો તરફ ખેંચી છે. તેમણે અને પાછળથી તેમના શિષ્યોએ અમેરિકાના કેટલાકોને આર્યધર્મની દીક્ષાઓ આપી છે. આ પ્રમાણે આર્યધર્મની મહત્તા વધારવાનું મોટામાં મોટું માન સ્વામીશ્રી વિવેકાનંદને અપાય છે,

સ્વામીજીનાં મહાન્ કાર્યો તપાસીએ તો તે એક ખરતા તારા સમાન હતા—જેટલા પ્રકાશમાં તેઓ બહાર આવ્યા, તેટલાજ તે આકસ્મિક હતા. ૩૯–૪૦ વર્ષના ટુંક જીવનમાં સ્વામીજીએ જે ભવ્ય કાર્ય કર્યું છે. તે વૈજ્ઞાનિક જડવાદના હુમલા સામે ટકી રહી ઉત્કૃષ્ટતાના પટ્ટપર હિંદુધર્મને પુનઃ સ્થાપિત કરવાનું છે, વિવેકાનંદ તે ભારતીય પ્રજાવાદના ખરેખર પિતા છે. તેમની ઇચ્છા વર્તમાન હિંદ ભૂમિને વિદેશી, ક્ષણભંગુર, જડવાદી આદર્શ અને સંસ્કૃતિના ભભકામાં આમ તેમ ભટકનાર તરીકે નહિ, પણ આપણી માતા તરીકે–જગત્‌ને બોધ આપનારી ધર્મમાતા તરીકે પૂર પ્રકાશમાં વિકસિત કરવાની હતી. તેની આસપાસ પ્રાચીન વૈદિક કાલનું વાતાવરણ હતું, અને ત્યાગ અને સેવા એ પ્રજાકીય આદર્શોમાં પોતાની પ્રવૃત્તિ સદા રાખી હતી. દરેક હિંદવાસી સમાનતા, સ્વતંત્રતા, કાર્ય અને ઉત્સાહમાં પાશ્ચાત્યમાં પાશ્ચાત્ય જેવા બને, અને તેની સાથેજ ધાર્મિક સંસ્કૃતિ તથા હૃદયપ્રેરણામાં ચુસ્તમાં ચુસ્ત હિંદુ બને એમ તે ઇચ્છતા. (પત્રો જુઓ પૃ. ૪૪). દરેક હિંદવાસી વર્તમાન હિંદના પિતા—વિવેકાનંદ માટે ગર્વાન્વિત છે, છતાં તેનું સ્મરણ સ્થાયી રાખવા માટે આપણે શું કર્યું છે. આ વખતે જે 'અપીલ' ત્હેમના ગુરૂભાઇ સ્વામી બ્રહ્માનંદ (રામકૃષ્ણ મિશનના પ્રમુખ, રામકૃષ્ણ મઠ, બેલુર પોસ્ટ હાઉરા ડિસ્ટ્રિકટ) તર-

ફથી થઈ છે, અમે ધારીએ છીએ કે વાચક વર્ગ તરફથી તેને પૂરો સત્કાર મળશે.

સ્વામીજી આ ભૂમિને ત્યાગી સદા માટે ગયા તેને હવે દશ વર્ષ થઇ ગયાં. તેના દેહોત્સર્ગ પહેલાંનાં દશ વર્ષમાં આંજી નાંખે તેવો પ્રકાશ ચિકાગોની ધર્મસમાજમાં પડયો હતો. ભારતને પોતાના વિજયવંત પુત્રના મરણથી એક પ્રજાકીય વિપત્તિ સોસવી પડી છે, અને તેથી ભારતે શોક અને પ્રીતિના અપ્રતિમ ઉભરા તેમના મરણ પછી આંસુદ્વારા દર્શાવ્યા છે, પણ વર્તમાન ભારતના દેશપ્રેમી-સાધુનું નામ સ્થાયી રાખવા માટે આપણે કયું યોગ્ય સ્મારક કર્યું છે ? રામકૃષ્ણ મિશને આવું સ્મારક ગંગાનદીના કિનારાપર રાખવા માટે યત્ન કર્યો છે; ત્યાં પોતાનું મુખ્યસ્થાન હાવરા પરગણામાં બેલુર મઠમાં રાખ્યું છે, અને તેમાં એક મંદિર બનાવ્યું છે કે જેમાં સ્વામીજીની દેહરક્ષા, તે ઉપરાંત વૈદિકશાલા, પૂર્વ અને પશ્ચિમના તાત્વિક અને ધાર્મિક ગ્રંથોથી સમૃદ્ધ એક લાયબ્રેરી, અને તેવા વિષયો ચર્ચવા માટે સભામંડપ રાખી શકાય. હિંદવાસી મિત્રો અને પ્રશંસકો તેમજ પશ્ચિમની વેદાંત સમાજોને સામાન્ય પત્રિકાઓ લખી એક નાણાંની રકમ ભેગી કરવામાં આવી હતી કે જે મુખ્ય મકાનનો પાયો અને તેનું ચણતર કરવા જેટલી માંડમાંડ પૂરતી લેખી શકાય. આના પરિણામે નીચા છાપરાવાળું મકાન ઉભું થયું છે, કે જેની નીચે **સ્વામી**જીનો અગ્નિદાહ કરવામાં આવ્યો તે સ્થાનની વેદિકા છે, અને તેની દેહરક્ષા મઠના એક ભાગમાં રાખવામાં આવી છે. આ રીતે જે સ્થાન ૧જેવી સ્થિતિમાં લાવવા ધાર્યું હતું તે બની શક્યું નથી, અને તે સ્થાન અપૂર્ણ સ્થિતિમાં રહ્યું છે. આ વાત હિંદના પુત્રોને માટે શરમ અને નિર્બળતાનું સ્મરણ-ચિન્હ રૂપ થયેલ છે, તો હવે આપણા કપાળમાંથી મેશનો -અપજશનો કાળો ચાંડલો-ચાંલ્લો ભૂસી નાંખી વર્તમાનસમયમાં પણ હિંદ પોતાના સ્વર્ગસ્થ મહાત્માઓને માન આપી શકે છે એવું બતાવી આપવા માટે આપણે પ્રયત્ન કરવો એ શું આવશ્યક નથી ?

---

૧ શ્રી વિવેકાનંદના પોતાના વિચાર આ હતા કે "આ મંદિરમાં એક લાયબ્રેરી હોવી જોઇએ અને તેની સાથે ઑફીસ (કાર્યાલય) રાખવી તથા સંન્યાસીઓ થઇ જે ઉપદેશકો બન્યા હોય તેનો તથા જે વૈરાગીઓ ત્યાં આવે જાય તેમને રહેવા માટે ઓરડાઓ બાંધવા જોઇએ. "-પત્રો. પૃ. ૬૩-૬૪.

આના માટે આથી વધારે વ્યવહારૂ યોજના વાચકોસમક્ષ અમે મૂકીએ છીએ કે જેથી ઉક્ત કાર્ય બરાબર પાર પાડી શકીએ. ઉક્ત મકાન પૂરૂં થાય તે માટે હજુ લગભગ ૩૦૦૦૦ ત્રીસ હજાર રૂપિયાની જરૂર છે. તો **સ્વામીજી** અને તેમના ઉપાડેલા કાર્ય પ્રત્યે જે પ્રત્યક્ષ કે પરોક્ષ ઉપકાર પોતાને થયેલ માને છે તે દરેક વ્યક્તિ એવું ધાર્મિક વ્રત લે કે તે **સ્વામી**જીના અત્યારના ૫૦ મા વર્ષની જન્મતીથિના પ્રસંગે પોતાની કમાણીનો પચાશમો ભાગ અળગો મૂકશે, અને મને (**સ્વામી બ્રહ્માનંદને**), અથવા **સ્વામી વિરજાનંદ** (**અદ્વૈત આશ્રમના પ્રમુખ, માયાવતી.** આલ્મોરા)ને પોતાની સગવડ પડે તેમ માસિક અથવા **૧૯૧૨** ના વર્ષની આખરે મોકલાવી આપશે. આવીજ રીતે જગત્‌ના જે જે ભાગમાં આવેલી હોય અને **સ્વામી**જીના નામથી નાણાં એકઠાં કરવાનું કાર્ય કરે છે તે સર્વ—એટલે **મિશન**ના ગ્રંથપ્રચારક મંડલો, **વેદાંત** સોસાઈ-ટીઓ, અને **વિવેકાનંદ** સોસાઈટીઓ નાણાં મોકલાવી આપશે. આ વિનતિ **સ્વામી**જીના આવતા જન્મતીથિ મહોત્સવના સ્મરણ પ્રસંગે ઉપરની સંસ્થા-ઓએ જે નાણાં એકઠાં કર્યાં હોય તેના માટે પણ લાગુ પડવી જોઇએ.

આવું સાદું પગલું ભરવાથી કોઇની આવકપર બોજો પડશે નહિ અને તેથી સ્મરણીય મંદિરનો ઘૂમટ એવો ઉન્નત અવશ્ય કરી શકીશું, કે તે સ્વર્ગીય **ગંગા**નદીના તટપર ગગનને ભેદી **હિંદ**ની સ્વદેશપ્રીતિ અને ધાર્મિક પ્રતી-તિના ચિન્હ તરીકે ઝળકી રહેશે. જે વર્તમાન પ્રજા અને તેની સંતતિને એક મહાન્ કીર્તિસ્થંભરૂપે રહેનાર છે તે ફક્ત એક વર્ષની આવકના અલ્પભોગે કરી શકાશે તે વિચારથી કોનું હૃદય ઉછાળા નહિ મારે ?

અમારા વાચકો અને સામાન્ય પ્રજાજનો આ વિનતિને સંમતિ આપશે, અને ઉક્ત વ્રત લેવાને બહાર પડી પોતાનું નામ નોંધાવશે તો અમે અતિ આનંદિત થઇશું. જેઓ આવી રીતે નામ નોંધાવવાની ઈચ્છા રાખી પોતાનાં નામ '**પ્રબુદ્ધ ભારત**'માં નોંધાવશે તો '**પ્રબુદ્ધભારત**' તે સર્વ નામ તથા તેના હિસાબ સાથે રાખશે અને પ્રસિદ્ધ કરશે." *

---

*Mahratta. Supplement. 14 January 1912.

૧૨

વ્યકિતગત લક્ષણો.

વિવેકાનંદમાં એવું શું હતું કે જેથી તે મનુષ્યો ઉપર અદ્‌ભુત અસર કરી શક્યા, મહાન્ ગુરૂ તરીકે પદવી મેળવી શક્યા, અને જેઓ તેમના સમાગમમાં આવી હિંદુ શાસ્ત્રમાં રહેલ ગૂઢ સત્યો શિખવાને સદ્‌ભાગ્યશાળી થઇ શક્યા તેઓને સ્થાયીપણે મંત્રમુગ્ધ કરી શક્યા, તે આપણે તપાસીએ. સામાન્ય રીતે 'વ્યક્તિત્વ' જેને કહેવામાં આવે છે તેમાં ક્યાં તત્વોનો સમાવેશ થાય છે તે શોધી કાઢવું ગહન છે, છતાં તેના સંબંધમાં વ્યક્તિગત લક્ષણો એવાં નિશ્ચિત અને સ્પષ્ટ હતાં કે જેને લઇને તેઓ પોતાના બંધુઓ ઉપર જાદુઇ અસર કરી શક્યા. હવે તે લક્ષણો, નૈતિક, માનસિક—વગેરે તપાસીએ.

૧૩

૧. નૈતિક ગુણો.

સમષ્ટિમય જીવન અને પ્રેમ.

જે લક્ષણો જગતના મહાનમાં મહાન્ ધાર્મિક ઉપદેશકોમાં વિશિષ્ટ રીતે જોવામાં આવે છે તેમાંનું પ્રથમ પ્રધાન લક્ષણ **સ્વામીજીમાં** એ હતું કે—સર્વ વસ્તુ પ્રત્યે પ્રેમ અને કોમળતા, તથા **સમસ્ત જગતને** આત્માના શુદ્ધ જીવનમાં, તથા તે જીવનથી થતા આનંદમાં ભાગ લેતું કરવાની ઊંડી તીવ્રતમ અભિલાષા તેઓમાં હતી.

આ વાત વિશેષ સ્પષ્ટ કરવા માટે **જગતના બે ભાગ નામે પૂર્વ અને પશ્ચિમ પ્રત્યે તેમના શું સંદેશા હતા તે તપાસીએ.**

૧૪
અ-પૂર્વનો સંદેશ.

ભારતને જે ખાસ સંદેશ અર્પવા પોતે નિર્મિત થયેલ હતા તે સંદેશ એ હતો કે:-

(૧) હિંદ ! તારૂં મિશન સમસ્ત જગતને આત્મજીવન શીખવવાનું છે.

(૨) જીવનનું સત્ય જીવનવૃદ્ધિ છે.

(૩) આપણને એવો નવીન અગ્રેસર-વૃદ્ધિંગત થતો હિંદુધર્મ ઉત્પન્ન કરવાનું અતિ આવશ્યક છે કે જે તાત્કાલિક ગતિ કરનાર ધર્મ નીવડે અને જેના ઉપાસકો દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી જઇ સમસ્ત જગતને આત્મજીવન ગાળનાર કરે, અને

(૪) આ થઇ શકે તેને માટે આપણા અમનુષ્યત્વ-નિર્બળતાનો નાશ કરવો જોઇએ, વસ્તુના બાહ્ય દેખાવને છોડી તેના તત્ત્વને ગ્રહણ કરવું જોઇએ, અને જે આત્મજીવનથી હિંદ ભૂતકાલમાં નામાંકિત થયું તે આત્મજીવન માટેની અત્યંત ઉત્સુકતા પુનઃ ઉત્પન્ન કરવી જોઇએ.

કોઇએ તેમની મુલાકાત લીધી ત્યારે તેમને એવો પ્રશ્ન કર્યો કે, 'તમારી હીલચાલનું ખાસ વિશિષ્ટ લક્ષણ શું છે કે જેથી તે તરતજ ઓળખાઇ આવે ?'-ત્યારે તેમણે કહ્યું કે:-

અગ્રેસરપણું. અગ્રેસરપણું-અગ્રવાદ જે કહું છું તે ધાર્મિક અર્થમાં. બીજા સંપ્રદાયો અને પક્ષોએ આત્મજીવન સમસ્ત હિંદભૂમિપર વિસ્તૃત કર્યું, પણ જ્યારથી બુદ્ધનો સમય શરૂ થયો ત્યારથી હિંદમાં તેને વિસ્તૃત કરવામાં પડેલાં બંધનો અમે પહેલવહેલાં તોડયાં, અને સમસ્ત જગતના ઉપર પૂરજોસમાં તે વિસ્તારવાની મિશનરીઓ જેવી ચેતના સ્થાપી.

આ પછી પોતાની 'કાર્યશૈલી-પદ્ધતિ' શું હતી તે બહુ સુંદર રીતે વર્ણવે છે:-

અમારી શૈલી ઘણી સરલરીતે વર્ણવી શકાય તેમ છે. તે સામાન્ય રીતે પ્રજાકીય જીવન પુનરૂદ્ધાર કેમ પામે તે પ્રત્યેજ જાય છે. બુદ્ધે સેવાનો ઉપદેશ આપ્યો. આ ઉપદેશ હિંદે શ્રવણ કર્યો કે ૭ શતકમાં હિંદ પોતાની ઉન્નતિના ઉચ્ચમાં ઉચ્ચ શિખર પર પહોંચ્યું. આ તેનું રહસ્ય છે. ભારતના ભાવનામય આદર્શો ત્યાગ અને સેવા છે. આ બે આદર્શોમાં ભારતને વધારે અને વધારે વેગમાં મૂકતા જાઓ એટલે જોઈ લ્યો કે બાકીનું તેની મેળેજ સહજ પ્રાપ્ત થઇ આવે છે. આ દેશમાં (પશ્ચિમમાં) ધાર્મિક જીવનની ધ્વજા બહુ બહુ ઉંચે ફરકે તેવું થઈ શકે તેમ નથી; બાકી ખરી રીતે તો તે જીવન ગાળવામાંજ મુક્તિ છે.

સ્વામીજીને પ્રતીતિ થઇ હતી કે આત્માના સિદ્ધાંતનું સત્ય જેમ જેમ વધુ પ્રમાણમાં પ્રતીત થતું જશે તેમ તેમ બળ અને અભિન્નતા વધુ વધુ આવતાં જશે. વિવેકાનંદે મનુષ્યત્વ અને એકત્રિત જીવન ગાળવાનો વારંવાર ઉપદેશ આપ્યો છે તેનું કારણ એ છે કે તેમને સંપૂર્ણ પ્રતીતિ હતી કે જો ભારતવાસીઓ ફક્ત ધાર્મિક જીવન રાખી ખરા મનુષ્યો તરીકે અને અરસ્પરસ સંપીને ચાલતા રહે તો પ્રજાઓની કક્ષામાં તેઓ પોતાનું યોગ્યસ્થાન અચૂક મેળવવા શક્તિમાન થાય.

૧૫

બ–પશ્ચિમને સંદેશ.

સ્વામીશ્રીએ પોતાનું મુખ્યકાર્ય જે ખાસ નિર્દિષ્ટ કરી રાખ્યું હતું તે એ હતું કે પૂર્વ અને પશ્ચિમને એકરાગ કરવાં, અને પૌર્વાત્ય અને પાશ્ચાત્ય ભાવનાઓના અંતઃમિશ્રણથી ઉત્પન્ન થયેલ એવી ઉચ્ચમાં ઉચ્ચ આર્ય વ્યક્તિઓને ઉત્પન્ન કરવી. તેની સાથે પશ્ચિમને જે ખાસ સંદેશા આપવા માટે પોતે નિર્મિત થયા હતા તે એ હતા કેઃ–

(૧) જડવાદ મનુષ્યના આત્માને કદીપણ સ્થાયી રીતે સંતોષ આપી શકે તેમ નથી,

(૨) ધનના સંગ્રહ કરતાં, અથવા અતિ વિસ્તૃત રાજ્યની પ્રાપ્તિ કરતાં વધુ વસ્તુ ઉચ્ચ વસ્તુ પ્રતિ લક્ષ પહોંચાડવાનું છે,

(૩) ધર્મ, પદાર્થ વિજ્ઞાન અને શાસ્ત્રીય જ્ઞાન વસ્તુતઃ એકસંગત–અવિરોધી છે, અને

(૪) મનુષ્ય પોતાના જીવનનો ઉદ્દેશ, આધ્યાત્મિક જીવન ગાળીને સરસમાં સરસ રીતે પ્રાપ્ત કરી શકે છે.

પશ્ચિમવાસીઓને એવો ઉપદેશ આપ્યો કે ' મનુષ્ય પાપી–પાપ કરનાર છે એવો મૂર્ખાઇ ભરેલો ખ્યાલ કાઢી નાંખો, અને એમ વિચારપૂર્વક માનો કે મનુષ્ય તે વસ્તુતઃ દિવ્ય આત્મા છે.' ધર્માંધતાને ધિક્કારી સર્વદેશીય સહિષ્ણુતા રાખવાનો બોધ આપ્યો, અને પશ્ચિમની પ્રજાને પ્રતીતિ કરાવી આપી કે સર્વ ધર્મોમાં અવિરૂદ્ધતા રહેલી છે; વળી કંઇ હતું નહિ તેમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઇ એવો જે ખ્રિસ્તીધર્મનો મત છે તે તેઓના મગજમાંથી કાઢી નંખાવ્યો અને તેમનામાં વેદાંતનો ઉત્ક્રાંતિવાદ પ્રમાણે સૃષ્ટિક્રમ છે એમ સ્થાપન કર્યું.

૧૬

ભારત સર્વસ્વ પવિત્ર અને વંદ્ય છે.

ઉપર કથેલ પૂર્વ અને પશ્ચિમને સંદેશા ઉપરથી સ્પષ્ટ જણાયું હશે કે સમસ્ત જગતને આત્મિક શુદ્ધ જીવનના આનંદમાં ભાગ લેતું કરવાની તેમનામાં પ્રબલ અભિલાષા હતી. આ અભિલાષાને અસંગત નહિ એવી હિંદ પ્રત્યે આસક્તિ અને પ્રીતિ અને હિંદ ભૂમિને ધર્મ-રાજ્યમાં તેના પ્રાચીન સર્વોપરી પદમાં પુનઃ સ્થાપિત કરવાની જ્વલંત આતુરતા હતી.

તેને જેજે આર્યત્વવાળું હતું તે નિર્દોષ લાગતું. વિદેશીયોના મિથ્યા ભભકા પ્રત્યે સંપૂર્ણ તિરસ્કાર રાખતા. કોઇપણ વિદેશીય વાતનો પક્ષ લઇ **ભારત** વિરૂદ્ધ ટીકા કરતો, તો તેઓ તુરત તેની ટીકાઓ સામે

પોતાની પ્રચંડ શક્તિ વાપરી એવો સરસ પ્રત્યુત્તર આપતા કે તેની ટીકા તેના ગળામાંજ આવે. આથી તેને નિરૂત્તર કરી નાંખતા. આવું એક ઉદાહરણ લઇએ, એક અંગ્રેજે સ્ટીમરપર પુરાણ પ્રત્યે તિરસ્કાર દર્શાવતો પ્રશ્ન કર્યો, જેના ઉત્તરમાં સ્વામીજીએ એક બાજુએ હિંદુ-પુરાણો અને બીજી બાજુએ ખ્રિસ્તી બાઇબલ આદિને સરખાવી એવો તો ખસીયાણો તેને કરી મૂકયો કે તે જે કોઇ ત્યાં હતું તે કદી ભૂલશે નહિ અને વેદો અને ઉપનિષદોની જગત્‌માં કોઇ બરોબરી કરી શકે તેમ નથી એવું સ્થાપિત કર્યું. પોતાના દેશના બચાવ ખાતર પોતાનો ગમે તેવો દિલોજાન મિત્ર હોય પણ તેનો દયા બતાવ્યા વગર ત્યાગ કરતા. તેમની આ વલણ કદાચ સર્વથા વ્યાજબી હતી એમ કહી નહિ શકાય. ઘણી વખત તે નાખુશ દેખાવ કરતી. પણ આ વલણની ભવ્યતા તેના મનુષ્યત્વમાં ઘણી સરસરીતે દીપી નીકળતી હતી કે જે તેના શત્રુઓ પણ પ્રશંસ્યા વગર રહેતા નહિ. તે ધાર્મિક જોસથી કહેતા હતા કે ' ભારત તે એવી ભૂમિ છે કે ત્યાં જેજે આત્માઓ પરમાત્મપદ પ્રત્યે જવાનો માર્ગ ઇચ્છે છે તેઓને અવશ્ય આવવુંજ પડશે '—આવા ભારતનું સર્વસ્વ તેને મન પવિત્ર અને વંદ્ય હતું. ચિકાગોમાં ભરાયેલ જગત્‌મેળા વખતે જે જે હિંદી આવતો—પછી તે ગરીબ કે તવંગર, કુલીન કે અકુલીન, હિંદુ, મુસલમાન, પારસી કે કોઇ જાતનો હોય તો તેને પોતે જ્યાં ઉતરેલ હોય ત્યાં તેઓને લઇ જઇ તેમની સારવાર અને પરોણાગત અચ્છીરીતે કરાવતા, અને જો તેમાં કંઇપણ ઉણપ આવતી તો તરતજ તેઓ પોતે તેઓના ઘરમાંથી ચાલી જતા.

પોતે હિંદુધર્મના અગ્રપ્રસારક હતા, પણ જો કોઇ હિંદુ ધર્મી પોતાની વાત સ્પષ્ટ નહિ કહી શકતો હોય તો તે બેસી તેને માટે એક ભાષણ લખી આપી તેની વાત સરસ સ્વરૂપમાં મૂકી તેને સહાય

આપતા. આમ હિંદુધર્મપ્રસાર થાય તે માટે તે બધું કરતા અને તેમાં પોતાનો પ્રતિસ્પર્ધી હોય તોપણ તેને મિત્ર ગણી સહાય કરતા.

પોતાના યુરોપીય શિષ્યોને આંગળીથી ખાવાનું અને હિંદુ જીવનનાં એવાં બીજાં સાદાં કાર્યો કરવાનું શિખવવાને બહુ શ્રમ લેતા. તેઓ વારંવાર તેમને કહેતા કે 'યાદ રાખો, જો તમે જરાપણ આર્યભૂમિને ચાહતા હો તો તમારી ઇચ્છા પ્રમાણે જેવી હોવી જોઇએ તેવી રીતે નહિ પણ **તેણી જેમ છે તેમ** તેને અવસ્ય ચાહો.'

૧૭

(૨) નિર્દંભ વૃત્તિ.

નૈતિકગુણોમાં પહેલું સમષ્ટિમય જીવન અને પ્રેમ કહી ગયા. હવે બીજું લક્ષણ એ હતું કે તેને દંભ તથા ડોળ પ્રત્યે અતિશય તિરસ્કાર હતો—નિર્માન—નિર્દંભ વૃત્તિ હતી. આનાં ઉદાહરણો ઠેરઠેર જોવામાં આવે છે. તેઓ લખે છે કેઃ—

હું યોગ્ય નથી છતાં આટલો બધો મને શા માટે વખાણવામાં આવે છે તેનું કારણ હું સમજી શકતો નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું છે કે ' એક સિવાય એટલે ભગવાન્ સિવાય અન્ય કોઈ ભલો નથી. બાકીના તો તેના હસ્તમાં હથિયારો છે. પ્રભુની કીર્તિ મહાનમાં મહાન્ હો! " અને જે મનુષ્યો તેને લાયક હોય તેને કીર્તિ મળો, પણ મારા જેવા નાલાયકને તે ઘટતી નથી. " ચાકરની કિંમત તેના ભાડા જેટલી નથી " અને ખાસ કરીને એક ફકીરનો કોઈપણ માન કે સ્તુતિપર હક નથી, કારણ કે જે નોકર તમારી સેવા કરીને ફક્ત પોતાની ફરજ બજાવે છે તે નોકરની શું તમે સ્તુતિ કરશો? પૃ. ૨

હમણાં પ્રત્યક્ષ શાંતિથી મૌનરીતે કાર્યમાંજ પડવાનું છે, બાકી વર્તમાનપત્રમાં જાહેરાત આપવાનું, નામ કાઢવાનું બિલકુલ પ્રયોજન નથી; તમારે ખાસ લક્ષમાં રાખવાનું છે કે આપણે શાંત, નિઃશબ્દ, અને અવિશ્રાંત ઉદ્યોગનીજ ફક્ત જરૂર છે. પૃ. ૧૭

હું પ્રસિદ્ધ લેખક નથી, એ તમે જાણો છો. ઘેરેઘેર ભીખ માગવા જવાની મને ટેવ નથી. હું શાંત બેસુંછું અને કાર્ય સ્વતઃ થતું જાય એમ થવા દઉંછું .... હવે મારા બાળકો! જો હુ સાંસારિક દંભી હોઉં તો અહીં જબરી વ્યવસ્થા કરવામાં મહાભારત ફત્તેહ હું મેળવી શક્યો હોત! પૃ.૧૧૬.

"'(કાર્યમાં) હું માત્ર એજ માગું છું કે દંભ, લુચ્ચાઇ, પ્રપંચ હોવાં ન જોઇએ. મેં હમેશાં પ્રભુપર વિશ્વાસ રાખ્યો છે, સૂર્યના પ્રકાશ-સમાન વિશાલ જ્વલંત સત્યપરજ હમેશાં આધાર રાખ્યો છે. નામ, કીર્તિ મેળવવાને, અરે ? બીજાનું ભલું કરવા માટે પણ, તે કીર્તિ મેળવવાને હું જેસ્યુઇટીઝમ જેવો દંભ કરી મારા હ્રદય ઉપર કલંક લઇ મરવા માંગતો નથી. અસદાચરણનો એક શ્વાસ પણ, ખરાબ કાવાદાવાનું કલંક પણ હોવું ન જોઇએ. બહારનો દેખાવ, આડંબર, દંભ, ડોળ એ સર્વ મિથ્યા છે, તેમાંનું કંઇપણ ખુણે રહીને કરવાનું નથી. ગુરૂદેવ ઉપર ખાસ પ્રિયતા બતાવવાની નથી, અને કોઇ ગુરૂએ તે માટે કંઇ ઇચ્છા રાખવાની જરૂર નથી. મારા બહાદૂર પુત્રો! તમારે આગળ ધસવાનું છે. ધન મળો અગર ન મળો, મનુષ્યો મળો યા ન મળો, પણ આગળ ધસો." પૃ. ૮૦-૮૧.

કીર્તિ પ્રત્યે આવી નિરપેક્ષાનાં ઘણાં ઉદાહરણો છે. અને તેની નિર્દોષ વૃત્તિને લઇને બીજો જે નૈસર્ગિક સ્વાતંત્ર્યનો ગુણ હતો તે એ કે જે યુક્તિમત્ છે તે સર્વ વસ્તુમાંથી ગ્રહણ કરવામાં હમેશાં તત્પરતા હતી, અને જે યુક્તિમત્ નથી તે પર તેને કદી આગ્રહ હતોજ નહિ.

आग्रही बत निनीषति युक्तिं
तत्र यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्ति-
र्यत्र तत्र मतिरेति निवेशम् ॥

—શ્રીહરિભદ્રાચાર્ય. યોગબિન્દુ.

આવી રીતે તેને પક્ષપાત કોઇનો ન હતો; જો પક્ષપાત હતો તો તે યુક્તિનો—ન્યાયનો હતો, અને તેથી હિંદ માતામાં રહેલા ગુણો કહેતા તેની સાથેજ તેમાં જે પ્રજાકીય દૂષણો તેને દેખાતાં તેને ઉઘાડાં પાડવામાં અત્યંત અભીતિ રાખી જે ક્રિયાવાદો છે તેની ઉપયોગિતા તરફ લક્ષ રાખી તેની સાથે જે વહેમો વળગી પડ્યા હતા તેની સખતમાં સખત ઝાટકણી કરવામાં બાકી રાખતા નહિ. આ વિશેષ સ્પષ્ટ કરવા માટે હિંદના ગુણો જે તેમણે મુક્તકંઠે દરેક સમયે સ્વીકાર્યા છે તેમાંના થોડા જોઇએઃ—

હિંદના મનુષ્યોમાં ખાસ--વિશિષ્ટ લક્ષણો તેમની ઉપકારવૃત્તિ અને આતિથ્ય સન્માન છે, પૃ. ૧૪૬.

એકંદરે આપણા વધારે ગરીબ હિંદુલોક પશ્ચિમની કોઇ પણ પ્રજા કરતાં અનંતગણા વધારે નીતિમાન્ છે. પૃ. ૫૭.

આની સાથે હિંદનાં પ્રજાકીય દૂષણો વારંવાર ખુલ્લે હૃદયે બતાવવામાં બીલકુલ કચાશ રાખી નથી.

"તમે હિંદુઓ થોડાં વર્ષમાં જોઇ શકશો કે પશ્ચિમમાં પ્રભુ શું કરે છે. તમે જૂના સમયના જયુ જેવા (અહીંના લોભી મારવાડીઓ જેવા) છો—ખીડવાળા કૂતરાછો. નથી પોતે ખાતા, તેમ નથી કોઇને ખાવા દેતા. તમારો કોઇ ધર્મ રહ્યો નથી. તમારો પરમેશ્વર રસોડું છે. (એટલે ખાઓ, પીઓ, લહેર કરો, એમાંજ તમારો પરમેશ્વર આવી ગયો છે), તમારૂં બાઇબલ—ધર્મશાસ્ત્ર તે રાંધવાનાં પાત્રો છે; તમારામાં થોડા બહાદૂર કુમારો છે." પૃ. ૧૨૪.

"સામાન્ય રીતે હિંદુઓજ એવા છેકે તેમનામાં વ્યાવહારિક કાર્યમાં કોઇ વિલક્ષણ જાતનું આલસ્ય છે, અને તેથી તેઓ હિસાબ કિતાબ વગેરેમાં પૂરતી રીતે પદ્ધતિસર અને દૃઢ રહેતા નથી."
પૃ. ૧૩૭.

" આપણે હિંદુઓ એવા ધીમા છીએ કે જ્યારે આપણે કાર્ય પૂરૂં કરીએ, ત્યારે ખરી તક ક્યારની ગુમાવેલી હોય છે. અને તેથી આપણે નુકશાન ખમીએ છીએ." પૃ. ૧૪૭.

" ઘણાં કાર્યો કરવાનાં છે, પણ તે માટેનાં સાધનોની આ દેશમાં બહુ ખોટ છે. આપણામાં સારાં ભેજાં—વિચારકો છે, પણ સારા હાથ-વ્યવહારૂ કાર્ય કરનારા નથી. આપણી પાસે વેદાન્તના સિદ્ધાન્તો છે, પણ તેને અમલમાં લાવવા જેટલી શક્તિ આપણી પાસે નથી. આપણાં પુસ્તકોમાં **સર્વદેશીય સમાનતાનો સિદ્ધાન્ત** છે, પણ આપણા આચારમાં મહાન્ ભેદો—ભિન્નતાઓ જોવામાં આવે છે. હિંદ દેશમાંજ નિઃસ્વાર્થ અને પરોપકારાર્થે ઉચ્ચમાં ઉચ્ચ કોટિપર કાર્ય કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે, પણ આચારમાં આપણે ભયંકર રીતે ક્રુર થયા છીએ, ભયંકર રીતે હૃદયવિના વર્ત્યા છીએ અને તે એટલે સુધીકે આપણાં શરીરોમાં માંસ ભરવા શિવાય બીજી કોઇ બાબતનો વિચાર કરવા અશક્ત રહ્યા છીએ." પૃ. ૧૫૩.

વળી સત્યનોજ જેને પક્ષપાત હોવાથી તેઓ પોતાના પ્રતિસ્પર્ધી હોય તેને પણ યોગ્ય રીતે માન આપતાઃ—

" આ પ્રિય વક્તાઓમાં **સીલોન** (લંકા) નો ધર્મપાલ પણ એક હતો. (બૌદ્ધ મિશનરી) **તેની વાણીમાં બહુજ માધુર્ય હતું**.........પૂનાની એક ખ્રિસ્તી બાઇ નામે મિસ **સોરાબજી** અને જૈનોના પ્રતિનિધિ મી. **ગાંધી** આ દેશમાં લાંબો વખત રહેવાનાં છે. અને તે દરમ્યાન એક શહેરથી બીજે શહેર એમ ભાષણો આપવાનાં છે. મને આશા છે કે **તેઓ તેમાં વિજય મેળવશે**. "

પૃ. ૩૬.

અને પોતાના નિંદાકારો પ્રત્યે ઉદાર વર્તન રાખતા.

" * * મને નીચો પાડનારા પ્રત્યે જે મારો ઉત્તર છે તે ફક્ત

એજ છે કે સઘળો વખત એક સરખી ચુપકીદી પકડવી. એમ મારા મિત્રોને કહેજો. હું **शठं प्रति शाठ्यं कुर्यात्**-એટલે 'જૈસેકુ તૈસા' એ સૂત્રાન્વયે તેમના પ્રત્યે વર્તું, તો તેથી આપણે પણ તેઓની સપાટીએ આવીએ છીએ. મારા મિત્રોને કહો કે **સત્ય** પોતાની દરકાર પોતાની મેળે કરશે." —પૃ. ૬૯.

"માત્ર **હિંદુસ્થાન**માંના કેટલાક **ખ્રિસ્તી મિશનરી**ઓ મારી નિંદા કરવામાં સાધનભૂત થશે. આમ થાય ત્યારે હું તો **ખ્રિસ્તી**ઓએ જ્યુને જે વચન કહ્યું હતું તેજ વચન તેમને કહીશ. એક **ખ્રિસ્તી** એક વખત જ્યુ લોકને ઉદ્દેશી એમ કહેવા લાગ્યો. 'ધ્યાનમાં રાખ, કે તારા દિવસ ભરાઇ ચૂકયા છે." —પૃ. ૪૧.

૧૮
વિજયવાદી.

અસત્ એવા દંભનો ત્યાગ કરી સત્-સત્યમાં સંપૂર્ણ શ્રદ્ધા તેમની હતી. અને **सत्यमेव विजयते**—સત્યનો હમેશાં વિજય છે, અને પોતાનું કાર્ય સત્ય છે તેથી તે કાર્ય હમેશાં વિજયવંત થવાનું છે એમ પોતાની સંપૂર્ણ પ્રતીતિ હતી, અને તે પ્રતીતિ પોતાના મિત્રો-શિષ્યોને પુકારી પુકારી કહેતા. નિષ્ફળતા-અશકયતા એ શબ્દો તેનાં વાણી વિચાર કે આચારમાં હતાજ નહિ. શક્તિની સ્ફુરણા થઇ, પ્રભુપર શ્રદ્ધા બંધાઈ એટલે આત્મામાં સંપૂર્ણ વિશ્વાસ જાગ્યો, અને કાર્ય ફલિત થયુંજ સમજવું.

"મહાન કાર્યો માત્ર શૂરવીરોજ કરી શકે છે, નહિ કે બાયલાઓ. તમે અશ્રદ્ધાળુ બચ્ચાંઓ? છેવટનું એકી વખતે આટલું તો જાણી લ્યો કે હું પરમાત્માના હસ્તકમલમાં છું ત્યાંસુધી મારા માથાના એક વાળને પણ કોઇ અડકી શકનાર નથી—વાંકો કરી શકનાર નથી."
પૃ. ૧૨૨

પોતે જાણતા હતા કે કાર્ય એમને એમ થઈ જતું નથી, તે કાર્યનો આરંભ થાય અને તેનો અંત આવે તે દરમ્યાન અનેક મુશ્કેલી વચ્ચે-અવસ્થા વચ્ચે પસાર થવું પડે છે. તેમના શબ્દોમાં કહીએ તો:-

"દરેક કાર્યને ત્રણ અવસ્થામાં પસાર થવું પડે છે-હાસ્યપાત્રતા, વિરૂદ્ધતા, અને પછી સ્વીકાર્યતા જે વ્યક્તિ પોતાના સમયથી આગળ વધીને વિચાર કરેછે તેને સમજવા હમેશાં ખોટા ખ્યાલો ઉત્પન્ન થાય છેજ તેથી વિરૂદ્ધતા અને જૂલમ, એ મને અભિનંદનીય છે. ફકત મારે મક્કમ અને પવિત્ર રહેવાનુંજ છે; અને પ્રભુમાં અતિશય શ્રદ્ધા રાખવાનીજ છે. તેમ થયે આ બધું નાશ પામશે. ××" પૃ. ૧૨૩.

૧૯

પ્રભુમાં અવિચલ શ્રધ્ધા.

'ધર્મવિજય' એ નામનું કાવ્ય અહિં યથોચિતજ હોવાથી-સ્વામીજીએ ધર્મવિજય કરેલ હોવાથી અને તે પ્રભુમાં અવિચલ શ્રદ્ધા રાખીને-નીચે અમે મૂકીએ છીએ:—

છો લાખ વાર દયાળુ દેવ મનુષ્ય-કુન્દનને કસે,
છો સાત લાખ સવાર રક્ત સમુદ્રમાં સામે ધસે;
હોયે નહિ ડરશો; પડી સહુ ગર્ત્તમાં નીચે જશે,
સ્વામી સમર્થ સખા સદા રાજાધિરાજ વિરાજશે.

—કાન્ત. વસંત, વર્ષ, ૭ અંક ૧.

સ્વામીજી, એક મિત્રને તેના પુત્રના મરણ સબંધે આશ્વાસનપત્ર લખે છે કે:—

"ઈશ્વરે આપ્યો અને તેણેજ લઇ લીધો; મરજી તેની" આપણે એટલુંજ જાણીએ છીએ કે કોઇપણ નાશ પામી શકતું નથી, અથવા નાશ પામતું નથી. આપણું કર્તવ્ય ચિત્તને શાંતિથી પૂર્ણ સમાધાનમાં લાવી જે થાય તેને શરણ થવાનું છે. જો સેનાપતિ સિપાઇને તોપના

મારા સામે જવાનો હુકમ કરે તો તે સિપાઇને કંઈપણ ફરીઆદ કર્યા વગર બલ્કે એકપણ શબ્દ બડબડયા વગર તે હુકમ બજાવવાનો છે.”
પૃ. ૫

“મને અહીંઆ ઈશ્વરી સંદેશાએ મોકલાવ્યો છે. હું હવે કોઇ માર્ગ જોઈ શકતો નથી. ફકત ઈશ્વિરનાં ચક્ષુઓ નિહાળું છું, અને મારે હવે મારા કર્તવ્યને જીંદગી સુધી કે મરણ પર્યંત વળગી રહી તે બજાવવું જોઇએ. ‘**देहं वा पातयेत् अर्थं वा साधयेत्**’ એજ મારૂં સદોદિત ચિંતન ચાલી રહ્યું છે.”
પૃ. ૧૮

“મદદની જરૂર લાગે તો પરમેશ્વર તરફથી તે **જરૂર મળશે ને મળશે.** એ સંબંધે બિલકુલ સંદેહ રાખવો નહિ. આ ભાર અંતઃકરણમાં રાખી, અને આજ વિચાર મગજમાં ધારી બાર વર્ષ સુધી હું ભમ્યો છું.......ઈશ્વિર મહાન્ છે. તે મને સહાય આપશે એમ હું જાણું છું, જો ભૂખથી કે ટાઢથી આ ભૂમિમાં મારો દેહ પડી જાય, તો તરૂણ મિત્રો! હું તમો બધાને નિર્ધન, અજ્ઞાની, અને જૂલ્મ નીચે કચડાયેલા બાંધવોને માટે આ મારી અનુકંપાને આ મારો જીવતોડ પ્રયત્ન વારસામાં મૂકી જાઉં છું. (તેને જાળવજો.) આ ક્ષણે પાર્થ સારથિ–શ્રીકૃષ્ણના મંદીરમાં જઇને, પાર્થસારથિ કે જે ગોકુલના નિર્ધન અને હલકા દરજ્જાના ગોવળીઆનો મિત્ર હતો, કે જેણે અતિ શૂદ્ર ગૂહકને ભેટવાને આનાકાની બતાવી નહોતી, કે જેણે બુદ્ધના અવતારમાં અમીરના આમંત્રણને બદલે વેશ્યાનું આમંત્રણ પ્રસન્નતાથી સ્વીકારી તેણીનો ઉદ્ધાર કર્યો છે, તેની પાસે પ્રસન્ન મુખથી જઈ નિર્ધન–દીન માટે આખા જીવનનો ભોગ આપજો. * * ”
પૃ. ૨૫–૨૬

“દિવસે દિવસે અંતઃકરણમાં એજ લાગણી રહ્યા કરે છે કે પરમેશ્વર મારી સાથે રહે છે, અને તેનાજ હુકમ પ્રમાણે અનુસરવાનો હું પ્રયત્ન કરૂં છું. તેની ઇચ્છા પ્રમાણે થશે.....

આપણે જગત્‌ને માટે મહાન્ પ્રયત્નો કરીશું, અને તે પણ સારૂં કરવાની ખાતર, નહિ કે નામ કે કીર્તિ પ્રાપ્ત કરવા માટે. ×× "આ શા માટે ? એવી મિમાંસા કરવાનું આપણું કર્તવ્ય નથી, આપણે તો કરવું અને મરવું, એજ કર્તવ્ય છે." પ્રસન્નતામાં રહો, પ્રભુએ આપણને મહાન્ કાર્યો કરવાને ચુંટેલા છે." પૃ. ૩૫.

"બાહાદૂર અંત;કરણવાળાઓ! તમે કાર્ય કર્યાંજ કરો, નિષ્ફળ મા થાઓ–'ના' એ શબ્દ કદી વદોજ નહિ; કાર્ય કયાજ કરો–પરમાત્મન્ આપણા કાર્યના સમર્થનમાંજ છે. મહાશક્તિ તમારી સાથેજ છે." પૃ. ૧૩૭.

૨૦
જ્ઞાનશકિતના નૈસર્ગિક ગુણો.

વ્યક્તિગત લક્ષણોમાં પ્રથમ લક્ષણ નૈતિક ગુણો આપણે તપાસી ગયા અને તે ગુણોનો વિસ્તાર પણ જુદાં જુદાં મથાળાં નીચે આપણે ઉપર જોઇ ગયા, હવે બીજું લક્ષણ નામે 'જ્ઞાનશક્તિના ગુણો' તપાસીએ.

માન–સરોવરના ઓ મધુરા હંસલા !
તેં પીધું છે સરસ્વતી–પય પાનજો;
તે પાન થકી તું છું બન્યો મસ્તાન હો;
કરતો મધુરૂં માતા કેરૂં ગાન જો— માન.
દુનિયા–દુ:ખનું કડુ વિષ તેં પીધું નથી,
હરનિશ રહેતો જ્ઞાન મહીં મસ્તાન જો;
આનંદે ભમતો તું મનના બાગમાં,
ચુંટી લેતો વિચલિત પુષ્પ મૃણાલ જો— માન.
મન્મથ મદિરા પાનથકી છેટો રહ્યો,
જ્ઞાનોદ્યાને કરતો તું વિહારજો;
પુસ્તકના રસ–સ્વાદ મહિં ગુલતાન હો,

ઉંચે કંઠે દેતો મન-સુખ ભાનજો— માન.
ઉંચાં ઉંચાં શૃંગો તુજ નજરે પડે,
ધીમે ચડતાં સરસ્વતી-સોપાનજો,
ત્યાંથી દીન-ચક્ષુથી નીચે તું નિહાળતો,
વિમાર્ગપ્રસ્થિત મનુષ્ય કેરાં દ્વંદ્વજો— માન.

—હરિશંકર હ. ત્રિપાઠી.

બુદ્ધિપ્રકાશ પુ. ૫૫. અં. ૪.

તેમનામાં આશ્ચર્યજનક બુદ્ધિચાપલ્ય હતું. ઉચ્ચમાં ઉચ્ચ પ્રતિના તે વક્તા હતા. તેની વ્યાખ્યાનશૈલી સરળ અને બળવાળી હતી. ઘણી ભાષાઓમાં તેમનું નૈપુણ્ય હતું. કારણકે તેણે અંગ્રેજી ભાષામાં લખાણો પત્રો લખ્યાં છે. બંગાલીભાષા માતૃભાષા હતી, તેમાં કેટલાંક પત્રો તથા કાવ્યો લખ્યાં છે. પારિસના પ્રદર્શનમાં ફ્રેન્ચભાષામાં હિંદુ ધર્મ સંબંધે વ્યાખ્યાન આપ્યું છે, અને યુરોપના જુદાજુદા દેશમાં પ્રવાસ કર્યો છે.) સંગીતકુશળ હતા, અને પોતાની માતૃભાષામાં (બંગાલીમાં) સુંદર કાવ્ય રચતા. સારા ચિત્રકાર હતા અને વાર્તાલાપશક્તિ ઉચ્ચમાં ઉચ્ચ પ્રતિની હતી. આ સર્વ ગુણો જરા વિસ્તારથી જોઇએ.

૨૧.

(૧) વિચારક.

વિચારક તરીકે તેમનામાં બે મહાન્ ગુણો હતા. એકતો તેનામાં પરમ કલ્પનામય ધૈર્ય હતું એટલે તે કલ્પનાને ન્યાયપુરઃસર મૂકી નિડર-પણે, વિના સંકોચે પ્રકટ કરવામાં અપ્રતિમ ધૈર્ય હતું; અને બીજો ગુણ એ હતો કે બીજા દેશોમાં જે વિચારશ્રેણિ ચાલે છે અને તેથી જે અનુમાન કાઢી શકાયાં છે તેની કદર કરવામાં હમેશાં પ્રયાસવાન રહી તે સર્વ અનુમાનોપરથી નવુંજ સંયોગીકરણ એવી રીતે કરતા કે

તેમાં સર્વ સત્યો પોતાની યોગ્યતા પ્રમાણે સ્થાન પામે. આનાં થોડાં ઉદાહરણો જોઈએ.

"હિંદુમગજ હમેશાં (Inductive) અનુમાન કરવામાં પ્રવીણ છે, અને કદીપણ સંયોગીકરણ કરવામાં એટલે વિશેષ વાત પરથી સાધારણ વાત તારવી કાઢવામાં પ્રવીણ (Deductive) નથી. આપણાં સર્વ દર્શનોમાં આપણે હમેશાં માથું પકવી નાખે એવી સામસામી દલીલો કરેલી જોઇએ છીએ, અને તેમાં અમુક સામાન્ય સિદ્ધાંત. આગળથી સ્વીકૃત પક્ષ તરીકે માની લેવામાં આવેલ હોય છે, પરંતુ તે સિદ્ધાંત જેટલો બાલિશ હોઇ શકે તેટલો બાલિશ હોય છે. આ **સામાન્ય સિદ્ધાંતોનાં સત્ય વિષે કોઇએ શંકા બતાવી શોધ કરી નથી. આથી થોડો ઘણો પણ સ્વતંત્ર વિચાર આપણામાં હોય તેવું કહી શકાય તેમ નથી.** અને તેટલા માટે વિજ્ઞાનશાસ્ત્રો કે જે નિરીક્ષણ અને વસ્તુઓને વ્યવહારમાં મૂકવાની શક્તિનાં ફલ રૂપે છે,તે શાસ્ત્રોનો અભાવ આપણામાં જણાય છે. આવી રીતે હોવાનું શું કારણ ?– તેનાં બે કારણો છે–આપણી આબોહવામાં પ્રચંડ ઉષ્ણતા રહેલી છે તેથી આપણને ચંચલતા કરતાં વિશ્રાંતિ અને ચિંતન વધારે પ્રિય અને અનુકૂળ થઇ પડે છે, અને તેથી ઉપદેશકો તરીકે બ્રાહ્મણો દૂર દેશમાં પ્રવાસ કે સમુદ્રપર્યટન કરી જવાનું માથે લેતા નથી. પ્રાચીન સમયમાં સમુદ્ર પ્રવાસે જનારા, અને ઘણું દેશાટન કરનારા લોકો હતા; પરંતુ તેઓ લગભગ વ્યાપારી હતા, એટલે કે તે વખતે લોકો ઉપદેશકો હોઇ અને બીજા પૈસા પ્રાપ્ત કરવાની તૃષ્ણા રાખનારા હોવાથી તેમાંથી માનસિક વિકાસ કરવાની બધી શક્તિ ચાલી ગઇ હતી. આથી તેઓનાં નિરીક્ષણોએ મનુષ્યના જ્ઞાનમાં વૃદ્ધિ કરવાને બદલે તે જ્ઞાનને વધારે અધોગતિમાં પહોંચાડેલ છે. કારણ કે તેઓનાં નિરીક્ષણો ખરાબ હતાં, અને તેઓના હિસાબો અતિશયોક્તિ-

વાળા અને તદ્દન કલ્પનામય સ્વરૂપમાં બેડોળ રીતે ફેરવેલા હતા તે એટલે સુધી કે તેઓને ગણત્રીમાં લેવામાં આવ્યા નહિ. પત્રાંક ૧, પૃ. ૨, ૩. ”

“ હવે મેં જે શોધ કરી છે તે કહુંછું. સર્વ ધર્મ વેદાંતમાં એટલે વેદાંત ફિલ્સુફીની ત્રણ ક્રમિક દશાઓ નામે દ્વૈત, વિશિષ્ટાદ્વૈત અને અદ્વૈતમાં સમાયેલ છે. એક બીજા પછી એમ ઉત્તરોત્તર છે. મનુષ્ય જેમ જેમ ધાર્મિક પ્રગતિ કરતો જાય છે તેમ તેમ તેને આ ત્રણે દિશાઓ ઉત્તરોઉત્તર આવેછે. આ ધર્મનું રહસ્ય–તત્ત્વ છે. વેદાંતને હિંદના ભિન્નભિન્ન મનુષ્ય જાત સંબંધી રૂઢીઓ અને સંપ્રદાયોની સાથે લાગુ પાડતાં જે બને છે તે હિંદુધર્મ છે. પ્રથમની અવસ્થા કે જે દ્વૈત છે, તેને યુરોપના ભિન્નભિન્ન સમાજોના વિચારો સાથે લાગુ પાડીએ તો ખ્રિસ્તી ધર્મ બને છે. સેમેટીક પ્રજાઓને લાગુ પાડતાં મુસલમાન ધર્મ પ્રાપ્ત થાય છે. અદ્વૈતને તેના યોગના સ્પષ્ટ સ્વરૂપ સાથે લાગુ પાડતાં બૌદ્ધધર્મ આદિ નિપજે છે. હવે ધર્મનો અર્થ વેદાંતથી સૂચવાય છે, તે વેદાંતને લાગુ પાડવું તે વિધવિધ પ્રજાઓની જરૂરીઆતો, આસપાસની સ્થિતિઓ અને બીજા સંજોગો ભિન્નભિન્ન હોવાથી ભિન્નભિન્ન થઇ શકે છે. તમે જોઇ શકશો કે ફિલસુફી એકજ હોવા છતાં શાક્તો, શૈવો આદિ તેઓના ખાસ વિશિષ્ટ સંપ્રદાયો અને મતો જુદીજુદી રીતે તે ફિલ્સુફીને લાગુ પાડે છે... ... ...

... ... એક દર્શન પછી બીજું દર્શન આવે છે, અને તેથી ત્રણેમાં એકતા છે. ” —પૃ. ૧૧૫—૧૧૬

આવી રીતે ઘણાં દૃષ્ટાંતો છે, અને વધારે વિચારો હવે પછી આપણે સમાજસુધારક, ધર્મસુધારક તરીકે તેમને જોઇશું ત્યારે જણાશે. તે બધા પરથી સ્પષ્ટ ભાસે છે કે વિચારક તરીકેની તેમની પદ્ધતિ અંતરાવલોકન દૃષ્ટિ અને આત્મપૃથક્કરણ શૈલી હતી.

૨૨

(૨) કવિ.

બીજો નૈસર્ગિક ગુણ તેમનામાં રહેલ કવિત્વશક્તિ છે. તેમનો આત્મા એ એક કવિનો આત્મા હતો; તેથી તે આત્માનું ગુંજન કંઈ અલૌકિક રીતે સદોદિત થયાં કરતું હતું. આના પરિણામે તે આત્મા તરફથી અત્યાર સુધી અનનુભૂત એવા અપૂર્વ સંદેશા જગતને પ્રાપ્ત થયા છે, અને તે સંદેશામાં અમૃત–સૌંદર્ય ભર્યું છે, તેમણે ઘણાં થોડાં કાવ્યો રચ્યાં છે, પણ તેની કવિત્વશક્તિમાં રહેલ નૈસર્ગિક પ્રતિભાની સાક્ષી, જે લખાણો તેમણે કર્યાં છે તેમાં પ્રકાશિત થતા કલ્પનામય અને આશ્ચર્યકારક રીતે ભવ્ય વિચારો પૂરે છે.

૨૩

(૩) લેખક.

તેઓ બહુજ ઓછું લખતા, છતાં જે લખતા તે પરથી જણાય છે કે તેઓ પારદર્શી, સરલ, અસ્ખલિત વેગવાળી અને પ્રોત્સાહક (vigorous) શૈલીમાં એક્કા હતા, અને તેમાં ઉત્તમમાં ઉત્તમ પશ્ચિમના મહાન્ બુદ્ધિશાળીમાં જે પાંડિત્ય જોઈ શકાય તે કરતાં પણ વધારે–નિરૂપમ પાંડિત્ય સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. મહાન્ વિચારક હોઈ ક્ષણે ક્ષણે અલૌકિક વિચારો સ્ફુરતા, અને તે લખી લેવાનું તેમને બહુ મન થતું. પુસ્તકો કરવા કરતાં માસિકમાં બહુ શ્રદ્ધા હતી. અને તેમાં શૈલી હમેશાં પ્રતિપાદક રાખવામાં તેઓ ઉદય જોતા.

'હું હમણાં હિંદુધર્મ સંબંધી એક પણ પુસ્તક લખતો નથી. હું મારા વિચારોજ જેમ આવે તેમ લખતો જાઉં છું. તેને પ્રકટ કરીશ કે નહિ તે જાણતો નથી. પુસ્તકોથી શું સર્યું ? જગત્ મૂર્ખતા ભરેલી બાબતોથી બેહદ ભરપૂર છે. જો તમે વેદાંત વિષય ઉપર એક

માસિક કહાડી શકો, તો આપણો હેતુ વધારે સરે તેમ છે. હમેશાં પ્રતિપાદક શૈલી રાખો, બીજાના પર ટીકા કરવાનું કદી ન સ્વીકારો. નિષેધાત્મક શૈલીને તજી દ્યો. તમારે જે કહેવાનું હોય તે કહો, શીખવવાનું હોય તે શીખવો, બાકી બીજું કંઇ નહિ. બીજું બધું પરમેશ્વરને માટે રહેવા દ્યો.' પૃ. ૯૪–૯૫.

હવે આપણે તેના વિચારો જે પ્રકટ થયેલા મળી શક્યા છે તે આપણે જોઇએ.

પુસ્તકો.

૧ કર્મયોગ.
૨ રાજયોગ.
૩ ભક્તિયોગ.

પ્રકીર્ણ વિષયો.

૧ તેમનાં પત્રો.
૨ પશ્ચિમમાંથી પૂર્વનો નાદ,
૩ મારા ગુરૂ.
૪ કર્મયોગનું સ્પષ્ટીકરણ.
૫ ભક્તિ (૧ પ્રાથમિક અને ૨. પરા.)
૬ પ્રાચ્ય અને પાશ્ચાત્ય.
૭ ભારતીય જીવનમાં વેદાંત
૮ બંધ અને મોક્ષ.
૯ બૌદ્ધધર્મનો વૈદિકધર્મ સાથે સંબંધ.
૧૦ ભારતભૂમિના મહાપુરૂષો.
૧૧ વેદાન્તની પ્રેરણા.
૧૨ આત્મા.
૧૩ જાતિ સુધારણા.
૧૪ રાષ્ટ્રિય રેખાત્મક શિક્ષણ.
૧૫ આર્યાવર્તની વિચારશક્તિથી વિશ્વનો વિજય.
૧૬ સામાજિક સુધારણાનો
૧૭ એક મિત્રને (ઉપદેશ.)
૧૮ સૃષ્ટિસર્જન સ્તોત્ર.
૧૯ જાપાન.
સત્યમાર્ગ.
૨૦ વેદાન્તી મૅક્સમુલ્લર.
૨૧ પ્રબુદ્ધ ભારત ! (કાવ્ય)
૨૨ પ્રેમ-ધર્મ.

આ સિવાય અનેક પ્રકીર્ણ વિષયો માસિકોમાં લેખ રૂપે અને તેમને મળેલા અનેક માનપત્રોના ભાષણદ્વારા ઉત્તરો રૂપે અંગ્રેજી ભાષામાં છે. આ ઉત્તરોનું બંગાલીભાષામાં અવતરણ 'ભારતે વિવેકાનંદ'—ભારતમાં વિવેકાનંદ એ નામે ૨૦૪ પૃષ્ટમાં રામકૃષ્ણ મિશનની ઉદ્‌બોધન ઑફીસમાંથી બહાર પડેલું છે એમ જાણવામાં આવે છે. તદુપરાંત 'Inspired Talks'—પ્રેરણામય વાર્તાલાપો કે જેમાં શ્રી વિવેકાનંદની સાથે આઠ દિવસમાં થએલ વાર્તાલાપો છે તે હમણાં બહાર પડેલ છે. અને હજુ આશા છે કે બીજા વધારે વાર્તાલાપો, તેમના પરિચયમાં આવેલા મિત્રો—શિષ્યો તરફથી બહાર આવવા સંભવ છે, અને પોતાના ભાષણોની તેજ વખતે લેવાયલી ટુંકાક્ષરી નોંધો-પરથી વિવેકાનંદની વિચારમાળા વધુ વિસ્તાર પામે તેમ છે. આ સૌના મનન થયે વિશેષ સચેતનતા દેશમાં આવશે એ નિર્વિવાદ છે.

૨૪

(૪) ભાષણકાર.

સ્વામીશ્રીનું નામ એક મહાન્ અને અપૂર્વ રીતે છટાદાર ભાષણકર્તા તરીકે સદાને માટે અમર રહેશે. વક્તા તરીકે તેમનામાં ખાસ વિશિષ્ટ ગુણો ઉમદા કાર્ય માટે અતિ ઉગ્ર ઉત્સાહ અને બોલવામાં અપ્રતિમ જુસ્સો તથા તત્પરતા, એ હતા, આથી તેમનો ઉપદેશ એવી સચોટ અસર કરતો કે લોકો વધુ વધુ તેમના તરફથી સાંભળવા ઇચ્છતા. તૃપ્તિ થતીજ નહિ અને રસ અખંડ જામતો. ઉપદેશકો વ્યવહારૂ જોઇએ અને તે સંબંધી તેમના વિચારો એવા હતા કેઃ—

"નવીન ભાવના, નવીન સિદ્ધાંતો, નવા ચૈતન્યનો ઉપદેશ કરો; ઉપદેશ કરતાં કોઇ વ્યક્તિ કે કોઇ રૂઢિથી વિરૂદ્ધ ન જાઓ. જાતિભેદની કે બીજા કોઇ સામાજિક ખરાબ રીવાજની તરફેણમાં કે તેની વિરૂદ્ધમાં ઉપદેશ કરશો નહિ. તેવાથી 'દૂર રહો' એ સિદ્ધાંતને વળગી રહેજો, પછી સર્વ કાર્ય સ્વતઃ યોગ્ય રીતે બની રહેશે." પૃ. ૫૧.

"તમે તમારા બંધુઓને દોરવાનો પ્રયત્ન ન કરો, પણ તેમની સેવા કરવામાં પ્રવૃત્ત થાઓ. માણસોની દોરવાની પશુવત્ ઘેલછાથી જીવનરૂપી પ્રવાહમાં અનેક મ્હોટાં વહાણો ડૂબી ગયાં છે. આને માટે ખાસ સાવધ થતાં શીખો, મતલબ કે નિઃસ્વાર્થી બનો." પૃ. ૫૫.

તેઓ પોતાનાં ભાષણો શીઘ્ર–આગળથી તૈયારી કર્યા વગરનાં આપતા ! **ચિકાગોની ધર્મસમાજ**માં અસંખ્ય મનુષ્યોની મેદની જામી હતી, અને ત્યાં મુખ ઉઘાડવું એ નાની સુની વાત ન હતી. છતાં પોતે તૈયારી આગળથી ન કરવાથી ગભરામણ થઇ પરંતુ **मूकं करोति वाचालं**' એવી **પ્ર**ભુપર શ્રદ્ધારાખી રંગ મંડપપર વક્તા તરીકે પગ મૂક્યો અને, પ્રથમનાજ ત્રણ ચાર સંબોધનના શબ્દોએજ હર્ષનાદ-

સૂચક, તાલીના ગડગડાટ આખી સમાજમાં કરાવ્યા. (જુઓ પત્રાંક ૭ પૃ. ૨૯–૩૭.)

આ દિવસથી હું એક પ્રખ્યાત નર ગણાયો એમ જણાવે છે.

'મારાં ઘણાં ખરાં ભાષણો પૂર્વે તૈયારી કર્યા વગરનાં શીઘ્ર આપેલાં છે.' પૃ–૪૧.

તેમના વાકયચાતુર્યનું ઝરણુ હૃદયમાંથી એકદમ સરલ રીતે સરી આવતું, અને તેમનાં ભાષણોનો નૈસર્ગિક અને જરાપણ પ્રયાસ વગર વહેતો પ્રવાહ તેની ગતિમાં તથા અસરમાં વિશેષ વધારો કરતો. વક્તા-શૈલી માટે તેઓ લખે છે કેઃ–

'મારી જીત મારી પ્રજાપ્રિય શૈલીને લઇને છે–ઉપદેશકનું મહાનપણું તેની ભાષાની સરલતામાં રહેલ છે.' પૃ. ૧૩૨.

૨૫

(૫) ચિત્રકાર.

ચિત્રકલામાં તેઓ કુશલ હતા, અને ડ્રોઇંગ સારૂં જાણતા એટલુંજ નહિં પરંતુ તે કલાનું વિધાન પ્રત્યક્ષ રીતે કેમ સાક્ષાત્કાર કરાવી શકાય તેનું પણ તેમને સૂક્ષ્મજ્ઞાન હતું. આ સંબંધે થોડી ખાત્રી નીચેની કલ્પના પરથી થઇ શકશે.

'કલા એ પુનરૂદ્ધારનું ચિન્હ છે. આપણે કલામાં અને ખાસ કરીને ચિત્રકલામાં અતિશય પાછળ છીએ. ઉદાહરણ તરીકે એક વન કરી તેમાં વસંત ઋતુ જાગૃત થઇ હોય એવો નાનો દેખાવ બનાવો અને તેમાં પાંદડાં અને કળીઓ ફરીવાર કેવી રીતે દેખાવ દે છે તે બતાવો. ધીમે ધીમે આગળ વધો. આવા સેંકડો વિચારો આપણે બહાર મૂકવાના છે. પૃ. ૧૩૫–૧૩૬

'જે–ની ડિઝાઇન (રૂપરેખા) મોકલી તેના સંબંધે હું જે બાબતમાં વિરૂદ્ધતા જણાવું છું તે બાબત તેની ક્ષુલ્લકતા છે, એટલુંજ નહિ,

પરંતુ નિષ્પ્રયોજન સંખ્યાબંધ પાત્રોનું એક સાથે એકીકરણ કર્યું છે. ચિત્રરેખા હમેશાં સરલ, ચિહ્નસૂચક, અને અનેક ભાવ પ્રકટાવનાર હોવી જોઇએ.' પૃ. ૧૩૯.

૨૬

(૬) સંગીતકલાકુશલ.

તેમનો કંઠધ્વનિ ઘણો મધુર આલાપ આપતો અને સંગીત-કલામાં પણ નૈપુણ્ય મેળવ્યું હતું. આ કલાથીજ તેમણે શ્રી રામકૃષ્ણને સમાગમ થતાંજ અપૂર્વ આનંદ આપ્યો, એ આપણે ચરિત્રમાં જોઇ ગયા છીએ. વળી આ કલાને લઇને વ્યાખ્યાનશૈલીમાં તાલબંધવાળાં વાકયો મૂકી શ્રોતાઓમાં રસ રેડતા અને તેથી પ્રખ્યાત વકતા ગણાયા. આ કલા સંબંધે પોતે લખે છે કેઃ—

'સંગીત તે ઉચ્ચમાં ઉચ્ચ કલા છે, અને જેઓ તેને સમજે છે તેઓ તેને ઉચ્ચમાં ઉચ્ચ પૂજા માને છે.' પૃ. ૧૫૧.

૨૭

(૭) નિરીક્ષણકલાશીલ.

તેમની નિરીક્ષણશક્તિ બહુ તીવ્ર અને અંતઃસ્પર્શી–પારદર્શી હતી. જે જે દેશમાં પર્યટન કર્યું તે તે દેશને આર્યભૂમિ સાથે સરખાવી, રીતરિવાજોનો સૂક્ષ્મ અભ્યાસ કરી પોતાની સૂક્ષ્મ દૃષ્ટિનો સાક્ષાત્કાર કરાવ્યો. સામાજિક અને ધાર્મિક ગૂંચવણવાળી બાબતોનો તોડ કાઢ્યો. અને સર્વ બાબતમાં તુલનાત્મક દૃષ્ટિ રાખી સારૂં શું છે–ખરો માર્ગ કયો છે ? તે જણાવ્યો છે. આનાં થોડાંકજ દૃષ્ટાંતો જોઇએ. અમેરિકાની સ્ત્રીઓ માટે લખે છે કેઃ—

"અહીં સ્ત્રીઓ જેવી શિષ્ટ અને સુશિક્ષિત છે તેવી બીજે કોઈપણ સ્થાને નથી........આતો ખરેખર સત્યજ વાત છે કે

સ્ત્રીઓ પોતેજ સદ્‌ગુણી પુરૂષોના ગૃહમાં વસે છે. અહીં મેં એવી સ્ત્રીઓ હજારો જોઇ છે કે જેઓનાં અંતઃકરણો બરફ જેવાં પવિત્ર અને નિષ્કલંક–શુદ્ધ છે. અરે! તેઓ કેટલાં સ્વતંત્ર છે! તેઓજ સામાજિક શહેરી ફરજોને નિયમમાં રાખે છે. નિશાળો, વિદ્યાલયો, અને કૉલેજો સ્ત્રીઓથી ભરચક હોય છે, જ્યારે આપણા દેશમાં સહીસલામત રીતે શેરીમાં ચાલવા દેવાની પણ સ્ત્રીઓને છૂટ આપવામાં આવતી નથી!" પૃ. ૩૭–૩૮

"અધ્યાત્મવિદ્યા સંબંધે વિચાર કરતાં, અમેરિકાવાસીઓ આપણા કરતાં ઘણાજ ઉતરતા છે, પરંતુ તેઓની સમાજવ્યવસ્થા આપણા કરતાં ઘણીજ ચડીઆતી છે. આપણે તેમને અધ્યાત્મવિદ્યા શીખવીશું, અને આપણે પોતે તેઓની સમાજમાં શું સરસ છે તે આપણામાં ઉતારી લઇશું." પૃ. ૪૦

"અહીં (જાપાનના ટોકીઓ શહેરમાં) પણ મેં પુષ્કળ મંદિરો જોયાં, દરેક મંદિરમાં જૂની બંગાળી લિપિમાં લખેલ કેટલાક સંસ્કૃત મંત્રો માલુમ પડે છે." પૃ. ૧૪.

૨૮

વ્યક્તિત્વના ત્રણ ગુણો.

આ રીતે વ્યક્તિગત લક્ષણો (નૈતિક તેમજ માનસિક) જોઇ ગયા, તેથી તેમનામાં વ્યક્તિત્વબલ કેટલું બધું હતું, તે જાણી શક્યા. વ્યક્તિત્વની વ્યાખ્યા બરાબર થઇ શકે તેમ નથી, છતાં આપણે જેટલું વ્યક્તિત્વથી સમજી શકીએ તે બધું ટુંકમાં ઉપર જણાવ્યું છે. સ્વામી વિવેકાનંદ વ્યક્તિત્વ શેમાં સમાયેલું છે તે સંબંધી એક વિચાર જણાવે છે અને તે વ્યક્તિત્વનું બલ પોતાનામાં હતું એમ મુક્તકંઠે સ્વીકારે છે, એટલુંજ નહિ પરંતુ તે બલને લઇને પોતાનામાં કેવો અડગ વિશ્વાસ હતો, તે પણ સાથે સાથે કહી આપે છે:—

" મારા માટે ન્યુસપેપરો મોટી મોટી સ્તુતિ કરી મારૂં માન, મોભો વધારે તેના કરતાં પણ વધારે ગૌરવ હું મારી જાતથી આ દેશમાં વધારૂં છું. આનું કારણ **કર્તવ્યનિષ્ઠાનું, પવિત્રતાનું,** અને **સત્યતાનું**–એટલે સમુચ્ચયાર્થે કહિયે તો **વ્યક્તિત્વનું**–બલ છે. જ્યાંસુધી આ ત્રણ વસ્તુઓ મારી છે ત્યાં સુધી તમે નિરાંત રાખશો; મારો વાળ કોઇપણ વાંકો કરી શકે તેમ નથી. તેમ કરવા તેઓ પ્રયત્ન કરશે તો તેઓ નિષ્ફળ જશે એમ પરમાત્મા કહે છે.... " પૃ. ૧૦૩.

૨૯

(૧) **કર્તવ્યનિષ્ઠા.** વ્યક્તિત્વના પોતેજ કથેલા ત્રણ ગુણો શ્રીવિવેકાનંદમાં હતા તેમાં તેમના શત્રુઓ પણ બે મત નહિ થાય. કર્તવ્યનિષ્ઠા રગેરગ વ્યાપી ગઇ હતી તે તેમના વચનો પરથી પ્રતીત થાય છે.

" હું મરીશ ત્યાંસુધી ખૂબ–શાંતિ લીધાવગર કાર્ય કરીશ, અને હું મરી ગયા પછી પણ **જગતના હિત** ખાતર કાર્ય કરીશ." પૃ. ૧૦૨–૩

"તમને કાર્ય કરવાનો હક્ક–અધિકાર છે, નહિ કે તેનાં ફલનો– "**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**" (ગીતાવચન). ખડક જેવા દૃઢ ખડા રહો. **સત્ય** સર્વદા વિજયવંત થનાર છે. શ્રી **રામકૃષ્ણ**ની સંતતિ પોતાની જાતને સત્ય રહેશે તો સર્વ યથાયોગ્ય બની રહેશે. શું પરિણામ આવે છે તે જોવાને આપણે કદાચ જીવીએ નહિ; પણ જેટલી ખાત્રીથી અત્યારે આપણે જીવીએ છીએ તેટલી ખાત્રીથી તે પરિણામ વહેલું કે મોડું આવવાનુંજ." પૃ. ૮૮–૮૯

"મારા ઉમદા રાજકુમાર ! આ જીવન ટુંકું છે, જગતના ડોળ નાશવંત છે, પણ જે બીજાને માટે પોતાનું જીવન ગાળે છે તેજ જીવે છે, બાકીના તો જીવતા છતાં મરેલા છે." પૃ. ૬૦.

"આ શા માટે ? એવી મીમાંસા કરવાનું આપણું કર્તવ્ય નથી,

આપણે તો કરવું અને મરવું, એજ કર્તવ્ય છે." પૃ. ૩૫.

"મારા બાલકો એવાં હોવા જોઇએ, કે કાર્યની સિદ્ધિને માટે અગ્નિમાં ઝંપાપાત કરવાની જરૂર હોય તો તેમ કરવાને પણ તેઓ તત્પરજ હોય. હવે કાર્ય કરો, કાર્ય કરો, કાર્ય કરો. પછી આપણે વિરામ લઇ આગળ જતાં જે ટીકા થઈ હશે તે તપાસીશું. હમણાં તો ધૈર્ય, દૃઢાગ્રહ અને પવિત્રતા રાખો." પૃ. ૯૪.

આટલા ઉતારા બસ છે. બાકી ટુંકામાં કહેવાનું કે વારંવાર એમણે 'કાર્ય કર્યાંજ કરો' 'કાર્ય કરેજ જાઓ' 'પાછળ ન જુઓ' 'અટકો નહિ' 'ફલની ઇચ્છા ન રાખો' **'अर्थं साधयेत् वा देहं पातयेत्'** એ શબ્દોનો ઘણી છૂટથી ઉપયોગ કરી ઉપદેશ આપ્યાંજ કર્યો છે.

૩૦.

(૨) પવિત્રતા. શરિરની પવિત્રતા—તેમનું અખંડ બ્રહ્મચર્ય હતું. કંચન, કામિનીત્યાગી હતા. મનની પવિત્રતા—ખરૂં જીગર—હૃદયનિષ્ઠતા તેમનામાં હતી એટલુંજ નહિ પરંતુ તેવી પવિત્રતા વાળાનેજ ખરા 'મનુષ્ય' ગણતા, અને તેમને પોતાના શિષ્ય—મિત્ર તરિકે સ્વીકારતા.

"પવિત્રતા અવિનાશી છે. મનેતો ખરા જીગરવાળા મનુષ્યો આપો; મને મારા મનમાં પરાણે આવનારા માણસોનું ટોળું જોઇતું નથી." પૃ. ૮૯.

"મને કેટલાક ખ્રિસ્તી મિશનરીઓ અને બીજાઓ સમજી શકતા નથી તેથી તેઓનો દોષ કાઢી શકતો નથી—(કારણકે) તેઓએ જેણે કામિની અને કંચનની દરકાર કરી નથી એવા મનુષ્યને કદાચિત્ ભાગ્યેજ જોયો હોય. આવો પુરૂષ હોય એવું પહેલાં તો તેઓએ માન્યુંજ નહિ; ક્યાંથી તેઓ માની શકે? શિયલ—બ્રહ્મચર્ય અને પવિત્રતાના જે વિચારો આર્યોમાં છે તે પશ્ચિમવાસીઓમાં છે એ તમારે ધારવાનુંજ નથી." પૃ. ૧૦૯—૧૧૦

૩૧.

(૩) **સત્યતા.** પોતાના વિચારો પોતાને સત્ય લાગેતો તે કદીપણ બહાર મૂકયા વગર રહેતા નહિ, પછી ભલે સામે હજારો મનુષ્યો વિરૂદ્ધ થઇ તેમનાપર હુમલો કરે; અમુક સત્ય હોય તો તેને આદર્યા વગર રહેતા નહિ. તેમની દૃઢ પ્રતીતિ હતી કે:–

"**સત્ય**નો એક શબ્દ પણ કદી નષ્ટ થતો નથી; જમાનાના જમાના થયાં તે કાદવ નીચે છૂપાયેલ હોય, છતાં પણ તે વહેલો કે મોડો સ્વતઃ બહાર પ્રકટવાનોજ. **સત્ય** અવિનાશી છે." પૃ. ૮૯

"જ્યાંસુધી તમારામાં પ્રભુ અને ગુરૂપ્રત્યે પ્રેમભાવ છે, **સત્ય**માં શ્રદ્ધા છે ત્યાં સુધી મારા પુત્ર ! તમને કોઈ ઇજા કરનાર નથી. પરંતુ આ ગુણોમાંનો એક પણ ન હોય તો તે બહુ જોખમ ભરેલ છે. ...... **સત્ય** એ મારો **પરમેશ્વર** છે, **વિશ્વ** તે મારો દેશ છે. ...... હું પ્રભુનો બાળક છું, અને મારી પાસે બીજાને શિખવવા વાસ્તે **સત્ય**જ છે, અને જેણે મને **સત્ય** આપ્યું છે તેજ દુનિયાના શૂરવીરમાં શૂરવીર અને સરસમાં સરસ મારી સાથે કાર્ય કરનારાઓ મને મોકલાવશે.

પૃ. ૧૨૩–૧૨૪

૩૨.

નિષ્પરિગ્રહી સંન્યાસી.

આપણે ઉપર માનસિકજીવન જોયું, હવે જરા સ્વામીજીના દેહ ઉપર તેમજ બાહ્ય વ્યવહારૂ જીવન તરફ દૃષ્ટિપાત કરીએ. તેમનો પોષાક ગેરૂવાળા,–ભગવાં કપડાંનો લાંબો ઝભ્ભો, માથે વીરત્વ દાખવતો **પંજાબી** પટકો હતો. આ પોષાક **અમેરિકા**માં વિચિત્ર લાગતો, અને કેટલીક વખત 'હુરિયો હુરિયો' થવું પડયું તોપણ આર્ય સંન્યાસી કેવા હોય છે તેના આદર્શની ઝાંખી કરાવવા તે પોષાક કદીપણ તેમણે ત્યજ્યો.

નહિ. સંન્યાસીનો પોષાક સંન્યાસ જીવન–આત્મશુદ્ધ જીવનની ઝાંખી આપે છે.

*રે ! અમેતો સાધુડીયાં બાપુ ! અમેતો સાધુડીયાં
હાજી, અમે તો સાધુડીયાં.
સરળ હ્રદયનાં સંગીરે ! સંગીરે ! સંગી–એકરંગી.
આળાં અંતરીયાંવાળાં
કાલાં ઘેલડીયાં વ્હાલાં
ભોળા બાલુડીયાં દિલના રંગીરે ! રંગીરે ! રંગી–એકરંગી
સુખીયાં નિરખી રીઝનારાં
દુઃખીયાં તો દેવ અમારાં
ભૂખ્યાં ઓજપના ઉરના,—અંગીરે ! અંગારે ! અંગી–એકરંગી
—લલિત. આર્યધર્મપ્રકાશ પુ. ૩૬ અં ૧.

"તમે નિર્ધનછો એવું કલ્પનામાં લાવશો નહિ. લક્ષ્મી એ કંઇ શક્તિ નથી. પણ ભલાઈ તથા પવિત્રતામાં સિદ્ધિ છે. જોવું હોયતો આવો, આખી દુનિયા પર એજ માલૂમ પડશે." પૃ. ૩૫–૩૬

તમે જાણો છો કે પૈસો રાખવો, અને, તેનો સ્પર્શ સરખો કરવો તે મારી મોટામાં મોટી મુસ્કેલી છે. તે કંટાળો દેનાર, અને અવનત કરનાર છે. તેથી તે વ્યવહારમય નાણાંનું ખાતું સંભાળી લે તેવી એક સંસ્થા તમારે ઉભી કરવાની અવશ્ય જરૂર છે. પૃ. ૬૪.

૩૩
તેમનાં ભાષણો તથા પત્રો.

પશ્ચિમ દેશમાં સ્વામીજીએ અનેક ભાષણો આપ્યાં છે અને તેથી ત્યાં 'ધર્મવિજય' કરેલ છે; હિંદમાં આવ્યા ત્યારે જે જે માનપત્રો

* રે ! અમ અબળાને માયા વ્હાલી રે વ્હાલી: પ્રીત વ્હાલી"
—એ 'જુગલ જુગારી' ના ગીતની ઢાળમાં ગવાશે.

અપાયાં તેના પ્રત્યુત્તરરૂપે જે ભાષણો આપ્યાં તેજ છે, બાકી તે સિવાય બીજાં ભાષણો આપ્યાં નથી, કારણકે તેમને વિશ્રાંતિની પૂર્ણ જરૂર હોવાથી **સ્વા**મી અહીં ફક્ત શાંત સંન્યાસજીવન ગાળવા પાછા આવ્યા હતા. અહીં કોઇ પ્રશ્ન કરશે કે અત્યારની રાજકીય ચળવળમાં ૧૪ કે ૧૫ વર્ષ પહેલાં અપાયેલાં અને લખેલાં સ્વામીજીનાં ભાષણો તથા પત્રો વાંચવાથી હિંદને શું લાભ છે?

આ પ્રશ્ન બરાબર છે પરંતુ આનો ઉત્તર એ છે કે સ્વામીજીનાં ભાષણો ખરી રીતે માનપત્રના નામના ઉત્તરો ન હતાં, અને પત્રો ખાલી બીનાવાળાં નથી પરંતુ તે હિંદ સમીપવર્તી કાલમાં જે ભવ્ય કાર્ય બજાવવા નિર્મિત થયેલું છે તે સંબંધી આશાના વિચારશીલ સંદેશા અને પોતાના સ્વ-દેશ બંધુપરના આશીર્વાદો છે. પૂર્વના ઘણા દેશોની માફક હિંદપણ અગ્રેસર થવું એ ભાવના ન હોવાથી જગતના ઇતિહાસપટમાં એક શૂન્ય-ભાગ તરીકે રહેલું છે. પરંતુ તેને હવે એમને એમ લેશમાત્ર સમયને માટે પણ રાખવું ઘટતું નથી. આ ભાષણોમાં **સ્વા**મી કહેછે કેઃ—

"વેદ અને જ્ઞાનયોગની જન્મભૂમિને તદ્દન શૂન્ય ગર્તમાં ડૂબી જવાનો અથવા યુરોપીય વિદ્વત્તાનું માત્ર દેખાદેખીથી અનુકરણ કરનારી તરીકે રહેવાનો અધિકાર નથી. ભારતભૂમિ કે જે સર્વ સંસ્કૃતિઓનું પારણું છે, સર્વ ધર્મોની માતા છે તેણે જગતને ઘણી બાબતો શીખ-વવાની છે; અને આ સર્વ કરવા માટે પોતાની દૃષ્ટિ સમક્ષ જે ભાવના ખડી છે તે એક પણ ક્ષણ વિસાર્યા વગર ભૂતકાળમાં ફરીવાર ગંભીરતાથી નજર નાંખવાનો, વર્તમાનકાલની તપાસણી કરવાનો અને ભવિષ્યકાળને અગમચેતીથી વિચારી લેવાનો સમય હવે આવી પહોંચ્યો છે: બીજા શબ્દોમાં કહીએ તો તેણીએ ખૂબ મનન-પૂર્વક પોતાની જાતને ઐતિહાસિક દૃષ્ટિથી નિયમમાં લાવવાની છે; કારણ કે જે દિવસે ભારતભૂમિ કંઇ પણ નવું આપી નહિ શકશે તે દિવસે

તે ભૂમિનો નાશ થશે; તો અનંત વીર્યવાળી રાક્ષસી શક્તિ પોતાનો પ્રવેશ કરવા માંડશે.”

આ ઉપરના ભાષણખંડમાંથી જોઇ શકાશે કે અત્યારના સમયમાં ગતિવાળો ફેરફાર આદર્શ છે, અને તેનો જન્મ થશે એ વાત ક્યારની દેવદૂતરૂપે શ્રી **રામકૃષ્ણ** અને **વિવેકાનંદે** પોતાનાં બોધવચનોથી કહી આપી છે. વસ્તુતઃ ‘અનંતવીર્યવાળી શક્તિ હવે પ્રવેશ કરવા લાગી છે.’ **હિંદી**મગજ હવે બીલકુલ એક અંધ અધઃપતન નથી. તે હવે નવીન બળોથી જાગૃત થયું છે, અને પ્રતિબંધક સંજોગોની સામે સ્વતંત્ર રીતે આઘાત પ્રત્યાઘાત કરતાં શીખ્યું છે. **હિંદ**ની પ્રજા સ્વપ્નમાં ચાલીએ તેમ હવે બીલકુલ ચાલતી નથી; વિરૂદ્ધ સંજોગો સામે ઝુંડો ઉપાડવાનું તેણે ગંભીરતાથી માથે લીધું છે, અને સ્વાતંત્ર્ય બતાવવા શીખ્યું છે, હવે સવાલ એ થાય છે કે આ ઝુંડો કેમ અમલમાં લાવવો ? ? આનો ઉત્તરમાં **સ્વા**મી કહે છે કેઃ—

“મારી યોજના મહાન્ પ્રાચીન **મહ**ર્ષિઓને પગલે જવાની છે; પરંતુ સંજોગો થોડા ઘણા બદલ્યા છે તેથી આપણા કાર્યની પદ્ધતિ થોડી બદલીએ એટલે થયું. દરેક વ્યક્તિને જીવનનું ખાસ એક કેંદ્રસ્થાન હોય છે કે જેથી તેની આખી જીંદગી નિયમમાં રહેતી જાય; તેવીજ રીતે દરેક પ્રજાને એવું કંઈ કેંદ્રસ્થાન હોય છે. આ કેંદ્રસ્થાન એ એક મુખ્ય ભાગ છે, કે જેની આસપાસ બીજા બધા ભાગો મળી એકતાલ થઇ જાય છે, જ્યારે બાકીનાં સ્થાનો પ્રજાકીય જીવનરૂપી સંગીતનાં જૂદાં પડતાં સ્થાનો છે. એક એવો જમાનો હોય છે કે જે વખતે પ્રજાકીય ચૈતન્ય રાજકીય સત્તા મેળવવામાં સ્ફુરેલું હોય છે, જ્યારે બીજો એવો જમાનો હોય છે કે જેમાં કલા કૌશલ્યનું પ્રાધાન્ય હોય છે. હિંદમાં પ્રજાકીય જીવનનું સર્વસ્વ સંગીત ધાર્મિક જીવનમાં પરિસમાપ્ત થાય છે, અને જો કોઈ પ્રજા પોતાના નૈસર્ગિક

ચૈતન્યને નાશ કરવા પ્રયત્ન કરે છે, અને શતકોનાં શતકો થયાં જે માર્ગ ગ્રહણ કર્યો હોય છે તે માર્ગથી વિમુખ થવા પ્રયત્ન કરે છે, તો તે પ્રયત્ન સફળ થયે તે પ્રજા મરણ પામે છે—નાશ પામે છે. તેથી આ અટકાવવામાટે **આપણા ધર્મના ચૈતન્ય દ્વારા આપણે સર્વ કાર્ય કરવાની સંપૂર્ણ જરૂર છે.**"

૩૪

ધર્મસુધારક.

શ્રી વિવેકાનંદને સુધારક તરીકે ટુંકમાં પીછાનીએ. ધર્મ, સમાજ, અને દેશ કઇ રીતે સુધરે, પ્રગતિ કરી વૃદ્ધિ પામે અને તેથી **ભારત** ભૂમિ બીજી પ્રજાઓની કક્ષામાં આવે, એ તેમનું લક્ષ્ય હતું. તેથી સુધારકના ત્રણ ભાગ નામે ધર્મસુધારક, સમાજસુધારક અને દેશસુધારક—રાજકીયસુધારક પાડી તે દરેક તરીકે થોડું અવલોકન કરીએ.

ધર્મવગર કોઈપણ જાતનો સુધારો હિંદમાં થઇ શકે તેમ નથી એ તેમનું મંતવ્ય હતું. તે લખે છે કેઃ—

'જેને **સામાજીક** સુધારો કહેવામાં આવે છે તેમાં પડીને મગજને કંટાળો આપતા ના, કારણ કે જ્યાં સુધી પ્રથમ ધાર્મિક સુધારો થયો નથી ત્યાં સુધી કોઈ પ્રકારનો સુધારો થઇ શકતો નથી.' પૃ. ૧૧૦.

'દરેક પ્રજાને જીવનનો એક મુખ્ય પ્રવાહ હોય છે જ; **હિંદને** તે મુખ્ય પ્રવાહ **ધર્મ** છે. તે પ્રવાહને દૃઢ બનાવો એટલે બંને બાજુનાં પાણી તે પ્રવાહ સાથે ચાલશે.' પૃ. ૧૦૦.

ધર્મ શું છે? 'કેલવણી એ મનુષ્યમાં ક્યારના રહેલા સંપૂર્ણત્વનો સાક્ષાત્કાર છે અને **ધર્મ** એ મનુષ્યમાં ક્યારના રહેલા દિવ્ય ઈશ્વરીતત્ત્વનો સાક્ષાત્કાર છે.' પૃ. ૪૮.

ખરો ધાર્મિક મનુષ્ય. ખરો શિષ્ય. 'જે ખરો ધાર્મિક મનુષ્ય હોય તે દરેક સ્થળે વિશાલ દૃષ્ટિવાળોજ હોય છે. તેનો પ્રેમજ

એવો હોય છે કે તે તેને તેનો થવા દબાણ કરે છે.' પૃ. ૯૨.

'શિષ્ય થવાની યોગ્યતા માટે એકજ લક્ષણ છે અને તે એ કે શિષ્ય થનારે પોતાનું વર્ત્તન વિશાલમાં વિશાલ અને ઉત્સાહીમાં ઉત્સાહી ધોરણ ઉપર ઘડવું જોઇએ.' પૃ. ૪૬.

ધર્મની ભૂલ:—'ધર્મને માત્ર આત્મા સાથેજ સંબંધ છે, અને તેને સાંસારિક બાબતોમાં માથું ઘાલવાનું પ્રયોજન નથી.' (પૃ. ૪૯). 'ધર્મની ભયંકર ભૂલ સામાજિક વ્યવહારમાં માથું ઘાલવાથી થઇ છે... ધર્મને સાંસારિક કાયદા બાંધનાર બનવાનો કશો હક્ક નથી.' (પૃ. ૪૮).

સ્વામીજીનો ધર્મ–આપણો મત:—આ માટે પત્રાંક ૧૦ (પૃ. ૪૪) આખો વાંચો એટલે સમજાઇ જશે. વેદાન્ત–ઉપનિષદો અને ભગવદ્‌ગીતા પર પોતાનો અદ્વૈતવાદ રચ્યો છે.–શ્રદ્ધા, જ્ઞાન, અને પ્રેમની એકવાક્યતા આવશ્યક છે (પૃ. ૪૫):—એટલે જેમ જૈનોમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર એ ત્રણે મળી મોક્ષમાર્ગની સાધના થાય છે તેજ પ્રમાણે તેમનું કહેવાનું છે.

'આપણે કોઇપણ સંપ્રદાયને લગતો મત રાખવો ન જોઇએ, અને તેથી આપણા મતમાં સંપ્રદાયથી થતા બધા લાભો જળવાઇ રહે અને સર્વવ્યાપી ધર્મની વિશાલતા રહે તેવું કરવાનું છે.' પૃ. ૪૬.

પ્રાર્થના:—પ્રાર્થનાની અસરમાં તેમને બહુ શ્રદ્ધા હતી. તેઓ કહેતા કે:—

'હું તમારા માટે હમેશાં પ્રાર્થના કરૂં છું, તમારે પણ મારા માટે પ્રાર્થના કરવી જોઇએ. આપણામાંના દરેક જે કરોડો હિંદના મનુષ્યો દારિદ્ર, આચાર્યના જૂલમ, અને ક્રૂરતાથી જકડાઇ ગયેલા છે, તેઓને માટે હમેશાં પ્રાર્થના કરવાની છે–તેમને માટે દિવસ ને રાત પ્રાર્થના કરવાની છે.' પૃ. ૯૦.

માનસિક ઉપચાર:—"હવે હું તમને એક વિલક્ષણ બીના કહું છું. જ્યારે જ્યારે તમારામાંથી કોઇ અનારોગ્ય થાય, ત્યારે તેણે પોતે પોતાને યા તમારામાંથી કોઇએ તેને (પોતાની દષ્ટિ) આગળ ખડો કરવો અને માનસિક કથન એવું કરવું અને દઢ રીતે એવી કલ્પના કરવી કે તે બરાબર આરોગ્ય છે. આથી તે ઝપાટામાં સાજો થશે......" પૃ. ૧૧૮

પોતાની શ્રદ્ધા:—'મને ઇશ્વરમાં શ્રદ્ધા છે, અને **મનુષ્યમાં** શ્રદ્ધા છે, દુઃખીને મદદ કરવામાં શ્રદ્ધા છે, અને બીજાને મદદ કરવા માટે **નરકમાં** પણ જવામાં શ્રદ્ધા છે. પૃ. ૧૭૫.

"જે **ધર્મ** કે ઈશ્વર વિધવાનાં આંસુ લૂછી ન શકે, અથવા માબાપ વગરનાં નિરાધાર બાળકોના મુખમાં એક રોટલીનો કટકો મૂકી ન શકે તેવા ધર્મ કે ઈશ્વરમાં મને શ્રદ્ધા નથી' પૃ. ૧૭૪

૩૫

સમાજસુધારક.

(૧) ગરીબની સ્થિતિ સુધારણા.

ધર્માધિકારી હોઇ ધર્મપ્રચાર અને ધર્મમાં ખોટીરીતે મળી જઇ પેસી ગયેલ અનિષ્ટ તત્ત્વોનો નાશ કરનાર વીર પુરૂષ હોવાની સાથે સમાજ સુધરે તે માટે વિચારવામાં, કાર્ય કરવામાં વિવેકાનંદે ભગીરથ શ્રમ કર્યો છે, અને બીજાને તેવો શ્રમ ઉપાડવા ઉત્સાહી કર્યા છે. સુધારાની આડે આવનાર ગરીબાઇ છે, તેથી હિંદની ગરીબાઇ દૂર થશે તો સુધારો એની મેળે થશે એ તેમની સંપૂર્ણ પ્રતીતિ હતી. તેઓ લખે છે કેઃ—

"ચિનાઓ અને હિંદીઓ સુધારાથી આટલા બધા દૂર રહેલા છે તેનું એક કારણ તેઓની અત્યંત ગરીબાઈ છે. હમેશાની જરૂરીઆતને પહોંચી વળવું એજ દરેક સાધારણ હિંદી તથા ચિનાઇ મનુ-

અને એટલું બધું કષ્ટપ્રદ છે કે તે સીવાય બીજી વાતનો વિચાર કરવાનો તેને અવકાશજ રહેતો નથી.' પૃ. ૧૦-૧૧

તેમનું આખું જીવન ગરીબો માટે રૂદન કરતું, બળતું, ઝાંવાં મારતું એક વીરરસ અને કરૂણારસ કાવ્ય છે. મારા ગરીબો, હું ગરીબ, ગરીબ મારા ઇશ્વરો, એ તેમનું ચિંતન હતું. તે ગરીબોની સ્થિતિ કેમ સુધરે, તે બીજા જેવા કેમ થાય, તેનાપર પડતા જૂલમો કેમ અટકે તે માટે તેની બધી કાર્યગત અને બીજી યોજનાઓ હતી. રામકૃષ્ણ મિશનનું મધ્યબિંદુ આ ગરીબોનો ઉદ્ધાર છે. આ સંબંધે તેમના વિચારો વાંચતાં કઠણ હૃદયનાને રૂદન આવે તેમ છે. આમાંના બહુ થોડાજ સ્થલસંદર્ભને લઇને જોઇએ:-

"ભૌતિક સુધારણા, બલ્કે મોજશોખ પણ જરૂરનાં છે, કારણ કે તેથી ગરીબોની રોજી જાગે છે. રોજી! રોજી! જે પ્રભુ અહીં મને રોજી-રોટલી ન આપે, પણ સ્વર્ગમાં શાશ્વત સુખ આપે તે પ્રભુને હું માનતો નથી." (પૃ. ૭૮-૭૯) "હિંદના ગરીબ અને પતિત લોકોની સ્થિતિ માટે આપણે શું કર્યું છે એનો વિચાર કરતાં ચિત્તમાં દારૂણ દુઃખ થાય છે; તે બિચારાઓને સંકટમાંથી બહાર નિકળવાની બારી, રસ્તો કે જરા સરખો સંજોગ પણ નથી. હિંદના ગરીબ, પતિત કે પાપાત્માઓનો કોઇ મિત્ર નથી-કોઇ સહાયક નથી-તેઓ ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ આગળ વધી શકે એવું રહ્યુંજ નથી; તેઓ દરરોજ ઉત્તરોતર નીચી શ્રેણીમાં પડતા જાય છે, આપણા ક્રૂર લોકો તેઓના પર કારી ઘા મારતા જાય છે, અને તે એવી છૂપી રીતે મારે છે કે કઇ દિશાએથી તે ઘા આવે છે તેની સમજ પણ તેઓને પડતી નથી. અને તેઓ મનુષ્યજાત છે એવું પણ ભાન તેઓને રહેવા દીધું નથી. આના પરિણામે જ્યાં ત્યાં ગુલામગીરીજ છે." પૃ. ૨૧.

અનર્થનાં કારણ સમજવામાં હાલના સુધારકોની ભૂલ.

"દુર્દૈવની વાત છે કે આ સર્વ અનર્થોનું કારણ હિંદુ ધર્મ છે, એવું, તેઓએ તર્કથી જાહેર કર્યું. (પૃ. ૨૧) હિંદમાં જેટલા સુધારકો થયા તે બધાએ ગંભીર ભૂલ એજ કરી છે કે (૧) ધર્માચાર્યોના ધર્મઢોંગ, અને અવનતિથી પ્રાપ્ત થતી બધી ભયંકરતાઓ માટે ધર્મને જવાબદાર ગણેલ છે; એટલુંજ નહિ પરંતુ (૨) તેથી આગળ વધી જે ઘટના નાશ ન થઇ શકે તેવી હતી તેને (જાતિ આદિને) તોડી પાડી છે. આનું પરિણામ શું આવ્યું? —નિષ્ફલતા!! બુદ્ધથી માંડીને રામમોહનરાય સુધીના પ્રત્યેક સુધારકે જ્ઞાતિબંધનને ધાર્મિક સંસ્થા ગણવાની ભૂલ કરી છે, અને જ્ઞાતિબંધનોને તોડી પાડવાનો પ્રયત્ન કર્યો છે. અને તેમાં આખરે નિષ્ફળ થયા છે. (પૃ. ૩૩–૩૪.) અર્ધી સદી થયાં સામાજિક સુધારો—એ સંબંધે બહુ ઘટાટોપ—ધાંધલ મચી રહેલ છે. આ છેલ્લાં દશ વર્ષ હિંદનાં જુદાં જુદાં સ્થાનોમાં મુસાફરી કરતાં મેં જોયું તો આખો દેશ સાંસારિક સુધારા સભાઓથી ભરપૂર છે, પણ મેં એક પણ સભા—સંસ્થા, જે લોકોનાં લોહી ચૂસીને હાલના ગણાતા 'ગૃહસ્થ' પોતે 'ગૃહસ્થ' તરીકે બન્યા છે, અને તેવા ચાલુ રહેવા માગે છે તે લોકોને માટે થયેલી જોઈ નહિ." (પૃ–૧૫૩–૧૫૮)

અનર્થનાં ખરાં કારણ.

"પ્રભુની ઇચ્છાથી મેં તેનો ભેદ શોધી કાઢયો છે......આમાં ધર્મનો મુદ્દલ દોષ નથી, એટલુંજ નહિ પરંતુ આપણો **ધર્મ** તો સાથે એવું પુકારી કહે છે કે' '**सर्वं खल्विदं ब्रह्म**'—કે દરેક આત્મા તે તારા પોતાના આત્માને ઉત્તરોત્તર વધારતાં જે આવે તેજ છે. મારા મત પ્રમાણે તો આ અનર્થનાં કારણ (૧) હિંદુ ધર્મનાં તત્ત્વનાં વ્યાવહારિક સ્વરૂપનો

અનુપયોગ, (૨) સહાનુભૂતિ–અનુકંપામાં ઉણપ, અને (૩) હૃદયગત ગુણોનો અભાવ છે." (પૃ. ૨.)

"જ્ઞાતિ એ ધાર્મિક સંસ્થા નથી. ધર્માચાર્યોની બધી ધર્મઘેલછાઓ અસ્તિત્વમાં હતી તે છતાં જ્ઞાતિ એ ફક્ત ઘણા સમયથી જામીને દૃઢ થયેલી સામાજિક સંસ્થા છે; તે સંસ્થાએ પોતાની સેવા બજાવ્યા પછી હિંદના વાતાવરણને પોતાના અક્કડપણાથી વ્યાપ્ત કર્યું છે, અને તેને દૂર કરવાનો ફક્ત એકજ ઉપાય, ફક્ત તેઓએ લોકોને ખોયેલું સામાજિક વ્યક્તિત્વ પાછું આપવું, એજ છે." પૃ–૩૪.

અનર્થનો ઉપાય.

"આ વસ્તુ સ્થિતિનો હવે અંત લાવ્યા વગર છૂટકો નથી. તે અંત ધર્મનો નાશ કરવાથી, નહિ, પણ તે હિંદુ ધર્મના મહાન્ સિદ્ધાંતોનું અનુકરણ કરવાથી, અને તેની સાથે હિંદુધર્મ અને બૌદ્ધ–ધર્મ એ બંનેના યુક્તિપુરઃસરના વિકાસનું અદ્ભૂત સંમેલન કરવાથી આવશે." પૃ. ૨૩.

મૂળ ઉપાય–રોટલી, અને જ્ઞાન એ બે છે. તેઓ લખે છે કે

"હવે એક નવું ઈશ્વરી કાર્ય કરવાનું છે.–(૧) દુષ્કાળમાં હજારો ગરીબ માણસોને મૃત્યુના મુખમાં પડવા ન દેતાં તેના તરફ સહાનુભૂતિ–અનુકંપા બતાવી રોટલી આપવાના–(૨) એકંદર સર્વ પ્રજાને જ્ઞાનનો પ્રકાશ પૂરો પાડવાના,–અને (૩) તમારા પૂર્વજોના જૂલમથી જે માણસોને પશુની સપાટી પર લાવવામાં આવ્યા છે તે માણસોને ફરી માણસો બનાવવાનાં–કાર્ય કરવામાં મરણ પર્યંત જીવનની બીલકુલ દરકાર ન કરનારા એવા નિઃસ્વાર્થી, અને સરલ સ્વભાવવાળા માણસો મદ્રાસ કેટલાં પૂરાં પાડશે ? પૃ. ૧૬

ગરીબ માટે યોજના:–

(૧) કેળવણી. કેળવણી કેવી હોવી જોઈએ તે માટે વાંચો વિસ્તારથી પૃ. ૧૫૮ અને ૧૫૯. આને માટે પોતે જે વ્યવહારૂ

યોજના ઘડી છે તે માટે વાંચો પૃ. ૫૫. આ યોજના પાર પાડવા માટે હજારો સંન્યાસીઓ હિંદમાં છે તેને કામે લગાડી શકાય. તે પર વાંચો પૃ. ૫૯. આમાં મુખ્ય ઉપદેશ, અને હેતુ એ રાખવાનો છે "કે આપણું કાર્ય રસાયનિક વસ્તુઓ એકઠી કરી મૂકવાનું છે અને તેનું વર્ગીકરણ–પૃથક્કરણ જે રૂપ લે છે તેતો ભગવાનજ જાણે છે." (પૃ. ૫૪)

(૨) રોટલી–અન્ન. આ માટે તેમણે રામકૃષ્ણ રિલીફ મિશન કાઢ્યું અને જુદા જુદા મઠમાં તેના શિષ્યોએ અમેરિકન મદદથી કાઢી દુકાળીઆં અને અનાથોને બચાવ્યા. ૧૮૯૬–૯૭ ના દુકાળમાં રજપુતાના ખાતે સ્વામીના બેલુરના મઠ ખાતેના શિષ્યોએ જે સ્તુત્ય કાર્ય બજાવ્યું હતું તે અત્ર વિસરી જવાય તેવું નથી. પરધર્મમાં એક રોટલીના ટુકડા માટે જતા હજારોને બચાવી લીધા હતા.

આ સંબંધે છેવટે સ્વામીનાં કરૂણાર્દ્ર વચનો પુનઃ આપ્યા વગર અમે રહી શકતા નથી.

"...ગરીબાઇ અને અજ્ઞાનમાં હમેશને માટે ડૂબેલાં વીશકરોડ સ્ત્રી પુરૂષો માટે ત્યાં (હિંદમાં) કોણ લાગણી ધરાવે છે? તેઓને માટે તેમની અધમ અવસ્થામાંથી બહાર આવવાનો શું રસ્તો છે? તેઓને પ્રકાશ અથવા જ્ઞાન મળી શકતું નથી તો કોણ એક બારણેથી બીજે બારણે તેઓને કેળવણી આપવા મુસાફરી કરશે? **આ લોકોજ તમારો ઇશ્વર છે એમ માનો**, તેઓનો વિચાર કરો, તેમને માટે કાર્ય કરો, તેમને માટે અતિશય પ્રાર્થના કરો–પ્રભુ તમને માર્ગ બતાવશે. જેનું હૃદય ગરીબોને માટે દ્રવે છે, તેનેજ હું મહાત્મન્ કહું છું, નહિતો તે દુરાત્મન્ છે. તેઓના ભલા માટે આપણી બધાની ઈચ્છાશક્તિઓ ચાલુ પ્રાર્થનામાં એકત્ર થાઓ. કદાચ આપણે કોઈ ન જાણે તેમ, કોઈ દયા ન લાવે તેમ, કોઇ શોક ન કરે તેમ કંઈ પણ સાધ્ય

ક્યાં વિના મરી જઇએ–તે બહેતર છે–પણ એક વિચાર તે કદી નષ્ટ થવાનો નથી........." પૃ. ૯૦–૯૧.

૩૬

(૨) સ્ત્રીઓની સ્થિતિસુધારણા.

"અહીંના (અમેરિકાના) પુરૂષો જેટલી સરસ રીતે ઇચ્છીએ તેટલી સરસ રીતે સ્ત્રીઓ પ્રત્યે વર્તે છે, અને તેથીજ તે સ્ત્રીઓ એટલી બધી આબાદ, એટલી બધી વિદ્વાન્, એટલી બધી સ્વતંત્ર અને એટલી બધી ઉત્સાહી છે. પરંતુ શા માટે આપણે ગુલામ જેવા, દુઃખી અને મૃતપ્રાય છીએ ? આનો ઉત્તર સ્પષ્ટજ છે. અને અહીંઆં તેઓ કેટલી બધી પવિત્ર, અને શુદ્ધ વર્તનશાળી છે ?–વીસ કે પચીશ વર્ષની વય પહેલાં પરણેલી સ્ત્રીઓની સંખ્યા ઘણીજ જુજ છે. અને તે સ્ત્રીઓ હવામાં સ્વચ્છંદે ઉડતાં પંખીઓ જેવી સ્વતંત્ર છે. તેઓ બજારમાં, નિશાળમાં અને કૉલેજમાં, કમાવા તેમજ બધી જાતનાં કામ કરવા જાય છે. જેઓ પૈસે ટકે સુખી છે તેઓ ગરીબોનું ભલું કરવામાં ગુંથાયેલી હોય છે. ત્યારે આપણે શું કરીએ છીએ ? કન્યાઓ રખેને બગડી જઈ અનીતિમાન્ બની જાય તે માટે આપણે આપણી કન્યાઓને અગીઆર વર્ષની થાય તે પહેલાં પરણાવી દેવામાં ઘણા નિયમિત છીએ. આપણા મનુ આપણને શી આજ્ઞા કરે છે ? 'કન્યાઓનું પુત્રવત્ લક્ષ અને ધ્યાન દઇ રક્ષણ કરવું જોઇએ અને તેને સુશિક્ષિત કરવી જોઇએ ' જેવી રીતે પુત્રોને બ્રહ્મચર્યનું પાલન કરાવી ત્રીશમે વર્ષે પરણાવવા જોઇએ, તેવી રીતે પુત્રીઓને પણ બ્રહ્મચર્ય પળાવી તેઓના માબાપે સુશિક્ષિત કરવી જોઇએ. પણ ખરી રીતે આપણે શું કરીએ છીએ ? તમે તમારી સ્ત્રીઓની સ્થિતિ સુધારી શકો તેમ છો ? તેમ થયે તમારા કલ્યાણની આશા છે, નહિતો તમે જેવા અત્યારે છો તેવાજ સદાને માટે રહેશો." પૃ. ૩૯.

૩૭
(૩) ખોરાક.

'આપણે એવો પણ આગ્રહ રાખતા નથી કે આચાર કે વર્તન કે ખાવાપીવાને માટે અમુક નીતિના કાયદા હોવા જોઇએ. વાસ્તવમાં તે બીજાને નુકશાનકર્તા ન હોવા જોઇએ એટલુંજ.' પૃ. ૪૬

'આપણને દરેકને પોતાની મેળે જાણવામાં, જાણી પસંદ કરવામાં, અને જે પોતાને અનુકૂળ અને સહાયકારક હોય તેને આદરવામાં સ્વતંત્ર રાખેલા છે. ઉદાહરણ તરીકે માંસ ખાવું એકને ગુણકારી હોય, જ્યારે બીજાને ફલ ખાવું ગુણકારી હોય, તો દરેક પોતાના વિશિષ્ટ સ્વભાવ પ્રમાણે વર્તવા મુખત્યાર છે, પણ બીજાના આચારપર ટીકા કરવાનો તેને કોઇ જાતનો હક્ક નથી, કારણ કે બીજા જે રીતે વર્તતા હોય તે રીતે પોતે વર્તે તો નુકશાન થાય, તે પરથી આગ્રહ રાખવો નહિ કે પોતે જે રીતે વર્તે તે રીતે બીજાએ વર્તવુંજ જોઇએ.' પૃ. ૪૬.

ટુંકામાં સ્વામી પોતે માંસાહારી હતા, અને કોઇ આક્ષેપ કરતા તો માંસ ન ખાવાથી સ્વતંત્રતા જાય છે, માંસ ખાવાથી ક્ષત્રિય તેજ આવે છે એવી દલીલ આપતા. આ દલીલ સામે–વિરૂદ્ધ ઘણું કહી શકાય તેમ છે પરંતુ સ્થલસંકોચને લઇને આપવું દુરસ્ત ધાર્યું નથી.

૩૮
(૪) પરદેશ ગમન.

'પ્રવાસ અવશ્ય કરવો જોઇએ. આપણે વિદેશીભૂમિમાં જવું જોઇએ. આપણે જો ફરીવાર એક પ્રજા થવા માગતા હોઇએ તો સમાજનું યંત્ર બીજા દેશોમાં કેવી રીતે કાર્ય કરે છે તે આપણે જાણવું જોઇએ, અને બીજી પ્રજાઓના મગજમાં શું વલણ છે તેની સાથે સીધો અને સ્વતંત્ર વ્યવહાર રાખવો જોઇએ, અને આ સર્વ ઉપરાંત જુલમ કરતાં અટકવું જોઇએ.' પૃ. ૩–૪

પ્રાચીનમાં પરદેશગમન સામે નિષેધ હતો તેનું કારણ પોતે કથેછે કેઃ—
'આ રૂઢીનો પાયો બીજા પ્રત્યેનો તિરસ્કાર છે; અને પ્રાચીન સમયમાં
આ રૂઢીનો સત્ય ઉદ્દેશ હિંદુઓને આસપાસની બૌદ્ધ પ્રજાઓના સંસ-
ર્ગમાં આવવા ન દેવા એજ હતો.' પૃ. ૮૨.

૩૯

રાજદ્વારી સુધારક–રાજદ્વારી પુરૂષ ન હતા.

"મારાં વ્યાખ્યાનો અને વચનોનાં જે પુસ્તકો કલકત્તામાં છપાયાં છે તેમાં હું એક બાબત જોઉંછું. તેમાંનાં કેટલાંક એવી રીત છપાયાં છે કે જેમાંથી રાજદ્વારી વિચારોનીજ ગંધ આવ્યા કરે; જ્યારે હું રાજદ્વારી પુરૂષ નથી, તેમજ રાજકીય બાબતો માટે ચળવળ કરનાર પણ નથી. વસ્તુના હાર્દ માટેજ ફક્ત હું દરકાર કરૂંછું.–જ્યારે તે હાર્દ યથાયોગ્ય હશે ત્યારે સમસ્ત વસ્તુ સ્વતઃ યથાયોગ્ય થઇ રહેશે.– તેથી તમારે કલકત્તાવાળાઓને ચેતવણી આપી જણાવવું આવશ્યક છે કે, મારાં કોઇપણ લખાણો કે કથનો ઉપર ખોટી રીતે રાજકીય અર્થ બેસારી દેશો નહિ. આવું કરવું તે કેટલું બધું મિથ્યા છે! .... તેઓ એવું સાબિત કરવા માગે છે, કે હું એક રાજકીય બાબતોનો ઉપદેશક છું, તો તેઓને હું કહુંશું કે "મારા મિત્રોથી મને બચાવો."' પૃ. ૬૮–૬૯

આ પરથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે તેઓ રાજકીય બાબતમાં બીલકુલ ભાગ લેતા નહિ–તેમની તેમાં પ્રવૃત્તિજ નહોતી; તેમ રાજદ્વારી તરીકે ચળવળ કરનાર હતાજ નહિ. તેઓમાં વિદેશી પ્રજાને **ધાર્મિક તત્વથીજ** જીતવામાં શ્રદ્ધા હતી. તેઓ લખે છે કેઃ—

"પ્રભુ જાણે છે કે આપણે ઇંગ્લંડને જીતીશું. ઇંગ્લંડને ધાર્મિક તત્વથી આપણે આપણા હાથમાં લઇ શકીશું–**નાન્યઃ પન્થા વિદ્યતે ऽयनाय**–મોક્ષનો આ સિવાય બીજો કોઇ રસ્તો નથી. શું સભાઓ અને

મીટીંગો ભરવાથી મુક્તિ કદી મળી જવાની કે ? આપણને જીતનારાને આપણા ધાર્મિક તત્વથી દેવ બનાવી દેવા જોઇએ." પૃ. ૧૬૨–૧૬૩.

૪૦

યોજનાઓ.

આ રીતે સુધારક તરીકે જુદા જુદા સ્વરૂપમાં સ્વામીજીને જોયા અને તેના વિચારોમાં અંતઃપ્રવેશ કર્યો. હવે સુધારણાનાં કાર્યો માટે શું યોજનાઓ પોતાની હતી કે જેમાંની કેટલીક સ્થપાઈ કાયમ રહી હજુ ગતિમાન્ કર્યાં જાય છે તે સર્વ જોઇએ.

પ્રથમ તો પોતાની યોજનાઓ પૂરી પાડવા માટે તેને ખરા મનુષ્યો–કાર્ય કરનારા જોઇતા હતા, અને તે તેમણે મેળવ્યા, આથી તેમને Man–Maker–મનુષ્યકાર કહી શકીએ.

"મારા પુત્ર! હું જાણુંછું કે મારે આવીને તમારા ટોળામાંથી ખરા મનુષ્યોને ઉપજાવવા પડશે. હું સારી રીતે જાણુંછું કે હિંદમાં ફક્ત સ્ત્રીઓ અને બાયલાઓજ વસે છે. આથી તમે ગુસ્સે થતા નહિ. ત્યાં કાર્ય કરવા માટે મને સાધનોનો ખપ પડશે. હું નિર્વીર્ય પુરૂષોના હસ્તમાં મને મૂકવા માગતો નથી.–"આ આત્મા નિર્વીર્યથી પ્રાપ્ત થવાનો નથી".
પૃ. ૧૨૧.

'સાધુઓ–ઉપદેશકોને નિર્મૂળ કરવાથી તમારૂં મનુષ્યત્વ પ્રાપ્ત થશે (પૃ. ૧૫–૧૬) કારણ કે તેઓ જમાનાઓના વહેમ અને જૂલમની ઓલાદ છે.' વળી મનુષ્ય થવામાં અમુક ગુણોની જરૂર છે તે માટે લખે છે કેઃ—

'બહાદૂરીથી આગળ વધો. એક દિવસ કે એક વર્ષમાં ફત્તેહ મળવાની આશા રાખશો નહિ. ઉચ્ચ નિશાનોનેજ હમેશ વળગી રહો. મક્કમ રહો. ઇર્ષ્યા અને સ્વાર્થીપણાનો ત્યાગ કરો; સત્ય, મનુષ્યદયા,

અને તમારો દેશ–તેના હિતનો દાસ અને અનંત કાલસુધી તેમાં શ્રદ્ધા રાખનાર રહો એટલે જોઇએ કે તમે આખા જગતને કેવું હચમચાવી નાંખો છો. એ સ્મરણમાં રાખજો કે શક્તિની કુંચી–રહસ્ય વ્યક્તિ–જીવન (ચેતના) છે–બીજી એક્કે વસ્તુ નથી. આ પત્ર રાખી મૂકજો અને તમો થાકી ગયા છો કે ઈર્ષ્યાખોર થયા છો એવું જ્યારે જ્યારે તમને લાગે ત્યારે ત્યારે આ પત્રની છેલ્લી લીટીઓ વાંચજો. અદેખાઇ એજ સર્વ ગુલામોને માટે મહાન્ પ્રત્યવાયરૂપ છે." પૃ. ૧૩૪–૫

"મારા બાલક! જેની મારે જરૂર છે તે લોખંડ જેવા સ્નાયુ, અને પોલાદ જેવા જ્ઞાનતંતુઓની છે, કે જેની અંદર જે વસ્તુનું વજ્ર બનેલું છે તે વસ્તુનું બનેલું **મન** રહેલું હોય. બળ, પુરૂષત્વ, **ક્ષાત્ર**વીર્ય અને **બ્રહ્મ**તેજ. આપણા સ્વરૂપવાન્ આશાવંત કુમારોમાં બધું ભરેલું છે, પણ તે ક્યારે કે જ્યારે તેઓ હાલમાં લગ્નના નામે ખરેખર રીતે કહેવાતાં પશુતત્ત્વના યજ્ઞમાં કરોડોને હોમી, તેઓની કતલ કરવામાં આવે છે તે કતલ ન થતી હોય તો. અરે **ભ**ગવાન્! મારાં શોકરૂદનો સાંભળ! જ્યારે **મદ્રાસ**ના ખરા જીગરના લોહીથી બનેલા ઓછામાં ઓછા એક સો સુશિક્ષિત યુવક જનો સંસારથી ત્યાગ સેવીને પોતાની કમર કસશે અને સત્યનું યુદ્ધ એક દેશથી બીજા દેશમાં કૂચ કરીને લડવા તત્પર રહેશે ત્યારેજ **મદ્રાસ** નિદ્રામાંથી જાગૃત થશે. **ભારત**ની બહાર એક ઘા મારવામાં આવ્યો હોય તો તે તેની અંદર મારેલા એક લાખ ઘાની બરાબર છે...." પૃ. ૧૪૨–૧૪૩.

પોતાના વિચારો પ્રતીતિઓ બર લાવવા માટે તેમણે અનેક વ્યવહાર–કાર્યગત યોજનાઓ રચી છે, તેમાંની કેટલીક હજુ અમલમાં મૂકાઇ નથી, જ્યારે કેટલીક મૂકાઇ છે અને તે હજુ પણ નમુનેદાર કાર્ય કરે જાય છે. આ યોજનાનો મૂળ ઉદ્દેશ શુદ્ધ, સ્વતંત્ર, વિચારો અને

ધાર્મિક તત્ત્વોનો પ્રસાર કરવો તે છે. તેના બે ભાગ પાડી શકાય (૧) લોકોમાં વાણીદ્વારા ધર્મપ્રચાર કરવો. અને (૨) લોકોમાં કાર્યથી ધર્મપ્રચાર કરવો. પહેલા ભાગમાં પત્રો–માસિકો, ચરિત્રો છપાવી બહાર પાડવાં અને તેને માટે પ્રેસ રાખવો વગેરે. અને બીજા ભાગમાં જુદી જુદી સંસ્થાઓ અને તે માટેના મિશનરિઓ ઉપજાવવા એ વગેરેનો સમાવેશ થાય છે.

સામયિક પત્ર.

આ પત્ર કેવું હોવું જોઇએ તે માટે વાંચો પૃ. ૧૧૬. અને તે માટે પ્રબુદ્ધ ભારત, બ્રહ્મવાદી અંગ્રેજીમાં કહાડયાં. આ પત્ર ફત્તેહમંદ કરવામાં તેને ઇષ્ટદેવ માનવાની જરૂર છે. (પૃ. ૧૩૭) અને તે ફતેહમંદ થયા પછી તામિલ, તેલંગુ, કાનડી ઇત્યાદિ દેશીય ભાષામાં તેજ શ્રેણિપર પત્રો કહાડો. (પૃ. ૧૪૦)

બાલકો માટે ખાસ પત્ર.

આ પત્રમાં શું તત્ત્વો જોઇએ, ભાષા કેવી જોઇએ વગેરે સુંદર વિચારો સ્વામીએ આપ્યા છે, તે માટે વાંચો પત્રાંક ૫૧ પૃ–૧૩૩–૧૩૪.

પોતાના ગુરૂનું ચરિત્ર–(શ્રીરામકૃષ્ણ) કેવું લખવું.

ચમત્કારોને દૂર રાખવા. તેમણે જે બોધ્યું છે તે પ્રગટ કરવું, અને જે બોધ્યું છે તેના આદર્શ રૂપ તેમનું જીવન હતું તે સમજાવવું, વગેરે બાબતો જણાવી છે. પૃ ૫૦, પત્રાંક ૨૪–પૃ.–૮૪૫.

અન્ય માહાત્માઓનાં ચરિત્રો.

તુલસીદાસ, કબીર, નાનક આદિનાં. પૃ. ૧૪૧ પત્રાંક ૫૬.

કાર્યથી ધર્મ પ્રચારની યોજના જોઇએ.

થિયોલૉજીકલ કૉલેજ:-

ધર્મ સિદ્ધાંત માટે સ્થપાય તો સારૂં; તેમ થયેથી (૧) વેદ અને જુદાં જુદાં ભાષ્યોનું તથા તત્ત્વજ્ઞાન કે જેમાં જગતના બીજા ધર્મોના

સ્થાનનો સમાવેશ કરવાનો છે, તેનું સંપૂર્ણ શિક્ષણ યુવકોને આપી શકાશે. પૃ. ૯૭.

(૨) "તા. ક. સામાન્ય પ્રજાજનોની ઉન્નતિ કરવાના વિચાર એક સેંટ્રલ કૉલેજદ્વારા પાર પડશે, અને ગરીબના ઘર આંગણે કેળવણી અને ધર્મનું દાન આપવાનું ઉક્ત કૉલેજમાં કેળવાયેલા શિષ્યગણોરૂપી મિશનરીઓથી પાર પડશે." પૃ. ૪૪.

વ્યવસ્થિત સંસ્થા:-

'હિંદુઓને અરસ્પરસ સહાય કેમ આપવી, અને એક બીજાના ગુણોની કદર કેમ કરવી એ શીખવનારી એકવ્યવસ્થિત સંસ્થાની ઘણીજ જરૂર છે.' પૃ. ૧૦૬.

'વ્યવસ્થિત સંસ્થાથી કામ ચાલવા માટે પ્રેમ, શુદ્ધ અંતઃકરણપૂર્વક લાગણી અને ધૈર્ય—આ ત્રણજ વસ્તુની જરૂર છે' (પૃ. ૭૬) આ ત્રણ વસ્તુ માટે વાંચો આખો પત્રાંક ૨૨. પૃ. ૭૬.

સામાન્ય પ્રજાવર્ગને કેળવવાની યોજના:-

'મિશનરીઓને મોકલી દરેક ગામમાં જાદુઈ ફાનસ, પૃથ્વીના ગોળાઓ આદિથી વ્યવહારૂ ભાષણો આપી લોકોને કેળવવાની યોજના છે.' વાંચો. પૃ. ૫૫.

સમાજ માટે યોજના:-

'ભૂતકાળમાં આપણે ખરાબ કર્યું નથી; ખાત્રીપૂર્વક નહિ. આપણી સમાજ ખરાબ નથી, પણ સારીછે; ફક્ત તે હજુ પણ તેનાથી વધુ સારી થાય તેજ ઇચ્છું છું.' વાંચો પૃ. ૯૮. અને ૯૯.

મંદિર બનાવો:-

'આમાં લાયબ્રેરી હોવી જોઇએ, અને તેની સાથે ઑફીસ (કાર્યાલય) રાખવા તથા સંન્યાસીઓ થઇ જે ઉપદેશકો બન્યા હોય તેને, તથા જે વૈરાગીઓ ત્યાં આવે જાય તેમને રહેવા માટે ઓરડાઓ

બાંધવા જોઇએ.' પૃ. ૬૩-૬૪. આ માટે સ્વામીજીના સ્મારક કરવા આગળ કરેલી અપીલ વાંચો. પ્રસ્તાવના પૃ. ૩૧-૩૨.

અભ્યાસ કરવા માટે સંસ્થાઃ-

'અભ્યાસકાળમાં જે કાર્ય કરવાનું છે તે ઉપદેશ આપવાનું અને સેવા કરવાનું છે. એવું કોઇ સ્થલ પસંદ કરો કે જ્યાં તમે દર અઠવાડીએ ભેગા થઈ પ્રાર્થના કરી શકો અને ટીકા સાથે ઉપનિષદો વાંચી શકો.' પૃ. ૯૩. 'મારો વિચારછે કે તમે એક એવી સમાજ સ્થાપો કે જ્યાં લોકોને વેદ, અને વેદાંતોનું તેની ટીકાઓ સાથે શિક્ષણ આપવામાં આવે.' પૃ. ૧૧૨.

સેંટરો સ્થાપવાંઃ-

'કાર્ય કરવાની હમણાંની મારી યોજના, એક કલકત્તે, અને બીજું મદ્રાસમાં એમ બે સેંટર (કેંદ્રસ્થાન) સ્થાપવાની છે, કે જ્યાં યુવાન ઉપદેશકોને શિક્ષણ આપી શકાય.'

'આ સેંટરોથી આપણે આપણા કાર્યનો આરંભ કરીશું અને સમય વીત્યે મુંબઇ અને અલ્લાહાબાદ સેંટર સ્થાપીશું. અને આ સીમાઓથી પ્રભુ ઇચ્છા તો આખા હિંદના પર હલ્લો લઈ જઇશું, એટલુંજ નહિ પણ જગતના સર્વ દેશોમાં આપણા ઉપદેશકોની ટુકડીઓ મોકલાવીશું.' પૃ. ૧૪૯-૧૫૦

૪૨

આ સર્વ યોજનાઓ ધર્મપ્રસારને અર્થે મૂળ જોઇશું તો હતી. ધર્મ નવીન રીતે સર્વદેશીય ઉપજાવવો અને તેની યોજના એ હતી કેઃ—

'હિંદુ વિચારો અંગ્રેજી ભાષામાં મૂકવા, અને પછી નીરસ ફિલસુફી, અને ગૂઢ પુરાણ તથા વિચિત્ર રીતે વિસ્મયમાં નાંખનાર માનસશાસ્ત્રમાંથી એક એવો ધર્મ બહાર લાવવો કે જે સરલ, સાદો, લોકપ્રિય

અને તેની સાથે ઉચ્ચમાં ઉચ્ચ બુદ્ધિમાન્ પુરૂષોની આવશ્યક્તાઓને પહોંચી વળે.' વાંચો આખું પૃ. ૧૦૯.

ઉપસંહાર.

આ રીતે આ સાથેના પુસ્તક—**સ્વામી**શ્રીના પત્રોપરથી ટુંકામાં જેટલું જાણી શકાય, વિચારી શકાય તેટલું જીવન (માનસિક) આપ્યું છે. બીજી કૃતિઓ સહાયમાં લીધી નથી. અરે ! આ પત્રોપરથી લખતાં લખતાં ઘણું લખાય તેમ છે, સ્વામીના ઉપદેશો, બોધવચનો આદિ ઘણાં તારવી શકાય તેમ છે, અને તે પર તે **સાગર**ની લાંબી ઊંડાઈ વિધ વિધ રીતે માપી શકાય તેમ છે, છતાં સ્થલસંકોચ બહુ છે, વિસ્તારનો ભય છે તેથી તે પર લખતાં વિરમીએ છીએ. સાથે સાથે આટલું કહ્યા વગર નથી રહી શકાતું કે હાલના જે વિચારકો, ઉપદેશકો—સ્વામી રામતીર્થ, આદિ થયા છે તેઓ ગંભીર અને શાંત છે, જ્યારે શ્રી સ્વામી **વિવે**કાનંદમાં અપ્રતિમ જુસ્સો, વેગ અને શૌર્ય વહે છે.

છેવટે આપણા દેશના પરમ ઉદ્ધારક, ધર્માધિકારી, પ્રત્યે ડાક્ટર **જૉન સી વાઇમન** (બ્રુકલીન—ન્યુયોર્કના શબ્દોમાં એટલું ઇચ્છીશું કેઃ—

God bless our dear brother Swami !
May his path grow ever more bright !
And when his earth journey is finished
He be clothed in God's garments of light !

પ્રિન્સેસ સ્ટ્રીટ. મુંબઇ.
તા. ૧૭—૨—૧૯૧૨.

સંત સેવક.
મોહનલાલ દલીચંદ દેશાઇ.
બી. એ. એલ્ એલ્. બી.

ચરિત્રમાળા વિષે વધુ માહિતી.

ચરિત્રમાળાનાં પુસ્તક ૧-૨ તરીકે બહાર પડેલું પુસ્તક.

શ્રી બુદ્ધ ચરિત્ર અને શ્રી બુદ્ધનો ઉપદેશ.

લેખકઃ મણીલાલ નથુભાઈ દોસી. બી. એ.

એમાં આવેલા વિષયો નીચે પ્રમાણે.

શ્રી બુદ્ધ ચરિત્ર.

દુનિયાની વસ્તીનો ત્રીજો ભાગ-પચ્ચાસ કરોડ મનુષ્યો જેના નામનું અને ઉપદેશનું નિત્ય પ્રતિ સ્મરણ કરે છે અને જે આર્યોના નવમા ઈશ્વિરાવતાર તરીકે પ્રસિદ્ધ છે. એવા મહાત્મા શ્રી બુદ્ધદેવનું સવિસ્તર જીવનચરિત્ર આમાં આપેલું છે. જેમાં નીચલાં બાર પ્રકરણો આવેલાં છે. જન્મ, બાલ્યાવસ્થા, યુવાવસ્થા, સંન્યાસની પૂર્વાવસ્થા, ત્યાગની તૈયારીઓ, ત્યાગ, સત્યની શોધમાં, બુદ્ધત્વની શોધમાં, ધર્મ-પ્રચાર, નિર્વાણ, ઉપદેશપદ્ધતિ, ઉપદેશ.

એમાં શ્રી બુદ્ધ યૌવનાવસ્થામાં કેવા બળવાન અને પરાક્રમી હતા, મહારાજા શ્રી શુદ્ધોદનના એકના એક પાટવી પુત્ર તરીકે કેવા કેવા રાજ્યવૈભવો તેમને પ્રાપ્ત હતા, જુદા જુદા બનાવો અને પ્રસંગો ઉપરથી એ વૈભવો અને માનવ શરીર ઇત્યાદિ જગતના પદાર્થોની અસારતાનું જ્ઞાન તેમને થયું. અને તે ઉપરથી પોતા માટે અને સર્વ જગત્ માટે જન્મ મરણના પંજામાંથી છૂટવાના સત્ય ઉપાયની શોધ કરવાની તીવ્ર આકાંક્ષા તેમને ઉપજવી અને તે આકાંક્ષા પૂર્ણ કરવાનો, પૂર્ણ કરવાને માટે સર્વ રાજ્યવૈભવ, સ્ત્રી પુત્રાદિ નો ત્યાગ કરી સંન્યાસી બની નીકળી પડવું, વિવિધ પંડિતોનો સમાગમ અને તેમના સિદ્ધાન્તોનો અભ્યાસ કરવો, કઠોર વ્રતો અને ઉગ્ર તપશ્ચર્યા કરવી, યજ્ઞોમાં થતી પશુહત્યાને દયા અને પ્રેમની અસરકારક-છટાદાર સમજા-

વટથી અને દાખલા દલીલોથી બંધ કરાવવી, દુઃખ, સુખ, શરીર, જીવ અને આત્માના તત્વજ્ઞાન વિષે અંતઃકરણમાં અનેક વિચારણાઓ થવી, જન્મ મરણ ન થાય એવા સત્ય ઉપાયની, સત્ય જ્ઞાનની, અને બુદ્ધત્વની તેમને પ્રાપ્તિ થવી, ચાર મુખ્ય અને ખૂબીદાર સત્યો હેમણે સ્હમજાવ્યાં; અને એ સત્યોનો, સમભાવનો, જીવદયાનો, જનસેવાનો, ઇ. બાબતોનો તેમણે ઉત્તમ અને અસરકારક ઉપદેશ કરવો, તે ઉપદેશ કરવાની હેમની વિલક્ષણ અને હૃદયગ્રાહી ઉપદેશપદ્ધતિ; વિગેરે વિષયો આ પુસ્તકમાં તેના લેખકે અનેક વિવિધ પુસ્તકોના આધારે ઉત્તમ પ્રકારે આલેખેલા છે.

શ્રી બુદ્ધનો ઉપદેશ—આ ભાગમાં મહાત્મા બુદ્ધરચિત ધર્મપદ નામે પુસ્તકનું ભાષાન્તર આપેલું છે. આર્યોમાં ગીતાની તેવીજ બૌધ્ધોમાં આ પુસ્તકની મહત્તા છે. એમાં છવીસ પ્રકરણો છે. તેમાં અનેક વિષયોપર ઉત્તમ અને અસરકારક ઉપદેશ સરળ વાક્યોમાં આપેલો છે.

શ્રી બુદ્ધનાં વિવિધ શિક્ષણો—આમાં પણ બાર પ્રકરણો છે. જુદી જુદી બાબતો વિષેના ઉત્તમ શિક્ષણોનો સમાવેશ છે.

મહાન અશોકના શિલાલેખો—એમાં બુદ્ધ ધર્માનુયાયી મહારાજા અશોકના સમયના ઉમદા શિક્ષણોથી ભરપૂર પ્રાચીન શિલાલેખોનું ભાષાંતર આપેલું છે.

ચરિત્રમાળાની યોજના—એમાં ચરિત્રમાળાની યોજના વિષેના વિચારો તથા નિયમો વિગતે આપેલા છે,

ઉપલી સર્વ બાબતો મળીને કુલ ૨૮૦ પૃષ્ટનું આ પુસ્તક દરેક ઇતિહાસ રસિક, જીજ્ઞાસુ, ભક્ત, સત્ય શોધક અને હરકોઇ ધર્મ કે સમાજના મનુષ્યોએ ખાસ મનન કરવા યોગ્ય હોવાથીજ ચરિત્રમાળાના ૧–૨ પુસ્તક તરીકે તે પ્રસિદ્ધ કરેલું છે.

છૂટક મૂલ્ય ૭ આના, પાકું પૂઠું દશ આના. (પોસ્ટેજ માફ).

સ્વામી વિવેકાનંદનાં પત્રો.

મંગલ.

(કલ્યાણ.)

ૐ શ્રી શાન્તિ, શાંતિ કરો !
અધદુ:ખમોચન, અભિમયલોચન,
સજીવનતા ઉત્સાહ ભરો !—ૐ
શૌર્ય પવિત્રતા, નીતિ લય પામ્યાં,
ભારતમામાં, લાવી ધરો !—ૐ
‘ વિવેક ’ સ્વાતંત્ર્યનો, ‘આનંદ ’ બક્ષો,
અલૌકિક શાંતિ સામ્રાજ્ય કરો !—ૐ

પત્રાંક ૧.

મુંબઈ.

તા. ૨૦ મી સપ્ટેંબર ૧૮૯૨.

પ્રિય પંડિતજી મહારાજ,

આપનો પત્ર મને બરાબર મળ્યો. હું યોગ્ય નથી છતાં આટલો બધો મને શા માટે વખાણવામાં આવે છે તેનું કારણ હું સમજી શકતો નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું છે કે 'એક સિવાય એટલે ભગવાન્ સિવાય અન્ય કોઇ ભલો નથી. બાકીના તો તેના હસ્તમાં હથિયારો છે. "પ્રભુની કીર્તિ મહાન્માં મહાન્ હો! અને જે મનુષ્યો તેને લાયક હોય તેને કીર્તિ મળો, પણ મારા જેવા નાલાયકને તે ઘટતી નથી. "ચાકરની કિંમત તેના ભાડા જેટલી નથી" અને ખાસ કરીને એક ફકીરનો કોઈ પણ માન કે સ્તુતિપર હક નથી, કારણકે જે નોકર તમારી સેવા કરીને ફક્ત પોતાની ફરજ બજાવે છે તે નોકરની શું તમે સ્તુતિ કરશો?

* * પંડિતજી સ—તથા મારા * પ્રોફેસર મને માયાળુપણે યાદ કરે છે તે માટે તેઓનો મારાપર અનહદ ઉપકાર છે.

હવે હું આપને કંઈ બીજું જણાવીશ. હિંદુ મગજ હમેશાં (Inductive) અનુમાન કરવામાં પ્રવીણ છે અને કદી પણ સંયોગીકરણ કરવામાં એટલે વિશેષ વાતપરથી સાધારણ વાત તારવી કાઢવામાં પ્રવીણ (Deductive) નથી. આપણાં સર્વ દર્શનોમાં આપણે હમેશાં માથું પકવી નાંખે એવી સામસામી દલીલો કરેલી જોઇએ છીએ, અને તેમાં અમુક સામાન્ય સિદ્ધાંત, આગળથી સ્વીકૃત પક્ષ તરીકે માની

* સ્વામીજી તેને 'પ્રોફેસર' એ સંજ્ઞાથી બોલાવતા, તેનું કારણ એ છે કે તેની પાસે સ્વામીજીએ પાણિનીનું મહાભાષ્ય વાંચ્યું હતું.

લેવામાં આવેલ હોય છે, પરંતુ તેજ સિદ્ધાંત જેટલો બાલિશ હોઇ શકે તેટલો બાલિશ હોય છે; આ સામાન્ય સિદ્ધાંતોના સત્ય વિષે કોઈએ શંકા બતાવી શોધ કરી નથી. આથી થોડો ઘણો પણ સ્વતંત્ર વિચાર આપણામાં હોય તેવું કહી શકાય તેમ નથી, અને તેટલા માટે વિજ્ઞાનશાસ્ત્રો કે જે નિરીક્ષણ અને વસ્તુઓને વ્યવહારમાં મૂકવાની શક્તિનાં ફલરૂપે છે, તે શાસ્ત્રોનો અભાવ આપણામાં જણાય છે. આવી રીતે હોવાનું શું કારણ?—તેનાં બે કારણો છે—આપણી આબોહવામાં પ્રચંડ ઉષ્ણતા રહેલી છે તેથી આપણને ચંચલતા કરતાં વિશ્રાંતિ અને ચિંતવન વધારે પ્રિય અને અનુકૂળ થઈ પડે છે, અને તેથી ઉપદેશકો તરીકે બ્રાહ્મણો દૂર દેશમાં પ્રવાસ કે સમુદ્ર પર્યટન કરી જવાનું માથે લેતા નથી. પ્રાચીન સમયમાં સમુદ્ર પ્રવાસે જનારા, અને ઘણું દેશાટન કરનારા લોકો હતા; પરંતુ તેઓ લગભગ વ્યાપારી હતા, એટલે કે તે વખતે લોકો ઉપદેશકો હોઇ અને બીજા પૈસા પ્રાપ્ત કરવાની તૃષ્ણા રાખનારા હોવાથી તેમાંથી માનસિક વિકાસ કરવાની બધી શક્તિ ચાલી ગઈ હતી. આથી તેઓનાં નિરીક્ષણોએ મનુષ્યના જ્ઞાનમાં વૃદ્ધિ કરવાને બદલે તે જ્ઞાનને વધારે અધોગતિમાં પહોંચાડેલ છે. કારણકે તેઓનાં નિરીક્ષણો ખરાબ હતાં, અને તેઓના હિસાબો અતિશયોક્તિવાળા અને તદ્દન કલ્પનામય સ્વરૂપમાં બેડોળ રીતે ફેરવેલા હતા તે એટલે સુધી કે તેઓને ગણત્રીમાં લેવામાં આવ્યા નહિ.

આથી આપ સમજી શકશો કે આપણે, પ્રવાસ અવશ્ય કરવો જોઇએ. આપણે વિદેશી ભૂમિમાં જવું જોઇએ. આપણે જો ફરીવાર એક પ્રજા થવા માંગતા હોઇએતો સમાજનું યંત્ર બીજા દેશોમાં કેવી રીતે કાર્ય કરે છે તે આપણે જાણવું જોઇએ, અને બીજી પ્રજાઓના મગજમાં શું વલણ છે તેની સાથે સીધો અને સ્વતંત વ્યવહાર રાખવો

જોઇએ, અને આ સર્વ ઉપરાંત જુલમ કરતાં અટકવું જોઇએ. કેટલીબધી હાસ્યજનક સ્થિતિમાં આપણે આવ્યા છીએ ! કોઇની પાસે જો એક **સંગી**, એક ભંગી તરીકે આવશે તો જાણે કે તે મરકીનો રોગજ હોય નહિ તેમ તેને દૂરજ રાખશે; પરંતુ એક **પાદરી** મનમાં પ્રાર્થના બોલતો બોલતો પાણીનો પ્યાલો આપશે અને ગમે તેવો ફાટેલો ડગલો આપશે, પછી તે એક સ્થિતિચુસ્તમાં સ્થિતિચુસ્ત હિંદુને ઘેર જશે તો હું ધારતો નથી કે તે વખતે તે માણસ ખુરશી આપવાની, અને અંતઃકરણપૂર્વક હસ્તમેલાપ ન કરવાની હિંમત કરી શકે. આવી વ્યાજોક્તિ આટલી હદ કરતાં વધારે હોઇ શકે નહિ અને આવીને તમે જુઓતો ખરા કે તેઓ એટલે તે **પાદરીઓ** અહીંઆં દક્ષિણમાં શું કરે છે? તેઓ લાખો હલકા વર્ણના લોકને વટલાવે છે. અને હિંદમાં ઉપદેશકોના હાથ નીચે સંપૂર્ણ રીતે ચગદાએલા એવા ત્રાવણકોરના રાજ્યમાં–કે જે રાજ્યમાં જમીનનો દરેક કટકો બ્રાહ્મણોની માલેકી નીચે છે, અને જ્યાં સ્ત્રીઓ અરે ! રાજ્યવંશની હોય તો પણ બ્રાહ્મણોની સાથે રાખેલી તરીકે રહેવામાં ઉચ્ચ માન સમજે છે તે રાજ્યમાં લગભગ ચોથો ભાગ ખ્રિસ્તી બન્યો છે. અને હું તેમને દોષ દેતો નથી; કેટલોક ભાગ તે ડેવિડને માને છે અને કેટલોક ભાગ ઇસુ ખ્રિસ્તને માને છે? અરે પ્રભુ ! ક્યારે અરે ! કયારે એક મનુષ્ય બીજા મનુષ્ય પ્રત્યે ભ્રાતૃભાવથી વર્તશે ?

આપનો વિવેકાનંદ.

પત્રાંક ૨.

ખેત્રી. ૨૭ એપ્રિલ ૧૮૯૩.

વ્હાલા ડૉકટર—

તમારો પત્ર મને હમણાંજ પ્રાપ્ત થયો. મારા જેવા અયોગ્ય આત્મા પ્રત્યે તમારો બહુ પ્રેમ છે તે જોઇ હું ઘણોજ ઉપકૃત થાઉં છું,

જાણીને ઘણોજ દિલગીર થાઉં છું કે બિચારા બ—એ પોતાનો પુત્ર સદાને માટે ગુમાવ્યો છે. "પ્રભુએ આપ્યો હતો અને પ્રભુએ લઇ લીધો છે. પ્રભુનું નામ સુધન્ય રહે." ફક્ત આપણે એ જાણીએ છીએ કે કંઇપણ નાશ પામતું નથી અથવા પામી શકતું નથી. આપણા માટે તો જે થાય તેને શાંતિથી સંપૂર્ણ રીતે શરણ થઇ જવું એજ કર્તવ્ય છે. સૈનાધિપતિ સૈનિકને તોપના મારા સામે જવાનો હુકમ આપે તો તેની સામે સૈનિકને ફરીયાદ કરવાનો બલ્કે એક શબ્દ પણ બડબડવાનો હક નથી. તે પ્રભુ બ—ને તેના દુઃખમાં દિલાસો–શાંતિ આપો, અને સર્વદયાશીલ જગજ્જનનીના અંતર પ્રત્યે તેને વધારે અને વધારે નજીક દોરી લઇ જાઓ, એ મારી પ્રાર્થના છે.

આપનો ઇત્યાદિ. **વિવેકાનંદ.**

પત્રાંક ૩.

ખેત્રી તા. ૨૭મી એપ્રિલ ૧૮૯૩

પ્રિય ડૉકટર,

આપનો પત્ર હમણાંજ મને પ્રાપ્ત થયો...બિચારા **બી–નો** પુત્ર મરણ પામવાના સમાચાર જાણી હું ઘણો દિલગીર છું. "ઇશ્વરે આપ્યો, અને તેણેજ લઈ લીધો; મરજી તેની!" આપણે એટલુંજ જાણીએ છીએ કે કાંઇ પણ નાશ પામી શકતું નથી અથવા નાશ પામતું નથી. આપણું કર્તવ્ય ચિત્તને શાંતિથી પૂર્ણ સમાધાનમાં લાવી જે થાય તેને શરણ થવાનું છે. જો સેનાપતિ સિપાઇને તોપના મારા સામે જવાનો હુકમ કરે, તો તે સિપાઇને કંઈ પણ ફરીયાદ કર્યા વગર બલ્કે એક પણ શબ્દ બડબડ્યા વગર તે હુકમ બજાવવાનો છે. આવી દુઃખમય સ્થિતિમાં પ્રભુ **બી**–ને આશ્વાસન આપો, કે જેથી તે આશ્વાસન

સર્વદયાળુ માતાના અંતઃકરણ તરફ બી–ને વધારે ને વધારે નજીક લઇ જાય.

સમુદ્ર યાત્રામાટે મેં મુંબઇથી બધી તૈયારીઓ ક્યારની કરી લીધી છે. રાજાસાહેબ અથવા મારા ગુરૂભાઇઓ મને જવામાં અડચણ ન કરે એમ બી–ને કહેજો. રાજાસાહેબનો તો મારાપર નિઃસીમ પ્રેમ છે.

સર્વ ઇષ્ટ આપનાર એવો ઈશ્વર આપને સદા સુખી રાખો એવી ઇચ્છા સદૈવ ધારણ કરનાર,

વિવેકાનંદ.

પત્રાંક ૪.

(તરતમાંજ સાંસારિક દુઃખમાં પડેલા એક મદ્રાસ નિવાસી મિત્રને સન ૧૮૯૩ માં લખેલ પત્ર.)

પ્રિયબંધુ.

“ માતાના ઉદરમાંથી નગ્ન આવ્યો છું અને તેવો નગ્ન ત્યાં જઇશ; ઈશ્વરે આપ્યું અને તેણેજ લઇ લીધું. પ્રભુની મરજી ! ” આ કથન એક વૃદ્ધ યાહુદી સંત પુરૂષે જ્યારે મનુષ્યને માથે આવી પડતી મહાભારત વિપત્તિઓ પોતાને માથે આવી પડી ત્યારે કહેલ છે, અને તે સત્યજ છે. આ કથનમાં જીવિતની કસોટી રહેલી છે. પ્રચંડ વાવાઝોડું થાય છે અને તેથી સમુદ્રનાં મોજાંઓ ભૂમિ ઉપર ધસી આવે છે, પણ તેના મધ્યમાં–ગર્ભમાં અનંત શાંતિ, અનંત ગંભીરતા અને નિઃસીમ આનંદનું સામ્રાજ્ય રહેલું હોય છે. “ જેઓ દુઃખ આવી પડતાં રૂદન કરે છે તેઓ સુખી છે, કારણકે તેઓનું સાંત્વન પરમેશ્વર કરે છે. ” આ કથનનો હેતુ એ છે કે આપત્તિની ક્ષણોમાં હૃદય નિરાશ અને શૂન્ય થઇ ભાંગી જાય છે, શોક દુઃખ અને નિરાશાના ભારથી આખું

જગત્ આપણને તજી દઈ નિરાધાર મૂકી ચાલ્યું જાય છે એવો ભાસ થાય છે, અને સર્વ સૃષ્ટિ કેવળ દુઃખનો અભેદ્ય કિલ્લો જણાય છે; અને આ વખતેજ આંતરદૃષ્ટિ ખુલે છે, પ્રકાશ અચાનક ઝળઝળે છે, સ્વપ્નસૃષ્ટિ નાશ પામે છે, અને અંતર્મુખતા થતાં પ્રકૃતિના ભવ્ય રહસ્ય રૂપી જીવિતની સન્મુખ આપણે જઈએ છીએ—ત્યારેજ જેમ ભાર બહુ વધવાથી નાનકડાં વહાણો ડૂબે છે તેમ દુઃખનો ભાર વધવાથી અસત્ય કલ્પનાજાળ દૂર થાય છે અને બુદ્ધિમાન્, શક્તિમાન્ શૌર્યવાન્ મનુષ્ય તે અનંત, પરમ સર્વદા આનંદમય એવા જીવનને તે અનંત આત્મા કે જેને જૂદા જૂદા દેશોમાં જૂદા જૂદા નામથી બોલાવવામાં અને પૂજવામાં આવે છે તેને પ્રત્યક્ષ જુએ છે.* અને ત્યારેજ જે બેડીઓ આત્માને દુઃખના ઘરરૂપ દેહ સાથે બંધાઈ રહેલી છે તે થોડા વખત માટે તૂટે છે, અને પછી બંધન રહિત એવો આત્મા પરમેશ્વરના સિંહાસનપર પહોંચે ત્યાં સુધી ઉંચો ઉંચો ચડયાં કરે છે. " તે પ્રદેશમાં દુષ્ટો કલેશ આપી શકતા નથી અને થાકી ગયેલા ઓ શાંતિ મેળવે છે. " બંધુ ! દિવસ અને રાત પ્રભુપ્રાર્થના છોડીશ નહિ, દિવસ અને રાત **તારી ઇચ્છા પ્રમાણે થશે** એવું કહ્યા વગર રહીશ નહિ, કારણ કે ' આપણું કર્તવ્ય આ આમ કેમ છે ? એવા એવા પ્રશ્નો કરવાનું, નથી પરંતુ તે કાર્ય કરવાનું અને તેમાં પ્રાણ દેવાનું છે અર્થાત્ દેહ રહો કે જાઓ, પણ પ્રભુ પ્રત્યે દૃઢ ભાવ રાખી કાર્ય કરવામાં છે.

ઓ પ્રભુ ! તારા નામને ધન્ય છે. અને તારીજ ઇચ્છા સઘળે પ્રવર્તો. પ્રભુ ! અમે જાણીએ છીએ કે અમારે શરણ થવાનું છે. પ્રભુ ! અમે સમજીએ છીએ કે જગતની માતાનો હાથજ અમારા

---

* एकं तत् सत् विप्रा बहुधा वदंति. ભા. ક.

પર છાપો મારે છે, અને " આત્મા તો રાજી છે, પણ દેહ નિર્બળ છે. પ્રેમજનક પ્રભુ ! જે શાંતિની ઉદાસીનતા તું શિખવે છે તેની સામે હૃદયમાં વસેલું દુઃખ યુદ્ધ કરે છે, ઓ પ્રભુ ! તું કે જેણે તારા બધા પરિવારને શાંતચિત્તે તારી નજર આગળ નાશ પામતાં જોયેલ છે તે અમને બળ આપો ! પ્રભુ ! આવ ! તેંજ મહાન્ શિક્ષક થઇને એવું શિખવ્યું છે કે સિપાઇએ જીભના એક પણ ફડફડાટ વગર હુકમ માન્ય કરવો જોઇએ. પ્રભુ ! આવ, અર્જુનના સારથી ! આવ ! અને જેમ તેં તેને શીખવ્યું હતું તેમ તું મને શિખવ કે ' **मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय** ' એટલે **તારામાં** સર્વસ્વ અર્પણ કરવું એજ આ જીવનનો ઉચ્ચમાં ઉચ્ચ ઉદ્દેશ છે કે જેથી કરીને પ્રાચીન સંતોની પેઠે હું પણ તારામાં દૃઢ ભાવ રાખી અને ત્યાગવૃત્તિથી કહું કે * **ॐ श्री कृष्णार्पणमस्तु.**

ઇશ્વર આપને શાંતિ પાઠવે એવી દિવસ રાત પ્રાર્થના કરનાર.

વિવેકાનંદ.

પત્રાંક ૫.

યોકોહામા. ૧૦ મી જુલાઇ ૧૮૯૩.

પ્રિય—

હું શું શું કરૂંછું તેના સમાચાર નિરંતર આપને નહિ આપવા માટે ક્ષમા આપશો. અહીં દરેક માણસ હમેશાં કામમાં ગુંથાયેલ રહે છે અને તેમાં પણ ખાસ કરીને મારા જેવો; કારણ કે હું, સાથે વસ્તુઓ રાખવી અને તેની સંભાળ લેવી એ પ્રવૃત્તિથી તદ્દન અપરિચિતછું. એમ કરવું ખરેખર જબરી માથાકુટ છે.

---

* **कर्मण्ये वाधि कारस्ते मा फलेषु कदाचन । ભા. ક.**

અમે કોલંબો બંદર આવી પહોંચ્યા. લગભગ આખો દિવસ અમારી સ્ટીમર બંદરમાંજ પડી રહી, અને તેથી શહેરમાં જોવા જવાની તક મળી. ગાડીમાં બેસી ગલીઓમાં ફર્યો, અને ત્યાંની જોવા લાયક વસ્તુમાં મને સાંભરે છે એવી વસ્તુ એકજ છે, અને તે ભગવાન્ બુદ્ધ નિર્વાણમાં જાય છે એવા ઘાટની મૂર્તિવાળું એક મંદિર છે. * *

ત્યાર પછી પિનાંગ ઉતર્યો. તે શહેર મલાયા દ્વિપકલ્પના મધ્યમાં સમુદ્ર કાંઠે વસેલું છે. સર્વ મલાયા નિવાસીઓનો ધર્મ મુસલમાની છે. પૂર્વે તેઓ પ્રસિદ્ધ ચાંચીઆ હતા, અને તેમની વેપારીઓને બહુ બીક લાગતી. પરંતુ હવે હાલની સુધરેલી મનવારોની તોપો થઇ ત્યારથી મલાયન લોકો વધારે નિરૂપદ્રવી ધંધાઓમાં વળ્યા છે.

પિનાંગથી સિંગાપુર આવતાં માર્ગમાં સુમાત્રા બેટમાંથી ઉંચા ઉંચા પર્વત દેખાયા; આ પર્વતોમાં પૂર્વે ચાંચીયા પોતાનાં પ્રિયસ્થાન કરીને રહેતા હતા એમ અમારી સ્ટીમરના કૅપ્ટને કહ્યું. સિંગાપુર, સ્ટેટ્સ સેટલમેંટની રાજધાનીનું શહેર છે.

સિંગાપુરમાં એક સુંદર વનસ્પતિસંગ્રહાલય છે તેમાં અનેક તાડવૃક્ષો ઘણાં ભવ્ય આવેલાં છે. પ્રવાસીનાં તાડ એ નામથી પ્રખ્યાત થયેલા સુંદર પંખા જેવા તાડો અહીં પુષ્કળ ઉગેલાં છે અને બ્રેડ-ફ્રુટનાં ઝાડો ચોગરદમ માલૂમ પડે છે. મદ્રાસમાં જેમ આંબા પુષ્કળ ઉગે છે તેમ અહીં પ્રખ્યાત મેંગોસ્ટીન નામનાં ઝાડ પુષ્કળ ઉગે છે, પણ આંબાની બરોબરી થાય તેમ નથી. અહીંના લોક મદ્રાસી જેવા કાળા નથી એટલુંજ નહિ પણ તેથી અર્દ્ધાપણુ નહિ. સિંગાપુરમાં સુંદર વસ્તુનું પણ એક સંગ્રહસ્થાન આવેલું છે.

આના પછી હોંગકોંગ શહેર. અહીં જાણે ખરા ચીન દેશમાંજ આવ્યા હોઇએ તેવું માલૂમ પડે છે. જ્યાં જોઇએ ત્યાં ખરૂં ચીનાઇ

તત્વજ પ્રત્યક્ષ થાય છે. સર્વ મજૂરી, સર્વ વેપાર, **ચીના**ઇઓનાજ હાથમાં છે, એવું લાગે છે, અને હોંગકોંગ યાથાતથ્ય **ચીન** દેશજ છે. અમારી સ્ટીમર લાંગરી કે તરતજ સેંકડો **ચીના**ઈ હોડીઓ ઉતારૂઓને કિનારાપર લઈ જવા આવી. આ હોડીઓને બન્ને સુકાન હોવાથી કંઇ વિચિત્ર દેખાય છે. હોડીવાળો પોતાના કુટુંબ સાથે હોડીમાંજ વસે છે. આ કુટુંબની ઘરધણીયાણી બહુધા બંને સુકાન સંભાળતી રહે છે; એક સુકાન પોતાના હાથથી અને બીજું સુકાન પોતાના પગથી ચલાવે છે, અને સેંકડે નેવું ટકાતો એવુંજ માલૂમ પડે છે કે તેણીની પછ-વાડે પીઠ ઉપર એક નાનું છોકરૂં બાંધેલું હોય છે. જ્યારે છોકરાંની મા વિવિધ પ્રકારનાં કામો જેવાં કે મોટા ભાર હડસેલવાનું, અથવા તો એક હોડીમાંથી બીજી હોડી પર નવાઈ જેવી સફાઇથી કુદી પડવાનું વગેરે કરે છે, ત્યારે પેલો નાનો **લિહંગચંગ** (ચીની છોકરૂં) મજાની ઉંઘ લેતો હોય છે અને માની પીઠ ઉપર શાંતિથી હાથ પગ હલાવતો હોય છે, એ ચિત્ર જોઇ વિચિત્ર આનંદ પ્રાપ્ત થાય છે. અમારા ધારવા પ્રમાણે તે **ચીના**ઇ બાળુનું નાનું માથું વગેરે તૂટવાના જોખમમાં દરેક ક્ષણે હોય છે, છતાં તે **ચીના**ઇ બાળુના મનમાં કંઈ હોતું નથી. તે રમતો, મોજ કરતો હોય છે, અને પોતાની મા જે ચોખ્ખાની ભાખરી આપે છે તે શાંતિથી ખાતો અને આ ઘોંઘાટવાળી જીંદગીની બીલકુલ પરવા ન કરતો પડયો રહે છે. ખરેખર આ **ચીના**ઇ બાલકો તદ્દન ફીલ-સુફો છે, અને શાંતિથી એવી નાની ઉમરે કામ ધંધે લાગી જાય છે કે જે ઉમરે આપણા હિંદનાં બાલકો ભાગ્યે હજુ પાંખોડીએ ચાલતાં હોય છે. ફીલસુફી જે જરૂરીઆત શીખવે છે તે **ચીન**નાં બાલકો બરાબર શીખ્યાં છે. **ચીના**ઓ અને **હીંદી**ઓ સુધારાથી આટલા બધા દૂર રહેલા છે તેનું એક કારણ તેઓની અત્યંત ગરીબાઇ છે. હમેશની

જરૂરીઆતને પહોંચી વળવું એજ દરેક સાધારણ હિંદી અથવા ચીનાઇ મનુષ્યને એટલું બધું કષ્ટપ્રદ છે કે તે સીવાય બીજી વાતનો વિચાર કરવાનો તેને અવકાશજ રહેતો નથી.

હોંગકોંગ એ શહેર ઘણું સુંદર છે. તે ટેકરીઓના ઢોળાવ અને શિખરો ઉપર બંધાયેલ છે. તે શિખરો પર જતાં જે મુખ્ય ગામ વસેલું છે તેના કરતાં વધારે અનુકૂળ ઠંડી માલૂમ પડે છે. અહીં પાધરીદાર ટ્રામગાડી છે, તે વરાળશક્તિથી તારનાં દોરડાં વડે ચાલે છે. હોંગકોંગમાં અમે ત્રણ દિવસ રહ્યા.

પછી કંતાન શહેર જોવા ગયા. તે નદીના મૂળ તરફ એંસી માઇલ દૂર આવેલું છે, અહીં કેટલો બધો ઘોંઘાટ અને કેટલી ઉદ્યોગી જીંદગી! કેટલી અસંખ્ય નાની નાની હોડીઓ આખી ખાડીને ઢાંકી દે છે! આમાંની કેટલીક હોડીઓ વેપારીમાલ લઇ જવાને માટે હોય છે એટલુંજ નહિ પણ કેટલીક તો ઘરતરીકે રહેવાને માટે છે. ઘણીખરી તો બહુ મોટી અને સુંદર રીતે બાંધેલી હોય છે. ઘર તરીકેની હોડીઓમાં બે કે ત્રણ મજલા વાળાં મોટાં ઘર હોય છે. તેમાં આસપાસ પરશાળ હોય છે, અને તેઓની વચ્ચે શેરીઓ પણ આવેલી હોય છે.

અહીં અમે ચીનાઈ સરકારે પરદેશી મુસાફરોને રહેવા માટે એક ખાસ જમીન આપેલી છે ત્યાં મુકામ કર્યો. કતાંન શહેર કંતાન નદીના બંને કિનારા પર મૈલના મૈલ વસેલું છે—તેનો દેખાવ મનુષ્યોનું એક જંગલ હોય નહિ તેવો લાગે છે. માણસો બહુ ઉદ્યોગી હોય છે, કોઇ જીંદગી માટે બહુ મહેનત કરતા, ઘોંઘાટ કરતા, આમ તેમ જતા માલૂમ પડે છે. પરંતુ તેમાં આટલી બધી વસ્તી હોવા છતાં અને તે વસ્તી આટલી બધી ઉદ્યોગી હોવા છતાં આ શહેર જેવું ગલીચમાં ગલીચ શહેર મેં કદી

જોયું નથી. ગલીચ શહેરનો અર્થ હિંદમાં કરવામાં આવે છે તે અર્થમાં હું કહેતો નથી; કારણકે અહીં ગલીચ વસ્તુનો એક પણ ભાગ ચીનાલોકો નકામો જવા દેતા નથી, પરંતુ ચીના લોકોએ સ્નાન કરવાની જાણે બાધાજ લીધી હોય નહિ તેવું અહીં લાગે છે, તેથી હું આ શહેરને ગલીચ કહું છું. દરેક ઘર, દુકાનની ગરજ સારે છે; અને લોકો રહેવાને માટે ઘરતરીકે છેક ઉપરની જગા વાપરે છે. ગલીઓ બહુજ સાંકડી હોય છે, તેથી તેમાંથી પસાર થતાં બંને બાજુએ દુકાનને લગભગ અડી જવાય છે. દશ કદમ ચાલો કે માંસની દુકાનો આવે છે, અને કેટલીક દુકાનમાં મીંદડાનું અને કૂતરાનું માંસ વેચાય છે. આ માંસનો ઉપયોગ અલબત બહુ ગરીબ ચીના લોકજ કરે છે.

અહીં ચીનાઈ સ્ત્રીઓ કદી બહાર દેખાતીજ નથી. ઉત્તર હિંદુસ્તાનના હિંદુઓની પેઠે અહીં સખત જનાનો પાળવામાં આવે છે. ફક્ત મજુર વર્ગની સ્ત્રીઓજ નજરે પડે છે. આ સ્ત્રીઓના પગ આપણા નાનામાં નાના બાલકના પગ કરતાં નાના જોવામાં આવે છે, આથી તેઓને ચાલતાં પણ ફાવતું નથી.

કંતાનમાં મેં કેટલાંક ચીનાઈ મંદિરો જોયાં, તેમાં સૌથી મોટામાં મોટું જે દેવળ છે તેના મધ્ય ભાગમાં બુદ્ધની મૂર્તિ છે, અને તેની બરાબર નીચે જે પ્રથમ બૌદ્ધ મહારાજા થયો તેની મૂર્તિ આવેલી છે, અને તેની આસપાસ બીજા પાંચશે અનુયાયીઓ કે જેણે ઉક્ત રાજા સાથે પ્રથમ દીક્ષા લીધી હતી તેનાં બાવલાંઓ—મૂર્તિઓ છે. આ બધી મૂર્તિઓ લાંકડામાંથી કોરી કાઢેલી છે.

પછી અમે હોંગકોંગ બંદરે ફરીથી આવ્યા અને ત્યાંથી જાપાન જવા નીકળ્યા. પહેલું બંદર નાગાસાકી આવ્યું, ત્યાં અમે થોડા કલાક રહી ગાડીમાં બેસી શહેરમાં ફરી આવ્યા. અહાહા! અહીંની

સ્વચ્છતાનું શું વર્ણન કરવું ? ચીનાઓ અને જાપાનીઓમાં કેટલો બધો ફરક ?! મને લાગે છે જાપાની લોકોમાં જેટલી સ્વચ્છતા છે, તેટલી દુનિયાના થોડા લોકોમાં હશે. જે જે વસ્તુ અહીં જોવામાં આવે છે તે ડાઘાડુઘી વગરની સુંદર જોવામાં આવે છે. શેરીઓ બધી પહોળી, સીધી, અને ફરસબંધી વાળી હોય છે. પાંજરાં જેવાં નાનાં નાનાં પણ સ્વચ્છ ઘરો, અને બહુધા દરેક ઘરને નાના નાના બગીચા, એવી વ્યવસ્થા દેખાય છે. વળી દરેક શહેર અને ગામમાં આવેલી નાની નાની ટેકરીઓ વનસ્પતિથી હમેંશા લીલીને લીલી રહે છે, અને તેથી સુંદરતા વિશેષ પ્રદર્શિત થયેલી લાગે છે. જાપાની લોકોનું ઠીંગણું કદ, સુંદર ચામડી, શરીરનો વર્ણ, તરેહ તરેહનો પોશાક, બોલવા ચાલવાની ઢબ, શરીરના હાવભાવ વગેરે સર્વ કંઇ વિચિત્રજ છે. જાપાનનો આખો દેશ સુરમ્ય ભૂમિ છે, દરેક ઘરની પાછળ નાના બગીચામાં જાપાની ઢબ પ્રમાણે નાનાં નાનાં ઝાડ, ઘાસના ક્યારાઓ, નાના નાના ફુવારાઓ, અને નાના નાના પથ્થરના પૂલો સુંદર રીતે ગોઠવેલાં હોય છે.

નાગાસાકીથી કોબે બંદર આવ્યા. અહીંથી સ્ટીમરદ્વારા મુસાફરી કરવાનું પડતું મૂકી જમીન રસ્તે જવાનું શરૂ કર્યું, અને જાપાનનો મધ્ય પ્રદેશ જોવાના હેતુથી યોકોહામા પહોંચ્યા. આ પછી જાપાનમાંનાં મોટાં ત્રણ શહેરો અમે જોયાં, તેનાં નામ ઓસાકા, કે જે એક મોટું શહેર છે અને જેમાં ઘણી જાતના માલ બનાવવાનાં કારખાનાં છે; કિઓટો કે જે પૂર્વે રાજધાનીનું શહેર હતું, અને ટોકીઓ કે જે હાલની રાજધાનીનું શહેર છે. ટોકીઓ કલકત્તા કરતાં લગભગ બમણું મોટું છે, અને વસ્તી પણ બમણી છે. જાપાનના મધ્ય પ્રદેશમાં ફરવા માટે દરેક પરદેશીને પાસ–પરવાનો લેવાની ફરજ પડે છે.

હાલનો સમય કેવો પ્રવર્તે છે, તેની સંપૂર્ણ જાગૃતિ જાપાની લોકોને છે. તોપો વગેરે શસ્ત્ર અસ્ત્રની સામગ્રીવાળું સૈન્ય તેઓ ધરાવે છે; અને તેમાં જે તોપો રાખવામાં આવે છે તે એક જાપાની અધિકારીએ શોધ કરી બનાવેલી છે તેજ છે, અને તે દુનિયાની કોઇપણ જાતની તોપ કરતાં ઉતરતી નથી. વળી તેઓ પોતાનું નૌકાસૈન્ય પણ નિરંતર વધારતા જાય છે, અને એક જાપાની એંજીનીઅરે ભૂમિમાંથી ખોદી કાઢી બનાવેલું એક મેલ લાંબુ ટનલ મેં જોયું છે.

દીવાસળીનાં કારખાનાં ખરેખર જોવા લાયક છે, અને દરેક વસ્તુ કઇ રીતે પોતાના દેશમાંજ બનાવી શકાય, એ ઉપર જાપાની લોકોનું હમેશાં લક્ષ રહે છે. ચીન અને જાપાન વચ્ચે વ્યવહાર ચલાવતી આગબોટો ધરાવતી એક જાપાની કંપની છે, અને તે થોડા વખતમાં મુંબઇ અને યોકોહામા વચ્ચેનો વ્યાપાર શરૂ કરવા ઇચ્છા રાખે છે.

અહીં પણ મેં પુષ્કળ મંદિરો જોયાં, દરેક મંદિરમાં જૂની બંગાલી લિપિમાં લખેલ કેટલાક સંસ્કૃત મંત્રો માલુમ પડે છે; અહીં ફક્ત થોડા સાધુઓ—ભિક્ષુઓને સંસ્કૃતનું જ્ઞાન છે; પરંતુ ભિક્ષુઓ ઘણા બુદ્ધિમાન્ દેખાય છે. નવીન વર્તમાન સુધારાએ ભિક્ષુવર્ગમાં પણ પ્રવેશ કરેલ છે. જાપાની લોક માટે જે જે વિચારો મારા મનમાં આવે છે, તે આ એક ટુંક પત્રમાં લખી શકવાને હું સમર્થ નથી. ફક્ત હું જે કહેવા અને જોવા માગું છું તે એજ છે કે આપણા સંખ્યાબંધ યુવકોએ દરેક વર્ષે જાપાનની મુલાકાત લેવી. જાપાની લોકોના મનમાં હિંદુસ્તાન માટે એવો અભિપ્રાય છે કે જે જે ઉચ્ચ અને સારૂં છે તે સર્વના મનોરાજ્યરૂપી હિંદભૂમિ છે, અને આપણે કોણ છીએ ? હિંદી લોકો ! તમે જન્મભર મિથ્યા

બકનારા, બડાઇ હાંકનારા છો અને કૃતિમાં શૂન્ય છો! અહીં આવો અને જાપાની લોકને નિહાળો! અને પછી ખૂણામાં જઇ શરમીંદા થઇ મોં છૂપાવો! તમે સુસ્ત લોકો છો! તે અહીં આવોજ ક્યાંથી? આવો તો તમારી નાતને ખૂઓ છો, કારણ કે તમારા શાસ્ત્રોમાં પરદેશમાં પગલાં મૂકવાની મના કરેલી છે તે તમારી આડે આવે છે! જ્યાં આજ હજારો વર્ષ સુધી મીઠી નિદ્રા પ્રવર્તી રહી છે, અને ઘર કરી રહેલા વહેમોનો જબરો ભાર શિરપર હમેશાં વધતો જાય છે, જ્યાં આ ખોરાક સ્પર્શ કરવા લાયક છે કે નહિ એવી એવી મિથ્યા ચર્ચામાં હજારો વર્ષો વ્યતીત થયાં છે, અને જ્યાં યુગાંતરો સુધી સાંસારિક જૂલમ નિરંતર ચાલવાથી સર્વ મનુષ્ય જાત દબાઇને કચડાઈ ગઈ છે ત્યાં તમે કોણ છો? અને હમણાં તમારી પ્રવૃત્તિ શું છે?...હાથમાં મોટાં પુસ્તકો લઇ સમુદ્ર કિનારા પર ફરવું, યુરોપીઅન લોકો પાસેથી અધકચરા મેળવેલા જ્ઞાનથી બડબડાટ કરવો, અને ૨૫-૩૦ રૂપીઆની એક કલાર્કની નોકરી મેળવવી એજ છે. વિશેષ જો થાય તો વકીલ થવામાં સર્વસ્વ માની લેવાય છે. આ યુવાન હિંદીની મહત્વાકાંક્ષાની પરાકાષ્ટા છે—અને દરેક વિદ્યાર્થીની દશા જુઓ તો ઘેર ભૂખ્યા છોકરાનું ટોળું પાંખોડા ભર ચાલતું અને રોટલીના કટકા માટે ટળવળાટ કરતું જેવામાં આવે છે. અરે! શું સમુદ્રમાં એટલું પાણી નથી કે જેમાં તમારી પોતાની, તમારા પુસ્તકોની, ઝભાઓની અને યુનિવર્સીટીનાં સર્ટીફીકેટો, ડિપ્લોમાની જલસમાધિ ન થઇ શકે?

પ્રિય બાંધવો! તમે મનુષ્ય છો એ સુદ્ધાં તમે વિસરી ગયા છો? જાગો! અને સાધુઓ—તમારા ઉપદેશકો—ભટભિક્ષુઓ કે જે હમેશાં સુધારણાના કટ્ટા શત્રુઓ છે, તેમને લાત મારો; કારણ કે તેઓ કદી પણ સુધરવાના કે સુધારવાના નથી; તેઓનાં અંતઃકરણો કદી પણ

મહાન્ થવાનાં નથી. તેઓ જમાનાઓના વહેમ અને જૂલમની ઓલાદ છે. આવા સાધુવર્ગને પ્રથમથીજ નિર્મૂળ કરો; પછી તમે ખરા મનુષ્ય થઈ શકશો. તમારા સાંકડા દરોમાંથી બહાર નીકળી બીજા લોકો તરફ જરા ડોળા ઉઘાડી જૂઓ ! અન્ય પ્રજાઓ કેટલી ઝડપથી આગળ વધતી જાય છે ! મનુષ્ય જાતિ પર તમને પ્રેમ છે કે ? તમારી જન્મ-ભૂમિપર પ્રેમ છે ? જો તેમ હોયતો ચાલો, આપણે બધા જે જે વધારે ઉચ્ચ અને સારૂં છે તેને માટે જીવતોડ મહેનત કરીએ ! પરંતુ પાછળ જુઓ નહિ ! અરે ! વહાલામાં વહાલા અને નજીકના નજીક એવા સ્વજનોની રડતી બૂમ સાંભળો તોપણ પાછળ ન જોતાં આગળ વધો !

હિંદુસ્તાનને આજ ખરા એક હજાર પોતાના યુવાન નરોના આત્મભોગની જરૂર છે.—પણ આ સર્વ **નરો** શુદ્ધ હૃદયવાળા હોવા જોઇએ, **પશુઓ** નહિં. ઘણા સમયથી જમાવટ કરી રહેલા તમારા સુધારાને તોડવા માટે **ઈશ્વરી સત્તાએ અંગ્રેજી રાજ્ય** મોકલેલ છે, આ **ઈશ્વરી** કાર્યમાં **મદ્રાસે અંગ્રેજોને** પહેલવહેલો ઉતરવાનો સત્કાર કરી સારી રીતે મદદ આપી છે. હવે એક નવું **ઈશ્વરી** કાર્ય કરવાનું છે.—દુષ્કાળમાં હજારો ગરીબ માણસોને મૃત્યુના મુખમાં પડવા ન દેતાં તેના તરફ સહાનુભૂતિ—અનુકંપા બતાવી રોટલી આપવાના—એકંદર સર્વ પ્રજાને જ્ઞાનનો પ્રકાશ પૂરો પાડવાના,—અને તમારા પૂર્વજોના જૂલમથી જે માણસોને પશુની સપાટી પર લાવવામાં આવ્યા છે તે માણસોને ફરી માણસો બનાવવાનાં—કાર્ય કરવામાં મરણ પર્યંત જીવનની બીલકુલ દરકાર ન કરનારા એવા નિઃસ્વાર્થી, અને સરલ સ્વભાવ વાળા માણસો **મદ્રાસ** કેટલાં પૂરાં પાડશે. ?

આપનો ૯૦ વિવેકાનંદ.

તા૦ ક,

એક સૂચના કરવાની છે; તે એ કે હમણાં પ્રત્યક્ષ શાંતિથી મૌન-રીતે કાર્યમાંજ પડવાનું છે; બાકી વર્તમાન પત્રમાં જાહેરાત આપવાનું, નામ કાઢવાનું બિલકુલ પ્રયોજન નથી; તમારે ખાસ લક્ષમાં રાખવાનું છે કે આપણે શાંત, નિઃશબ્દ અને અવિશ્રાંત ઉદ્યોગનીજ ફક્ત જરૂર છે.

વિ.

પત્રાંક ૬.

શ્રીજી મેડાઝ.
મેટ્કાફ માસ.
૨૦ મી આગસ્ટ ૧૮૯૩.

પ્રિયબંધુ.

આપનું પત્ર કાલે પહોંચ્યું. જાપાનથી લખેલ પત્ર આપને પ્રાપ્ત થયેલ હશેજ. હું જાપાન છોડીને ઉત્તર પાસિફિક સમુદ્રના રસ્તે થઇને વાનકુંવર પહોંચ્યો. ટંડી અતિશય પડતી હતી અને મારી પાસે ગરમ કપડાં ન હોવાથી મને ઘણું સહન કરવું પડ્યું; છતાં વાનકુંવર ગમે તે પ્રકારે સુખરૂપ પહોંચ્યો અને ત્યાંથી કેનેડા દેશમાં થઇને ચિકાગો ગયો. ત્યાં બાર દિવસ લગભગ રહ્યો અને ત્યાં દરરોજ પ્રદર્શન જોવાને જતો. આ પ્રદર્શન બહુ ભવ્ય, અને મહાન્ હતું. આમાં સઘળું જોવાને વાસ્તે ઓછામાં ઓછા દશ દિવસો હોય ત્યારે કામ આવે. જે બાઇની સાથે મને બી—એ ઓળખાણ કરાવી હતી તે અને તેણીનો પતિ ચિકાગોનાં ઉત્તમ વર્ગનાં મનુષ્યો છે; અને તેઓએ મારા તરફ બહુ મમતા દર્શાવી હતી. પછી ચિકાગોથી બોસ્ટન આવ્યો, બોસ્ટન પહોંચ્યા સુધી મિ૦ એલ—મારી સાથે હતા, તે પણ મારા પ્રત્યે બહુ માયાથી વર્તતા હતા.

અહીંની રહેણી બહુ ખર્ચાળ છે, તેથી મને તે બહુ ભારે પડી, સરાસરી દરેક દિવસે મને એક પાઉંડનું ખર્ચ છે; એક ચિરૂટના આઠ આના પડે છે. આ ઉપરથી કલ્પના થશે કે દરેક ચીજ અહીં મોંઘી છે. અમેરિકાવાસી એટલા બધા ધનવાન્ છે કે પાણીના મૂલે પૈસા ખર્ચે છે, અને વળી અમુક જણસ અમુક ભાવ સિવાય ન વેચવી એવો નિર્બંધ કાયદાથી ફરજીયાતપણે કરેલો હોય છે; આથી કરીને દુનિયાની બીજી કોઈ પ્રજા ત્યાં આવવા શકતી નથી. દરેક સામાન્ય મજૂર રોજના નવ કે દશ રૂપીઆ કમાય છે, અને વાપરે છે. અમેરિકા ગયા પછી 'આ કરીશ, તે કરીશ' એવા ગુલાબી ખ્યાલો દૂર થયા છે, અને હવે તો અશકયતા સામે યુદ્ધ કરવાનું મારે માટે રહે છે. આ દેશમાંથી નીકળી પાછા હિંદુસ્તાન જવાનો વિચાર મને એક સો વખત થયો હતો; પણ હવે મને દૃઢ રીતે સ્થિરતા પ્રાપ્ત થઇ છે, અને મને અહીંઆં ઈશ્વરી સંદેશાએ મોકલાવ્યો છે; હું હવે કોઇ માર્ગ જોઇ શકતો નથી. ફક્ત ઇશ્વરનાં ચક્ષુઓ નિહાળું છું, અને મારે હવે મારા કર્તવ્યને જીંદગી સુધી કે મરણ પર્યંત વળગી રહી તે બજાવવું જોઇએ. '**देहं वा पातयेत् अर्थं वा साधयत्**' એજ મારૂં સદોદિત ચિંતન ચાલી રહ્યું છે.

હમણાં હું બોસ્ટન પાસેના એક ગામડામાં એક વૃદ્ધ બાઇના પરોણા તરીકે રહું છું. આ બાઇની ને મારી ઓળખાણ આગગાડીમાં અચાનક થઇ ગઇ; તેણીએ મને પોતાને ત્યાં આવી વસવાને આગ્રહપૂર્વક આમંત્રણ કર્યું, અને મેં તે સ્વીકારી લીધું. તેણીની સાથે અહીં રહેવામાં મને એ લાભ થાય છે કે દરરોજનું મારૂં ૧૫ રૂપીયાનું ખર્ચ થોડા વખત માટે બચે છે અને તેણીને એ લાભ થાય છે કે તેણી પોતાના ઇષ્ટ મિત્રોને આમંત્રણ કરી બોલાવે છે, અને હિંદની એક

વિચિત્ર વસ્તુનું–મારૂં પ્રદર્શન બતાવે છે. આ રીતે બંનેનું કાર્ય થાય છે. આ બધું વેઠી લેવું જોઇએ. ભૂખથી રીબાવું–ઠંડીનો ઉપદ્રવ સહન કરવો–અને મારા વિચિત્ર પોશાકને લઇને શેરીઓમાં હુરીઓ હુરીઓ થવું–પડે છે. પરંતુ મારા વ્હાલા મિત્ર! કોઇપણ મહાન્ કાર્યો મહાન્ પરિશ્રમ વગર બની શક્યાં નથી. એ બરાબર મારા ખ્યાલમાં છે.

* * * આ દેશ કેવળ ખ્રિસ્તી લોકોનો છે અને ઇતર ધર્મની અસર શૂન્યવત્ છે એ લક્ષમાં રાખવાનું છે. વળી અહીં કોઇપણ દુનિયાના કોઇ નવા પંથની દરકાર કરતો નથી. હું અહીં મેરીના પુત્રનાં બાલકો વચ્ચે વસું છું, અને ભગવાન્ ઈશુ ખ્રિસ્ત મને સહાય આપશે. તે ખ્રિસ્તી લોકો હિંદુ ધર્મના ઉદાત્ત વિચારોને અને ઈસુ ખ્રિસ્ત પ્રત્યેના મારા પ્રેમને ઘણા પસંદ કરે છે; ગૅલિલિના મહાત્મ્ય વિરૂદ્ધ હું કંઇ પણ ઉપદેશ આપતો નથી એવું હું લોકોને કહું છું; હું ખ્રિસ્તી લોકને એટલી માગણી કરૂં છું કે તમે જે દૃષ્ટિથી ખ્રિસ્ત પ્રત્યે જુઓ છો તેજ દૃષ્ટિથી હિંદુસ્તાનના મહાત્માઓ તરફ નજર કરો, અને આ માગણીની તેઓ સારી રીતે કદર કરે છે.

હવે શિયાળો નજીક આવતો જાય છે, અને તેથી મારે બધી જાતનાં ગરમ લુગડાં લેવાં પડશે; અને અહીંના વતની કરતાં આપણને તો વધારે ગરમ કપડાં જોઇએજ. મિત્ર! ચપળતા અને ધીરજ ધર. આપણે હિંદુસ્તાનમાં મહાન્ કાર્યો કરવા માટે ઈશ્વરના દરબારથી સરજાયેલાં છીએ; શ્રદ્ધાવાન્ થા; આપણે તે કરી શકશું. આપણે કે જે નિર્ધન અને તિરસ્કૃત છીએ તેમને ખરેખરૂં લાગી આવે છે, નહિ કે તેઓને......

ગઈ કાલે ચિકાગોમાં એક મજા થઇ. ક–ના રાજા સાહેબ અહીંઆં આવેલ હતા અને અહીં ચિકાગોના લોકનો અમુક ભાગ તેમને

મોટો ભા' બનાવવાના પ્રયત્નો કરતો હતો. હું તે રાજાને પ્રદર્શનની જગ્યાએ મળ્યો, પણ તે પોતાને બહુ મહાન્ માનતો હતો, તેથી મારા જેવા એક ગરીબ ફકીર સાથે તેણે વાત પણ કરી નહિ. પછી મને ત્યાં એક તુરંગી દક્ષિણી બ્રાહ્મણ મળ્યો. તે ધોતીઉં પહેરી નખથી કોતરેલાં ચિત્રો પ્રદર્શનમાં વેચતો હતો. એ માણસે તે રાજાની અતિશય નિંદા વર્તમાનપત્રોના બાતમીદારોની પાસે કરી, અને તે રાજા હલકી વર્ણનો છે, એવા રાજાઓ ગુલામ કરતાં ચડીઆતા નથી અને તેઓ સામાન્ય રીતે નીતિભ્રષ્ટ જીંદગી ગાળે છે, વગેરે વગેરે. આ વાતોને વજન આપવા સત્યતાથી ભરેલા (?) અધિપતિઓ કે જેના માટે અમેરિકા પ્રખ્યાત થયેલ છે, તેમણે બીજે દિવસેજ લાંબા લાંબા કોલમો ભરી છાપી નાંખી, અને તેમાં હિંદથી આવેલા એક શાણા પુરૂષ તરીકે મને વખાણી સાતમે આસમાન ચડાવી મારૂં વર્ણન આપ્યું હતું, મારા સ્વપ્નમાં પણ ન આવે તેવા શબ્દો મારા મુખેથી નીકળેલા જણાવ્યા હતા, અને પેલા મરાઠા બ્રાહ્મણે રાજા માટે જે જે કહ્યું હતું, તે મેં કહ્યું હતું, એમ ડિંડિમ નાદથી નગારૂં ઠોકી દીધું હતું–આથી ચિકાગોના આખા જનસમાજે ઉતાવળથી પેલા રાજાનો પરિચય મૂકી દીધો...આ પરથી જણાશે કે વર્તમાનપત્રના અધિપતિઓ મારા દેશજનો ઉપર કેવા મિથ્યા આરોપો મૂકે છે, આ બુદ્ધિમત્તાનો નમુનો! અહીં–આ દેશમાં ધન, અને પદવીનો ભભકો કંઇ કામ આવતો નથી.

કાલે સ્ત્રીઓની તુરંગની મુખ્ય સુપ્રીન્ટેન્ડન્ટ મિસીસ–મને મળી. અહીં તુરંગોની વ્યવસ્થા એટલી બધી સરસ છે કે તેનું વર્ણન હું જ્યારે કરીશ, ત્યારે તે ખરૂં સુદ્ધાં લાગશે નહિ. તે પ્રત્યક્ષ જોવાનીજ જરૂર છે. પ્રથમતો અહીં 'તુરંગ' એ નામજ અપાતું નથી, પણ તેને 'સુધારણા–શાળા' કહે છે. અહીં આવતા કેદીઓની સાથે કેવી પરો-

પ્રકાર વૃત્તિથી વર્તવામાં આવે છે, કેવા મજેના ધંધા શીખવી તેઓને સુધારવામાં આવે છે, અને પછી સમાજના ઉપયોગી અંગ તરીકે પાછા રાજ્યમાં મોકલવામાં આવે છે, એ જોઇ ભવ્યતા અને સૌંદર્ય અમારી નજર આગળ ખડાં રહે છે? પરંતુ બીજી બાજુએ જ્યારે આપણા દેશનો વિચાર કરીએ છીએ ત્યારે અફસોસ, કેટલી બધી દીલગીરી ઉપજે છે. હિંદના ગરીબ અને પતિત લોકોની સ્થિતિ માટે આપણે શું કર્યું છે એનો વિચાર કરતાં ચિત્તમાં દારૂણ દુઃખ થાય છે; તે બિચારાઓને સંકટમાંથી બહાર નીકળવાની બારી, રસ્તો કે જરા સરખો સંજોગપણ નથી. હિંદના ગરીબ, પતિત કે પાપાત્માઓનો કોઈ મિત્ર નથી-- કોઇ સહાયક નથી--તેઓ ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ આગળ વધી શકે એવું રહ્યુંજ નથી; તેઓ દરરોજ ઉત્તરોત્તર નીચી શ્રેણીમાં પડતા જાય છે, આપણા ક્રુર લોકો તેઓના પર કારી ઘા મારતા જાય છે, અને તે એવી છૂપી રીતે મારે છે કે કઇ દિશાએથી તે ઘા આવે છે, તેની સમજ પણ તેઓને પડતી નથી; અને તેઓ મનુષ્ય જાત છે એવું પણ ભાન તેમને રહેવા દીધું નથી. આના પરિણામે જ્યાં ત્યાં ગુલામગીરીજ છે. છેલ્લા થોડાં વર્ષો દરમ્યાન વિચારશીલ પુરૂષોના લક્ષ્યમાં આ વાત આવેલી હતી; પણ દુર્દૈવની વાતછે કે આ સર્વ અનર્થનું કારણ હિંદુધર્મ છે, એવું તેઓએ તર્કથી જાહેર કર્યું, અને વળી તેઓને આમ લાગ્યું કે હિંદુ ધર્મ જે આજ જગતમાં સર્વ ધર્મોમાં મોટો ધર્મ છે, તેનો નાશ કરવો એજ આપણી સ્થિતિ સુધારવાનો ઉપાય છે! પણ પ્રભુની ઇચ્છાથી મેં તેનો ભેદ શોધી કાઢયો છે; તું મિત્ર! બરાબર લક્ષ્યમાં રાખજે કે આમાં ધર્મનો મુદ્દલ દોષ નથી, એટલુંજ નહિ પરંતુ આપણો ધર્મ તો સાથે એવું પુકારી કહે છે કે' **सर्वं खल्विदं**

ત્મા '—કે દરેક આત્મા તે તારા પોતાના આત્માને ઉત્તરોત્તર વધારતો જે આવે તેજ છે. મારા મત પ્રમાણે તો આ અનર્થનાં કારણ હિંદુ ધર્મના તત્ત્વનાં વ્યાહારિક સ્વરૂપનો અનુપયોગ, સહાનુભૂતિ—અનુકંપામાં ઉણપ, અને હૃદયગત ગુણોનો અભાવ છે. પરમેશ્વરે એક વખત બુદ્ધરૂપે આ ભૂમિમાં અવતાર લઈ પ્રેમનું સ્વરૂપ કેવું હોવું જોઇએ તે પોતાના આચારથી—ચારિત્રથી બતાવી આપ્યું છે; અત્યંત દરિદ્રી, અત્યંત દુઃખાપન્ન, અને અત્યંત પાપી એવા લોકો પ્રત્યે આપણી લાગણી, અનુકંપા કેવી હોવી જોઇએ તે શીખવ્યું છે; પરંતુ આ શિક્ષકના પાઠ આપણે એટલા બધા બહેરા હતા કે સાંભળ્યા નહિ. આપણા ધર્મગુરૂઓએ ભયાનક કથા એવી ઉપજાવી કાઢી કે ભગવાને રાક્ષસોને અસત્યવાદની માયામાં લપટાવવા માટે અવતાર લીધો હતો. આ કથા ખરેખર ખરી છે અને તે આ રીતે કે જેને તમે રાક્ષસો માનોછો તે રાક્ષસો નહિ પણ આપણે પોતેજ રાક્ષસો છીએ, અને જેવી રીતે જયુ લોકોએ ભગવાન્ ઈશુખ્રિસ્તનો ઉપહાસ કર્યો તેથી તેઓ ત્યારથી ઘરબાર વગરના ભીખારીઓ તરીકે પૃથ્વી પર ભટકે છે, અને જ્યાં જાય ત્યાં તેના પર જૂલમ થયાં કરે છે, તેવીજ રીતે તમે (આપણે) જે પ્રજા તમારા ઉપર રાજ્ય કરવાનું ધારે છે તે દરેક પ્રજાના પાક્કા દસ્તાવેજથી બંધાઈ ગયેલા ગુલામ છો—અનેક મહાત્માઓનો ઉપમર્દ કરીને હાલની અધમદશા આપણે હાથે કરીને વહોરી લીધી છે. અરે જૂલમગારો! તમે આજસુધી જે જૂલમ કર્યાં છે, તેથીજ તમે હમણાં ગુલામ થયા છો. આ તમને સમજાતું નથી. જુલમ અને ગુલામગીરી એ બંને એકમેકના સગા ભાઈ છે—બંનેનો સમાન અર્થ છે આ તમો જુલમગારોને સમજાતું નથી!

હું જ્યારે પોંડિચેરીમાં હતો ત્યારે એક સાંજે આપણે એક

પંડિતની સાથે પરદેશગમન સંબંધમાં ચર્ચા કરતા હતા તે બી—અને જી—ને સ્મરણમાં હશે. હું તો તે પંડિતના પશુતુલ્ય હાવભાવ અને 'कदापि न' એ વાક્યો કદી પણ ભૂલી જઇ શકીશ નહિ. તેઓને ભાન નથી કે હિંદ એ જગત્નો ઘણો ન્હાનામાં ન્હાનો ભાગ છે, અને સર્વ જગત્ હિંદની સુંદર ભૂમિપર પેટે ચાલતા એવા ત્રીશ કરોડ કીડાઓ ઉપર તિરસ્કારની દૃષ્ટિથી જૂએ છે, અને તેના પર જૂલમ કરે છે. આ વસ્તુસ્થિતિનો હવે અંત લાવ્યા વગર છુટકો નથી તે અંત ધર્મનો નાશ કરવાથી નહિ, પણ તે હિંદુ ધર્મના મહાન સિદ્ધાંતોનું અનુસરણ કરવાથી, અને તેની સાથે હિંદુ ધર્મ—અને બૌદ્ધ ધર્મ એ બંનેના યુક્તિ પુરઃસરના વિકાસનું અદ્ભુત્ સંમેલન કરવાથી આવશે.

જેના હૃદયમાં પવિત્રતાના ઉત્સાહની અગ્નિ પ્રજ્વલિત છે, જેઓની પ્રભુમાં સંપૂર્ણ રીતે સ્થાયી શ્રદ્ધા છે, અને જેનાં બળ અને ધૈર્ય દરિદ્રી, પતિત અને અધમ સ્થિતિમાં કચરાયેલ બાંધવો માટે સિંહનાં જેવાં છે, તેવા એક લાખ સ્ત્રી પુરૂષોની જરૂર છે. તેઓ સર્વ ભૂમિ પર એક છેડેથી બીજા છેડા સૂધી ફરી મુક્તિનો, સહાયનો, સામાજિક સુધારણા—ઉન્નતિનો—ટૂંકામાં સમાનભાવનો પ્રબલ ઉપદેશ કરશે.

સર્વપર સમાન ભાવ રાખવો એ તત્ત્વ જેટલી ઉત્તમ રીતિથી હિંદુધર્મમાં શીખવેલું છે, તેટલું દુનિયાના બીજા કોઇપણ ધર્મમાં શીખવ્યું નથી; અને (તે છતાં) હિંદુ ધર્મ જે રીતિએ ગરીબ અને પતિત લોક પર જૂલમ કરે છે તે પ્રમાણે જગત્નો બીજો કોઈ પણ ધર્મ કરતો નથી. પ્રભુએ મને એનો માર્ગ દેખાડ્યો છે કે ધર્મ દોષવાન્ નથી, પણ હિંદુધર્મમાં રહેલા ખ્રિસ્તી ધર્મમાં કથેલા ફેરીસીઝ અને સેડ્યુસીઝ જેવા ધર્મઢોંગી લોકોજ દોષને પાત્ર છે કે

જેણે પારમાર્થિક અને વ્યાવહારિક એવા બે ભેદ પાડી તેને જૂલમ કરવાનાં યંત્રો તરીકે વાપરવાનું શોધી કાઢયું છે.

અસ્તુ ! નિરાશ થતો નહિ; ગીતામાં ભગવાનના “ **कर्मण्येवाधिकारस्ते माफलेषु कदाचन** ” કર્મમાંજ—કાર્ય કરવામાંજ તારો અધિકાર છે, તેના ફલ પ્રત્યે કદી પણ તારે જોવાનું નથી એ વાક્યો યાદ રાખ, અને તે માટે હે મિત્ર ! તું કમ્મર બાંધ ! મને તો તેજ કાર્ય કરવાની પ્રભુની આજ્ઞા થઈ છે. આખી જીંદગીમાં જૂલમ અને અડચણોથી ઘસડાતો આવ્યો છું, પ્રિયમાં પ્રિય અને સ્નેહીમાં સ્નેહી એવાં સ્વજનોને લગભગ ભૂખથી રીબાઇને મૃતપ્રાય થયેલાં મેં જોયાં છે, જેની વ્હારે હું ધાયો, અને તેમ કરવામાં સંકટ સહન કર્યાંથી તેઓથી હું તિરસ્કાર, અપમાન, પામ્યો છું, અને તેઓએજ મારા પર અવિશ્વાસ આણી દુઃખ આપ્યું છે; પણ મિત્ર ! એક દૃષ્ટિએ તે યોગ્યજ છે. જગત્ દુઃખનો પાઠ આપનારી શાળા છે. તે શાળામાંજ અનુકંપા, સહનશીલતા, અને સર્વ કરતાં ચડીઆતી એવી તથા આખી સૃષ્ટિ ભાંગીને ઝીણી રજ જેવી થઈ જાય તોપણ નહીં ચળનારી એવી અડગ અને પ્રચંડ ઇચ્છાશક્તિનો વિકાસ થાય છે; તે વિકાસથીજ મહાન્ પુરૂષો અને તત્ત્વવેત્તાઓ ઉત્પન્ન થયા છે. આજ આ શાળાનો મહાન્ લાભ છે. જેમણે જેમણે મારો ઉપહાસ કર્યો તે પ્રત્યે મારી બીલકુલ દ્વેષબુદ્ધિ નથી. બુદ્ધિમાં તેઓ બીલકુલ બાળક છે. લોકોમાં મ્હોટા અને શાણા કહેવાણા, તેથી કંઇ ખરૂં મ્હોટપણ અને શાણપણ પ્રાપ્ત થતું નથી. તેઓનાં નયનો થોડા વારની નાની દૃષ્ટિમર્યાદાની પેલીપાર જોતાંજ નથી. જે તે જુએ છે તે હમેશનું કાર્ય છે—જેવું કે ખાવું, પીવું, કમાવું, અને સંતતિ ઉત્પન્ન કરવી. આમ અસ્તિત્વના વ્યવસ્થિત ક્રમ પ્રમાણે ચાલ્યું જાય છે. તે બિચારા

આનંદી ક્ષુદ્ર જીવો, આ કરતાં વિશેષ જાણતા નથી; તેઓ એવી નિદ્રામાં પડેલા છે કે તેમાં કોઇ ખલેલ પાડતું નથી. તેઓને જીંદગીનો અભ્યાસ એવો અલ્પ, મજાનો, અને રંગીન છે કે હજારો વર્ષના જૂલમના પરિણામે જે વિપત્તિ, દુઃખ, અધમાવસ્થા અને દારિદ્રતાથી આખું હિંદનું વાતાવરણ વ્યાપ્ત થઇ રહેલું છે તેની કારી ચીસનો અવાજ સહજ પણ તેમના કાને આવ્યો નથી. તેઓના જરા સ્વપ્નમાં પણ આવ્યું નથી કે માનસિક, નૈતિક અને શારીરિક જૂલમ અનેક યુગો થયાં પડતો રહેવાથી **પ્રભુની મૂર્તિને (મનુષ્યને) એક** ભારવાહક પશુતુલ્ય, **દિવ્ય માતાના ચિન્હને (સ્ત્રીને)** બાળક ઉત્પન્ન કરનારી ગુલામડી જેવી, અને મનુષ્ય જીવનને એક શ્રાપ સમાન કરી દેવામાં આવેલ છે; પરંતુ હજુ બીજાઓ છે કે જે તે જોઇને દ્રવે છે, અને અંતઃકરણમાં રક્તનાં આંસુ ઝેરે છે, જેઓ તે દુઃખનો પણ ઉપાય છે એમ માને છે, અને દેહ પડી જાય ત્યાં સુધી પણ ગમે તે ભોગ આપીને તે ઉપાય લેવા સુતત્પર છે. '**પ્રભુનો દરબાર આવાનો છે.**' તો હવે મારા મિત્રો! આવા આત્મભોગી આત્માઓને જે તિરસ્કારને પાત્ર નાનાં ક્ષુદ્ર જંતુઓ દરેક સમયે પોતાના ક્ષુદ્ર ડંખો મારવાને તત્પર છે તેઓના મિથ્યા બકવાદ પ્રત્યે દષ્ટિ—પોતાના ઉચ્ચ ઉદેશથી નીચી દષ્ટિ કરવાને બીલકુલ અવકાશ નથી, એમ કહેવું શું સત્ય નથી?

જેમને લોકો ધનવાન્ કહે છે તેપર બીલકુલ વિશ્વાસ ન રાખો. તેઓ જીવ્યા કરતાં વધારે મરેલા છે. તમારા ઉપરજ—સ્વભાવે ગરીબ હલકા દરજ્જાના પણ વિશ્વાસુ ઉપરજ ઉદયની આશા છે. **પ્રભુમાં** શ્રદ્ધા રાખો, અને જે કંઇ કરવું તે સરલ, ખુલ્લી રીતે કરવું, તેમાં આડો પડદો રાખવાની જરૂર નથી. ગરીબ માટે હ્રદયભાવથી લાગણી રાખો, અને મદદની જરૂર લાગે તો પરમેશ્વર તરફથી તે **જરૂર મળશે ને મળશે.**

એ સંબંધે બિલકુલ સંદેહ રાખવો નહિ. આ ભાર અંતઃકરણમાં રાખી, અને આજ વિચાર મગજમાં ધારી બાર વર્ષ સુધી હું ભમ્યો છું. આપણા દેશના કહેવાતા શ્રીમંત અને મોટા માણસોના બારણે બારણે ફરી વળ્યો છું, અને હવે છેવટે લોહી ઝરતા હૃદયથી મદદ માટે આ પારકા મુલકમાં, અર્ધી દુનિયાં ઓળંગીને આવ્યો છું. ઈશ્વર મહાન્ છે. તે મને સહાય આપશે એમ હું જાણું છું. જો ભૂખથી કે ટાઢથી આ ભૂમિમાં મારો દેહ પડી જાય, તો તરૂણ મિત્રો! હું તમો બધાને નિર્ધન, અજ્ઞાની, અને જૂલમ નીચે કચડાયેલા બાંધવોને માટે આ મારી અનુકંપા, આ મારો જીવતોડ પ્રયત્ન વારસામાં મૂકી જાઉં છું. (તેને જાળવજો.) આ ક્ષણે પાર્થસારથી (પાર્થ=અર્જુન ને સારથી= રથ હાંકનારા) એટલે શ્રીકૃષ્ણના મંદિરમાં જજો. પાર્થસારથી કે જે ગોકુલના નિર્ધન અને હલકા દરજ્જાના ગોવાળીઆનો મિત્ર હતો, કે જેણે અતિશૂદ્ર ગૂહકને ભેટવાને આનાકાની બતાવી નહોતી, કે જેણે બુદ્ધના અવતારમાં અમીરના આમંત્રણને બદલે વેશ્યાનું આમંત્રણ પ્રસન્નતાથી સ્વીકારી તેણીનો ઉદ્ધાર કર્યો છે, તેની પાસે પ્રસન્ન મુખથી જઇ નિર્ધન—દીન માટે આખા જીવનનો ભોગ આપજો. દીન કે જેને માટે પરમાત્મા વારંવાર અવતાર લે છે. તે દીન, અધમ અને જૂલમથી કચડાતા જનો કે જેને તે પ્રભુ પ્રેમથી ચાહે છે—આવા દીન અને પ્રતિદિન અધમ સ્થિતિ પર જતા ત્રીસ કરોડ બંધુઓના ઉદ્ધાર માટે તમે તમારી સમગ્ર જીંદગી અપર્ણ કરવાનું વ્રત લેજો.

આ એક દિવસનું કાર્ય નથી, અને આ માર્ગ ઘણો ભયંકર અને કાંટાઓથી ખીચોખીચ ભરપૂર છે. પણ બીશો નહિ, આપણે જાણીએ છીએ કે આપણી પીઠ પર સંરક્ષણ માટે સારથી થઇને પાર્થસારથી તત્પર ઉભો છે; તો તેનાજ નામની ખાતર અને તેમાંજ

શાશ્વત શ્રદ્ધા રાખી દુઃખનો જે પર્વત યુગોના યુગો સુધી હિંદ ભૂમિ પર એકઠો થયો છે તેને આગ લગાડો કે તે બળીને ખાખ થઇ જાય. માટે બંધુઓ ચાલો! પાછળ ન જોતાં આગળ દૃષ્ટિ કરો. તે મહાન્ કાર્ય છે, અને આપણે બહુ પાછળ રહ્યા છીએ, છતાં આપણે કેવલ જ્ઞાન સ્વરૂપના પુત્રો છીએ, અને પ્રભુનાં બાલકો છીએ. "**यत्र योगेश्वरः कृष्णः। तत्र श्री विंजयो भूतिः**"। એ પ્રમાણે પ્રભુનો વિજય હો! આપણે પણ વિજય મેળવશું. આ પ્રયત્નમાં હજારો મનુષ્યો નિષ્ફળ થશે, હજારો તે જ્યાંથી નિષ્ફલ ગયા ત્યાંથી શરૂ કરી વધશે. હું અહીં જય મેળવ્યા વગર મરણ પામું, તો પછી બીજો મારા કામને ઉપાડી લેશેજ. તમે રોગ શું છે, તેનો ઉપાય શું છે? તે જાણો છો; ફક્ત શ્રદ્ધા રાખો. આજના કહેવાતા શ્રીમંત અને મોટા માણસો તરફ સહાયની આશા ન રાખો; હૃદય વગરના અને ફક્ત બુદ્ધિપર ચાલનારા લેખકો, તથા કોઈ ન જાણે તેવા ઝેરવાલા લેખો માટે બીલકુલ પરવા રાખતા ના, શ્રદ્ધા-દયા, તીવ્ર શ્રદ્ધા, અને ઉગ્ર દયા. તે ખાતર જીંદગી કંઈ નથી, મરણ કંઇ નથી-ભૂખ વિસાતમાં નથી, ટાઢની અસર નથી. પ્રભુનો જય--કૂચ કરો, પ્રભુ આપણો સરદાર છે. કોણ પડે છે તે તરફ દૃષ્ટિ ફેરવશો નહિ; આગળ વધો,-બસ આગળ વધો. બંધુઓ! તોજ આપણે આગળ વધ્યા કરીશું. એક પડશે તો બીજો તેના કામને હાથમાં લેતો જશે.

આ ગામથી હું કાલે બોસ્ટન જાઉંછું. ત્યાં એક મોટી બાઈ છે તે રમાબાઇને સહાય આપતી જાય છે; તેઓનું એક સભ્ય સ્ત્રી મંડળ છે તેમાં હું વ્યાખ્યાન દેવાનો છું. ત્યાં જઇને પહેલાં થોડાં કપડાં લઇશ. જો મારે વધારે જીવવું હોયતો હમણાં તો મારો વિચિત્ર પોશાક ચાલી શકે તેમ નથી. રસ્તે જતાં મને નિહાળવા લોક ટોળાબંધ એકઠા થાય છે, તેથી પહેરવા માટે એક લાંબો કાળો

કોટ, તેમજ પાસે રાખવા માટે એક લાલ ઝબ્ભો, અને વ્યાખ્યાન વખતે પહેરવા માટે એક પાઘડી એટલાની મને જરૂર છે...થોડી વગ-સગ મેળવવા માટે થોડો વખત અહીં રહેવું અગત્યનું છે.

અમેરિકામાં કાનડાના અપવાદ સિવાય ગાડીના ડબામાં પહેલો, બીજો એવા વર્ગ નથી. તેથી ફર્સ્ટ કલાસ કે જે એકજ વર્ગ છે તેમાં મુસાફરી કરવી પડે છે; પણ પુલ્મન્સ વર્ગમાં જતો નથી. તે વર્ગ બહુ અનુકૂળ છે–સૂવાનું, ખાવાનું, પીવાનું, અને તે ઉપરાંત ન્હાવાનું પણ ત્યાં મળે છે, જાણે હોટેલ જોઈ લ્યો–પણ તે બહુ ખર્ચાળ છે.

લોકમાં જઇ વ્યાખ્યાન દેવાનું કામ પણ બહુ અડચણવાળું છે. હમણાં શહેરોમાં કોઇ નથી, તેઓ બધા ઉષ્ણકાળને લીધે શાંતિ અર્થે બાંધેલા ગૃહોમાં ગયા છે. તેઓ બધા શિયાળાની ઋતુમાં પાછા આવશે. તેથી મારે રોકાવાની જરૂર છે. આટલો બધો જબરો પ્રયત્ન કર્યા પછી તેને એકદમ છોડી દેવાનો નથી, 'ઉતાવળે આંબા પાકે નહિ–રોમ શહેર કાંઈ એક દિવસમાં બંધાયું નહતું.' જો ઓછામાં ઓછા ૭ મહિના લગી હું અહીં રહી શકું એમ તમે કરી શકતા હો, તો મને આશા છે કે બધું સારૂં થઇ રહેશે, તે દરમ્યાન જો બીજે કોઇ રસ્તે ફાવી શકું તેમ હોય, તો તે રસ્તો શોધી કાઢવા હું મારી સંપૂર્ણ તજવીજમાં છું.

હું મારો માર્ગ ધીમે ધીમે કરી શકીશ, પણ તેમ કરવામાં આ ભયંકર ખર્ચવાળા દેશમાં લાંબા વખત સુધી વસવાટ કરવાની જરુર છે. હમણાંતો હિંદમાં રૂપીઆની કીંમત કૃત્રિમ રીતે વધારવાથી આ દેશની બજારમાં ભારે ગભરાટ ઉત્પન્ન થયો છે, અને સંખ્યાબંધ મિલો કામ કરતાં અટકી પડી છે...મારે સબૂરી પકડવીજ જોઇએ.

મારે મરણ પર્યંત કાર્ય કરવા પ્રયત્ન કરવોજ જોઇએ, પણ તે કાર્ય સમાપ્ત થયા પહેલાંજ જો મારો દેહ કદી ટાઢ, રોગ, કે ભૂખથી, પડી જાય તો તમે તે કાર્ય સંભાળી લેજો. પવિત્રતા, હૃદયશીલતા, અને શ્રદ્ધા. પ્રથમતો હું અમેરિકામાં પ્રયત્ન કરીશ; તેમાં નિષ્ફલ થાઉં તો ઈંગ્લિંડમાં પ્રયત્ન ચાલુ કરીશ; ત્યાં પણ જો યશ ન મલ્યો તો હિંદુસ્તાન આવીશ, અને પ્રભુની જે જે વધુ આજ્ઞાઓ આવશે તે માટે રાહ જોઇશ. તમારો વિવેકાનંદ

પત્રાંક ૭.

ચિકાગો, તા. ૨ જી નવે. ૧૮૯૩.

પ્રિયબંધુ,

અત્યંત દારિદ્ર્યથી પીડાયેલો હોવાથી એક ક્ષણ ભાન ભૂલી જે ચિંતામાં તમને નાંખ્યા હતા તેને માટે હું ઘણો દિલગીર છું. મારી પાસે તે વખતે પૈસા ન હતા, પણ ત્યાર પછીથી ઈશ્વરે મને અનેક મિત્રો કરી આપ્યા છે. બોસ્ટન પાસેના એક ગામડામાં મને ડાકટર રાઇટની ઓળખાણ થઇ, તે ગૃહસ્થ હાર્વર્ડ યુનિવર્સીટીમાં ગ્રીક ભાષાના પ્રોફેસર–શિક્ષાગુરૂ છે. તેણે મારા તરફ ઘણી સહાનુભૂતિ દર્શાવી, અને ધર્મપરિષદ્‌માં જઇ વ્યાખ્યાન આપવાનો મને આગ્રહ કર્યો; આવું વ્યાખ્યાન આપવાથી સમગ્ર અમેરિકન પ્રજા સાથે પરિચયમાં અવાશે એમ તેનું કહેવું થયું. હું કોઇને ઓળખતો નહતો તેથી તે પ્રોફેસરે મારા માટે તે સંબંધે બધી વ્યવસ્થા કરવાનું માથે લીધું. હું ચિકાગો પાછો આવ્યો, અને અહીં ધર્મપરિષદ્‌માં જે પૂર્વ અને પશ્ચિમના પ્રતિનિધિઓ આવ્યા હતા તેઓ બધાની સાથે એક ગૃહસ્થને ત્યાં ઉતારો કર્યો.

પરિષદ્ ચાલુ થઇ તે દિવસની સવારે અમે સર્વ પ્રતિનિધિઓ આર્ટપૅલેસ (કલામંદિર) નામના એક ગૃહમાં એકત્ર થયા. ત્યાં પરિષદ્ ભરવા માટે એક મહાન્ મંડપ તૈયાર કરેલો હતો, અને તેની આજુબાજુ નાના નાના મંડપો બાંધેલા હતા. સર્વ પ્રજાઓ તરફથી પ્રતિનિધિઓ આવ્યા હતા. હિંદ દેશમાંથી બ્રહ્મોસમાજ તરફથી શ્રીયુત મુઝૂમદાર, મુંબઇથી શ્રીયુત નગરકર, જૈનધર્મ પ્રતિનિધિ શ્રીયુત ગાંધી અને થિઓસોફી તરફથી શ્રીમતી એનીબીસંટ અને શ્રીયુત ચક્રવર્તી આવેલા હતા. આ પૈકી શ્રીયુત્ મઝૂમદાર સાથે મારે આગળની ઓળખાણ હતી તેથી બંને જૂના મિત્રો હતા, અને ચક્રવર્તી મને ફક્ત નામથી જાણતા હતા. એક વરઘોડાની માફક મોટા ઠાઠથી અમે પરિષદ્‌ગૃહમાં પ્રવેશ કરીને બેસવા માટે જે ઉંચું સ્થાન કરેલું હતું ત્યાં જઇને બેઠા. નીચે વિશાળ મંદિર અને ઉપર મોટી ગૅલેરી હતી, તેમાં ૭ સાત હજાર ઉચ્ચ વર્ગના અમેરિકન ગૃહસ્થો તથા બાનુઓ બેઠેલાં હતાં અને ઉંચા બેસવાના આસન ઉપર જગત્‌ની સર્વ પ્રજાના વિદ્વાન્ પુરૂષોનો વર્ગ બેઠેલો હતો. અહીં મારા જેવા પ્રજા સન્મુખ કદી નહિ બોલેલાને આવી મહાન્ સમાજ સમક્ષ ભાષણ આપવાનું?! આવો ચિંતોત્પાદક વિચાર આવ્યો. સમાજનું મંગલાચરણ ચાલ્યું. પ્રથમ તો સુંદર ગાન-સંગીત ચાલ્યું; પછી વ્યાખ્યાનોની નાની શરૂઆત થઇ. આવેલા પ્રતિનિધિઓ એક બીજા સાથે ઓળખાણ કરવા લાગ્યા, અને ઉભા થઇ એક પછી એક બોલવા લાગ્યા. આ વખતે મારૂં હૃદય ઝાડના પાન માફક ફડફડાટ કરતું હતું, જીભ તો લગભગ સૂકી થઇ ગઈ હતી. હું એટલો બધો ગભરાઇ ગયો કે તે સવારે કંઈપણ બોલવાની હિંમત કરી શકયો નહિ. મઝૂમદારે એક સુંદર વ્યાખ્યાન કર્યું-પછી ચક્રવર્તિએ તેના કરતાં

વધારે સુંદર ભાષણ આપ્યું, અને તેઓને માટે સારી રીતે હર્ષનાદ પ્રદર્શિત કરવામાં આવ્યો, તેઓ પોતાનાં ભાષણો તૈયાર કરીને આવ્યા હતા. હું મૂર્ખ બીલકુલ તૈયારી કરીને આવ્યો ન હતો. તથાપિ દેવી સરસ્વતીને નમસ્કાર કરી ઉભો થયો. મારી ઓળખાણ ડા. બૅરોએ કરાવી. મારૂં નાનું ભાષણ કરતાં પહેલાં 'અમેરિકાના મારા પ્રિય બંધુ ભગિનીઓ' એ શબ્દોથી શરૂઆત કરી, એટલે તરતજ બે મિનિટ સુધી કાનને બહેરા કરી નાંખે તેવી તાળીઓના ગડગડાટ થયા. પછી ભાષણ ચાલુ રાખ્યું અને તે પૂરૂં કરી બેસી ગયો, ત્યારે મનનો એટલો બધો આવેશ ઉછળ્યો હતો, કે તેને લઇને લગભગ હું થાકી ગયો હતો. બીજે દિવસે આ વાત પેપરોમાં આવી, અને દરેક પેપરમાં મારૂં ભાષણ સર્વોત્કૃષ્ટ હતું એમ જાહેર કરવામાં આવ્યું હતું. શ્રીધર નામના મહ. ટીકાકારે યથાયોગ્યજ કહ્યું છે કે **मूकं करोति वाचालम्**—પરમેશ્વર મુંગાને પણ વાચાલ—વાક્ચતુર બનાવે છે. તેનું નામ સ્તુતિ કરવા યોગ્ય છે. આ દિવસથી હું એક પ્રખ્યાત નર ગણાયો, અને જે દિવસે મેં હિંદુધર્મપર નિબંધ વાંચ્યો તે દિવસે આખો હોલ કોઇ દિવસ નહિ ભરાયલો એટલો ચીકાર ભરાઇ ગયો હતો. આનો કંઇ ચિતાર આપવાને ફક્ત એકજ વર્તમાન પત્રમાં શું લખેલું હતું તેનીજ બે લીટીનો ઉતારો અહીં કરૂં છું. સ્ત્રીઓ, સ્ત્રીઓ અને સ્ત્રીઓ, જ્યાં જુઓ ત્યાં દરેક સ્થળે સ્ત્રીઓ હતી. દરેક ખુણામાં રહી તેઓ વિવેકાનંદનો નિબંધ ન વંચાયો ત્યાં સુધી તે ક્યારે વંચાય એ રાહ જોઇનેજ બેસી રહી હતી. વગેરે, આ બધા પેપરોમાંથી આ સંબંધનાં લખાણો કાપીને મોકલું તો તે વાંચી તમે અજાયબ થશો, પણ તમોને ક્યારની ખબર છે કે હું પ્રખ્યાતિને ધિક્કારૂં છું. એટલુંજ કહેવું ઉચિત છે કે જ્યારે જ્યારે હું ભાષણ આપવા ઉભો થાઉં છું,

ત્યારે ત્યારે કાનને બહેરા કરી નાંખે તેટલા તાલીના ગડગડાટ મારા માટે થાય છે. લગભગ બધા પેપરોમાં મારાં ઘણાં વખાણ થયાં છે, અને સૌથી કદાગ્રહી એવા પેપરને પણ કબૂલ કરવું પડ્યું છે કે પોતાની સુંદર મુખમુદ્રા, અને આકર્ષણીય હાજરી અને આશ્ચર્યથી ચકિત કરનાર વાકચાતુર્યથી આ પુરૂષ ધર્મ પરિષદ્‌માં સૌથી આગળ પડનાર વ્યક્તિ છે" ઇત્યાદિ ઇત્યાદિ.

તેઓની મારા પ્રત્યેની મમતા માટે હું કેટલો ઉપકાર માનું ? તે માટે હવે મને કશાની તંગી નથી. હું અહીં પૈસે ટકે સુખી છું, અને યુરોપના પ્રવાસે જવામાં જેટલા પૈસાની જરૂર પડશે તે બધા હું અહીંથી મેળવી શકીશ. અહીં એક–આચાર્ય એ નામનો કોઇ મનુષ્ય આવેલો છે. તે અહીં ત્રણ વર્ષથી ભટકે છે. તે ભટકતો હોય યા ન ભટકતો હોય, પણ હું તેને ચાહું છું. તો તમે તેના વિષે જેટલું જાણતા હો તેટલું સર્વ લખી જણાવશો. તેની અને તમારી ઓળખાણ છે એમ તેણે મને કહ્યું હતું, તેથી આ લખું છું. તે યુરોપમાં પારિસનું પ્રદર્શન જે વર્ષમાં ભરાયું, તે વર્ષમાં આવેલ છે.

મને હવે કાંઇપણ ખોટ નથી. આ શહેરના સૌથી સુંદર ગૃહમાં જવાને મને કશી હરકત નથી. હમેશાં મને કોઇને કોઇ તરફથી આમંત્રણ હોય છેજ. આ પ્રજામાં એવી જિજ્ઞાસા છે કે જેવી હજુ કોઈ પ્રજામાં છે નહિ. તેઓ બધું જાણવા ઇચ્છે છે, અને અહીંની સ્ત્રીઓ આખા જગતમાં સૌ કરતાં આગળ વધેલી છે. અમેરિકાની સામાન્ય સ્ત્રીઓ અહીંના સામાન્ય પુરૂષો કરતાં વધારે કેળવાયેલી છે. પુરૂષો હમેશાં ધન પ્રાપ્ત કરવામાં ગુલામની પેઠે જીંદગી ગાળે છે, અને સ્ત્રીઓ પોતાની જાત સુધારણા માટે બધો વખત ગાળે છે. આખી પ્રજા ઘણીજ માયાળુ, અને સરલસ્વભાવી છે. કોઈને પણ ઉપદેશ

આપવાની ધખ લાગી હોય તે અહીં આવે છે; અને મને જણાવતાં દિલગીરી ઉપજે છે કે આવા આવનારામાંનો મોટો ભાગ અર્ધદગ્ધ હોય છે. અમેરિકનોમાં દોષો પણ છે–કઇ પ્રજામાં નથી એમ તમે બતાવશો !

આ બધાનો ઉપસંહાર આ પ્રમાણે છે:–એશિયાએ મનુષ્ય જાતિની સુધારણાનાં બી રોપ્યાં, યુરોપે મનુષ્ય જાતિને વિકસિત કરી, અને અમેરિકા સ્ત્રી અને હલકા વર્ગના લોકોને સુધારી વિકાસિત કરતું જાય છે. સ્ત્રીને અને મજૂર વર્ગને માટે આ દેશ સ્વર્ગ સમાન છે. હવે અમેરિકાના સામાન્ય લોકો અને સ્ત્રીઓની સ્થિતિ આપણા સાથે સરખાવો કે તરતજ સંપૂર્ણ ખ્યાલ આવી શકશે. અમેરિકા-વાસીઓ હવે સર્વ પ્રકાર ઘણી ઝડપથી ઉદારમતવાદી થતા જાય છે. આપણે ત્યાં જે કોઇ ખ્રિસ્તી લોક આવે છે, તે ઉપરથી અહીંના લોકોની કલ્પના કરવી એ મોટી ભૂલ છે. તેઓના જેવા અહીં પણ વસે છે તે ખરૂં, પણ તેઓની સંખ્યા ઘણી જુજ થતી જાય છે: અને આ મહાન્ પ્રજામાં જે ધર્મિષ્ઠતા આર્યપ્રજાનો મોટામાં મોટો ગુણ છે તે બહુ ઝડપથી વધતો જાય છે.

હિંદુએ પોતાના ધર્મનો ત્યાગ કદિ પણ કરવો ન જોઇએ, પણ તે ધર્મને યોગ્ય મર્યાદામાં રાખી જનસમાજને સ્વતંત્રતાથી વધવા દેવી જોઇએ. હિંદમાં જેટલા સુધારકો થયા તે બધાએ ગંભીર ભૂલ એજ કરી છે કે ધર્માચાર્યોના ધર્મઢોંગ, અને અવનતિથી પ્રાપ્ત થતી બધી ભયંકરતાઓ માટે ધર્મને જવાબદાર ગણેલ છે; એટલુંજ નહિ પરંતુ તેથી આગળ વધી જે ઘટના નાશ ન થઇ શકે તેવી હતી તેને તોડી પાડી છે. આનું પરિણામ શું આવ્યું ?—નિષ્ફ-લતા ! ! બુદ્ધથી માંડીને રામમોહનરાય સુધીના પ્રત્યેક સુધારકે

જ્ઞાતિબંધનને ધાર્મિક સંસ્થા ગણવાની ભૂલ કરી છે અને જ્ઞાતિબંધનોને તોડી પાડવાનો પ્રયત્ન કર્યો છે; અને તેમાં આખરે નિષ્ફળ થયા છે. તથાપિ ધર્માચાર્યોની બધી ધર્મ ઘેલછાઓ અસ્તિત્વમાં હતી તે છતાં જ્ઞાતિ એ ફક્ત ઘણા સમયથી જામીને દૃઢ થયેલી એવી સામાજિક સંસ્થા છે; તે સંસ્થાએ પોતાની સેવા બજાવ્યા પછી હિંદના વાતાવરણને પોતાના અક્કડપણાથી વ્યાપ્ત કર્યું છે, અને તેને દૂર કરવાનો એકજ ઉપાય, ફક્ત તેઓએ લોકોને ખોયેલું સામાજિક વ્યક્તિત્વ પાછું આપવું એજ છે. અહીં જે જે મનુષ્ય જન્મ લે છે તે જાણે છે કે 'હું મનુષ્ય છું' જ્યારે હિંદમાં અવતરેલો આદમી એમજ જાણે છે કે 'હું સમાજનો ગુલામ છું'. હવે જો વધવું હોય તો સ્વતંત્રતાની સ્થિતિ લાવવી જોઇએ; સ્વતંત્રતાને લઇ લ્યો તો પરિણામે અવનતિ સંભાળી લ્યો. પ્રચલિત હરીફાઇનો પ્રવેશ થતાં આપણે જોઇએ છીએ કે જ્ઞાતિ ઝડપથી અદૃશ્ય થતી જાય છે! તેને નિર્મૂળ કરવાને ધર્મની જરૂર નથી. ઉત્તર હિંદુસ્તાનમાં જોશો તો બ્રાહ્મણ દુકાનદાર, મોચી અને દારૂને ચોખ્ખો કરવાનો ધંધો કરનારા સામાન્ય માલૂમ પડશે. આનું કારણ શું? કારણ હરીફાઈ. હાલના રાજ્ય તળે કોઇને ગમે તે ધંધો કરી ગુજરાન ચલાવવાનો પ્રતિબંધ નથી. આના પરિણામે જબરી હરીફાઈ ઉત્પન્ન થઇ છે! અને હજારો મનુષ્યો અધોગતિમાં પડી રહેવા કરતાં બની શકે તેટલી ઉન્નતિની અવસ્થા પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરતાં માલૂમ પડે છે.

ઓછામાં ઓછું મારે આ દેશમાં આખો શિયાળો રોકાવું પડશે અને પછી યુરોપ જવાનું બનશે. પરમેશ્વર મારા માટે બધું પૂરું પાડશે, તમારે તે સંબંધે કંઇ પણ ચિંતા કરવી—હેરાનગતિ ભોગવવી નહી. તમારા મારા પ્રત્યેના પ્રેમના ઉપકાર હું શબ્દદ્વારા દર્શાવી શકતો નથી.

દિવસે દિવસે અંતઃકરણમાં એજ લાગણી રહ્યાં કરે છે કે પરમેશ્વર મારી સાથે રહે છે, અને તેનાજ હુકમ પ્રમાણે અનુસરવાનો હું પ્રયત્ન કરૂં છું. તેની ઈચ્છા પ્રમાણે થશે...આપણે જગતને માટે મહાન્ કાર્યો કરીશું અને તે પણ સારૂં કરવાનીજ ખાતર, નહિ કે નામ કે કીર્તિ પ્રાપ્ત કરવા માટે.

"આ શા માટે? એવી મિમાંસા કરવાનું આપણું કર્તવ્ય નથી, આપણે તો કરવું અને મરવું, એજ કર્તવ્ય છે." પ્રસન્નતામાં રહો, પ્રભુએ આપણને મહાન્ કાર્યો કરવાને ચુટેલા છે, અને આપણે તે કરીશું એવી શ્રદ્ધા રાખો. હમેશાં તમારી જાતને તત્પર રાખો; એટલે પવિત્ર, અને નિર્મલ રહો, અને પ્રેમની ખાતર પ્રેમ રાખો. ગરીબ, દુઃખી, કચડાઈ દબાયેલા અધમ જનો પ્રત્યે પ્રીતિ રાખો એટલે પરમેશ્વર તમારૂં કલ્યાણ કરશેજ અને બીજાઓને મળી હિંદના સામાન્ય લોક પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાનો આગ્રહ કરો. ગરીબોની ગરદન ઉપર તેઓ કેવી રીતે ઉભા છે તેનું વર્ણન કરી તેમને કહેજો કે 'જો તમો તેમનો ઉદ્ધાર કરવા માટે શ્રમ નહિ કરો, તો તમે મનુષ્ય નથી.' નિર્ભય થાઓ, પ્રભુ તમારી સાથે છે અને તેજ હજુ પણ હિંદના કરોડો ભૂખે મરતા અને અજ્ઞાની મનુષ્યોને તારશેજ. તમો તરૂણ પુરૂષોમાંના ઘણાના કરતાં, અને તમારા બધા રાજાઓ કરતાં અહીંનો રેલ્વેગાડીપર કામ કરતો મજૂર વધારે કેળવાયેલો છે. આપણી હિંદુસ્ત્રીઓના મોટામાં મોટા ભાગના સ્વપ્નામાં પણ ન આવે તેટલી વધારે સરસ કેલવણી અમેરીકાની દરેક સ્ત્રીએ પ્રાપ્ત કરેલ છે. આપણામાં આવી કેલવણી શા માટે ન હોય? આપણે તે અવશ્ય પ્રાપ્ત કરવી જોઇએ.

તમે નિર્ધન છો એવું કલ્પનામાં લાવશો નહિ. લક્ષ્મી એ કંઇ

શક્તિ નથી, પણ ભલાઇ તથા પવિત્રતામાંજ સિદ્ધિ છે. જોવું હોય તો આવો, આખી દુનિયાપર એજ માલૂમ પડશે.

આપનો ઇ૦

વિવેકાનંદ.

તા. ક. સાથે સાથે લખવાનું કે,—નો નિબંધ મેં કદી નહી જોયેલો એવો વિચિત્ર હતો. તે જાણે એક વેપારીના ભાવોની યાદી ન હોય તેવો હતો, અને ધર્મપરિષદ્‌માં તે વંચાવા યોગ્ય ન હતો, તેથી—એ એક બાજુના ઓરડામાં તે નિબંધમાંથી થોડા થોડા ઉતારા વાંચ્યા. પણ તેનો એક શબ્દ પણ કોઇ સમજી શક્યું નહિ. આ સંબંધે તેને કંઇ વાત કરશો નહિ. વિચારોની મોટી સંખ્યા થોડા શબ્દોમાં પ્રદર્શિત કરવી એ એક મહાન્ કળા છે.—નો નિબંધ પણ ટૂંકો કરવો પડયો હતો. એક હજાર કરતાં વધારે નિબંધો વંચાયા, તેથી આવા અમર્યાદિત નિબંધો માટે અવકાશ રહ્યો ન હતો. લગભગ અર્ધા કલાક ઉપરાંત-ઝાઝો સમય મને આપવામાં આવ્યો હતો, કારણ કે સૌથી વધારે લોકપ્રિય વક્તાઓને છેવટે રાખવામાં આવ્યા હતા કે જેથી કરી શ્રોતાવર્ગ ઉઠી ન જાય. પ્રભુ તે શ્રોતાઓનું કલ્યાણ કરો ! તેઓએ કેવી સહાનુભૂતિ અને ધીરજ બતાવી હતી ! તેઓ સવારના દશથી માંડીને રાતના દશ વાગ્યા સુધી બેસતા—ફક્ત વચમાં અર્ધા કલાકની ખાવાની રજા મળતી. નિબંધો એક પછી એક વંચાયા, તેમાંના ઘણાખરા તો નિરર્થક જેવા હતા, છતાં તેઓ ધીરજથી બેસી, પોતાને જે પ્રિય વક્તાઓ લાગતા તેને સાંભળતા.

આ પ્રિય વક્તાઓમાં સિલોન (લંકા) નો ધર્મપાલ પણ એક હતો. તેની વાણીમાં બહુજ માધુર્ય હતું. અમે બંને ધર્મપરિષદ્ રહી ત્યાં સુધીમાં બહુ ગાઢ સંબંધમાં આવી ગયા.

પૂનાની એક ખ્રિસ્તી બાઇ નામે મિસ સોરાબજી અને જૈનોના

પ્રતિનિધિ મી. ગાંધી આ દેશમાં લાંબો વખત રહેવાના છે, અને તે દરમ્યાન એક શહેરથી બીજે શહેર એમ ભાષણો આપવાના છે. મને આશા છે કે તેઓ તેમાં વિજય મેળવશે. આ દેશમાં ભાષણ આપવાનો ધંધો બહુજ લાભપ્રદ છે, અને કોઇ વખત સારી રીતે કમાવી આપે છે.

મી. ઇંગરસોલ્સ એક ભાષણના પાંચથી છ હજાર ડૉલર લેછે. આ દેશમાં તે સૌથી પ્રખ્યાત ભાષણકાર છે.

વિ.

પત્રાંક ૮.

કે. જયોર્જ ડબલ્યુ. હેઇલ. એસ્કવાયર
૫૪૧ ડીઅરબૉર્ન એવેન્યુ, ચિકાગો.
૨૮ મી ડિસેંબર ૧૮૯૩.

પ્રિય—

મારા ચિકાગોમાં થયેલાં વ્યાખ્યાનોના સમાચાર હિંદનાં પત્રોમાં આવ્યા છે તે અચંબામાં નાંખે છે; કારણ કે અહીં હું જે જે કરૂંછું, તે જાહેરમાં ન આવે તે માટે મારાથી બનતું કરવાને હું પ્રયત્ન કરૂં છું. મને અહીં ઘણી બાબતો ખાસ લક્ષમાં રાખવા જેવી જણાય છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે આ દેશમાં ગરીબાઇ જેવું નામ નથી. અહીં સ્ત્રીઓ જેવી શિષ્ટ અને સુશિક્ષિત છે તેવી બીજે કોઈ પણ સ્થાને જોઇ નથી. આપણા દેશમાં સારી રીતે કેળવાયેલા પુરૂષો છે, પરંતુ અહીં જેવી સ્ત્રીઓ છે તેવી ક્યાંઇપણ તમે ભાગ્યેજ જોઇ શકશો. આતો ખરેખર સત્યજ વાત છે કે દેવીઓ પોતેજ સદ્‌ગુણી પુરૂષોના ગૃહમાં વસે છે. અહીં મેં એવી સ્ત્રીઓ હજારો જોઇ છે કે જેઓનાં અંતઃકરણો બરફ જેવાં પવિત્ર અને નિષ્કલંક–શુદ્ધ છે.

અરે! તેઓ કેટલાં સ્વતંત્ર છે! તેઓજ સામાજિક શહેરી ફરજોને નિયમમાં રાખે છે. નિશાળો, વિદ્યાલયો અને કૉલેજો સ્ત્રીઓથી ભરચક હોય છે, જ્યારે આપણા દેશમાં સહીસલામત રીતે શેરીમાં ચાલવા દેવાની પણ સ્ત્રીઓને છુટ આપવામાં આવતી નથી! મારા પ્રત્યે તે સ્ત્રીઓની મમતા નિઃસીમ છે. જ્યારથી હું અહીં આવ્યો છું ત્યારથી તેઓ તરફથી તેઓના ગૃહમાં સન્માન મળતુંજ રહ્યું છે. તેઓ મને અન્ન પૂરૂં પાડે છે, મારાં વ્યાખ્યાનો માટેની સઘળી ગોઠવણ કરી આપે છે, બજારમાં મને લઇ જાય છે, અને મને જેમ સુખ અને સગવડ મળે તે માટે બધું કરે છે.

'શક્તિપૂજક' ખરેખરો કોણ છે તે તમે જાણો છો? તેજ કે જે એવું જાણે છે કે **વિશ્વમાં ઈશ્વર સર્વ** શક્તિમાન્ બલ છે અને જે તે બળનો આવિર્ભાવ સ્ત્રીઓમાં જુએ છે. અહીંના ઘણા પુરુષો પોતાની સ્ત્રીઓને આ દૃષ્ટિબુદ્ધિથી જુએ છે. વળી **મનુએ** કહ્યું છે કે '**यत्र नार्यस्तु पूज्यंते, रमन्ते तत्र देवताः**' એટલે જે કુટુંબોમાં સ્ત્રીઓ સુખી છે અને તેમના પ્રત્યે સારૂં વર્તન રાખવામાં આવે છે તે કુટુંબોને દેવતાઓ સુકૃતિન્—સુધન્ય કરે છે. અહીંના પુરુષો જેટલી સરસ રીતે ઇચ્છીએ તેટલી સરસ રીતે સ્ત્રીઓ પ્રત્યે વર્તે છે, અને તેથીજ તે સ્ત્રીઓ એટલી બધી આબાદ, એટલી બધી વિદ્વાન્, એટલી બધી સ્વતંત્ર, અને એટલી બધી ઉત્સાહી છે. પરંતુ શા માટે આપણે ગુલામ જેવા, દુઃખી અને મૃતપ્રાય છીયે? આનો ઉત્તર સ્પષ્ટજ છે. અને અહીંઆં તેઓ કેટલી બધી પવિત્ર અને શુદ્ધ વર્તનશાળી છે? વીસ કે પચીસ વર્ષની વય પહેલાં પરણેલી સ્ત્રીઓની સંખ્યા ઘણી જુજ છે અને તે સ્ત્રીઓ હવામાં સ્વચ્છંદે ઉડતાં પંખીઓ જેવી સ્વતંત્ર છે. તેઓ બજારમાં, નિશાળમાં અને કૉલેજમાં, કમાવા તેમજ બધી

જાતનાં કામ કરવા જાય છે. જેઓ પૈસેટકે સુખી છે તેઓ ગરીબોનું ભલું કરવામાં ગુંથાયેલી હોય છે. ત્યારે આપણે શું કરીએ છીએ? કન્યાઓ રખેને બગડી જઇ અનીતિમાન્ બની જાય તે માટે આપણે આપણી કન્યાઓને અગીઆર વર્ષની વય થાય તે પહેલાં પરણાવી દેવામાં ઘણા નિયમિત છીએ. આપણા મનુ આપણને શી આજ્ઞા કરે છે? 'કન્યાઓનું લક્ષ અને ધ્યાન દઇ પુત્રવત્ રક્ષણ કરવું જોઇએ અને તેને સુશિક્ષિત કરવી જોઇએ.' જેવી રીતે પુત્રોને બ્રહ્મચર્યનું પાલન કરાવી ત્રીશમે વર્ષે પરણાવવા જોઇએ, તેવી રીતે પુત્રીઓને પણ બ્રહ્મચર્ય પળાવી તેઓના માબાપે સુશિક્ષિત કરવી જોઇએ. પણ ખરી રીતે આપણે શું કરીએ છીએ? તમે તમારી સ્ત્રીઓની સ્થિતિ સુધારી શકો તેમ છો? તેમ થયે તમારા કલ્યાણની આશા છે. નહિતો તમે જેવા અત્યારે છો તેવાજ સદાને માટે રહેશો.

આપણા દેશમાં જો કોઈ પણ હલકી વર્ણમાં જન્મ્યો તો તેનું સદાને માટે આવીજ બન્યું, તેને માટે કોઇ જાતની સારી આશા રહે-તીજ નથી. આવું શા માટે? આના જેવો બીજો જુલમ કયો? આજે તે ગરીબ છે, કાલે તેજ ધનવાન્, વિદ્વાન્ અને માન્ય બની શકશે. આ દેશમાં દરેક માણસ ગરીબને મદદ કરવા આતુર હોય છે. હિંદમાં જબરામાં જબરી બૂમ એ છે કે આપણે ઘણા ગરીબ છીએ, પણ ગરીબના કલ્યાણ અર્થે કેટલાં ધર્માદા મંડળો છે? હિંદના કરોડો ગરીબોનાં દુઃખો અને હાડમારીઓ માટે ખરેખરી રીતે રૂદન કરનારા કેટલા લોકો છે? શું આપણે મનુષ્યો છીએ? તે ગરીબોનાં ગુજરાન માટે, તેમને સુધારવા માટે આપણે શું કરીએ છીએ? આપણે તેમનો સ્પર્શ કરતા નથી, આપણે તેઓનો સમાગમ થાય તેથી દૂર રહીએ છીએ! શું આપણે મનુષ્યો છીએ? આપણા હજારો બ્રાહ્મણો હલકી

વર્ણના અધમ સ્થિતિમાં ચગદાયેલા હિંદના લોકો માટે શું કરે છે? જે શબ્દો તેઓના હોઠપર રમ્યા કરે છે તે એ છે કે ' અડકીશ ' નહિ! અડકીશ નહિ!' આપણો **સનાતન ધર્મ** તેમના હસ્તથી કેટલો કનિષ્ટ અને નીચ પંક્તિનો બન્યો છે! આપણો **ધર્મ** અત્યારે શેમાં પરિસમાપ્ત થાય છે? 'ફક્ત અડીશ માં—છૂવાઈ જઈશ—અભડાઈ જઈશ!' એમાંજ, બાકી કશામાં નહિ.

હું આ દેશમાં આવ્યો તે મારી જીજ્ઞાસા તૃપ્ત કરવા ખાતર નહિ, તેમ નામ કે કીર્તિ ખાતર નહિ, પરંતુ હિંદના ગરીબ લોકની સહાય માટે સાધનો મેળવી શકાય તેમ છે કે નહિ તે જોવા આવેલ છું. પ્રભુ મને સહાય આપશે તો આ સાધનો કયાં છે તે ધીમેધીમે તમે જાણી શકશો.

અધ્યાત્મવિદ્યા સંબંધે વિચાર કરતાં, અમેરિકાવાસીઓ આપણા કરતાં ઘણાજ ઉતરતા છે, પરંતુ તેઓની સમાજવ્યવસ્થા આપણા કરતાં ઘણીજ ચડીઆતી છે. આપણે તેમને અધ્યાત્મવિદ્યા શિખવીશું, અને આપણે પોતે તેઓની સમાજમાં શું સરસ છે તે આપણામાં ઉતારી લઈશું.

પ્રેમ અને ઉચ્ચતમ ઇચ્છાઓ સમેત,

આપનો **વિવેકાનંદ.**

પત્રાંક ૯.

ડીઅરબૉર્ન એવન્યુ.
ચિકાગો. ૨૪ જાન્યુઆરી ૧૮૯૪.

પ્રિય મિત્રો.

તમારા પત્રો મને મળ્યાં છે. મારા સંબંધી આટલા બધા સમાચાર તમોને મળ્યા છે તે જાણી મને આશ્ચર્ય થાય છે. તમે જે વર્ત-

માનપત્રની ટીકા સંબંધી લખો છો તે પત્રનો મત એટલે આખી અમેરિકન પ્રજાનો મત એમ ધારતા નહિ. તે વર્તમાનપત્ર અહીં લગભગ અજ્ઞાત છે અને ખ્રિસ્તી ધર્મ સંબંધી અત્યંત ધર્માંધ વિચારો દર્શાવનાર છે એવો તેના સંબંધી અહીં સામાન્ય મત છે. પુષ્કળ અમેરિકન અને મિશનરી સુદ્ધાં મને ચાહે છે, અને મારૂં આતિથ્ય કરે છે. આ તે પત્રથી સહન ન થઈ શકયું તેથી મારા પર આવી રીતે આક્ષેપ કરેલ છે. આવા લેખથી મને અહીં કંઈ નુકશાન પહોંચશે એવું તમે બીલકુલ મનમાં આણુશો નહિ. માત્ર હિંદુસ્થાનમાંના કેટલાક ખ્રિસ્તી મિશનરીઓ મારી નિંદા કરવામાં સાધનભૂત થશે. આમ થાય ત્યારે હું તો ખ્રિસ્તીઓએ જ્યુને જે વચન કહ્યું હતું તેજ વચન તેમને કહીશ. એક ખ્રિસ્તી એક વખત જ્યુ લોકને ઉદ્દેશી એમ કહેવા લાગ્યો ‘ ધ્યાનમાં રાખ, કે તારા દિવસ ભરાઇ ચુક્યા છે. તેની જુની ઇમારત હવે કથળી ગઈ છે અને તેઓ ગમે તેટલી બૂમો–પોકારો પાડયાં કરશે છતાં તે નકામી છે. આપણી વેદાંતધર્મની છાપ અમેરિકાના લોક ઉપર બેઠી એટલે તેઓ જે મોજ મજા હિંદુસ્તાનમાં ભોગવે છે તે બંધ પડી જશે એમ જાણી મને તેઓ પર દયા આવે છે. અહીં તો કોઇપણ મિશનરી મારી વિરૂદ્ધ નથી, અને જ્યારે હું અહીં સરોવરમાં પડ્યો છું ત્યારે મારે તેમાં રહી સ્નાન પણ અચ્છી રીતે કરવું જોઇએ.

મેં જે ધાર્મિક વિષયનો અહીં નિબંધ વાંચેલ હતો તે વર્તમાનપત્રમાં ટુંકમાં છપાયેલ હતો. તે કાપીને આ સાથે મોકલું છું. મારા ઘણાં ખરાં ભાષણો પૂર્વ તૈયારી કર્યાં વગરનાં શિઘ્ર આપેલાં છે....મને હિંદમાંથી કોઇ સહાયની અપેક્ષા નથી. મને અહીં પુષ્કળ સાધન છે. તમારી પાસે જે નાણું છે તે આ ટુંકા વ્યાખ્યાનને છપાવી પ્રસિદ્ધ

કરવામાં, અને તેને દેશી ભાષાઓમાં ભાષાંતર કરાવી સર્વ સ્થાને તેનો પ્રસાર કરાવવામાં વાપરજો. તેથી રાષ્ટ્રિય વિચારો આપણી દૃષ્ટિ આગળ રહેશે. આમ કરવામાં આપણી કેંદ્રસ્થાનગત કૉલેજની યોજના, અને તેમાંથી હિંદની સર્વ દિશામાં જ્ઞાનનો પ્રસાર કરવો આવશ્યક છે એ વાત લક્ષ બહાર રાખવાની નથી.

અમેરિકાની સ્ત્રીજાત સંબંધી મારે જણાવવું જોઇએ કે તેઓની મારા પ્રત્યેની માયા માટે હું તેઓનો ઉપકાર શબ્દદ્વારા વર્ણવી શકું તેમ નથી. પ્રભુ તેમનું કલ્યાણ કરો. આ દેશમાં સ્ત્રીઓ દરેક હીલચાલ–કાર્યનું જીવન છે, અને પ્રજાની સર્વ સંસ્કૃતિનો ચિતાર તેઓ સાક્ષાત્ કરે છે, કારણ કે અહીંના પુરૂષવર્ગને સુધારણા કરવા માટે અવકાશ નથી.

કે—ના પત્રો મને પ્રાપ્ત થયાં છે. જાતિભેદ રહેશે કે નાશ પામશે એ પ્રશ્ન સાથે મને કંઈ લેવા દેવા નથી. મારો વિચાર અધમમાં અધમ, ગરીબમાં ગરીબના આંગણે જે ઉમદા–ઉચ્ચ વિચારો હિંદમાં તેમજ હિંદની બહાર મનુષ્ય જાતે વિકસાવ્યા છે તે મૂકવા, અને જેથી તેઓ તે પર પોતાને માટે વિચારો કરી શકે. જાતિભેદ હોવો જોઇએ કે નહિ, સ્ત્રીવર્ગ સંપૂર્ણ રીતે સ્વતંત્ર રહેવો જોઇએ કે નહિ તેની સાથે મને સંબંધ નથી. “જીવનનું કર્તવ્યમાત્ર વિચારસ્વાતંત્ર્ય, અને કૃતિસ્વાતંત્ર્ય છે અને તેથીજ આગળ વૃદ્ધિના માર્ગે અને છેવટે કલ્યાણના માર્ગે પ્રયાણ કરી શકાય છે.” જ્યાં આ સ્વાતંત્ર્ય નથી, ત્યાં મનુષ્યનું મનુષ્ય તરીકેનું અસ્તિત્વ નથી; અને તેથી સમાજ, અને પ્રજા અધમ સ્થિતિમાં જાય છે.

જાતિભેદ હો; વા ન હો, સંપ્રદાય રહો; યા ન રહો, પરંતુ પ્રત્યેક મનુષ્ય, વર્ગ, જાતિ, પ્રજા, યા સંસ્થા કે જે વ્યક્તિના મતસ્વાતંત્ર્ય અને

કૃતિસ્વાતંત્ર્યની શક્તિ કુંઠિત રહે છે તે સર્વ, જ્યાં સુધી તે શક્તિ બીજાને નુકશાન કરતી નથી ત્યાં સુધી પણ રાક્ષસ સમાન દુષ્ટ છે, અને તે અવશ્ય અધોગતિ પ્રાપ્ત કરે છે. મારા જીવનનું સર્વસ્વ કર્તવ્ય મેં એજ નિર્મિત કરેલું છે, કે એવું યંત્ર ગતિમાન્ કરવું કે જે દરેક વ્યક્તિને ત્યાં ઉમદા વિચારો લઇ આવે, અને પછી તેના પર સ્ત્રી અને પુરૂષ પોતાનું ભવિષ્ય બાંધી લે. આપણા પૂર્વજોએ જીવનના અતિ મહત્વના પ્રશ્નો કેવી રીતે સિદ્ધ કર્યા છે તેનું જ્ઞાન દરેકને આપવું, અને ખાસ કરીને અત્યારે બીજાઓ શું કરે છે તે દરેકને દેખાડવું કે જેથી તે પોતાના માટે શું માર્ગ લેવો તેનો નિશ્ચય કરી શકે. આપણે તે માત્ર રસાયનિક પદાર્થોને એકઠાજ કરવાના છે, જ્યારે તેઓનું પૃથકકરણ તો કુદરતજ પોતાના કાયદા પ્રમાણે કરશે. પરિશ્રમ લઇ કાર્યમાં મંડો, તેમાં સ્થિત થાઓ અને ઈશ્વરમાં શ્રદ્ધાવાન્ થાઓ. કાર્ય શરૂ કરો, હું વહેલો મોડો તમારી પાસે આવીશ. તમારી દૃષ્ટિ સામે આ મુદ્રા લેખ રાખજો "ધર્મહાનિ કર્યા વગર સામાન્ય પ્રજાજનોની ઉન્નતિ કર્તવ્ય છે."

પ્રજા પર્ણકુટીમાં–ઝુંપડીમાં વસે છે તે યાદ રાખો. પણ અફસોસ છે કે કોઇએ તેઓના માટે–ઝુંપડામાં વસતી ગરીબ પ્રજાને માટે, કોઇ દિવસ કાંઇપણ કર્યું નથી. આપણા હાલના સુધારકો વિધવાવિવાહ કરાવવા માટે બહુ વળગી પડેલા છે. અલબત હું દરેક સુધારામાં સહાનુભૂતિ ધરાવું છું, પરંતુ પ્રજાનું ભવિષ્ય વિધવાઓ જે નવા પતિયો મેળવે તેની સંખ્યાપર આધાર રાખતું નથી, પણ સામાન્ય પ્રજાજનોની સ્થિતિ—દશા—હાલત પર આધાર રાખે છે. મતલબ કે તેઓ જેટલા સુખી અને બળવાન્ તેટલી સુખી અને બળવાન્ સર્વ પ્રજા. આને તમે ઉંચી અવસ્થામાં લાવી શકો તેમ છો? તેઓએ જે વ્યક્તિત્વનું તત્વ ગુમાવ્યું છે તે તેમના આત્મિક સ્વભાવને હાનિ

પહોંચાડયા વગર પાછું તેમને મેળવી આપો તેમ છો? **સમાનતા, સ્વતંત્રતા, કાર્ય** અને **શક્તિમાં, પશ્ચિમમાં પશ્ચિમ** દેશવાસી જેવા અને તેની સાથેજ **ધાર્મિક** ઉન્નતિ, અને **પ્રકૃતિમાં** એક ચુસ્તમાં ચુસ્ત **હિંદુ** જેવા તમે થઈ શકો તેમ છો? આ અવશ્ય કરવાનું છે અને **તે આપણે કરીશું**, તમે બધા **તેમ કરવાને જન્મ્યા** છો. તમારા પોતામાં શ્રદ્ધા રાખો; મહા વસ્તુની પ્રતીતિમાં મહાન્ કાર્યોનો ગર્ભ છે. **તેમાંથી** જન્મ પામે છે. સર્વકાલે આગળ વધો! ગરીબ, અધમ પંક્તિમાં કચરાતા પ્રત્યે મરણ સુધી અનુકંપા–દયા–સહાનુભૂતિ રાખો આ આપણો મુદ્રાલેખ છે.

બહાદૂર પુત્રો! આગળ ધસો.

તમારો પ્રીતિમાન્ **વિવેકાનંદ**.

તા. ક. સામાન્ય પ્રજાજનોની ઉન્નતિ કરવાના વિચાર એક **સેંટ્રલ કોલેજ** દ્વારા પાર પડશે, અને ગરીબનાં ઘર આંગણે કેલવણી અને ધર્મનું દાન આપવાનું ઉક્ત **કોલેજમાં** કેળવાયેલા **શિષ્યગણો** રૂપી **મિશનરીઓથી** પાર પડશે એવો ઉપદેશ કરો. દરેક વ્યક્તિને રસ મળે એવો પ્રયત્ન કરો.

વિવેકાનંદ.

પત્રાંક ૧૦.

૫૪૧ **ડીઅરબૉર્ન** એવન્યુ.
ચિકાગો. ૩ જી **માર્ચ** ૧૮૯૪.

વ્હાલા—

હું તમારી સાથે એટલો મળતો થાઉં છું કે શ્રદ્ધા એ એક અદ્ભુત દર્શન છે અને તેજ બચાવી શકે તેમ છે, પણ તેમાં એ જોખમ રહેલ છે કે વખતે તેમાંથી ધર્માંધતા–અંધશ્રદ્ધા જન્મ પામે અને તેથી ભવિષ્યમાં વધવાનો માર્ગ અટકી પડે,

જ્ઞાન–તે બરાબર છે, પણ તેમાં શુષ્ક બુદ્ધિ થવાનો ભય રહે છે. પ્રેમ મહાન્ અને પરમ ઉચ્ચ છે, પણ તે અર્થહીન કલ્પના અનુસરણમાં પરિણામ પામી તેનો નાશ થવા સંભવ છે. આ ત્રણેની–શ્રદ્ધા, જ્ઞાન, અને પ્રેમની એકવાક્યતા આવશ્યક છે. **રામકૃષ્ણમાં** આવું એકત્વ હતું. આવી વ્યક્તિયો થોડી અને વિરલ હોય છે; પરંતુ તેને અને તેના ઉપદેશને આપણા આદર્શ તરીકે રાખવાથી આપણે આગળ વધી શકીએ તેમ છીએ. આપણામાંનો દરેક જણ વ્યક્તિપણે તેવી સંપૂર્ણતાને ન પામે, છતાં આપણે બધા મળીને એક બીજામાંથી વિરોધી તત્ત્વો કાઢી અનુકૂલપણે વર્તી સમાનતા થાય તેવી સ્થિતિ પ્રાપ્ત કરીને તેવી સંપૂર્ણતા મેળવી શકીએ એવો સભવ છે. આથી ઘણા મનુષ્યો મળીને એકત્વ મેળવી શકીએ અને તેથી બીજા સર્વ મતો અને સંપ્રદાયો કરતાં નિશ્ચયે ઉન્નતિ પ્રાપ્ત કરી શકીએ.

કોઇપણ ધર્મને અસરકારક કરવાને માટે ઉત્સાહની બહુ જરૂર છે. તેનીજ સાથે સંપ્રદાયો ન વધે તેની ખાસ કાળજી રાખવાની જરૂર છે, આ સંપ્રદાયો ન વધે તેમ કરવાને માટે આપણે કોઇ પણ સંપ્રદાયને લગતો મત રાખવો ન જોઇએ અને તેથી આપણા મતમાં સંપ્રદાયથી થતા બધા લાભો જળવાઈ રહે, અને સર્વવ્યાપી ધર્મની વિશાલતા રહે તેવું કરવાનું છે,

પરમેશ્વર સર્વ સ્થળે છે છતાં તેનું જ્ઞાન મનુષ્યવર્તનદ્વારા થઈ શકે તેમ છે. **રામકૃષ્ણના** જેવું સંપૂર્ણ વર્તન કોઇપણ વ્યક્તિનું કદી હોતું નથી, અહો ! તેજ વર્તન આપણું કેંદ્રસ્થાન હોવું જોઇએ અને તેની આસપાસ આપણે રહેવું જોઇએ; તેની સાથેજ દરેકને તે મહાન્ વ્યક્તિને પોતાને જેમ યોગ્ય લાગે તેમ ઈશ્વર, ઉદ્ધારક, ગુરૂ, આદર્શ અગર મહા વ્યકિત તરીકે પોતાને પસંદ પડે તેમ—ગણવાને છૂટ આપવી જોઇએ.

સામાજિક સમાનતા કે અસમાનતા એ બેમાંથી એકકેનો આપણે ઉપદેશ આપતા નથી, પણ જે ઉપદેશ આપીએ છીએ તે એ છે કે દરેક વ્યક્તિને સમાન હક્ક છે, અને તેથી દરેક રીતે વિચાર સ્વાતંત્ર્ય અને કૃતિસ્વાતંત્ર્ય છે એવો આગ્રહ રાખીએ છીએ.

આપણે કોઇનો અનાદર કરતા નથી, પછી ભલે તે ઇશ્વરવાદી, સર્વેશ્વરવાદી,, એકેશ્વરવાદી, બાહ્યેશ્વરવાદી, જડમતવાદી કે અતીશ્વરવાદી હો; શિષ્ય થવાની યોગ્યતા માટે એકજ લક્ષણ અને તે એ કે શિષ્ય થનારે પોતાનું વર્તન વિશાલમાં વિશાલ અને ઉત્સાહીમાં ઉત્સાહી ધોરણ ઉપર ઘડવું જોઇએ.

આપણે એવો પણ આગ્રહ રાખતા નથી કે આચાર કે વર્તન કે ખાવાપીવાને માટે અમુક નીતિના કાયદા હોવા જોઇએ. વાસ્તવમાં તે બીજાને નુકશાનકર્તા ન હોવા જોઇએ એટલુંજ.

જે આગળ વધતાં અટકાવે છે, અને અધોગતિએ જવામાં સહાય કરે છે તે દુર્ગુણ છે; અને જે ઉન્નત થવામાં અને એક-અવિરોધિ બનવામાં સહાય કરે છે તે સદ્દગુણ છે.

આપણને દરેકને પોતાની મેળે જાણવામાં, જાણી પસંદ કરવામાં, અને જે પોતાને અનુકૂળ અને સહાયકારક હોય તેને આદરવામાં સ્વતંત્ર રાખેલા છે. ઉદાહરણ તરીકે માંસ ખાવું એકને ગુણકારી હોય, જ્યારે બીજાને ફળ ખાવું ગુણકારી હોય, તો દરેક પોતાના વિશિષ્ઠ સ્વભાવ પ્રમાણે વર્તવા મુખત્યાર છે, પણ બીજાના આચાર પર ટીકા કરવાનો તેને કોઇ જાતનો હક્ક નથી, કારણ કે બીજા જે રીતે વર્તતા હોય તે રીતે પોતે વર્તે તો નુકસાન થાય તે પરથી આગ્રહ રાખવો નહિ કે પોતે જે રીતે વર્તે તે રીતે બીજાએ વર્તવુંજ જોઇએ. કેટલાક માણસોની સ્ત્રી સાથે લગ્ન કરવાથી ઉન્નતિ થઈ શકતી

હોય, જ્યારે બીજાને તેમ કરવું તે કેવલ હાનિકારક હોય; પણ અવિવાહિત-પુરૂષને એવું કહેવાનો કોઇ પણ જાતનો હક્ક નથી, કે વિવાહિત શિષ્ય ખોટો છે, અને વળી પોતાના ભાઇ ઉપર પોતે જે નીતિનો ખ્યાલ રાખતો હોય તે ખ્યાલ પ્રમાણે વર્તવાને ખાસ આગ્રહ કરવાનો તો એના કરતાં પણ ઓછો હક્ક છે.

આપણે માનીએ છીએ કે દરેક વ્યક્તિ ઈશ્વરાત્મા છે—ઈશ્વર છે. દરેક આત્મા એ અજ્ઞાનરૂપી વાદળાંથી આચ્છાદિત થયેલ સૂર્ય છે; એક આત્મા અને બીજા આત્મા વચ્ચે ભેદ છે તે ઉપરોક્ત વાદળાનાં થરોની ઘટ્ટતાને અંગે છે. આપણે માનીએ છીએ કે આ સર્વ ધર્મોનો પ્રતીતિ કે સુપ્રતીતિપૂર્વક પાયો છે, અને આ મનુષ્યની ઉન્નતિનો સર્વ ઇતિહાસ—પછી તે ઇતિહાસ ઐહિક, માનસિક કે આધ્યાત્મિક કોટિનો હોય તેનું નિરાકરણ એ છે કે એકજ આત્મા જુદીજુદી કોટિમાં પોતાનો સાક્ષાત્કાર કરાવે છે. સર્વ વેદોનો સાર આ ઉપરોક્ત તત્વમાંજ છે.

આપણી એવી માન્યતા છે દરેક આત્માનું એ કર્તવ્ય છે કે તેણે બીજા આત્માઓને ઇશ્વરો તરીકે ગણી તેમના પ્રત્યે વર્તન રાખવું જોઇએ, અને કોઇપણ રીતે યા સાધનથી તેમના પ્રત્યે દ્વેષ, તિરસ્કાર, નિંદા ન કરવી જોઇએ, અને તેમને હરકત કરવાને પ્રયત્ન કરવો ન જોઇએ. આ કર્તવ્ય ફક્ત સંન્યાસીનુંજ છે એમ નથી પણ સર્વે પુરૂષ અને સ્ત્રીનું છે.

આત્માને લિંગ—જાતિ, વર્ણ, કે અપૂર્ણતા નથી. આપણે માનીએ છીએ કે વેદોમાં, દર્શનોમાં, પુરાણોમાં કે તંત્રોમાં એવું કોઇ પણ સ્થળે કહ્યું નથી કે આત્માને કોઇ જાતિ (પુરૂષ, સ્ત્રી કે નપુંસક), મત કે વર્ણ (બ્રાહ્મણાદિ) છે. તેથી જેઓ એમ કહે છે કે 'ધર્મની સાથે સાંસારિક સુધારાને શું સંબંધ છે ?' તેની

સાથે આપણે મળતા—સંમત થઇએ છીએ; પરંતુ તેઓએ આપણે જેમ માનીએ છીએ તે પ્રમાણે માનવાને પણ સંમત થવું જોઇએ કે ધર્મનું કાર્ય સાંસારિક કાયદાઓ બાંધવાનું નથી, અને તેથી વ્યક્તિઓમાં ભેદ છે એવો પણ આગ્રહ ધર્મને રાખવાનો નથી; કારણ કે ધર્મનો હેતુ અને ઉદ્દેશ આ સર્વ કલ્પિત, અને દુષ્ટ રાક્ષસી રચનાઓને નિર્મૂળ કરવાનો છે.

જો એમ દલીલ કરવામાં આવે કે આવા ભેદદ્વારા આપણે અંતિમ સમાનતા અને એકતા પ્રાપ્ત કરી શકીએ, તો તે સામે આપણો એ ઉત્તર છે કે એ કહેનાર ધર્મેજ પુકારી પુકારી કહ્યું છે કે કાદવ કાદવથી સાફ ન થઈ શકે. (મતલબ કે ભેદથી એકતા પ્રાપ્ત ન થાય.) એટલે શું માણસ અનીતિમાન્ બનવાથી નીતિમાન્ બની શકે ?

સાંસારિક કાયદાઓ ધર્મની સંમતિથી, આર્થિક સંજોગો આવવાથી નિર્મિત થયા છે. ધર્મની ભયંકર ભૂલ સામાજિક વ્યવહારમાં માથું ઘાલવાથી થઈ છે; આથી જુઓ તે ભૂલ કેવી કપટજાળથી કહે છે, અને તેજ કથનથી પોતાની વિરૂદ્ધ પોતેજ જાય છે. " સામાજિક સુધારો તે ધર્મનું કર્તવ્ય નથી. "——ખરૂં. આપણે જેની જરૂર છે તે એજ છે કે ધર્મે સંસારસુધારક ન થવું જોઇએ, પણ તેની સાથે આપણે આગ્રહ રાખીએ છીએ કે ધર્મને સાંસારિક કાયદા બાંધનાર બનવાનો કશો હક્ક નથી. તેને દૂર રાખો ! તમે તમારા પોતાના સ્થાનને વળગી રહો એટલે સર્વ સુઘટિત થઇ રહેશે.

૧. કેલવણી એ મનુષ્યમાં ક્યારના રહેલા સંપૂર્ણત્વનો સાક્ષાત્કાર છે.

૨. ધર્મ એ મનુષ્યમાં ક્યારના રહેલા દીવ્ય ઇશ્વરીતત્ત્વનો સાક્ષાત્કારછે.

તેથી ગુરૂનું કર્તવ્ય માત્ર એ બંનેમાં એટલું છે કે તે માર્ગમાં આવતાં બધાં વિઘ્નોને દૂર કરવાં. ' દૂર રાખો ' એ શબ્દો હું હમેશાં

કહું છું, અને તેથી સર્વ બની રહશે. મતલબ કે આપણું કર્તવ્ય માર્ગને સાફ કરવાનું છે; જ્યારે બાકીનું બધું પ્રભુ કરે છે.

તો ખાસ કરીને તમારે એ લક્ષમાં રાખવાનું છે કે ધર્મને માત્ર આત્મા સાથેજ સંબંધ છે, અને તેને સાંસારિક બાબતોમાં માથું ઘાલવાનું કંઇ પ્રયોજન નથી--તમારે ધ્યાનમાં લેવાનું છે કે આ કથન ક્યારના થઇ ગયેલા નુકશાન પછી કહી લાગુ પાડવામાં આવે છે. આતો એક માણસ બીજાની પાસેથી તેની મિલ્કત બળાત્કારે પડાવી લઇ પોતાની પાસે રાખે, અને પછી જ્યારે તેની પાસેથી મિલ્કત જેની તે હતી તે માણસ પડાવવા આવે ત્યારે લાંબી બૂમ પાડી પૂકારે કે મનુષ્યના હક્ક પવિત્ર છે, તો તે પડાવવા ન જોઇએ—એના જેવું છે ! ! !

સાધુઓને દરેક સાંસારિક બાબતમાં માથું ઘાલવાનું શું પ્રયોજન હતું ?--આથી કરોડો મનુષ્યોની દુ:ખદ સ્થિતિ આવી છે.

તમે માંસભક્ષક ક્ષત્રિયની વાત કરો છો; માંસ કે ન માંસ, પણ તેઓજ હિંદુધર્મમાં જે ઉચ્ચશ્રેણીનું અને સુંદર છે તેના જન્મદાતા છે. ઉપનિષદો કોણે લખ્યાં ? રામ કોણ હતા ? કૃષ્ણ કોણ હતા ? બુદ્ધ કોણ હતા ? જૈનોના તીર્થંકરો કોણ હતા ? જ્યારે જ્યારે ક્ષત્રિયોએ ધર્મનો ઉપદેશ આપ્યો છે, ત્યારે ત્યારે તેઓએ દરેક વ્યક્તિને તે આપેલ છે, અને જ્યારે જ્યારે બ્રાહ્મણોએ કંઇપણ લખ્યું છે ત્યારે ત્યારે તેઓએ બીજાના સર્વ હકકો સ્વીકારવાની ના પાડી છે. વ્યાસની ગીતા અને સૂત્રો વાંચો અથવા કોઇ પાસે વંચાવી સાંભળો: તે ગીતામાં સર્વ પુરૂષ અને સ્ત્રીઓને, સર્વજાતિ અને વર્ણવાળાને માટે માર્ગ ખુલ્લો છે એમ ખુલ્લું કહ્યું છે, પણ વ્યાસે વેદોના એવા અર્થ કરવાના પ્રયત્ન કર્યા છે કે તેથી બિચારા શૂદ્રોને છેતર્યા છે. શું ઈશ્વર તમારા જેવો કાચોપોચો મૂર્ખ છે કે તેની દયાની નદી માંસના એક

કટકાથી અપવિત્ર થાય? જો તે એવો હોય તો તેની કીંમત એક પાઇ પણ નથી!

મારી પાસેથી કંઈ પણ આશા રાખો નહિ, પણ જેમ જેમ તમોને લખતો ગયો છું અને કહેતો ગયો છું તેમ તેમ મને એતો પ્રતીતિ થઇ છે કે હિંદનો ઉદ્ધાર હિંદવાસીઓના હાથથીજ થવાનો છે. તો તમે કે જે માતૃભૂમિના યુવકો છો તેમાંથી ડઝનબંધ પુરૂષો આ નવીન ભાવના ઉપર લગભગ ગાંડા જેવા બની શકો તેમ છે. વિચાર કરી, સાધનો મેળવી **રામ**કૃષ્ણનું જીવનચરિત્ર લખો, અને **તેમાંના સર્વ ચમત્કારોને ખાસ કાળજી રાખી દાખલ કરશો નહિ.** આ ચરિત્ર જે સિદ્ધાંતો તેમણે ઉપદેશેલા હતા તેનું ઉદાહરણ થાય, તેવી રીતે લખાવું જોઇએ. આમાં તેજ વ્યક્તિનું વર્ણન આવે—મને કે બીજી કોઇ હયાત વ્યક્તિઓને બીલકુલ દાખલ કરવી નહિ. આમાં મુખ્ય ઉદ્દેશ એ હોવો જોઇએ કે જે તેણે બોધ્યું છે તે જગત્ સમીપ મૂકવું અને તે બોધના આદર્શરૂપ તેમનું જીવન હતું, તે સમજાવવું. જો કે હું અયોગ્ય છું તોપણ મારા પર એ ફરજ હતી કે રત્નોની પેટી મારા હવાલે સોંપવામાં આવી હતી તે બહાર લાવી તમોને સ્વાધીન કરવી. તમોને શા માટે? કારણ કે જેઓ દંભી, ઇર્ષ્યાવાન્, ગુલામ, અને બાયલા છે, જેમની જડમાંજ માન્યતા છે એટલે જેઓ જડવાદીજ છે તેઓ કોઇ કાલે પણ જરાસરખુંપણ કાર્ય કરી શકવાના નથી. અદેખાઇ—ઇર્ષ્યા તે આપણા પ્રજાકીય વર્તનમાં શ્રાપ સમાન છે, અને તે ગુલામોમાંજ સ્વભાવિક રીતે દૃષ્ટિગત થાય છે. આવી અદેખાઈને લીધે પોતાની સર્વ શક્તિ છતાં પ્રભુ પણ કંઇ કરી શકે તેમ નથી. * *

પોતાનું સર્વ કર્તવ્ય બજાવી મરણ પામી આ ભવમાંથી ચાલી ગયેલ છે એવા પુરૂષ તરીકે મને ગણો, હવે સર્વ કાર્ય તમારા ખભા પર

આવેલું છે એવું વિચારો. માતૃભૂમિના તમે યુવકો છો તે આ કાર્ય માટે નિર્મિત થયા છો એવું લક્ષ રાખો; તે કાર્યમાં નિયુક્ત થાઓ, અને પછી જુઓ કે પ્રભુ તમને કૃતાર્થજ કરે છે. મને તજીદો, તમારી દૃષ્ટિમાંથો મને તદ્દન મુકત કરો; અને તમેજ નવીન ભાવના, નવીન સિદ્ધાંતો, નવા ચૈતન્યનો ઉપદેશ કરો; ઉપદેશ કરતાં કોઇ વ્યક્તિ કે કોઇ રૂઢિથી વિરૂદ્ધ ન જાઓ. જાતિભેદની કે બીજા કોઇ સામાજિક ખરાબ રીવાજની તરફેણમાં કે તેની વિરૂદ્ધમાં ઉપદેશ કરશો નહિ. તેવાથી 'દૂર રહો' એ સિદ્ધાંતને વળગી રહેજો, પછી સર્વ કાર્ય સ્વતઃ યોગ્યરીતે બની રહેશે.

તમે મારા બહાદૂર, નિશ્ચલમનના, અને પ્રેમ દાખવનાર આત્મા છો તો તમે સૌને મારા આશીર્વાદ છે.

તમારો, વિવેકાનંદ.

પત્રાંક ૧૧.

ન્યુયૉર્ક, ૯ મી એપ્રિલ ૧૮૯૪.

વ્હાલા અ—.

સેક્રેટરી સાહેબ મને લખે છે કે મારે હિંદમાં એકદમ આવવું જોઇએ, કારણ કે ત્યાં મારૂં કાર્યક્ષેત્ર રહેલ છે. નિર્વિવાદપણે એમ છે; પણ મારા બંધુ! આપણે એવી મસાલને સળગાવવાની છે કે જે સમસ્ત હિંદ ઉપર પ્રકાશ પાડે. તેથી આપણે ઉતાવળા ન થવું જોઇએ. દરેક બાબત પ્રભુની કૃપાથી બની રહેશે. અમેરિકાના મોટા શહેરોમાં મેં વ્યાખ્યાનો આપેલાં છે...અહીં મેં ઘણા મિત્રો કર્યા છે અને તેમાંના કેટલાક તો મોભાદાર અને વગવાળા છે. અલબત ધર્માંધ ખ્રિસ્તિ સાધુઓ મારી વિરુદ્ધ છે, છતાં મારી સામે બાથ ભીડવી એ સહેલું નથી એવું તેમને પ્રતીત થાય છે તેથી મને હેરાન કરવા, મારો

ભાંડવા અને દરેક રીતે મારી નિંદા કરવાના પ્રયત્નો તેઓ કરે છે... પ્રભુ તેમનું કલ્યાણ કરો ! મારા બંધુ ! અડચણ વગર કંઇપણ સારૂં કામ કરી શકાતું નથી. જેઓ અંતસુધી કાર્યમાં મંડયા છે તેઓજ જય મેળવે છે. ... મારી શ્રદ્ધા છે કે જ્યારે એક વર્ણ થશે, એક વેદ, સંપ અને એકત્રતા થશે, ત્યારે **સત્વયુગ** પ્રવર્તશે. આ **સત્વયુગનો** વિચારજ **હિંદને** સજીવન કરે તેમ છે. તેમાં શ્રદ્ધા રાખ..........

પુત્રો ! ઉઠો અને કાર્ય કરવામાં તમારૂં બળ રેડો. !

પ્રાચીન **હિંદુતત્ત્વ** સદાને માટે છે ! મારા બાલકો ! ઉઠો, ઉઠો, આપણે ચોક્કસ જીત મેળવવાના છીએ.

* * * જ્યારે એક વખત આપણે કામ કરવાનો આરંભ કરીએ છીએ, ત્યારે અપ્રતિહત બૂમ પડશે, પણ કાર્ય કરવા વગર બોલવાની હું જરૂર જોતો નથી.

સર્વ આશીર્વાદ સાથે આપનો **વિવેકાનંદ.**

પત્રાંક ૧૨.

ચિકાગો, ૨૮મી મે. ૧૮૯૪.

વ્હાલા—

હું તમોને આથી વહેલો પત્ર લખી શકયો નહિ તેનું કારણ હું ન્યુયોર્કથી બોસ્ટન આમતેમ પર્યટન કરતો હતો તે છે. હું **હિંદમાં** કયારે પાછો ફરીશ તે હું પોતે જાણતો નથી. જે **પ્રભુ** મને પીઠ પાછળ રહી દોરે છે તેનાજ હાથમાં સૌ વાત મૂકવી એ વધારે ઇષ્ટ છે. મારા વગર કાર્ય કરવામાં પ્રવૃત્ત રહો અને તે એવી રીતે કે જાણે હું કદીપણ અસ્તિત્વ ધરાવતો ન હતો. કોઇને માટે, યા કોઇ વસ્તુ માટે અટકીને રાહ જોતાં બેસી ન રહો. જે તમારાથી બની શકે તે કરો અને કોઈ ઉપર તમારી આશાનો મદાર બાંધો નહિ. * * * *

ભાષણનું કાર્ય મેં અહીં બહુ કર્યું છે......ખર્ચ પણ અહીં જબરદસ્ત થયેલ છે. જોકે ઘણા સુંદર અને મોટા કુટુંબોવાળાએ મારી સંભાળ દરેક સ્થળે લીધી છે, છતાં મારી પાસેથી પૈસા ચાલ્યો જાય છે.

આ ઉનાળામાં હું અહીંથી વિદાય થઇશ કે નહિ તે હું જાણતો નથી. બનતાં સુધીતો નહિ. પણ તે દરમ્યાન તમે આપણી યોજનાને વ્યવસ્થિત કરી ગતિમાં મૂકો. તમે સર્વ કરી શકો તેમ છો તેમાં શ્રદ્ધા રાખો; બરાબર સમજો કે ભગવાન્ આપણી સાથેજ છે અને તેથી બહાદૂર આત્માઓ ! આગળ વધો. !

મારા પોતાના દેશમાં મારી પુરતી કદર થઇ છે. કદર કે ન કદર, પણ નિદ્રાવશ ન રહો, ધીમા ન પડો. તમારે એજ યાદ રાખવાનું છે કે આપણી યોજનાનો કિંચિત્ અંશમાત્ર પણ અમલમાં હજુ સુધી આવ્યો નથી.

તમારૂં કાર્ય શિક્ષિત યુવકજનો પર બજાવો, તેમને એક સંપમાં લાવી વ્યવસ્થિત કરો. મહાન્ કાર્યો મહાન્ આત્મભોગથીજ બની શકે છે. કોઇ જાતની સ્વાર્થપરાયણતા, કોઇનાં નામ કે કીર્તિ—મારાં કે તમારાં, અરે મારા ગુરૂનાં પણ નામ કે કીર્તિ રાખવાની બીલકુલ જરૂર નથી. કાર્ય કરો, વિચાર અને યોજનાને કાર્યમાં મૂકો—મારા શિષ્યો, મારા બહાદૂર, ઉમદા અને સંસ્કારી આત્માઓ! – કટિબદ્ધ થઈ ચક્રને ગતિમાન કરો! નામ કે કીર્તિ કે એવા અર્થહીન મમત્વ માટે પાછળ જોવા અટકો નહિ. પોતાની જાતને–મમત્વને કાઢી નાંખી કાર્ય કરો. તમે શીખી ગયા છો કે 'તૃણમાં તૃણને ભેગું કરી દોરડું વણીએ છીએ તે દોરડાવડે ગાંડો હાથી પણ બાંધી શકાય છે, તે યાદ લાવો. તમો સર્વ પર પ્રભુના આશીર્વાદ છે. તેમની શક્તિ તમારા સર્વમાં હો—

તેવી શક્તિ તમારામાં **ક્યારની** છે તે હું માનું છું. ‘ જાગૃત થાઓ અને સાધ્ય જ્યાંસુધી પ્રાપ્ત નથી કર્યું ત્યાંસુધી વિરમો નહિ–**ઉત્તિષ્ઠત જાગૃત પ્રાપ્ય વરાન્નિબોધત**–એવું વેદો કહે છે. ઉઠો, ઉઠો, લાંબી રાત્રી પસાર થઇ ગઇ છે અને દિવસ આવે છે. સમુદ્રનું મોજું ઉછળ્યું છે, હવે તે ભરતીનું રૂપ લે છે ત્યારે તેના વેગ સામે પ્રતિરોધ કરવા કંઇ પણ શક્તિમાન્ થઈ શકશો નહિ. તે ભરતી તે મારા શિષ્યો ! પ્રેમ છે ! અરે પ્રેમ છે ! શ્રદ્ધા છે ! અરે શ્રદ્ધા છે! તો ભય ન રાખો, ભય તેતો મહાન્‌માં મહાન્ પાપ છે.

સર્વને મારા આશીર્વાદ છે. ત્યાં સર્વ ઉમદા જીવોને જેણે આપણા કાર્યમાં સહાય આપી છે તેને કહેજો કે હું તેમને મારો શાશ્વત પ્રેમ અને ઉપકાર મોકલું છું, પણ તેમને ધીમા ન પડવાની યાચના કરૂં છું. આ ભાવનો સર્વ સ્થલે પ્રચાર કરો. અભિમાની બનશો નહિં; અને મતવાદપર આગ્રહ રાખશો નહિ. આપણું કાર્ય રસાયનિક વસ્તુઓ એકઠી કરી મૂકવાનું છે અને તેનું વર્ગીકરણ–પૃથક્કરણ જે રૂપ લે છે તે તો ભગવાન્ જ જાણે છે. સૌ કરતાં વિશેષ તો એ છે કે મારી કે તમારી ફતેહ થાય તેથી ફુલાઇ જશો નહિ. મહાન્ કાર્યો કરવાનાં છે. જે કરવાનું રહે છે તેના પ્રમાણમાં આ નાની ફત્તેહ શું વિસાતમાં છે ? શ્રદ્ધા, દૃઢ શ્રદ્ધા રાખો કે પ્રભુની આજ્ઞા થઈ છે, ઈશ્વરનો જુસ્સો આગળ વધ્યો છે કે હિંદ જાગૃત થશેજ. હિંદના સામાન્ય પ્રજાજનો અને ગરીબો સુખી થવાના છે. હર્ષિત થાઓ, આધ્યાત્મિક જલવેગ ઉછળ્યો છે; તે જલ ભૂમિપર પસાર થાય છે, કોઇ તેને અટકાવી શકતું નથી, પ્રમાણમાં સીમા વગરનું આગળ ધસે છે, અને સર્વને પોતાનામાં સમાવી દે છે એવું હું જોઉં છું. દરેક માણસ મોખરે આવે છે, દરેક સારૂં સારૂં તે વેગના બલમાં ઉમેરાતું જાય છે, દરેક બલ પોતાના માર્ગને સહેલો કરે છે, અને તેનો જશ ઈશ્વરપર છે.

મને કોઈ પ્રકારની સહાયની અપેક્ષા નથી. એક ફંડ એકઠું કરવા મંડો, તે ફંડમાંથી થોડાં મેજીક લેંટર્ન (જાદુઇ ફાનસ), નકશા, પૃથ્વીના ગોળાઓ, વગેરે અને થોડા રસાયનિક પદાર્થો ખરીદ કરો. પછી દર સાંજે ગરીબ અને હલકા વર્ણના માણસોનું ટોળું એરે ! તેમાં શૂદ્ર જાતિના માણસોને પણ ભેગા કરો અને તેમની આગળ પ્રથમ ધર્મ સંબંધી ભાષણો આપો, અને પછી મેજીક લેંટર્ન અને બીજી વસ્તુઓ દ્વારા ખગોળવિદ્યા, ભૂગોળ આદિ શાસ્ત્રો લોક ભાષામાં શીખવો. ઉત્સાહી યુવક જનોની મંડળીને કેળવો. તમારો જુસ્સો તેમાં રેડો, અને ધીમે ધીમે આ વ્યવસ્થિત મંડળને વધારે વિશાલ બનાવી વધારો. જે સરસ બની શકે તે કરો, પણ નદીમાંથી સર્વ પાણી જતું રહે ત્યારેજ તે નદીને ઓળંગવી એવા વિચારથી રાહ જોઇ બેસી ન રહો. બેશક માસિકો, લેખો વગેરે છાપવા એ સારૂં છે, પણ શાશ્વતકાળ સુધી જે લખાણ લખીએ અને જે વાતો કરીએ તેના કરતાં અનંતમાં ભાગ જેટલું પણ કાર્ય ચડે છે.—માં એક-સભા બોલાવો, થોડા પૈસા મેળવો, અને જે હું હમણાં જણાવી ગયો તે વસ્તુઓ ખરીદો. પછી એક ઝુંપડું ભાડે રાખી તેમાં આ કાર્ય ચલાવો. માસિકો એ ગૌણ છે, પણ આ પ્રધાન છે. તમારો સામાન્ય પ્રજાજનો પર કાબુ હોવો જોઇએ. નાની શરૂઆત થાય તો તેથી બીઓ નહિ, કારણકે મહાન્ વસ્તુઓ પછીથી આવે છે. ધૈર્યવાન્ થાઓ. તમે તમારા બંધુઓને દોરવાનો પ્રયત્ન ન કરો, પણ તેમની સેવા કરવામાં પ્રવૃત્ત થાઓ. માણસોને દોરવાની પશુવત્ ઘેલછાથી જીવનરૂપી પ્રવાહમાં અનેક મ્હોટાં વહાણો ડૂબી ગયાં છે. આને માટે ખાસ સાવધ થતાં શીખો, મતલબ કે મરણપર્યંત નિ:સ્વાર્થી બનો. જે મારે કહેવાનું હતું તે બધું હું લખી શકયો નથી પણ મારા

બહાદૂર પુત્રો ! ભગવાન્ તમને બધુ સમજવાની બુદ્ધિ આપશે. તે તરફ મારા પુત્રો ! પ્રયાણુ કરો. પ્રભુનો જય થાઓ !

આપનો પ્રેમશીલ. વિવેકાનંદ.

પત્રાંક ૧૩.

ચિકાગો, ૨૩ મી જુન ૧૮૯૪.

શ્રીમન્ મહારાજ !

આપને તથા આપના સમસ્તવર્ગને શ્રી નારાયણના આશીર્વાદ હો ! આપની માયાળુ મદદથી આ દેશમાં આવવાનું મારાથી બની શક્યું છે. અહીં આવ્યો ત્યારથી હું અહિં પ્રસિદ્ધ થયો છું, અને આ દેશના આતિથ્યસત્કાર કરવાની પ્રકૃતિવાળા લોકોએ મારી બધી જરૂરીઆતો પૂરી પાડી છે. આ અદ્ભુત દેશ છે, અને અહીંની પ્રજા ઘણી બાબતોમાં અદ્ભુત છે. હમેશનાં કાર્ય થઇ શકે, તે માટે આ દેશના લોકો જેટલું યંત્રકામ, વાપરે છે તેટલું કોઈ દેશ વાપરતો નથી. દરેક ચીજ યંત્રદ્વારાએ બને છે. વળી આ પ્રજા તે આખી દુનિયાનો ફક્ત વીસમો ભાગ છે, છતાં જગત્‌ની સમસ્ત સંપત્તિનો પૂરેપૂરો છઠ્ઠો ભાગ આ દેશની પ્રજા ધરાવે છે. તેઓના ધનના ખજાનાની અને મોજશોખની કંઇ સીમા નથી; છતાં અહીં બધી ચીજો મોંઘી છે. મજૂરીનું ખર્ચ આખા જગત્‌માં અહીં વધારેમાં વધારે છે; છતાં મજૂરો અને મૂડીવાળા વચ્ચેનું યુદ્ધ કાયમ ચાલ્યું જાય છે.

આખી પૃથ્વીપર આ દેશની સ્ત્રીઓને જેટલા હક્કો છે તેટલા ક્યાંઇ પણુ નથી. જે કંઇ મળે તે ધીમેથી અહીંની સ્ત્રીઓ ગ્રહણુ કરતી જાય છે, છતાં વિચિત્ર એ છે કે સુશિક્ષિત સ્ત્રીઓની સંખ્યા સુશિક્ષિત પુરૂષોની સંખ્યા કરતાં ઘણીજ વધારે છે. અલબત ઉચ્ચ

પ્રતિના બુદ્ધિમાન્ અને પ્રતિભાશાલી તો પુરૂષોમાંથીજ મળી આવે છે. આપણી જ્ઞાતિના ભેદ વિરૂદ્ધ પશ્ચિમવાસી જનો ગમે તેવી ટીકાઓ કરે છે, છતાં તેઓમાં ખરાબમાં ખરાબ જાતિ છે—અને તે પૈસાદાર લોકોની છે. અમેરિકનોની ભાષામાં સર્વ શક્તિમાન્ ડૅાલર અહીં સર્વ કરી શકે તેમ છે. * * *

પૃથ્વીની સપાટીપર એવો એક પણ દેશ નથી કે જેને અહીના જેટલા કાયદાઓ હોય, અને તે કાયદાનો ખરાબ ઉપયોગ જેટલો અહીં થાય છે એવો કોઇ દેશમાં થતો નથી. એકંદરે આપણા વધારે ગરીબ હિંદુ લોક પશ્ચિમની કોઇ પણ પ્રજા કરતાં અનંત ગણા વધારે નીતિમાન્ છે. ધર્મમાં પશ્ચિમની પ્રજાઓમાં કાંતો દંભ હોય છે, કાંતો ઘેલછાજ હોય છે. શાંત મગજના લોકો પોતાના વહેમી ધર્મોથી કંટાળી ગયેલા હોય છે, અને તેથી હિંદ ઉપર નવીન પ્રકાશ મળે તેવી દૃષ્ટિ નાંખી રહ્યા છે. આપ મહારાજને જોયા વગર પ્રતીતિ થઇ શકે તેમ નથી કે તેઓ પવિત્ર વેદોના ભવ્ય વિચારોના એક નાના અંશનું પણ કેવી આતુરતાથી ગ્રહણ કરે છે. આ વિચારો વર્તમાન વિજ્ઞાનશાસ્ત્રના હુમલા સામે ટકી રહે છે એટલુંજ નહિ પણ તેને જરા પણ ઇજા થતી નથી. શેમાંથી આ સર્વ સૃષ્ટિ થઇ, આત્માને ઉત્પન્ન કરવામાં આવ્યો, અને પરમેશ્વર સ્વર્ગમાં સિંહાસન પર બેસી એક મોટા જૂલમી રાજા પેઠે રાજ્ય કરે છે, નરકમાં શાશ્વત અગ્નિઓ સળગે છે વગેરે વાદો—માન્યતાઓએ સર્વ શિક્ષિત મનુષ્યોને કંટાળો આપ્યો છે; અને સૃષ્ટિ અને આત્માના શાશ્વતપણાના અને આપણા પોતાના આત્મા ઈશ્વર છે એવા વેદોના ભવ્ય વિચારો એક યા બીજા સ્વરૂપમાં તેઓ ઝડપથી ગ્રહણ કરતા જાય છે. પચાશ વરસમાં જગતના શિક્ષિત પુરૂષો આત્મા અને સૃષ્ટિનું શાશ્વતપણું છે અને આપણા

આત્માનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અને પૂર્ણમાં પૂર્ણ સ્વરૂપતે પરમાત્મા—ઈશ્વર છે કે જે આપણા પવિત્ર વેદોમાં બોધેલું છે તેમાં શ્રદ્ધા રાખશે. હમણાં પણ તેઓના વિદ્વાન્ સાધુઓ બાઇબલનો તેવી રીતે અર્થ કરે છે. મારો નિર્ણય એવો છે કે તેઓને વિશેષ પ્રમાણમાં આધ્યાત્મિક સંસ્કૃતિની જરૂર છે, જ્યારે આપણને વિશેષ પ્રમાણમાં જડ—ઐહિક સંસ્કૃતિની જરૂર છે.

હિંદુસ્તાનમાં જે સર્વ અનિષ્ટનું મૂળ છે તે ગરીબની દશા છે. પશ્ચિમના ગરીબ લોક શેતાન છે; જ્યારે આપણા ગરીબો તેઓની સાથે સરખાવતાં દેવદૂત છે, અને તેથી તેટલા પ્રમાણમાં આપણા ગરીબોને ઉન્નત કરવાનું સહેલું છે. આપણા હલકી પંક્તિના વર્ગોની જે ફક્ત સેવા કરવાની છે તે એજ છે કે તેઓને કેલવણી આપવી, અને **તેઓએ ગુમાવેલું વ્યક્તિત્વ વિકસાવવું.** આપણી પ્રજા અને રાજાઓ—બંનેનું આ મહાન્ કાર્ય છે. અત્યાર સુધીમાં તે દિશામાં કંઇપણ કરવામાં આવ્યું નથી. સાધુઓની સત્તા, અને વિદેશીઓની આપણા પર જીત એ બેથી તે વર્ગો સૈકાઓ થયાં ચગદાઇ ગયા છે અને તે એટલા અંતસુધી કે હિંદના ગરીબો એટલું પણ ભૂલી ગયા છે કે તેઓ મનુષ્ય વ્યક્તિઓ છે. તેઓને વિચારો આપવાના છે, તેઓની આસપાસ જગત્માં શું થતું જાય છે તે તરફ તેઓની આંખો ખોલવાની છે, અને પછી તેઓ પોતાની મુક્તિ પોતાની મેળે સાધી શકશે. દરેક પ્રજા, દરેક પુરૂષ, દરેક સ્ત્રીએ પોતાનો ઉદ્ધાર—મુક્તિ પોતેજ મેળવવી જોઇએ. તેઓને વિચારો આપો, એજ સહાય માત્ર તેઓને જરૂરની છે અને તે મળી કે બાકીનું બધું તેના પરિણામ તરીકે સ્વતઃ આવી લાગશે. આપણું કર્તવ્ય રસાયનિક પદાર્થો ભેગા કરવાનું છે, તેનું પૃથક્કરણ, વર્ગીકરણ કુદરતના કાયદા પ્રમાણે

થઇજ રહેશે. આપણો ધર્મ તેઓના મગજમાં વિચારોનો પ્રવેશ કરાવવાનો છે, પછી બાકીનું બધું તેઓ પોતાની મેળેજ કરશે. હિંદમાં જે કરવાનું છે તે આજ છે. આ વિચાર મારા મગજમાં લાંબો કાળ થયાં ભમ્યા કરતો હતો. હું તે વિચારને હિંદમાં પાર પાડી શકયો નહિ, અને તેથીજ મારે આ દેશમાં આવવું પડયું. ગરીબોને કેળવવામાં મોટી મુશ્કેલી આ છે. ધારો કે આપ મહારાજશ્રી દરેક ગામમાં મફત કેળવણી મળે તેવી શાળા ઉઘાડો, છતાં પણ તેથી કંઇ સરવાનું નથી, કારણ કે હિંદમાં ગરીબાઈ એટલી બધી છે કે ગરીબ બાલકો શાળામાં આવવા કરતાં ખેતરમાં જઇ પોતાના બાપને મદદ કરવાનું, અથવા બીજી રીતે ઉપજીવિકા મેળવવાનું વધારે પસંદ કરશે, હવે કહેવત પ્રમાણે 'જો પર્વત મહમદ પાસે ન આવે તો મહમદે પર્વત પાસે જવું જોઇએ,' એટલે જો ગરીબ બાલક કેલવણી લેવા ન આવે તો કેલવણી તેની પાસે જવી જોઇએ. આપણા દેશમાં એક ગામથી બીજે ગામ જઇ ધર્મનો ઉપદેશ આપતા એવા એક–નિશ્ચયવાળા આત્મભોગી સંન્યાસીઓ હજારો છે; તેમાંનો એક ભાગ સાંસારિક કેળવણીના પણ શિક્ષકો તરીકે વ્યવસ્થિત કરવામાં આવે તો એક સ્થાનથી બીજે સ્થાને, એક બારણાથી બીજે બારણે જઇ તેઓ ઉપદેશ આપશે, એટલું જ નહિ પરંતુ કેલવણી પણ આપશે. ધારો કે આવા બે જણ કેમેરા, ગ્લોબ (પૃથ્વીનો ગોળો), થોડા નકશા વગેરે લઇને એક ગામમાં સાંજે જાય તો અજ્ઞાનોને તેઓ ખગોળવિદ્યા, અને ભૂગોળ સંબંધી ઘણું શીખવી શકે તેમ છે. જુદી જુદી પ્રજાની વાર્તાઓ કહીને તેઓ ગરીબ લોકોને જીંદગીપર્યંત પુસ્તકો દ્વારા જાણી શકે તેના કરતાં હજારગણું જ્ઞાન સંભળાવીને આપી શકશે. આ કરવા માટે વ્યવસ્થાની જરૂર છે, અને તેને માટે

વળી નાણાંનો ખપ પડશે. આ યોજના પાર પાડવા માટે હિંદમાં પૂરતા મનુષ્યો છે, પણ અફસોસ! કે તેઓ પાસે પૈસો નથી. ચક્રને ગતિમાં મુકવું બહુ મુશ્કેલ છે, પણ એક વખત તેને ગતિમાં મૂક્યું પછી ઘણો વધારે વેગ લઇને તે ચાલ્યું જાય છે. મારા દેશમાં મદદ શોધતાં જ્યારે ધનવાન્ પાસેથી કોઇ પ્રકારની સહાનુભૂતિ મેળવવા હું નિષ્ફળ થયો ત્યારે આપ મહારાજની મદદથી હું આ દેશમાં આવ્યો, અમેરિકનો હિંદના ગરીબ લોકો જીવે કે મરી જાય તેની લેશ માત્ર દરકાર કરતા નથી, પણ જ્યારે આપણા પોતાના લોકો પોતાના સ્વાર્થી હેતુ સીવાય બીજા કશાનો વિચાર સરખો પણ કરતા નથી તો તેઓ તો શાને માટે કરે?

મારા ઉમદા રાજકુમાર! આ જીવન ટુંકું છે, જગતના ડોળ નાશવંત છે, પણ જે બીજાને માટે પોતાનું જીવન ગાળે છે તેજ જીવે છે, બાકીના તો જીવતા છતાં મરેલાજ છે. આપ મહારાજશ્રી જેવો એક ઉચ્ચ, ઉમદા હ્રદયવાળો રાજવંશી પુત્ર હિંદુસ્તાનને પગપર લાવી ઉન્નત કરવા માટે ઘણું કરી શકે તેમ છે, અને તેમ કરી ભવિષ્યની પ્રજા પાસે એવું નામ મૂકી જનાર છે કે જેની પૂજા થાય. આપના ઉમદા હ્રદયમાં અજ્ઞાનમાં ડુબેલા હિંદના દુ:ખી કરોડો માણસોને માટે તીવ્રપણે લાગણીઓ થાય એમ પ્રભુ કરો એવી વિવેકાનંદની પ્રાર્થના છે.

પત્રાંક ૧૪.

યુ૦ સ્ટે૦ અ.

૧૧ મી જુલાઇ ૧૮૯૪.

વ્હાલા અ—

* * ખરા ધંધાની રીત શીખો, મારા તાત! આપણે હજુ મહાન્ કાર્યો કરીશું! ગયે વર્ષે ફક્ત મેં બી વાવ્યાં હતાં; જ્યારે

આ વર્ષે તેનાં ફલ લણવાની ઉમેદ રાખું છું. તે અરસામાં હિંદમાં જેટલો બની શકે તેટલો વધુ ઉત્સાહ ટકાવી રાખો. ક–ભલે પોતાના માર્ગ ઉપર ચાલે. વખત જતાં તે એની મેળેજ સીધી લાઇનમાં આવી જશે, તેના માટેની જવાબદારી મેં લીધી છે. પોતાના અભિપ્રાય પર મુસ્તાક રહેવાને તેને સંપૂર્ણ હક્ક છે. પત્ર માટે લેખ તેની પાસે લખાવતા રહેશો; એમ થયે તેનો સ્વભાવ ઘણો સારો રહેશે! તેના પ્રત્યે મારા આશીર્વાદ હો!

* * બોસ્ટનની હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર નામે **જે. એચ. રાઇટ** મારા મિત્ર તરીકે રહેનારામાં પ્રથમજ હતા તેથી તે માટે ઉપકાર દર્શાવનાર એક પત્ર તેમના પર લખજો અને તેની સાથે આપણું પત્ર પણ મોકલાવજો.

* * ડિટ્રોઇટમાં વ્યાખ્યાન કરતાં મને ૯૦૦ સેંટ એટલે ૨૭૦૦ રૂપીઆ મળ્યા. બીજા વ્યાખ્યાનોમાંથી એક ભાષણમાં મેં ફક્ત એક કલાકના વખતમાં ૨૫૦૦ સેંટ એટલે ૭૫૦૦ રૂપીઆ મેળવ્યા, પરંતુ તેમાંથી ફક્ત મને ૨૦૦ ડૉલરજ મળ્યા. એક લુચ્ચી વ્યાખ્યાન કરાવનારી સંસ્થાએ મને છેતર્યો, હવે ભાષણ કરવું મૂકી દીધું છે. * *

* * આવતે વર્ષે મારે ઘણું લખાણ છપાવવું પડશે. હું નિયમિત રીતે કાર્ય કરવાનો છું. માત્ર **ઈચ્છા શક્તિજ** સર્વ સાધ્ય કરશે... હમેશ નિયમિત રીતે મળે એવી સંસ્થા તમારે અવશ્ય સ્થાપવાની જરૂર છે, અને તેના વિષે મને જેટલી વખત બની શકે તેટલી વખત વારંવાર લખી જણાવતા રહેજો. વસ્તુતઃ બની શકે તેટલો વધુ ઉત્સાહ પ્રાપ્ત કરજો. ફક્ત અસત્યથી **ચેતતા** રહેજો. મારા પુત્રો, કાર્ય કરતા ધસો, તેથીજ ખરો જુસ્સો તમારામાં પ્રગટશે, વ્યવસ્થા કરવાની શક્તિનો આપણા સ્વભાવમાં તદન અભાવ છે, પરંતુ તેને નવેસરથી લાવી પ્રગટાવવો ઘટે છે. આનું મહાન્ રહસ્ય ઈર્ષ્યાનો અભાવ છે.

તમારા બંધુઓના અભિપ્રાય તરફ અમીદષ્ટિ રાખવામાં હમેશાં તત્પર રહેજો અને સદા સમાધાન કેમ જળવાય તેમાં પ્રયત્નવાન્ બનજો. આજ બધી વાતનું રહસ્ય છે. બહાદૂરીથી લડયાં કરજો! જીવન ટુંકું છે! તો તે જીવનને મહાન્ ઉદ્દેશ માટે અર્પણ કરો...આપણે કોઇ સંપ્રદાયમાં ભળવાનું નથીજ, પણ આપણે દરેકની સાથે સહાનુભૂતિ દર્શાવી તેની સાથે રહી કાર્ય કરવું આવશ્યક છે...કાર્ય કરો, બસ કાર્ય કર્યાંજ કરો—સર્વપર પ્રેમદ્વારા જીત મેળવો.

આગળ વધવામાં પ્રયત્નવાન થાઓ. જીવનની હયાતી, 'ગતિ કરવી અને ઉન્નત થવું' એથીજ છે.......મક્કમ રીતે ટકી રહો. અત્યાર-સુધી આપણે આશ્ચર્યમાં ગરકાવ કરે તેવાં કાર્યો કર્યાં છે. વીર આત્માઓ, આગળ વધો, આપણે લાભ મેળવીશુંજ. એક પછી એક સંસ્થાને પાકા બંધારણથી સ્થાપતા જાઓ અને કાર્ય તરફ વળો એજ આપણો—ખરો માર્ગ છે.

આ વખતે આ વર્ષે અહીંઆં ઝાઝું ભાષણ કરવાનું નથી, તેથી હું હવે મારી લેખિની તરફજ વળીશ અને લખ્યાં કરીશ. બધો વખત સખત રીતે કાર્ય કરવામાં રોકાઇશ અને પાછી જ્યારે ઠંડી બહુ પડશે ત્યારે લોકો પોતાના ઘેર પાછા વળશે તે વખતે ભાષણ કરવાનું પાછું શરૂ કરીશ, અને તેની સાથે સંસ્થાઓ સ્થાપીશ.

તમો સૌને મારો પ્રેમ અને આશીર્વાદ હો. હું જોકે વારંવાર બધાને લખી શકતો નથી છતાં હું કોઇને પણ કદી ભૂલતો નથી. બીજું વળી એ કે હું હવે ખૂબ મુસાફરી ચાલુ કર્યાં કરૂં છું અને એક સ્થળેથી બીજા સ્થળે એમ મારાં પત્રો ફરતાં ફરતાં મને મળે છે.

સખત કાર્ય કર્યાં કરો, પવિત્ર અને શુદ્ધ બનો, એટલે ઉત્સાહ આવી જશે.

તમારો પ્રેમનિષ્ઠ, વિવેકાનંદ.

પત્રાંક ૧૫.

યુ. સ્ટે. અ.

૩૧ મી ઓગસ્ટ ૧૮૯૪

વ્હાલા અ—

* * * કેટ તરફથી એક પત્ર મને મળ્યો છે, પરંતુ તેની શંકાઓનું સમાધાન કરવા માટે એક પુસ્તક જોઇએ તેમ છે, તેથી હું તમારા દ્વારા મારા આશીર્વાદ તેના પ્રત્યે પાઠવું છું અને તેને એવું યાદ કરવાનું તમને કહું છું કે આપણે એક બીજાના મતભેદ હોય તેમાં સંમત છીએ—અને વિરોધી મુદ્દાઓમાં શું એકતા છે તે જોવામાં આપણે એક સાથે મળતા છીએ. તેથી તેને શેમાં શ્રદ્ધા–માન્યતા છે, તે પ્રત્યે જોવાનું નથી; માત્ર તેણે કાર્ય કરવું અવસ્ય કર્તવ્ય છે,

બ–, ગ, ગ, ક–, ડૉકટર અને આપણા બધા મિત્રોને તેમજ સર્વ મહાન્ સ્વદેશપ્રેમી આત્માઓ કે જે પોતાના દેશના હિતને ખાતર પોતાના મતભેદને ડૂબાવી નાંખવા જેટલા બહાદૂર અને ઉદાર–ચિત્ત છે તે સર્વને મારો પ્રેમ અર્પજો * * હવે એક મંડળીને વ્યવસ્થિત રીતે સ્થાપો......તમારે આ સર્વ હીલચાલનો બોજો તેના એક નેતા તરીકે નહિ, પરંતુ એક સેવક તરીકે લેવો જોઈએ. તમે જાણો છો કે નેતા બનવાનું લેશ માત્ર પણ વલણ રાખવાથી ઇર્ષ્યા ઉત્પન્ન થાય છે, અને તેથી સર્વ બગડે છે–નાશ પામે છે. વિચારોને ચારે દિશામાં વિશાલતાથી પાથરી–ફેલાવી ધીમે ધીમે કાર્ય કરો......વખત આવ્યે આપણા મિશનનો મહાન્ કિલ્લો મ્હેસુર નીવડશે......મદ્રાસમાં એક મંદિર બાંધવા માટે મ્હેસુર તેમજ બીજે સ્થળેથી નાણાં એકઠાં કરવાની કોશેશ કરો. આ મંદિરમાં એક લાયબ્રેરી હોવી જોઇએ અને તેની સાથે ઓફીસ (કાર્યાલય) રાખવા તથા સંન્યાસીઓ થઇ જે

ઉપદેશકો બન્યા હોય તેને, તથા જે વૈરાગીઓ ત્યાં આવે જાય તેમને, રહેવા માટે ઓરડાઓ બાંધવા જોઇએ. આપણે આવી રીતે તસુતસુ આગળ વધતાં ઉન્નતિ કરી શકીશું......મારા વીરપુત્ર ! અત્યાર સુધી ખરેખર તેં સારૂંજ કર્યું છે. તને સર્વ બળનું દાન થશે. * *

મારા કાર્ય માટે આ મહાન્ ક્ષેત્ર છે, અને અહીં જે જે કાર્ય થયું છે અને થશે તે ઇંગ્લિંડમાં હું જે કાર્ય કરવા ધારૂં છું તેને માટે ખુલ્લો માર્ગ કરી આપશે * *

તમે જાણો છો કે પૈસો રાખવો, અરે, તેનો સ્પર્શ સરખો કરવો તે મારી મોટામાં મોટી મુશ્કેલી છે. તે કંટાળો દેનાર, અને અવનત કરનાર છે. તેથી તે વ્યવહારમય નાણાંનું ખાતું સંભાળી લે તેવી એક સંસ્થા તમારે ઉભી કરવાની અવશ્ય જરૂર છે. અહીં મારા મિત્રો છે. કે જે મારી સર્વ અગત્યની બાબતોની સંભાળ રાખી શકે તેમ છે. તમે જાણો છો કે ભયંકર નાણાંપ્રકરણથી મને દૂર રાખશો તો મને આશ્ચર્યકારક આસાયેશ મળશે. તેથી જેટલી વહેલી સંસ્થા આ માટે સ્થાપિત કરશો અને તમે સેક્રેટરી અને ખજાનચી તરીકે મારા અહીંના મિત્રો તથા દીલસોજી ધરાવનારા સાથે સીધો પત્રવ્યવહાર ચલાવવા તત્પર રહેશો, તેટલું તમારે અને મારે માટે વધુ સારૂં. તે કાર્ય તરતજ કરો અને મને લખી જણાવો. આ સંસ્થાને કોઇ પણ સંપ્રદાયને લગતું જે નામ હોય તે નામ આપો.

* * * તમારે માટે મહાન કાર્યો કરવા માટે તૈયાર છે. ધીમે ધીમે હું તમારા કોલેજના કાર્યથી તમને સ્વતંત્ર કરીશ એવી આશા રાખું છું કે જેથી તમારી જાતને અને તમારા કુટુંબને ગુજરાન વગર રાખ્યા સીવાય તમારો સર્વ પ્રાણ આ કાર્ય તરફ આપવાનું કરી શકે. મારા પુત્રો તે માટે કાર્ય કરો, કાર્ય કર્યાં જ કરો ! આ કાર્યની ઝાંખી રૂપરેખા સીધી રીતે તૈયાર થઈ ગઇ છે; હવે તે દરેક

વર્ષે સારા સારા સ્વરૂપમાં ચાલુ રહેશે. અને જ્યાં સુધી હું **હિંદ** આવું ત્યાં સુધી તેને માત્ર ઠીક રીતે નભાવી શકશો, તો ઘણી ઝડપથી આપણું કાર્ય આગળ વધ્યું જશે. તમે આટલું બધું કાર્ય કરી શક્યા છો તેને માટે આનંદિત થાઓ. જ્યારે તમે ખિન્ન હો એમ લાગે, ત્યારે ગયા વર્ષમાં શું કરી શકાયું છે તેનો વિચાર કરજો. કંઈ ન હતું તેમાંથી આપણે કેવી રીતે વધી શક્યા છીએ, એ જાણો આખા જગતની દૃષ્ટિઓ આપણા પ્રત્યે હમણાં દૃઢ રીતે ખેંચાઈ છે. **હિંદ** ફક્ત નહિ, પરંતુ બહારની સમસ્ત દુનિયા આપણી પાસેથી મહાન્ કાર્યોની આશા રાખે છે.

* * સત્ય, પ્રેમ અને શુદ્ધ અંતઃકરણની આડે આવવા કોઇ પણ શક્તિમાન્ નથી. શું તમે હૃદયનિષ્ઠ છો? મરણપર્યંત કેવલ નિઃસ્વાર્થી છો? અને પ્રેમ રાખનાર છો? જો તેમ છે તો મરણપર્યંત પણ ભીતિ ન રાખો. મારા છોકરાઓ! આગળ વધો. આખી દુનિયાને પ્રકાશની જરૂર છે. તેની રાહ સર્વત્ર જોવાય છે! ફક્ત **હિંદ**ભૂમિની પાસેજ તે પ્રકાશ છે, કે જે જાદુ, મિથ્યા મંત્રવાદ કે તિલિસ્માતીમાં રહેલું નથી, પરંતુ ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક સત્યના—સત્યધર્મના ખરા રહસ્યનું યશોગાન શીખવવામાં રહેલ છે. તેથીજ આ ભારતસંતતિને તેનાપર પડેલ ચડતી પડતીના કાળચક્રમાંથી અત્યાર સુધી પરમાત્માએ બચાવી રાખી છે. હવે તે માટે ખરો અવસર આવ્યો છે. મારા બહાદુર પુત્રો! તમે સર્વ મહાન્ કાર્યો કરવાને જન્મ લીધો છે, તે બાબતની શ્રદ્ધા રાખો! નાનાં કુરકુરીઆંના ભસવાથી તમે ભડકી જાઓ નહિ, બલ્કે આકાશમાંથી વજ્ર પડી તમારા પર સખ્ત પ્રહારો કરે છતાં ભીતિ ન રાખો, પરંતુ ટટાર ઉભા રહી કાર્ય કર્યા કરો!

આપનો સદાનો પ્રેમનિષ્ઠ, **વિવેકાનંદ.**

પત્રાંક ૧૬.

યુ. સ્ટે. અ.

૨૧ મી સપ્ટેંબર ૧૮૯૪.

વ્હાલા અ—

* * એક સ્થળેથી બીજે સ્થળે એમ હું સતત્ મુસાફરી કરતો રહ્યો છું, અને ભાષણો કરવાં, વર્ગો ચલાવવા, ઇત્યાદિ કાર્યો અસ્ખલિત-પણે કરતો જાઉં છું.

મારા તૈયાર કરવા ધારેલા પુસ્તક માટે હજુ હું એક લીટી સરખી પણ લખવા શક્તિમાન્ થયો નથી. કદાચ તે કામ હવે પછી હાથમાં લઇ શકવા શક્તિમાન્ થાઉં. અહીંના ઉદારચિત્ત લોકમાંથી મેં બહુ મજેના ઘણા મિત્રો કર્યા છે. જ્યારે સ્થિતિચુસ્ત લોકોમાંથી બહુ થોડા મિત્રો થયા છે. જેટલું આ દેશમાં રહ્યો તેટલું ઘણું થયું છે, અને ખાસ કરીને આ કહેવાનું કારણ એ કે, મને અતિશય કાર્ય કરવું પડે છે, તેથી મને ધ્રુજારી આવે છે. જાહેર ભાષણો જોઇએ તે કરતાં વિશેષ આપવાં પડતાં હોવાથી અને તેને માટે બહુ ઉતાવળ કરવી પડતી હોવાથી આ ધ્રૂજારી આવે છે......તેપરથી તમે જોઈ શકશો કે હું હવે જલદી ત્યાં પાછો ફરીશ. અલબત, જે લોકમાં હું ઘણો પ્રિય થઇ પડ્યો છું તેમની સંખ્યા વધતી જાય છે, અને તે લોકો હું બધો વખત અહીંજ રહું તેમ ઇચ્છે છે; પરંતુ મારૂં ધારવું એમ છે કે વર્તમાનપત્રોમાં મારી વાખાવાખી અને જાહેર જીંદગીની મિથ્યા નિંદા બહુ થઈ ગઇ છે. હું તે માટે લેશમાત્ર પણ પરવા કરતો નથી.

* * કોઇપણ દેશમાં માત્ર સહાનુભૂતિ દાખવવાથીજ મનુષ્યોનો મોટો સમૂહ કંઇપણ ભલું કરી શકતો નથી. ખ્રિસ્ત દેશોમાં જે થોડા ધન આપે છે તે વારંવાર 'પૉલીસી' ખાતર, (કાવા દાવા ખાતર-

અમુક અર્થ સારવા) અગર નરકની બ્હીકને લઇને આપે છે. તેથી જેમ આપણામાં બંગાલી ભાષામાં કહેવત છે કે 'ગાય મારી તેના ચામડાનાં પગરખાં બનાવવાં, અને પછી તે બ્રાહ્મણને દાનમાં આપવાં' તેવું આ છે, અને જેવું અહીં છે તેવું સઘળે છે; અને તે રીતે પાશ્ચિમાત્ય પ્રજા આપણી પ્રજા સાથે સરખાવતાં લોભી-કૃપણ છે. હું હૃદયપૂર્વક માનું છું કે એશિયાવાસીઓ આખા જગતમાં સૌથી વધારે સખી-ઉદાર છે, ફક્ત એટલુંજ કે તેઓ ઘણા ગરીબ છે.

હું ન્યુયોર્કમાં થોડા મહિના રહેવાનો છું. આખા દેશમાં આ શહેર સૌથી વધારે વિદ્વાનો, અગ્રેસરો, અને ધનવાનો ધરાવનારૂં છે. અલબત બોસ્ટનને બ્રાહ્મણધર્મરાગી શહેર કહેવામાં આવે છે, અને અહીં અમેરિકામાં મને સહાનુભૂતિ આપનારા લાખો મનુષ્યો છે...... ન્યુયોર્કવાસી લોકો ઘણા ખુલ્લા દિલના છે. ત્યાંને માટે હવે હું શું કરી શકું છું તે અહીં જોતો રહીશ, કારણ કે મારે કેટલાક ઘણા વગવાળા-મોભાદાર મિત્રો છે. આ સૌ છતાં પણ આ ભાષણ કરવાની પ્રવૃત્તિથી કંટાળતો જાઉં છું. ઉચ્ચતર આધ્યાત્મિક પ્રદેશમાં પ્રવેશ કરી તેને હાથ કરવામાં પશ્ચિમના લોકોને ઘણો લાંબો વખત જોઇશે. તેમને માટે તો પાઉંડ, શિલિંગ, પેન્સ, એજ સર્વસ્વ છે. એટલે જ્યાં જોઇએ ત્યાં લક્ષ્મી બસ લક્ષ્મીનીજ વાત પ્રિય છે. જો ધર્મ, તેમને ધન, આરોગ્યતા અગર સૌંદર્ય લાવી આપે તો તે લોકો ટોળાબંધ ભેગા થશે, બાકી તે સિવાય તો કંઈ થવાના નથી.

બ—'ગ ગ' ને તથા આપણા સર્વ મિત્રોને મારો ઉત્તમ પ્રેમ અર્પશો.

સનાતન પ્રેમસાથે આપનો, વિવેકાનંદ.

પત્રાંક ૧૭.

યુ. સ્ટે. અ.
૨૧ મી સપ્ટેંબર ૧૮૯૪.

વ્હાલા ક—

આટલો બધો, એકદમ આ સંસારનો ત્યાગ કરવાનો તમારો નિશ્ચય જાણીને હું ઘણો દિલગીર છું. જ્યારે ઝાડપર ફળ પક્વ થાય છે, ત્યારે તે પડે છે; તેવીજ રીતે યોગ્ય સમય આવી પહોંચે ત્યાંસુધી સબૂરી પકડો. ઉતાવળ ના કરો. તે છતાં પણ, પોતાના મૂર્ખાઇ ભરેલાં કાર્યોથી બીજાને દુઃખી કરવાનો કોઇને હક્ક નથી. થોભો, ધૈર્ય રાખો, વખત આવ્યે સર્વ યોગ્ય થઇ રહેશે. * *

આશીર્વાદ સાથે આપનો વિવેકાનંદ.

પત્રાંક ૧૮.

યુ. સ્ટે. અ.
૨૭ મી સપ્ટેંબર ૧૮૯૪.

વ્હાલા અ—

* * મારાં વ્યાખ્યાનો અને વચનોનાં જે પુસ્તકો કલકત્તામાં છપાયાં છે તેમાં હું એક બાબત જોઉં છું. તેમાંનાં કેટલાંક એવી રીતે છપાયાં છે કે જેમાંથી રાજદ્વારી વિચારોનીજ ગંધ આવ્યા કરે; જ્યારે હું રાજદ્વારી પુરૂષ નથી, તેમજ રાજકીય બાબતો માટે ચળવળ કરનાર પણ નથી. વસ્તુના હાર્દ માટેજ ફક્ત હું દરકાર કરૂં છું—જ્યારે તે હાર્દ યથાયોગ્ય હશે ત્યારે સમસ્ત વસ્તુ સ્વતઃ યથાયોગ્ય થઇ રહેશે...તેથી તમારે કલકત્તાવાળાઓને ચેતવણી આપી

જણાવવું આવશ્યક છે કે, મારાં કોઈ પણ લખાણો કે કથનો ઉપર ખોટી રીતે **રાજકીય અર્થ** બેસારી દેશો નહિ. આ કરવું તે કેટલું બધું મિથ્યા છે!...મેં એવું સાંભળ્યું કે રેવરંડ કાલિચરણ બૅનરજીએ **ખ્રિસ્તી મિશનરીઓ સંમુખ** ભાષણ કરતાં એવું કહ્યું હતું કે હું **રાજકીય** પ્રતિનિધિ છું. જો આમ જાહેર રીતે કહેવામાં આવ્યું હોય તો જાહેર રીતે મારી વતી તે **બાબુ** પાસે માગણી કરવી કે તે પ્રમાણે તેણે **બંગાલાનાં** વર્તમાનપત્રોમાં લખી સાબિત કરી આપવું, નહિતો તેનું મૂર્ખાઇભરેલું કથન તેણે પાછું ખેંચી લેવું. આ તેઓની લુચ્ચાઇ છે! સામાન્ય રીતે **ખ્રિસ્તિ રાજ્ય** કર્તાઓ ઉપર પ્રમાણિક ટીકા કરતાં મેં થોડા કર્કશ શબ્દો કહ્યા છે, પરંતુ તે પરથી એમ ફલિતાર્થ નીકળતો નથી કે રાજકીય બાબત કે એના જેવી બાબત સંબંધે મને કંઇ પણ દરકાર છે કે તેની સાથે કંઈ સંબંધ છે. જેઓ મારા ઉકત **ભાષણોમાંથી** ઉતારાઓ કાઢી તેને પ્રગટ કરવા, તે મહાન્ ભવ્ય વાત છે એવું માને છે, અને તેથી એવું સાબિત કરવા માગે છે, કે હું એક **રાજકીય** બાબતોનો ઉપદેશક છું, તો તેઓને હું કહું છું કે "મારા મિત્રોથી મને બચાવો."

* * મને નીચો પાડનારાપ્રત્યે જે મારો ઉત્તર છે તે ફક્ત એજ છે કે સઘળો વખત એક સરખી ચુપકીદી પકડવી, એમ મારા મિત્રોને કહેજો. હું **शठं प्रति शाठ्यं कुर्यात्**–એટલે 'જૈસે કું તૈસા' એ સૂત્રાન્વયે તેમના પ્રત્યે વર્તું, તો તેથી આપણે પણ તેઓની સપાટીએ આવીએ છીએ. મારા મિત્રોને કહો કે સત્ય પોતાની દરકાર પોતાની મેળે કરશે, અને તેઓએ મારા માટે કોઈની સાથે યુદ્ધમાં ઉતરવાનું નથી. તે મારા મિત્રોને હજુ ઘણું શીખવાનું છે અને ખરે તેઓ ફક્ત નાનાં બાલકો છે. તેઓ માત્ર છોકરા હોઇ મૂર્ખાઇભરેલા સોનેરી સ્વપ્નામાં ભૂલા પડયા છે.

* * જાહેર લોકસેવાના જીવનમાં આ મિથ્યાપ્રલાપ તથા વર્તમાનપત્રોમાં થતી વાખાવાખીથી હું સંપૂર્ણ કંટાળી ગયો છું.

હું શાન્ત રીતે હિમાલય પાછો ફરવા તલસી રહ્યો છું.

આપનો સદાનો પ્રેમનિષ્ઠ, વિવેકાનંદ.

પત્રાંક ૧૯.

૨૯ મી સપ્ટેંબર ૧૮૯૪.

પ્રિય—

મારા બહાદૂર નિઃસ્વાર્થી બાલકો ! તમે બધાએ કાર્ય સારી રીતે કર્યું છે. તમારા માટે હું મગરૂર છું...આશામાં ઝૂલો, અને નિરાશાને તજી દ્યો. આટલે સુધી આરંભ કર્યાં પછી જો તમે નિરાશ થશો, તો તમે મૂર્ખ ગણાશો.

આપણું કાર્યક્ષેત્ર હિંદમાં છે, અને આપણા કાર્યની કદર વિદેશોમાં કરાવવાની હોય, તો આપણે હિંદુસ્તાનમાં જાગૃતિ કરવી જોઇએ. તેમ થયું તો સર્વ થયું...આપણે એવો મજબૂત પાયો નાખવો જોઇએ, કે જે પાયા ઉપર બધું મંડાણ કરતાં આગળ વધી શકીએ. પછી સર્વ બાબત યથાસ્થિત થઇ રહેશે. જગત્‌ને ગતિમાન્ કરનાર ઇચ્છાશક્તિ છે.

મારા પુત્ર ! યુવાનો ખ્રિસ્તી થઇ જાય છે તેથી તમારે દીલગીર થવાની જરૂર નથી. હાલના સાંસારિક બંધનો નીચે ખાસ કરીને મદ્રાસમાં આ સિવાય બીજા તેઓ કેવા બને ? વિકાસને માટે સ્વતંત્રતા એ તો મૂળ પાયો છે. તમારા પૂર્વજોએ આત્માને કેવળ સ્વતંત્રતા આપી હતી, તેથીજ ધર્મ વિકાસ પામ્યો. તેઓએ સમાજને દરેક બંધનમાં નાખ્યો, તેથી સમાજ વિકાસ પામ્યો નહિ. પશ્ચિમમાં આથી

ઉલટુંજ છે, ત્યાં સમાજને સર્વ જાતની સ્વતંત્રતા છે, જ્યારે ધર્મની બાબતમાં તેમ નથી. હવે દશા બદલાઇ છે. પશ્ચિમમાં ધર્મનાં બંધનો તૂટવા લાગ્યાં છે, તેવીજ રીતે પૂર્વમાં સમાજનાં બંધનો તૂટવા માંડ્યાં છે.

હવેથી પૂર્વ અને પશ્ચિમ પોતાની મૂળ સ્થિતિમાં ફેરફાર કરશે; હિંદની ધાર્મિક અથવા આંતરિક–ભાવનામય સ્થિતિ છે, પશ્ચિમમાં શાસ્ત્રીય–વૈજ્ઞાનિક અથવા બાહ્ય–ભૌતિક સ્થિતિ છે. હવેથી પશ્ચિમને સામાજિક સુધારણાદ્વારા ધાર્મિક જ્ઞાનનો દરેક અંશ પોતાનામાં લાવવાની જરૂર લાગે છે; પૂર્વને ધાર્મિક જ્ઞાનદ્વારા સામાજિક સત્તાના દરેક અંશની જરૂર લાગે છે. આ રીતે એવું બન્યું કે હાલના સુધારકો કેવી રીતે સુધારો કરવો તેનો માર્ગ જોઈ શક્યા નહિ, અને તેઓને એમ જણાયું કે હિંદમાંથી ધર્મનાં તત્ત્વોનો નાશ કરવાથી ઉન્નતિ થશે. આમ ધારી તેઓએ જે પ્રયત્નો કર્યા તે બધા નિષ્ફળ ગયા. આનું કારણ શું ? તો તે એ છે કે તેમાંના બહુજ થોડાએ પોતાના ધર્મનો અભ્યાસ કર્યો અને જેટલાએ કર્યો તેમાંથી એક પણ **સર્વધર્મોની માતા** કોણ છે ? તે સમજવા જેટલું જ્ઞાન મેળવી શક્યો નહિ. હું એવો દાવો કરૂં છું કે હિંદુ સમાજ સુધારવાને ધર્મનો નાશ કરવાની જરૂર નથી, અને સમાજની હાલની સ્થિતિ ધર્મને લીધે અસ્તિત્વ ધરાવતી નથી; પણ હાલની સ્થિતિનું કારણ એજ છે કે, ધર્મને સમાજમાં જે રીતે લાગુ પાડવો જોઇએ, તે રીતે લાગુ પાડવામાં આવ્યો નથી. આ હું આપણા પ્રાચીન પુસ્તકોમાંથી તેના દરેક શબ્દોમાંથી સિદ્ધ કરવા તૈયાર છું. આનોજ હું ઉપદેશ કરૂં છું, અને આ વાત સિદ્ધ કરવા માટેજ આપણે આપણી બધી જીંદગીપર્યંત કાર્ય કરવાનું છે. પરંતુ આ કરવા માટે વખત જોઇશે, અને તેનો અભ્યાસ

કરવાને માટે પણ લાંબો વખત જોઇશે. ધીરજ રાખી કાર્ય કર્યાં કરો. **उद्धरेदात्मनात्मानम्**—આત્માનો આત્મબળથી ઉદ્ધાર કરો.

તમારો, ઇત્યાદિ, વિવેકાનંદ.

તા. ક. હાલની હિંદુ સમાજ ધાર્મિક પુરૂષો માટેજ વ્યવસ્થિત થયેલી છે, અને તે સિવાયના બધા માણસોને, એવી રીતે કચડી નાંખે છે કે તેને માટે સારી આશા રહેતી નથી. આનું શું કારણ? જે જગતમાં નકામાં તત્ત્વો રહેલાં છે, તેવા જગતનો ઉપભોગ થોડો પણ કરવા જેઓ ઇચ્છે છે, તેઓ ક્યાં જઇ રહેશે? જેવી રીતે આપણો ધર્મ સર્વને પોતાનામાં સમાવે છે, તેવી રીતે આપણી સમાજે કરવું જોઇએ. આ અમલમાં લાવવા માટે, પહેલાં આપણે આપણા ધર્મનાં મૂળતત્ત્વો બરાબર સમજવાં જોઇએ; અને પછી સમાજની સાથે લાગુ પાડવાં જોઇએ. આથી બહુ ધીમું કાર્ય થશે, પણ જે થશે તે બહુ સચોટ થશે.

વિવેકાનંદ.

પત્રાંક ૨૦.

વૉશિંગ્ટન, ૨૩ મી અક્ટોમ્બર ૧૮૯૪.

વ્હાલા વ—

* * અત્યાર સુધીનો વખત જતાં હું તેઓનો એક શિક્ષક બન્યો છું. તેઓ બધા મને અને મારા ઉપદેશોને ચાહે છે...... જેમ હિંદમાં મારી ટેવ હતી, તેમ ઉપદેશ કરતો અને શિક્ષણ આપતો એક સ્થળેથી બીજે સ્થળે એમ આ આખા દેશમાં હું મુસાફરી કરૂં છું. હજારો અને લાખો મનુષ્યોએ મારૂં ભાષણ ધ્યાનપૂર્વક સાંભળ્યું છે, અને મારા વિચારોને મમતાભર્યા સ્વરૂપમાં ગ્રહણ કર્યા છે. આ

દેશ ખર્ચાળમાં ખર્ચાળ છે પરંતુ પરમાત્મા મારા માટે જ્યાં જ્યાં જાઉં છું ત્યાં સર્વ પૂરૂં પાડે છે.

તમોને અને ત્યાં (લિંબડી,રજપુતાના) ના મારા સર્વ મિત્રો પ્રત્યે પ્રેમ સમેત,

આપનો વિવેકાનંદ.

પત્રાંક ૨૧.

વૉશિંગ્ટન, ૨૭ મી અક્ટોબર, ૧૮૯૪.

પ્રિય—

* * જે હું હિંદમાં કરતો હતો તેજ બરાબર અહીં કરૂં છું. સર્વદા પ્રભુપર આધાર રાખું છું, અને તેને ભૂલી જઇને કોઇ યોજના ઘડતો નથી. તે ઉપરાંત તમારે ધ્યાનમાં રાખવાનું છે કે, આ દેશમાં મારે અનહદ કાર્ય કરવું પડે છે; અને તે એટલું બધું કે મારા વિચારોને એક પુસ્તકના આકારમાં મૂકવા જેટલો વખત પણ મને મળતો નથી, અને તે ઉપરાંત કામનો ભરાવો હમેશાં એટલો રહે છે કે, તેથી મારા જ્ઞાનતંતુઓ પ્રત્યક્ષ રીતે શિથિલ થયા છે. જે શૌર્યપૂર્ણકાર્ય મારા માટે કર્યું છે તેથી તમારો—અને—માં તમારા બધા મિત્રોનો મારાપર થયેલો ઉપકાર શબ્દદ્વારા હું વર્ણવી શકતો નથી. હું વ્યવસ્થાપક નથી, મારી પ્રકૃતિ વિદ્વત્તા અને ધ્યાન તરફ વળે છે. હું ધારૂં છું કે મેં પૂરતું કાર્ય કર્યું છે. હવે હું વિશ્રામ લેવા, અને જેઓ મારા ગુરૂદેવ પાસેથી મારી પાસે આવ્યા છે, તેઓને ઉપદેશ આપવા માગું છું. તમે જે કરી શકો તે હવે તમે જાણી લીધું છે, કારણકે જેઓએ બધું કર્યું છે તે તમેજ,—ના યુવકોજ છો. હું તો ફક્ત નામ માત્ર આગેવાન છું. હું **ત્યાગી** છું, મારે ફક્ત એક ચીજની

જરૂર છે. જે **ધર્મ** કે **ઈશ્વર**, વિધવાનાં આંસુ લૂછી ન શકે, અથવા માબાપ વગરનાં નિરાધાર બાળકોનાં મુખમાં એક રોટલીનો કટકો મૂકી ન શકે, તેવા **ધર્મ** કે ઈશ્વરમાં મને શ્રદ્ધા નથી. ગમે તેટલાં ઉમદા ધર્મતત્ત્વો હોય, ગમે તેટલું સુગંધિત **તત્ત્વજ્ઞાન** હોય—છતાં જ્યાં સુધી તે પુસ્તકોમાંજ છે, મુખમાત્રથી ચર્ચાના વિષયરૂપ છે, એટલે કાર્યમાં ઉતરેલ નથી, ત્યાં સુધી હું તેને **ધર્મ** કહેતો નથી. આંખો કપાળમાં મૂકેલી છે, તે પાછળ મૂકેલી નથી—એટલે આગળ જોઈ આગળ વધવાનું છે; અને આજે મારો **ધર્મ**, એમ કહેવામાં તમે મગરૂરી લ્યો છો તે **ધર્મ**ને કાર્યમાં મૂકો. **પ્રભુ** તમારૂં કલ્યાણ કરશે !

મારા તરફ દૃષ્ટિ ન કરો, તમારા પોતા સામી દૃષ્ટિ રાખો. હું ઉત્સાહ જાગૃત કરવાનો પ્રસંગ લઈ શકું છું તે જાણી સુખી છું; તે ઉત્સાહનો લાભ લ્યો, તેદ્વારા તરી આગળ જાઓ, અને તેમ કરતાં સર્વ યથાસ્થિત મળી રહેશે. મારા પુત્ર ! પ્રેમ કદી નિષ્ફળ જતો નથી. આજે નહિ તો કાલે, કાલે નહિતો કેટલાએક યુગો પછી પણ, તે ખરેખર વિજય મેળવશેજ. પ્રેમ વિજય મેળવશે. શું તમે તમારા જાતિ ભાઈઓપર પ્રેમ રાખોછો ? ઇશ્વરને શોધવા તમે ક્યાં જાઓ છો ? શું ગરીબ, દુ:ખી અને નિર્બળ બંધુઓ બધા ઈશ્વરો નથી ? તેઓની પૂજા પહેલી શા માટે કરતા નથી ? ગંગાનદીના કિનારા ઉપર શા માટે કૂવો ખોદો છો ? પ્રેમની સત્તા **સર્વશક્તિમાન્** છે એવી શ્રદ્ધા રાખો. ધૂમાડાના બાચકા જેવી નામની કીર્તિ માટે કોણ દરકાર રાખે છે ? વર્તમાનપત્રો શું કહે છે તેની કાળજી કદિ રાખશો નહિ. તમારામાં પ્રેમ છે ? પ્રેમ હોયતો તમે **સર્વશક્તિમાન્** છો. તમે સંપૂર્ણ-રીતે નિ:સ્વાર્થી છો ? જો હો તો તમને કોઈ અટકાવી શકનાર નથી. આપણું વર્તન આપણને બધે સ્થળે વિજય આપશે, **પ્રભુ** સમુદ્રના

ઉંડા ભાગમાં પણ પોતાના બાલકોનું રક્ષણ કરેછે. તમારા દેશને શૂરવીર પુત્રોની જરૂર છે. તો શૂરવીર બનો.

હું હિંદમાં આવું એમ સૌ કોઇ ઇચ્છે છે. હુ ત્યાં આવી વધારે ઉપયોગી કાર્ય કરવા શક્તિમાન્ થઇશ એમ તેઓની ધારણા છે. મારા મિત્ર! તેમ માનવામાં તેઓની ભૂલ થાય છે. હમણાંનો ઉત્સાહ ફક્ત અલ્પકાળની **દેશભક્તિ** છે; તેની કિંમત કંઇ નથી. જો તે ઉત્સાહ ખરો અને પ્રમાણભૂત હોય તો થોડા વખતમાં સેંકડો શૂરવીરો આગળ આવી આ કામ ઉપાડી લેવા બહાર પડવા જોઇએ. આ પરથી સમજી લેવાનું કે તમે બધું કર્યું છે, અને તમે આગળ વધો. મારી રાહ ન જુઓ. અહીં કાર્યક્ષેત્ર વિશાળ છે. આ '**ધર્મ**' કે તે '**ધર્મ**'ની સાથે મારે શું લેવાદેવા છે? હું પ્રભુનો સેવક છું, અને સર્વ ઉચ્ચ વિચારોનો પ્રસાર કરવા માટે અહીંના કરતાં બીજું કયું કાર્યક્ષેત્ર આખા જગતની સપાટીપર વધારે ઉત્તમ છે? અહીં જો એક માણસ મારી વિરૂદ્ધ હોયતો તેની સામે મને મદદ કરવાને સેંકડો માણસો તૈયાર છે, અહીંઆં મનુષ્યોને માટે ખરી લાગણી છે, અને સ્ત્રીઓતો દેવીઓ છે. જ્યારે બધું સારૂં બનવાનું હોય છે ત્યારે મૂર્ખ માણસો પણ પોતાની પ્રશંસા સાંભળવા એકદમ ઉભા થઇ જાય છે, અને નિર્માલ્ય પણ શૂરવીર બની જાય છે, પણ ખરા શૂરવીરોતો ચુપકીથીજ પોતાનું કાર્ય કર્યે જાય છે. કેટલા બુધ્ધો મરી જાય છે, તેની કંઇ ગણત્રી નથી! મારા પુત્ર! મને ઈશ્વરમાં શ્રદ્ધા છે, અને મનુષ્યમાં શ્રદ્ધા છે. દુઃખીને મદદ કરવામાં શ્રદ્ધા છે, અને બીજાને મદદ કરવા માટે નરકમાં પણ જવામાં શ્રદ્ધા છે. પશ્ચિમવાસી માટે કહું તો તેઓએ મને ખોરાક, આશ્રય, મિત્રપ્રેમ, રક્ષણ, આપ્યાં છે—અરે! ધર્મચુસ્તમાં ધર્મચુસ્ત ખ્રિસ્તિઓએ મને તે સર્વ આપેલ છે! હિંદવાસીઓ તેઓના પોતાના

સાધુઓ–ધર્મોપદેશકો વિદેશમાં જઇ હિંદમાં પાછા ફરે ત્યારે શું કરે છે ? તેઓ તેમને અડકતા પણ નથી, કારણકે તેઓ મ્લેચ્છો થઈ ગયા છે ! મારા પુત્રો ! કોઇ પણ માણસ, કોઈ પણ પ્રજા બીજાઓને તિરસ્કારી શકે નહિ, અને તેમ કરી રહી શકે નહિ. જ્યારથી મ્લેચ્છ એ શબ્દ તેઓએ શોધી કાઢયો અને બીજાના સંબંધમાં આવવાનું તેઓએ બંધ કર્યું ત્યારથીજ હિંદના નસીબ આડું તાળું દેવાઇ ગયું છે, આ વિચાર તમે ત્યાં કેવી રીતે ઉછેરો છો તેની સંભાળ રાખજો. વેદાંતતત્ત્વોનો પોકારી પોકારી ઉપદેશ કરવો એ સહેલું છે, પણ તે તત્ત્વોનું અંશતઃ પાલન કરવું તે બહુ મુશ્કેલ છે !

આશીર્વાદ સમેત સર્વદા આપનો **વિવેકાનંદ.**

તા. ક. **સત્તાપર પ્રીતિ** અને **ઈર્ષ્યા**—આ બે ચીજો માટે બહુ સાવધ રહેવાનું છે. '**આત્મશ્રદ્ધા**'નો સર્વદા વિકાસ કરો.

વિ.

પત્રાંક ૨૨.

૧૯ મી નવેમ્બર. ૧૮૯૪.

મારા બહાદૂર પુત્રો !

વ્યવસ્થિત **સંસ્થાથી** કામ ચાલવા દ્યો......પ્રેમ, શુદ્ધ અંતઃકરણ પૂર્વક **લાગણી**, અને **ધૈર્ય**—આ ત્રણ વસ્તુ સિવાય બીજું કંઇ ઉપયોગનું નથી. આ ત્રણના બળથીજ સર્વ કાર્યની સિદ્ધિ છે. વૃદ્ધિ એટલે ઉત્તરોત્તર વધવું. પ્રેમ એજ મનુષ્યજીવનનું રહસ્ય છે. તેથી સર્વ પ્રકારનો પ્રેમ એજ જીવન છે, તેજ જીવનનો કેવલ નિયમ છે, અને બધી જાતનો સ્વાર્થ એજ જીવનનો અંત–મરણ છે. આ વાત આ લોકમાં તેમજ **પરલોકમાં** સત્ય પ્રમાણભૂત છે. બીજાનું સારું કરવું

એ જીવવું છે, બીજાનું સારૂં ન કરવું એ જીવવું નહિ પણ મરવું છે. તમે જુઓ છો, કે મનુષ્ય જાતનો નેવું ટકા જેટલો ભાગ મૃતક છે–પિશાચો છે, કારણ કે મારા પુત્રો ! જે પ્રેમવાન્ છે તે સિવાય કોઇપણ જીવતું નથી. મારા બાલકો ! લાગણી દર્શાવો ! ગરીબ, અજ્ઞાની, દબાઇ ગયેલા એવાઓને માટે લાગણી રાખો ! જ્યાંસુધી લાગણી બતાવતાં બતાવતાં તમારૂં હૃદય બંધ પડી જાય, મગજ બેશુદ્ધ બની જાય અને તમને જણાય કે હવે હું ગાંડો થઇ જઈશ, ત્યાંસુધી તમે તેઓપર લાગણી બતાવો ! આમ લાગણી બતાવતાં તમારી ઉપર કહેલી સ્થિતિ થાય, ત્યારે તમારો આત્મા પ્રભુના ચરણે મૂકો, એટલે તમારામાં અદ્‌ભુત શક્તિ, સહાય અને અતુલ કાર્યશક્તિ આવશે. છેલ્લાં દશ વર્ષો થયાં મારો મુદ્રાલેખ એ હતો કે જ્યાં સુધી કાર્ય ન થાય ત્યાં સુધી તે પાછળ મંડ્યા રહેવું. પ્રયત્નો કર્યાજ કરવા; અને હજી પણ એજ તમને કહું છું. જ્યારે સર્વત્ર અંધકાર સિવાય કંઇ દેખાતું ન હતું, ત્યારે પણ હું તેજ મુદ્રાલેખનો–મંત્રનો જાપ કરતો; હમણાં જ્યારે જ્ઞાનના પ્રકાશનાં કિરણો અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે, ત્યારે પણ હું તેજ કહું છું. મારા બાલકો ! ભય બિલકુલ રાખશો નહિ. બીક મનમાં રાખી આકાશમાંના તારાની શ્રેણી સામું જાણે કે તે તમને કચરી નાખશે એવી રીતે ઉંચી દૃષ્ટિ કરશોજ નહિ. સબૂરી પકડો ! થોડા કલાકમાં તે બધું તમારે શરણે થશે. રાહ જુઓ, પૈસો કે કીર્તિ કે બુદ્ધિથી લાભ મેળવશો નહિ. પ્રેમજ સર્વ લાભ આપી શકે છે. શુદ્ધ વર્તનજ વિઘ્નોની વજ્રમય દિવાલોને ભેદી પોતાનો માર્ગ કાપી શકે છે.

હવે આપણી સંમુખ જે પ્રશ્ન ખડો છે તે એ છે કે, સ્વતંત્રતા સિવાય જીવનની વૃદ્ધિ કદિ નથી. આપણા પૂર્વજોએ ધાર્મિક વિચારમાં

સ્વતંત્રતા લીધી અને આપી, અને તેના ફળ તરીકે આપણા પાસે
અદ્ભુત ધર્મ છે; પણ તેઓએ સમાજના પગમાં ભારે બેડીઓ
નાંખી અને તેના ફળ તરીકે આપણી સમાજ ટુંકામાં કહીએ તો
ભયંકર, પિશાચસમાન છે. પશ્ચિમમાં સમાજને હમેશાં સ્વતંત્રતા
હતી, અને તેના ફળ તરીકે જુઓ! તેમની સમાજ કેટલી ગતિમાન્
થઈ છે! તેવીજ રીતે બીજી બાજુએ આપણો ધર્મ જુઓ! (તે પણ
તેથીજ ગતિમાન્ થયો છે.)

જીવનવૃદ્ધિને માટે પહેલાં પ્રથમ સ્વતંત્રતા અત્યંત આવશ્યક છે.
જેવી રીતે મનુષ્યને વિચારવાની અને બોલવાની સ્વતંત્રતાની જરૂર
છેજ, તેવી રીતે તેને જ્યાં સુધી તે બીજાને નુકશાન કરતો નથી ત્યાં
સુધી ખોરાક, પોશાક, અને લગ્નમાં, તેમજ બીજી બધી બાબતમાં
સ્વતંત્રતાની જરૂર છે.

ભૌતિક સંસ્કૃતિથી વિરૂદ્ધ આપણે મૂર્ખ બની બોલીએ છીએ.
કારણકે દ્રાક્ષ ખાટી છે—એટલે તે મળી શકે તેમ નથી. એક વખત
આ બધી મૂર્ખ વાતને પણ કબુલ કરીએ, તો આખા હિંદુસ્તાનમાં
ધારો કે એક લાખ ખરા ધાર્મિક—આધ્યાત્મિક સ્ત્રી પુરૂષો છે. હવે
આની આધ્યાત્મિક સ્થિતિ માટે ત્રીસ કરોડ માણસોની પ્રજાએ જંગલી
દશામાં અને ભૂખે મરતા પડી રહેવું? શા માટે તેમણે ભૂખે મરવું?
હિંદુઓને મુસલમાનોએ જીતી લીધા એનું શું કારણ? તેનું કારણ
હિંદુઓનું ભૌતિક—જડવાદી સંસ્કૃતિનું અજ્ઞાન છે. મુસલમાનોએ
પણ તેઓને દરજીએ બનાવેલાં કપડાં પહેરવાનું શીખવ્યું. શેરીની ધૂળ
ખોરાકમાં ન ભેળવી શુદ્ધ—સ્વચ્છ રીતે ખાવાનું મહોમેદનો પાસેથી
હિંદુઓ શીખ્યા હતા. ભૌતિક સુધારણા, બલ્કે મોજશોખ પણ જરૂ-
રનાં છે કારણકે તેથી ગરીબોની રોજી જાગે છે. રોજી! રોજી! જે

પ્રભુ અહીં મને રોજી—રોટલી ન આપે, પણ સ્વર્ગમાં શાશ્વત સુખ આપે તે પ્રભુને હું માનતો નથી. છટ ! હિંદને ઉન્નત કરવાનો છે, તેના ગરીબ માણસોને અનાજ પૂરૂં પાડવાનું છે, કેલવણીનો પ્રસાર કરવાનો છે, અને સાધુઓથી થતાં દુઃખોનો નાશ કરવાનો છે. સાધુઓના પ્રપંચ મટે તો, સર્વ સામાજિક જૂલમ મટે તેમ છે ! જેમ વધુ રોજી મળે તેમ દરેક માટે વધુ તક મળે છે ! આપણા જુવાનો મૂર્ખા છે કે, અંગ્રેજો પાસેથી વધારે સત્તા મેળવવાને સભાઓ ભરે છે; જ્યારે તે અંગ્રેજો આ જોઇ ફક્ત હસે છે. જે સ્વાતંત્ર્ય આપવા તત્પર નથી તે સ્વતંત્રતા મેળવવા માટે લાયક નથી. ધારોકે અંગ્રેજો તેમને બધી સત્તા આપી દે. તેથી શું થશે ? કે મેળવેલી સત્તાથી તેઓ લોકોને દાબશે, અને લોકો સ્વતંત્રતા માગશે તો આપશે નહિ. આથી એમ બનશે કે ગુલામોને સ્વતંત્રતા આપવાથી તે ગુલામો બીજા વધુ ગુલામો બનાવે છે.

હવે, સ્વતંત્રતાનો પ્રવેશ ધીમે ધીમે કરવાની જરૂર છે, અને આપણા ધર્મ ઉપર મુસ્તાક બની સમાજને સ્વાતંત્ર્ય આપો. સાધુ મહારાજોના પ્રપંચ પ્રાચીન ધર્મમાંથી નિર્મૂળ કરો, અને તેમ થતાં આખા જગતમાં આપણો ધર્મ ઉત્તમ રીતે પંકાશે. આ કહું છું તે યથા-સ્વરૂપ તમે સમજી શકો છો ? મારૂં કહેવાનું તાત્પર્ય એછેકે હિંદના ધર્મનું મિશ્રણ કરી યુરોપીઅન સમાજના ધોરણ ઉપર તમે તમારી સમાજ બનાવી શકો તેમ છો ? મારી શ્રદ્ધા છે કે તે શક્ય છે, ને થવુંજ જોઇએ...ભવ્ય યોજના એ છે કે મધ્ય હિંદમાં એક સંસ્થાન એવું સ્થાપવું કે જ્યાં તમે સ્વતંત્ર રીતે તમારા પોતાના વિચારોનું પાલન કરી શકો, અને પછી જે થોડું અમૃત છે તે બધાને અમૃત-મય કરશે. તે દરમ્યાન એક કેન્દ્રસ્થાનરૂપ સંસ્થા સ્થાપી તેની શાખાઓ

આખા **આર્યાવર્તમાં** જુદી જુદી ફેલાવો, **હમણાં** તો તેને **ધર્મના** પાયાઓ ઉપર શરૂ કરો, પણ **અત્યારે એકદમ હચમચાવી નાંખે** એવા **સાંસારિક સુધારાનો** ઉપદેશ કરશો નહિ. ફક્ત મૂર્ખ વહેમો છે તેને ઉત્તેજન ન આપો. **શંકરાચાર્ય, રામાનુજ** અને **ચૈતન્ય** જેવા પ્રાચીન **મહાત્માઓએ** બાંધેલા સર્વવ્યાપક **મોક્ષના** અને **સમાનતાના** પ્રાચીન પાયા ઉપર **સમાજને સજીવન** કરવાના પ્રયત્નો કરો.

જુસ્સો રાખી તેને સર્વત્ર ફેલાવો. કાર્ય કરો, બસ કાર્ય કરો. બીજાને દોરવા જતાં તમે સેવક બનો, નિઃસ્વાર્થી રહો, અને **એક મિત્રનું બીજાપર આક્ષેપ કરતું કથન એકાંતમાં–ખાનગીમાં કદી ન સાંભળો.** અનંત ધૈર્ય રાખો એટલે તમારો વિજયજ છે... બીજાની નિંદા ન થાય તેની હમણાં ખાસ કાળજી–સાવધાની રાખો, હું મારા પત્રો તમને હમેશાં મોકલું છું તેનું કારણ એ નથી કે, મારા બીજા મિત્રો ઉપર તમે તમારૂં મહત્ત્વ જણાવવાનો પ્રયત્ન કરો, હું જાણું છું કે તમે તેમ કરી મૂર્ખ કદિ પણ બનશો નહિ; પણ તે છતાં તમને તે વિષયે ચેતવણી આપવાની મારી ફરજ છે. આમ થવાથીજ સર્વ વ્યવસ્થિત સંસ્થાઓ મરણ પામી છે. **કાર્ય કરો, બસ કાર્ય કરો.** કારણ કે બીજાના ભલા માટે કાર્ય કરવું એજ **જીવનનું રહસ્ય** છે—જીવન છે.

હું માત્ર એજ માગું છું કે દંભ, લુચ્ચાઇ, પ્રપંચ હોવાં ન જોઇએ. મેં **હમેશાં પ્રભુપર** વિશ્વાસ રાખ્યો છે, **સૂર્યના પ્રકાશ સમાન** વિશાલ જ્વલંત **સત્યપરજ હમેશાં** આધાર રાખ્યો છે. નામ, કીર્તિ મેળવવાને અરે ! બીજાનું ભલું કરવા માટે પણ, તે મેળવવાને હું **જેસ્યુઇટીસમ** જેવો દંભ કરી મારા હૃદય ઉપર કલંક લઇ મરવા માંગતો નથી. અસદાચરણનો એક શ્વાસપણ, ખરાબ કાવાદાવાનું કલંક પણ હોવું ન જોઇએ.

બહારનો દેખાવ, આડંબર, દંભ, ડોળ, એ સર્વ મિથ્યા છે, તેમાંનું કંઈપણ ખુણામાં રહીને કરવાનું નથી. ગુરૂદેવ ઉપર ખાસ પ્રિયતા બતાવવાની નથી, અને કોઇ ગુરુએ તે માટે કંઇ ઇચ્છા રાખવાની નથી. મારા બહાદૂર પુત્રો! તમારે આગળ ધસવાનું છે. ધન મળો અગર ન મળો, મનુષ્યો મળો યા ન મળો, પણ આગળ ધસો. તમારામાં પ્રેમ છે, ઈશ્વિર છે? તમે સામા શત્રુમાં ભંગાણ પાડો ત્યાં સુધી આગળ વધો અને ધસો. પછી તમારી સામે કોઇ થઇ શકનાર નથી. તમારૂં નામ કોઇ લઇ શકનાર નથી.

થીઓસોફીનાં માસિકો કહે છે કે, મારા વિજયનો માર્ગ બધો તેઓએ કરી આપ્યો; એ કેટલું બધું બેહુદું—અસત્ય—તદ્દન મિથ્યાવચન છે. * *

સંભાળ રાખો, અને જે અસત્ય છે તે સર્વથી ચેતતા રહો. સત્યને વળગી રહો અને આપણે ધીમેધીમે પણ સચોટપણે વિજય પામીશું. હું કદિ હતોજ નહિ એમ ધારી કાર્ય કર્યા કરો. તમારામાંના દરેક ઉપર આખું કાર્ય રહેલું છે એમ ધારી કાર્ય કર્યા કરો. પચાશ શતકો તમારા પ્રત્યે દૃષ્ટિ ફેંકે છે, હિંદના ભવિષ્યનો તમારા-પરજ આધાર છે, તો કાર્ય આગળ ચલાવ્યે જાઓ. ક્યારે આવી શકાશ તે હું પોતે જાણતો નથી. હિંદમાં આવું તો હિંદીઓ મને બહુ બહુ કરે તો ખૂબ વખાણે, પણ કોઈ કાર્ય માટે તેઓ એક પાઇ પણ આપવાના નથી. આમ પોતેજ ભીખારીઓ બન્યા છે, તો તેઓ કોની પાસેથી શું મેળવી શકશે? તેથીજ તેઓએ છેલ્લાં બે હજાર વર્ષ કે તેથી વધારે વર્ષ થયાં લોકહિત કરવાની શક્તિ ખોઇ છે. હમણાંજ તેઓ પ્રજાના, સમાજના, વિચાર કરતાં શીખ્યા છે, તેથી મારે તેમને દોષ આપવાની જરૂર નથી. વધુ હવે પછી.

આશીર્વાદ સાથે તમારો, વિવેકાનંદ.

પત્રાંક ૨૩.

ન્યુયોર્ક, ૧૮ મી નવેમ્બર ૧૮૯૪.

વ્હાલા સાહેબ !

કલકત્તામાં ટાઉનહૉલમાં મળેલી સભાએ પસાર કરેલા ઠરાવોની નકલ મને મળી છે, અને તેમાં મારા સહ–સ્વદેશી જનોએ જે માયાભર્યાં શબ્દો ઉચ્ચાર્યાં છે તેનો હું સ્વીકાર કરૂં છું.

મારી ક્ષુદ્ર સેવા માટેની તમારી કદર માટે મારા અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપ સાહેબ સ્વીકારશો.

મને સંપૂર્ણ પ્રતીતિ થઈ છે કે કોઇ પણ વ્યક્તિ કે પ્રજા, બીજી વ્યક્તિ કે પ્રજાનો સમાગમ રાખ્યા વગર, પોતાનું અસ્તિત્વ જાળવી શકે નહિ; અને જ્યારે જ્યારે તેવો પ્રયત્ન મહત્તા, રાજ્યનીતિ, કે પવિત્રતા એવા અસત્ય ભાવોના નામથી કરવામાં આવ્યો છે, ત્યારે ત્યારે તેનું પરિણામ એકલા પડી જવામાં સર્વથા ભયંકર નીવડ્યું છે.

મારા વિચાર પ્રમાણે હિંદની પડતી, અને ઉત્તરોત્તર અધોગતિનું પ્રબલ કારણ પ્રજાની આસપાસ રૂઢીરૂપી દીવાલ ઉભી કરી છે તેજ માત્ર છે. તે રૂઢીનો પાયો બીજા પ્રત્યેનો તિરસ્કાર છે; અને પ્રાચીન સમયમાં આ રૂઢીનો સત્ય ઉદ્દેશ હિંદુઓને આસપાસની બૌદ્ધ પ્રજાઓના સંસર્ગમાં આવવા ન દેવા એજ હતો.

આ કથન ઉપર હુાલનું તેમજ પ્રાચીન શબ્દપાંડિત્ય ગમે તે પડદો નાંખવા પ્રયત્ન કરે, પણ તેનું વાસ્તવિક પરિણામ 'કોઇપણ માણસ પોતાની જાતને હલકી પાડ્યા વગર બીજાને ધિક્કારી શકે નહિ,' એ નૈતિક કાયદાના ન્યાય પ્રમાણે, એજ આવનાર છે કે, પ્રાચીન જાતોમાં જે સૌથી અગ્રપદ ધરાવતી હતી, તે હમણાં કહેણીરૂપે થયેલ છે–અન્ય પ્રજાઓમાં તિરસ્કરણીય થઇ પડી છે. જે કાયદાને શોધી

કાઢવામાં, અને ઉંડી રીતે તપાસી જોવામાં આપણા પૂર્વજો પ્રથમ હતા, તે કાયદાનું ઉલ્લંઘન કરનાર તરીકે આપણે પોતેજ પદાર્થપાઠ તરીકે બન્યા છીએ.

આપો અને લ્યો—આપલે કરવી એ કાયદો છે, અને જો હિંદ પોતાને ફરીવાર ઉન્નત કરવા ચાહતું હોય તો તેણે પોતાના ખજાનાને બહાર લાવી પૃથ્વીની અન્ય પ્રજાઓમાં વિશાલતાથી ફેલાવવાની ઘણીજ આવશ્યકતા છે; અને તેના બદલામાં બીજાઓ જે કાંઇ તેને આપે તે ગ્રહણ કરવા માટે તત્પર રહેવાની જરૂર છે. વૃદ્ધિ એ જીવન છે, સંકોચ તે મૃત્યુ છે. પ્રેમ તે જીવન છે, તિરસ્કાર તે મૃત્યુ છે. જે દિવસથી આપણે બીજી જાતોને ધિક્કારવા લાગ્યા, તે દિવસથી આપણે આપણું મોત ઉભું કીધું છે; અને જ્યાં સુધી વૃદ્ધિ કે જે જીવન છે, તે પ્રત્યે આપણે ફરીવાર ન જઇએ, ત્યાં સુધી આપણું મૃત્યુ કોઇ પણ અટકાવી શકે તેમ નથી.

તેથી દુનિયાની સર્વ જાતો સાથે આપણે અવસ્ય ભેળાવુંજ જોઇએ. અને જે દરેક હિંદુ વિદેશોમાં મુસાફરી કરે છે તે, જે સેંકડો મનુષ્યો વહેમ અને સ્વાર્થનાં પૂતળાં થઇ બીડના કૂતરાની પેઠે 'ન ખાય, ન ખાવા દે,' એવી પદ્ધતિપર પોતાના જીવનનું નિશાન રાખે છે, તેના કરતાં ઘણું વધારે હિત પોતાના દેશ પ્રત્યે બજાવે છે. પ્રજાકીય જીવનની અદ્ભુત ઘટનાઓ, જેઓ વર્તનમાં—ચારિત્રમાં દઢ સ્થંભોની માફક અડગ છે તેમના ઉપર, અવલંબન કરી રહે છે; અને જ્યાં સુધી આવા સંખ્યાબંધ માણસો આપણામાં ઉત્પન્ન ન થાય ત્યાં સુધી આ કે તે સત્તા સામે ગુસ્સે થવાથી કે બળાપા કાઢવાથી કાંઇ વળવાનું નથી.

જેઓ બીજાને સ્વતંત્રતા આપવા તત્પર નથી, તેમાંના કોઇપણ તે સ્વતંત્રતાને લાયક છે ? આપણે શાંતિથી અને મનુષ્ય તરીકે કાર્ય

કરવા મંડી પડવું, અને ફોકટના બળાપા અને ક્રોધવચનો કાઢવામાં આપણી શક્તિનો વ્યય ન કરવો. હું તો સંપૂર્ણ શ્રદ્ધા એજ રાખું છું કે, આ વિશ્વમાં એવી કોઇ પણ શક્તિ–સત્તા નથી, કે જે કોઈપણ મનુષ્ય તેને મેળવવાને લાયક હોય છતાં તેને ન મળે. ભૂતકાળ નિર્વિવાદપણે મહાન્ હતો, પરંતુ હું અંતઃકરણપૂર્વક માનું છું કે ભવિષ્યકાળ તેના કરતાં પણ વધારે વિજયવંત થશે. ભગવાન્ શંકર આપણને પવિત્રતા, ધૈર્ય, અને દૃઢાગ્રહમાં દૃઢ રાખો.

આપનો વિશ્વાસપાત્ર, વિવેકાનંદ.

પત્રાંક ૨૪.

૩૦મી નવેમ્બર ૧૮૯૪.

વ્હાલા અ—

આપણી ધાર્મિક સંસ્થાના વ્યવહારૂ ભાગમાં આપણે આપણાં બળોને વ્યવસ્થિતરીતે એકત્ર કરવાં જોઇએ; પરંતુ ધાર્મિક બાબતોમાં એક પંથ થઇ જાય, એમ પ્રયત્ન ન કરવો જોઇએ.... ...

શ્રી રામકૃષ્ણે શું કરવાને અને શું ઉપદેશવાને જન્મ લીધો હતો તે દર્શાવવાના વિચારથી તેની સત્યજીંદગીનું વૃત્તાંત જો કોઇપણ લખી શકે તો તે ભલે લખે; તેમ ન હોય તો તેનું જીવન અને તેના ઉપદેશોને વિરૂપ કરવાની કંઇ જરૂર નથી...હવે ભલે ક—તેમનો પ્રેમ, જ્ઞાન, ઉપદેશો, તેમની આકર્ષક ભવ્ય મુદ્રા વિગેરેને ભાષાંતરમાં મૂકો. આતો હું વિષય આપું છું. શ્રી રામકૃષ્ણનું જીવન અસાધારણ રીતે સત્યરૂપી સૂર્યનો પ્રકાશ છે, કે જેના ઉદયથી કોઇપણ મનુષ્ય હિંદુધર્મનો સમગ્ર પ્રદેશ વાસ્તવિક રીતે સમજી શકે છે. શાસ્ત્રમાં આપેલ અનુમાનમૂલક સર્વ જ્ઞાનના પદાર્થપાઠ રૂપે તે હતા. તેમણે

ઋષિઓ અને અવતારી પુરૂષો, જે ઉપદેશવાને વાસ્તવિક રીતે ઇચ્છા રાખે, તે પોતાના જીવનથી પ્રદર્શિત કર્યું છે. પુસ્તકો માત્ર અનુમાન હતાં, જ્યારે તેઓ તેની ખરી પ્રતીતિ રૂપ હતા. આ મનુષ્યે પોતાના જીવનના ચોપન વર્ષોના કાલમાં પ્રજાકીય ધાર્મિક જીવનના પાંચસો વર્ષોનું જીવન ગાળ્યું છે, અને તેથી પોતે ભવિષ્યની પ્રજાને પદાર્થપાઠ તરીકે નીવડે એવી રીતે પોતાનું જીવન ઉન્નતિમય બનાવ્યું હતું. તેમના અવસ્થાવાદથીજ વેદોનાં અને શાસ્ત્રોનાં અરસપરસ વિરોધી તત્ત્વોનું સમાધાન થાય છે. આપણે બીજાના મતો માટે ક્ષમતા રાખવી જોઇએ, એટલુંજ નહિ પણ આપણે તેમને પ્રેમથી ભેટવું જોઇએ; અને સત્ય એજ સર્વ ધર્મોનો પાયો છે. હવે આવી વિચારશ્રેણીપર ઘણુંજ અસરકારક અને સૌથી સુંદર જીવનવૃત્તાંત લખી શકાય તેમ છે. ઠીક, આ બધું વખત આવ્યે થઇ રહેશે. તમે તમારૂં કાર્ય સ્વતંત્ર રીતે આગળ ચલાવ્યે જાઓ. ઘણા એવા હોય છે કે, ભોજન રંધાઈ તૈયાર થાય ત્યારેજ ખાવા પધારે ! સંભાળ રાખો અને કામ ચલાવ્યે જાઓ.

આશીર્વાદ સાથે આપનો સદાનો, વિવેકાનંદ.

પત્રાંક ૨૫.

૩૦ મી નવેંબર. ૧૮૯૪.

પ્રિય કં—

* * * શ્રી રામકૃષ્ણ સંબંધી અદ્‌ભુત કથાઓ જે પ્રકટ થઇ છે તે સંબંધમાં લખવાનું કે તેવી કથાઓથી અને તે લખનારા મૂર્ખોથી આપને સદંતર દૂર રહેવાની હું શિખામણ આપું છું. તે કથાઓ સત્ય છે, પણ મને ખાત્રી છે કે મૂર્ખલોકો બધી વાતને બગાડી નાખશે. શ્રી રામકૃષ્ણને જ્ઞાનની સર્વ ભૂમિ ઉપદેશવાની હતી, તો

પછી ચમત્કારો કે જે ખરી રીતે જોતાં નિરર્થક વસ્તુ છે, તે ઉપર શા માટે આગ્રહ રાખો છો? તેમાંથી કંઈ નિર્ણયો આવતા નથી— તેઓ કંઇ પણ સિદ્ધ કરતી નથી. જે જડ છે તે ચૈતન્યને સિદ્ધ કરી શકતું નથી. ઈશ્વર, આત્મા અથવા અમરત્વની અસ્તિત્વની અને ચમત્કારની અસરની વચ્ચે એવો શું ખ્યાલ રહેલ છે?...શ્રી રામકૃષ્ણના ઉપદેશ સંભળાવો. જે પાત્ર–પ્યાલાથી તમારી તૃષા છીપી છે, તે બીજાને આપો...અમાનુષિક નિરર્થક જાળની સાથે તમારૂં માથું ફોડો નહિ, અને તમારી ધર્માંધતાથી બીજાને ખલેલ કરો નહિ.

આશીર્વાદ સાથે સદા આપનો, વિવેકાનંદ.

પત્રાંક ૨૬.

યુ. સ્ટે. અમેરિકા.

૨૬ મી. ડીસેમ્બર ૧૮૯૪.

ધન્ય અને પ્રિયશ્રી,—

* * વારંવાર મારા સંબંધમાં (મારા સાંભળવા પ્રમાણે) ખ્રિસ્તી મિશનરીઓના વર્તમાનપત્રોમાં મારાપર આક્ષેપો કરવામાં આવે છે, પણ હું તે તરફ નજર નાંખવા જેટલી પણ દરકાર કરતો નથી. હિંદુસ્તાનમાં આવા આક્ષેપો મારાપર થયા હોય, અને તે મને મોકલાવશો, તો હું તેને કચરાની ટોપલીમાં ફેંકી દઇશ. આપણા કાર્ય માટે થોડા ખળભળાટની જરૂર હતી. લોકો મારા માટે સારૂં કે નરતું જે કહે, તેના તરફ બીલકુલ લક્ષ આપતા નહિ. તમે તમારા કાર્યમાં આગળ વધતા જાઓ, અને તેની સાથે યાદ રાખો કે "જે સારૂં કરવા પ્રયત્ન કરે છે, તેને કદી પણ અસત્ નડતું નથી." (ગીતા.)

હમેશાં અહિંના લોકો મારી કદર કરતા રહે છે. દરેક ચીજ ધીમે ધીમે વધવીજ જોઇએ,......મેં આગળ લખ્યું હતું અને હવે પણ

લખું છું કે ન્યુસપેપરોમાં આવેલ ટીકા કે વખાણ તરફ હું લક્ષ આપતો નથી. તે અગ્નિને સમર્પણ કરવામાં આવે છે; અને તમે પણ તેમજ કરજો. ન્યુસપેપરની મિથ્યા વાતો અથવા ટીકા તરફ ધ્યાન આપશો નહિ. અંતઃકરણપૂર્વક તમારૂં કર્તવ્ય બજાવો. ધીમે ધીમે બધાં સારાં વાનાં થઇ રહેશે. સત્યનો વિજય થશેજ.

ખ્રિસ્તી મિશનરીઓનાં ગેરસમજુતીભર્યાં લખાણો તમારી દૃષ્ટિ આગળ ન રહેવાં જોઇએ....સંપૂર્ણ મૌનવ્રત તેનો સરસમાં સરસ પ્રત્યુત્તર છે; અને તે તમે જારી રાખો તો સારૂં...મી. સ—ને તમારી સભાના પ્રમુખ બનાવજો. જે સૌથી વધારે હૃદયનિષ્ઠ અને ઉન્નત હૃદયવાળા મનુષ્યો મેં જાણ્યા છે તેમાંનો એક તે છે, અને તેનામાં બુદ્ધિ અને હૃદયનું સુંદર મિશ્રણ થયેલું છે. તમારૂં કાર્ય આગળ ચલાવો અને તેમાં મારી ઝાઝી મદદની અપેક્ષા રાખશોજ નહિ; તમારા પોતાના મદાર ઉપર કાર્ય કર્યે જાઓ......મારા વિષે પૂછતા હો તો ક્યારે હું પાછો ફરીશ, તે હું પોતે જાણતો નથી. હું અહિંઆં તેમજ હિંદુસ્તાનમાં પણ કાર્ય કરૂં છું.

આપ સર્વેને મારા પ્રેમપૂર્વક
આશીર્વાદ સહિત આપનો સદાનો, વિવેકાનંદ.

પત્રાંક ૨૭.

ચિકાગો, ૫૪૧ ડીઅરબૉર્ન એવે. ૯૪.

પ્રિય અ—

તમારો પત્ર હમણાંજ પ્રાપ્ત થયો...આ દેશમાં બે કે ત્રણ વર્ષ સુધી ભાષણો કરવાથી પૈસા મેળવી શકાય તેમ છે. પણ મેં બહુ થોડો પ્રયાસ કર્યો છે, અને જોકે મારા કાર્યની પ્રજામાં સારી કદર થાય

છે, તોપણ તે મને તો પ્રતિકૂળ અને કર્તવ્યમાંથી ભ્રષ્ટ કરનારી છે. xxx

તમે હિંદીપત્રો વિષે અને તેઓની સ્વાભાવિક ટીકાવિષે જે કહોછો તે મેં વાંચ્યું. ગુલામગીરીમાં રહેલી દરેક જાતમાં ઇર્ષા એ મુખ્ય દુર્ગુણ છે, અને તે અદેખાઈ અને એકત્રતાના અભાવને લઇનેજ ગુલામગીરી આવી છે, અને સ્થાયી રહેવાની છે. જ્યાં સુધી હિંદની બહાર ન આવો ત્યાં સુધી આ મારાં વાકયોની સત્યતા તમને પૂર્ણપણે સમજાશે નહિ. પશ્ચિમવાસીઓના વિજયની મુખ્ય કુંચી એકત્ર થવાની શક્તિ છે, કે જેનો પાયો પરસ્પરના વિચાર અને ગુણાદરપર ચણાયલો છે. પ્રજા જેટલી વધુ નબળી અને બાયલી, તેટલું આ પાપ વધુ દૃશ્યમાન થશે......પણ મારા વ્હાલા! ગુલામગીરીમાં પડેલી પ્રજા તરફથી આશા રાખવી ફોકટ છે. એક મુદ્દો ઘણો સાહસિક છતાં મને તે તમારા બધાની પાસે મુકવા દ્યો. જે મૃત કલેવર છે—જે સર્વ નૈતિક મહત્વાકાંક્ષા તરફ મૃતની માફક ઉદાસીન છે—જે સર્વ ભવિષ્યની શક્યતાઓ પ્રત્યે અચેતન છે, અને તેના માટે જે સારૂં કરનારા છે તેના ઉપર હુમલો કરવાને જે સદા તત્પર છે, તેમનામાં તમે ચૈતન્ય રેડી શકશો? મસ્તી કરતું અને કાબુમાં ન આવે એવું બાલક હોય તેના ગળામાં પરાણે દવા રેડી શકે તેવા વૈદ્યની ગરજ તમે સારી શકશો? ......અમેરિકાવાસી કે યુરોપવાસી કોઇપણ હોય તે વિદેશમાં પોતાના સ્વદેશબાંધવોને હમેશાં મદદ કરે છે—આધાર આપે છે.

હવે ફરીવાર તમને યાદ દેવડાવુંછું કે "તમને કાર્ય કરવાનો હક્ક—અધિકાર છે, નહિ કે તેનાં ફલનો—**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**" (ગીતાવચન). ખડક જેવા દૃઢ ખડા રહો. સત્ય સર્વદા વિજયવંત થનાર છે. શ્રી રામકૃષ્ણની સંતતિ પોતાની જાતને સત્ય રહેશે તો સર્વ યથાયોગ્ય બની રહેશે. શું પરિણામ આવે છે તે

જોવાને આપણે કદાચ જીવીએ નહિ. પણ જેટલી ખાત્રીથી અત્યારે આપણે જીવીએ છીએ તેટલી ખાત્રીથી તે પરિણામ વહેલું કે મોડું આવવાનુંજ. હિંદને જેની જરૂર છે, તે નવી વિદ્યુન્મય અગ્નિ છે, કે જેથી આપણી પ્રજાકીય નાડોમાં તાજો ઉત્સાહ સચેતન થાય. આમ થવાનું તે હમેશાં ધીમે ધીમેજ થવાનું. કાર્યમાં સંતોષી રહો, એટલુંજ નહિ પરંતુ સર્વ કરતાં વધુ તો એ કે આપણી જાતને સત્યરીતે ચુસ્તપણે વળગી રહો. પૂર્ણાંશે પવિત્ર, દૃઢ અને હૃદયનિષ્ઠ બની રહો, અને તેથી સર્વ બાબત યોગ્યરીતે બની આવશે. શ્રી રામકૃષ્ણના શિષ્યોમાં કંઈ પણ ખાસ લાક્ષણિક ચિન્હ નિર્ધારીને જોયું હોય તો એજ માલૂમ પડી આવશે કે—તેઓ મર્મભાગ સુધી હૃદયનિષ્ઠ છે. જો આવા એકસો હિંદના મનુષ્યોને કેળવીને કર્તવ્ય ક્ષેત્રમાં મૂકું તો મારૂં કાર્ય પૂરૂં થશે, અને પછી હું શાંતિપૂર્વક મરણ પામવાને સંતોષી બનીશ. પ્રભુ આ જાણે છે. ભલે અજ્ઞાની લોકો મિથ્યાવચનો બોલ્યે જાય. આપણે બીજાની મદદ શોધતા નથી, તેમજ તે મદદ મળે તો તે સ્વીકારવાને ના પાડતા નથી—આપણે તે મહાન્ પરમેશ્વરના સેવકો છીએ. ક્ષુદ્ર માનવોના ક્ષુદ્ર પ્રયત્નો તરફ આપણે આડાકાન કરવા જોઇએ. આપણે તો આગળ ધસવાનું છે, અને એમને એમ આવા યુદ્ધના જમાના વહી જશે ત્યારે ચારિત્ર્ય બંધાશે; તો નાસીપાસ ન થાઓ. સત્યનો એક શબ્દ પણ કદી નષ્ટ થતો નથી; જમાનાના જમાના થયાં તે કાદવ નીચે છૂપાયેલ હોય, છતાં પણ તે વહેલો કે મોડો સ્વતઃ બહાર પ્રકટવાનોજ. સત્ય અવિનાશી છે, સદ્‌ગુણ અવિનાશી છે, પવિત્રતા અવિનાશી છે. મને તો ખરા જીગરવાળા મનુષ્યો આપો; મને મારા મતમાં પરાણે આવનારા માણસોનું ટોળું જોઇતું નથી. મારા પુત્ર ! દૃઢ આગ્રહી થા ! તને બીજા મદદ કરશે એવી કશી

દરકાર કરતો નહિ. સર્વ મનુષ્યની મદદ કરતાં પરમેશ્વર અનંતગણો મહાન્ નથી ?—પવિત્ર બન, એટલે ઈશ્વરમાં શ્રદ્ધા રાખ, તેના પર સર્વદા આધાર રાખ; અને તેથી તને ખરો રસ્તો અવશ્ય મળશે, અને ત્યાં જવાને તારી આડે કોઇ પણ આવી શકે તેમ નથી.

આપણે એજ પ્રાર્થના કરવાની કે 'પ્રેમાલ જ્યોતિ, મને દોર—**तमसो मां ज्योतिर्गमय।** અંધકારમાંથી પ્રકાશનું એક કિરણ આવશે, અને તેમાંથી એક હાથ લાંબો થઇ આપણને દોરશે. હું તમારા માટે હમેશાં પ્રાર્થના કરૂં છું, તમારે પણ મારા માટે પ્રાર્થના કરવી જોઇએ. આપણામાંના દરેક જે કરોડો હિંદના મનુષ્યો દારિદ્ર, આચાર્યોના જૂલમ, અને ક્રૂરતાથી જકડાઇ ગયેલા છે, તેઓને માટે હમેશાં પ્રાર્થના કરવાની છે—તેમને માટે દિવસ ને રાત પ્રાર્થના કરવાની છે. હું ધનવાન અને અમીર લોકને ધર્મનો ઉપદેશ આપવા કરતાં તેઓને ઉપદેશ આપવાની વધારે દરકાર કરૂં છું. હું અધ્યાત્મજ્ઞાની નથી, તેમજ તત્ત્વવેત્તા કે સંતપુરૂષ નથી; પરંતુ હું ગરીબ છું, અને ગરીબને ચાહું છું. આ દેશના માણસો ગરીબ લોક માટે શું કહે છે, અને તેમને માટે કેટલી લાગણી ધરાવે છે, તે હું જાણું છું. હિંદમાં આથી કેટલો બધો વિશાલ તફાવત છે! ગરીબાઇ અને અજ્ઞાનમાં હમેશને માટે ડૂબેલાં વીશ કરોડ સ્ત્રી પુરૂષો માટે ત્યાં કોણ લાગણી ધરાવે છે? તેઓને માટે તેમની અધમ અવસ્થામાંથી બહાર આવવાનો શું રસ્તો છે? તેઓને પ્રકાશ અથવા જ્ઞાન મળી શકતું નથી—તો કોણ એક બારણેથી બીજે બારણે તેઓને કેલવણી આપવા મુસાફરી કરશે? આ લોકોજ તમારો ઈશ્વર છે એમ માનો, તેઓનો વિચાર કરો, તેમને માટે કાર્ય કરો, તેમને માટે અતિશય પ્રાર્થના કરો—પ્રભુ તમને માર્ગ બતાવશે. જેનું હૃદય ગરીઓને માટે દ્રવે છે, તેનેજ હું મહાત્મન્ કહું

છું, નહિ તો તે દુરાત્મન્ છે. તેઓના ભલા માટે આપણી બધાની ઇચ્છા શક્તિઓ ચાલુ પ્રાર્થનામાં એકત્ર થાઓ. કદાચ આપણે કોઈ ન જાણે તેમ, કોઇ દયા ન લાવે તેમ, કોઇ શોક ન કરે તેમ કંઇ પણ સાધ્ય કર્યા વિના મરી જઇએ—તે બહેતર છે—પણ એક વિચાર છે તે કદી નષ્ટ પામવાનો નથી. તે વહેલો કે મોડો અમલમાં આવ-વાનોજ. મારૂં હ્રદય એટલું બધું ભરાઇ આવ્યું છે, કે મારી લાગણી શબ્દદ્વારા બતાવી શકતો નથી. જ્યાં સુધી કરોડો માણસો ભૂખ અને અજ્ઞાનમાં જીવન ગાળશે, ત્યાં સુધી જે માણસ તેઓના ખર્ચે ભણી કેળવાયેલો બન્યો હોવા છતાં, તેમના તરફ થોડામાં થોડું પણ લક્ષ આપતો નથી, તેવા દરેક માણસને હું દ્રોહી ગણું છું. જે ધનવાનો ગરીબોનો ધાણ વાળી પૈસા મેળવી પોતાના ઠાઠમાઠવાળા પોષાકમાં આમ તેમ હરે ફરે છે, તેમને—જ્યાં સુધી ભૂખે મરતા, જંગલી કરતાં જેની સ્થિતિ કોઇ પણ રીતે ચડીઆતી નથી એવા, વીસ કરોડ માણસોને માટે તેઓ કંઇ પણ કરતા નથી, ત્યાં સુધી—તેમને હું દુષ્ટો ગણું છું. મારા ભાઇઓ! આપણે ગરીબ છીએ, આપણે કંઇ વિસાતમાં નથી, પણ આપણા જેવાજ, મહાન્ પરમ પ્રભુનાં કાર્ય કરવામાં હમેશાં સાધનભૂત થયા છે. પ્રભુ તમો સર્વને કૃતાર્થ કરો.

સર્વ પ્રેમપૂર્વક, વિવેકાનંદ.

પત્રાંક ૨૮.

યુ. સ્ટે. અમેરિકા.

વ્હાલા ઙ—

* * * ગયા શિયાળામાં સખત ઠંડી હોવા છતાં આ દેશમાં મેં ખૂબ મુસાફરી કરી છે. મને લાગ્યું કે આ હવા ભયંકર નીવડશે,

પણ છેવટે મને તે ભયંકર નથી નીવડી...હું આશા રાખું છું કે તમારૂં ઉમદા કાર્ય ફતેહ પામશે. જે પ્રભુ બહુ જનના હિતને માટે, બહુ જનના સુખ માટે—बहुजनहितायबहुजनसुखाय—આવે છે તેના તમે એક યોગ્ય સેવક છો.

......ખ્રિસ્તિ ધર્મનો જે ઉપદેશ અહિં થાય છે તે હિંદમાં થતા ઉપદેશથી તદ્દન જૂદોજ છે. દ—! તમે સાંભળીને આશ્ચર્યચકિત થશો કે આ દેશમાં એપિસ્કોપલ અને પ્રેસ્બિટીરિઅન ખ્રિસ્તી પાદરીઓ મારા મિત્રો થયા છે. જેવા તમે તમારા ધર્મમાં છો તેવા વિશાલ દષ્ટિવાળા, ઉદાર ચિત્તવાળા અને ખરા જીગરવાળા તે પંથો છે. જે ખરો ધાર્મિક મનુષ્ય હોય તે દરેક સ્થલે વિશાલ દષ્ટિવાળોજ હોય છે. તેનો પ્રેમજ એવો હોય છે કે તે તેને તેવો થવા દબાણ કરે છે. જેઓને ધર્મ એ એક જાતનો ધંધો થઇ પડયો છે, તેને પોતાના ધર્મમાં જગતનાં યુદ્ધ અને સ્વાર્થો, બીજા ધર્મની સાથે હરીફાઇમાં ચડવા માટે લાવવા પડે છે; અને તેથી તેઓને સંકુચિત વિચારવાળા, અને હાનિકારક બનવાની ફરજ પડે છે.

આપનો સદા ભ્રાતૃસ્નેહપૂર્વક, વિવેકાનંદ.

પત્રાંક ૨૯.

યુ. સ્ટે. અમેરિકા, ૧૮૯૪

વ્હાલા અ—

એક જૂની વાત કહું છું તે ચિત્ત દઇને સાંભળો. એક આળસુ માણસ રસ્તાપર આમતેમ ભટકતો હતો, ત્યાં એક વૃદ્ધજનને પોતાના ઘરના બારણાં આગળ જોયો તે આળસુ તેને પૂછવા લાગ્યો કે ફલાણું ગામ અહિંથી કેટલે છેટે છે? તે વૃદ્ધજન કંઇ જવાબ ન આપતાં

મૌન રહ્યો; એટલે તે આળસુએ ઘણી વખત તે સવાલ પૂછ્યાંજ કર્યો, છતાં ઉત્તર મળ્યોજ નહિ. આથી કંટાળી જઇ, તે મુસાફર આગળ ચાલવા માટે ઉભો થયો ત્યારે તે વૃદ્ધજને કહ્યું કે 'તમે જે ગામ વિષે પૂછોછો તે અહિંથી ફક્ત એકજ મૈલ દૂર છે? ત્યારે તેણે પૂછ્યું કે 'જ્યારે મેં તમને પહેલાં પૂછ્યું ત્યારે કેમ ન કહ્યું?' વૃદ્ધજને કહ્યું–કારણકે તે વખતે તમે અટકતા અટકતા થાક લેતા લેતા એટલા બધા બેદરકાર દેખાતા હતા કે, આગળ મુસાફરી કરશો એમ મને લાગ્યું નહિ; પણ હવે જ્યારે તમે બરાબર નિશ્ચયપૂર્વક આગળ ચાલવાનું પ્રયાણ કરો છો, ત્યારે મારા તરફથી જવાબ મેળવવાનો તમને હક્ક છે."

મારા પુત્ર! આ વાત તમે લક્ષમાં રાખશો? કાર્ય કરવા પ્રત્યે ગમન કરો, એટલે બાકીનું બધું એની મેળે આવશે. ગીતામાં કહ્યું છે કે "જે મનુષ્ય બીજી કોઇ ચીજમાં નહિ, પણ મારામાંજ શ્રદ્ધા રાખી મારૂં અવલંબન રાખશે, તેને હું તેની જે જે જરૂરીઆત હશે તે બધી પૂરી પાડીશ." આ વાક્યો સત્ય છે, તેમાં સ્વપ્ન જેવું–કલ્પના જેવું કશું નથી.

* * અત્યારના કાળમાં જે કાર્ય કરવાનું છે તે ઉપદેશ આપવાનું અને સેવા કરવાનું છે. એવું કોઇ સ્થલ પસંદ કરો કે જ્યાં તમે દર અઠવાડીએ ભેગા થઇ પ્રાર્થના કરી શકો અને ટીકા સાથે ઉપનિષદો વાંચી શકો; અને એવી રીતે ધીમે ધીમે શીખતાં અને કામ કરતાં આગળ વધો. જો ગાડાંનાં પૈડાંને તમારા ખભાનું બળ આપશો તો ગાડું સુખેથી નિર્મિત સ્થળે પહોંચશે–બધું તમોને સિદ્ધ થશે.

* * * *

હવે કામ કરવા તૈયાર થાઓ! ગ–નો સ્વભાવ આવેશવાળો છે. તમારૂં મગજ સમતોલ સ્થિતિમાં છે, તો ભેગા થઈ કાર્ય કરો. કાર્યરૂપી

નદીમાં ડૂબકી મારો; આમ કરવાથી હજુ તો ફક્ત શરૂઆત થશે. દરેક પ્રજાનું કર્તવ્ય પોતાનું રક્ષણ કરવાનું છે; હિંદુ ધર્મના પુનરૂદ્ધાર માટે અમેરિકા તરફથી નાણાંની મદદ માટે આપણે આધાર નજ રાખવો જોઇએ, કારણકે તે ભ્રમ છે. કેન્દ્રસ્થાન પ્રાપ્ત કરવું એ મહાન્ વાત છે; માટે તેમ કરવા મદ્રાસ જેવા મોટા શહેરમાં એવું કોઈ સ્થલ મેળવવાને પ્રયત્ન કરો, અને પછી સર્વ દિશામાં એક ચેતનમય બળને ફેલાવવાનું શરૂ કરો. પહેલાં શરૂઆત ધીમે ધીમે કરો. થોડા મિશનરીઓથી કામ ચલાવવાનું મંડાણ કરો; પછી ધીમે ધીમે બીજાઓ આવશે અને પોતાની સર્વ જીંદગી અર્પણ કરશે. સત્તાધારી થવાનો પ્રયત્ન કરશો નહિ. જે સારી સેવા બજાવે છે તેજ ઉત્તમ સત્તાધારી છે. પ્રાણાંતસુધી સત્યનિષ્ઠ રહો, અને તેનીજ આપણને જરૂર છે. આપણને પૈસો, નામ કે કીર્તિ જોઇતી નથી......બહાદૂર બનો......આ કાર્ય માટે નાણાં એકઠાં કરવામાં મદ્રાસવાસીઓ પ્રેમ બતાવે તેવા પ્રયાસ કરો, અને પછી શરૂઆત કરો...સંપૂર્ણરીતે નિઃસ્વાર્થી રહો, એટલે પછી વિજય મેળવવાની સંપૂર્ણ ખાત્રી છે.

*   *   *   *

મારા બાલકો એવા હોવા જોઇએ, કે કાર્યની સિદ્ધિને માટે અગ્નિમાં ઝંપાપાત કરવાની જરૂર હોય તો તેમ કરવાને પણ તેઓ તત્પરજ હોય. હવે કાર્ય કરો, કાર્ય કરો, કાર્ય કરો. પછી આપણે વિરામ લઇ, આગળ જતાં જે ટીકા થઈ હશે તે તપાસીશું. હમણાં તો ધૈર્ય, દઢાગ્રહ, અને પવિત્રતા રાખો.

* * હું હમણાં હિંદુ ધર્મ સંબંધી એકપણ પુસ્તક લખતો નથી. હું મારા વિચારોજ જેમ આવે તેમ લખતો જાઉં છું. તેને પ્રગટ કરીશ કે નહિ તે જાણતો નથી. પુસ્તકોથી શું સર્યું?

જગત્ મૂર્ખતાભરેલી બાબતોથી બેહદ ભરપૂર છે. જો તમે વેદાંત-વિષયપર એક માસિક કહાડી શકો, તો આપણો હેતુ વધારે સરે તેમ છે. હમેશાં પ્રતિપાદક શૈલી રાખો, બીજાના પર ટીકા કરવાનું કદી ન સ્વીકારો–નિષેધાત્મક શૈલીને તજી દો. તમારે જે કહેવાનું હોય તે કહો, શીખવવાનું હોય તે શીખવો; બાકી બીજું કંઈ નહિ. બીજું બધું પરમેશ્વરને માટે રહેવા દો.

મને હવે કોઇપણ ન્યુસપેપર મોકલતા નહિ, કારણ કે મારાપરની ખ્રિસ્તી મિશનરીઓની ટીકાઓ હું ધ્યાનમાં લેતો નથી; અને તેટલા માટે અહિંની પ્રજામાં મારૂં માન ઘણું સારૂં છે.

* * જો તમે મારા ખરા બાલકો હો તો તમો કોઇનાથી બીશો નહિ, અને કોઇથી કાર્યનો વેગ અટકાવશો નહિ. તમે કેશરીસિંહ સમાન રહેશો. આપણે અવશ્ય હિંદને અને સર્વ જગત્‌ને જાગૃત કરવાની જરૂર છે. ત્યાં નામર્દાઇ ચાલે તેમ નથી. ‘ નહિં થાય ’ એ હું સ્વીકારતો નથી. આ બધું સમજી શકો છો ? પ્રાણાંત સુધી સત્યનિષ્ટ રહો !... આ સર્વનું રહસ્ય ગુરૂભક્તિ છે. પ્રાણાંત સુધી ગુરૂમાં શ્રદ્ધા. તમારામાં તે છે ? હું અંતઃકરણપૂર્વક માનું છું કે તમારામાં તે છે અને તમે જાણોછો કે મારો તમારામાં વિશ્વાસ છે—તો કાર્ય કરવા પ્રત્યે ગમન કરો, અને જરૂર ફત્તેહ પામશોજ. મારી પ્રાર્થનાઓ અને આશિષો. તમે જે જે પગલાં ભરો છો તે દરેકને માટે છે. એકસંપે કાર્ય કરો, દરેકની સાથે સહનશીલતા–ધૈર્ય રાખો. દરેક પ્રત્યે મારો પ્રેમ છે. હું તમારા કાર્ય તરફ તપાસની નજરથી જોયાં કરૂં છું. આગળ વધો ! આગળ વધો ! આ હજુ તો ફક્ત શરૂઆત છે. અહિં મારૂં ન્હાનું કાર્ય તે હિંદમાં મહાન્ પડઘો પાડે છે, તે આપ જાણો છો ? તેથી હું ત્યાં ઉતાવળ કરી આવીશ નહિ.

મારો વિચાર અહિંઆં કંઈ સ્થાયી કાર્ય કરવાનો છે, અને તેજ લક્ષ્યથી હું અહિં દિનપ્રતિદિન કામ કર્યા કરૂં છું. હમેશાં મારા ઉપર અમેરિકાવાસી પ્રજાનો ચાહ–વિશ્વાસ વધતો જાય છે......તમારાં અંતઃકરણો તથા આશાઓનો વિસ્તાર જગતની વિશાલતા જેટલો કરો. સંસ્કૃત અને ખાસ કરી વેદાંતપરનાં ત્રણ ભાષ્યનો અભ્યાસ કરો. તૈયાર રહો, કારણકે ભવિષ્ય માટે આપણે ઘણી યોજનાઓ કરવાની છે. લોહચુંબક જેમ લોહને ખેંચે છે તેવી રીતે શ્રોતાઓને આકર્ષનાર વક્તા થવાના પ્રયાસ કરો. જો તમારામાં શ્રદ્ધા હશે તો દરેક વસ્તુ પ્રાપ્ત થઇ શકશે. ક—ને, વસ્તુતઃ ત્યાંના મારા સર્વ બાલકોને આ સંદેશો કહેજો. વખત આવ્યે તેઓ મહાન્ કાર્યો કરશે કે જેથી આખું જગત્ આશ્ચર્યચકિત થશે. ધૈર્ય ધરી કાર્ય કરો અને તમે શું કરો છો તે હું જોતોજ બેઠો છું......તમારા ઉદ્દેશને વળગી રહો. આટલું તમારાથી થશે તો તમે સારૂંજ કરી શકશો. આગળ ચાલો અને વધારે સારૂં, તેથી પણ વધારે સારૂં કાર્ય કર્યા કરો.

* * * લોક સાથે કલહમાં ઉતરશો નહિ, કોઇની સાથે વિવાદમાં, વૈરભાવમાં જશો નહિ. કોઈ આ કે તે ખ્રિસ્તી થાય છે તેની દરકાર શામાટે કરો છો? જે ધર્મ તેમને ગમે–અનુકૂળ થાય તે દરેકને પાળવા દો. વિવાદમાં તમે શા માટે ઉતરો છો? દરેકના ભિન્ન ભિન્ન પ્રકારના વિચારો સાથે ક્ષમતા રાખો. ધૈર્ય, પવિત્રતા અને દઢાગ્રહ આખર ટકવાનાં છે.

તમારો ઇત્યાદિ, **વિવેકાનંદ.**

પત્રાંક ૩૦

૫૪૧, ડીઅરબૉર્ન એવન્યુ
ચીકાગો, ૩ જી જાન્યુઆરી ૧૮૯૪.

વ્હાલા સાહેબ—

આપને આ પત્ર લખવા મારી કલમ, પ્રેમ, ઉપકાર અને વિશ્વાસથી ભરેલા અંતઃકરણથીજ ઉપાડું છું. પ્રથમ મને એજ કહેવા દ્યો કે, પોતાની પ્રતીતિમાં ચુસ્ત એવા જે **વીરલાઓ** કોઈ કોઈ મારા જીવનમાં મારી સાથે સમાગમમાં આવેલ છે તેમાંના આપ એક છો. આપનામાં હૃદયની લાગણી અને જ્ઞાન એ બંનેનું અદ્‌ભુત મિશ્રણ છે, અને તે આપના આત્માના સર્વ પ્રદેશની સાથે સંયુક્ત થયેલ છે. તે ઉપરાંત જે જે વિચારો આપને ઉગે છે તેને આચારમાં વ્યવહારૂ રીતે મૂકવાની આપનામાં કાર્યગત શક્તિ છે. બધા કરતાં ચડી જાય એવો હૃદયનિષ્ઠતાનો ગુણ આપનામાં છે અને તેથીજ મારા કેટલાક વિચારો જણાવવા માટે આપનામાં મને વિશ્વાસ પ્રાપ્ત થાય છે.

હિંદમાં કાર્ય સારી રીતે શરૂ થયું છે, અને તે એમને એમ ચાલુ રાખવું જોઇએ; એટલુંજ નહિ પણ, તેને સૌથી વિશેષ જુસ્સાથી આગળ લઇ જવાની જરૂર છે. પ્રાપ્ત થયેલ સંજોગોનો વિશાલ અને ઉદાર ખ્યાલ બાંધતાં મારા મનની એકાગ્રતા હવે નીચેની યોજનાપર ચોંટી છે. પહેલાં તો, **મદ્રાસમાં ધર્મસિદ્ધાંત** માટે કૉલેજ (**થી**ઓ-લૉજીકલ કૉલેજ) સ્થપાય તો ઘણું સારૂં; તેમ થયેથી **વેદ** અને **જુદા જુદા ભાષ્યોનું** તથા **તત્ત્વજ્ઞાન** કે જેમાં, જગતના બીજા ધર્મોના જ્ઞાનનો સમાવેશ કરવાનો છે, તેનું સંપૂર્ણ શિક્ષણ યુવકોને આપી શકાશે. આની સાથે **અંગ્રેજીમાં** અને **દેશભાષામાં** આ કૉલેજના વાજિંત્ર તરીકે એક માસિક કાઢવું જોઇએ.

આ પગલું પહેલું લેવા જેવું છે અને આવા નાના શરૂ કરેલા કાર્યોમાંથી વિશાલ કાર્યો ઉદ્ભવે છે...હમણાં મદ્રાસ જીવનના અર્વાચીન અને પ્રાચીન બંને દૃષ્ટિબિંદુની કદર કરવાનો ઉત્તમ મધ્યમ માર્ગ સ્વીકારે છે.

હિંદનો સુશિક્ષિત વર્ગ એમ કહે છે કે સમાજને ખૂબ બારીકાઇથી બધી દિશાએ તપાસી જોવાની જરૂર છે, એની સાથે હું પૂરેપૂરો સંમત થાઉં છું. પણ તે કઇ રીતે તપાસવી? સુધારકોની નાશકારક યોજનાઓ નિષ્ફળ નીવડી છે. મારી યોજના આ છે. ભૂતકાલમાં આપણે ખરાબ કર્યું નથી; ખાત્રીપૂર્વક નહિ. આપણી સમાજ ખરાબ નથી, પણ સારી છે; ફક્ત તે હજુ પણ તેનાથી વધુ સારી થાય તેજ ઇચ્છું છું; ભૂલ થઇ છે, અને સત્ય પામવાનું છે એમ નથી, સમાજ ખરાબ હતી અને સારી કરવાની છે તેમ પણ નથી; પરંતુ સત્ય જે હતું તેમાંથી તેના કરતાં વધારે ઉચ્ચ સત્ય તરફ પ્રયાણ કરવાનું છે, એટલે સમાજ સારી હતી, તેમાંથી તેને વધુ સારી, અને ઉત્તરોત્તર સારથી સરસ કરવાની છે. હું મારા સ્વદેશ બાંધવોને એજ કહું છું કે અત્યારસુધી તેમણે સારૂં કર્યું છે, પણ હવે તેના કરતાં વધુ સારૂં કરવાનો વખત આવ્યો છે. હવે નાતજાતનો સવાલ ગ્રહણ કરીએ. સંસ્કૃતમાં જાતિ એજ સૃષ્ટિનો પ્રથમ વિચાર આપે છે. વિચિત્રતા એટલે જાતિનો અર્થજ સૃષ્ટિ સૂચવે છે. વેદોક્તિ એમજ કહે છે કે 'હું એક છું, હું બહુ થાઉં છું, સૃષ્ટિ પહેલાં એકતા છે, વિચિત્રતા પોતે સૃષ્ટિ છે. હવે જો આ વિચિત્રતાનો નાશ થાય તો સૃષ્ટિનો એની મેળે નાશ થાય છે. જ્યાં સુધી કોઇ પણ જાતિ જોસથી વહેછે, અને ઉત્સાહ દર્શાવ્યે જાય છે, ત્યાંસુધી તે જાતિએ વિચિત્રતાને હાંકી કાઢવી જોઇએ. જે વખતે ભિન્નતા ઉત્પન્ન કરવાનું જાતિ બંધ કરે કે તરતજ ભિન્નતાનો નાશ થાય છે. હવે જાતિનો

મૂલ વિચાર એ હતો કે દરેક વ્યક્તિને પોતાનું સ્વરૂપ, પોતાની પ્રકૃતિ, પોતાની જાતિ, પોતાની જ્ઞાતિ દર્શાવવાની સ્વતંત્રતા આપવી; અને તેથી તે હજારો વર્ષો સુધી ટકી રહી. પ્રાચીનમાં પ્રાચીન પુસ્તકોમાં પણ પરસ્પર ભોજન વ્યવહાર નિષેધેલો નથી, તેમજ પુરાણગ્રંથોમાં પરસ્પર લગ્ન વ્યવહારની ના પાડી નથી; તો પછી હિંદની પડતીનું કારણ શું હતું?—કારણ ફક્ત આ મૂલ વિચારનો ત્યાગ કરવામાં આવેલ છે તેજ. ગીતા કહે છે કે જાતિના નાશથી જગત્‌નો નાશ થશે. હવે શું આ ભિન્નતાઓ બંધ પડયે જગત્ નાશ પામશે, એ સત્ય હોય એમ જણાય છે? હાલની જ્ઞાતિ–જાતિ એ ખરેખરી જાતિ નથી; પણ તેની ઉન્નતિમાં પ્રતિબંધ રૂપે છે. હાલની જ્ઞાતિએજ ખરેખરી રીતે જાતિનું–એટલે જ્ઞાતિ, ભેદનું સ્વતંત્ર કાર્ય અટકાવ્યું છે. જાતિ પોતાની સત્ય અને પૂર્ણ સત્તા જમાવી શકી નથી, તેનું કારણ ઘણા કાળથી સંક્રાંત દશામાં જડ ઘાલી બેઠેલી રહી, હક્ક કે વંશપરંપરાથી ચાલ્યાં આવેલો વર્ગ તેની આડે આવે છે; અને જ્યારે જ્યારે કોઇ પણ પ્રજા આ મહાન્ વિચિત્રતા ઉપજાવતી બંધ રહે છે, ત્યારે ત્યારે તે મરણ વશ થવી આવશ્યકજ છે. તેથી જે મારે તમને કહેવાનું છે તે મારા દેશ બાંધવો! એ છે કેઃ—હિંદની પડતી થઇ તેનું કારણ એ છે કે તમે જાતિને અટકાવી તેનો નાશ કર્યો. દરેક સંક્રાંત થયેલ અમીર વર્ગ, કે હક્ક ધરાવતો વર્ગ, જાતિને એક ફટકા સમાન છે; અને પોતાને કોઇ જાતિ નથી. જાતિને પોતાની સત્તા રહેવા દ્યો; અને જાતિની આડે આવતાં દરેક બંધનને તોડી પાડો, તો આગળ વધી શકીશું. હવે યુરોપપ્રતિ દૃષ્ટિ નાંખો. જ્યારે તે દેશે જાતિને સ્વતંત્ર અવકાશ આપવામાં સફલતા મેળવી, અને વ્યક્તિઓના માર્ગમાં જે બંધનો ઉભાં હતાં તે લઇ લીધાં–કારણકે દરેક વ્યક્તિ પોતાની જાતનો વિકાસ કરતી હતી–ત્યારે યુરોપની ઉન્નતિ થઇ.

અમેરિકામાં વાસ્તવિક જાતિને પોતાનો વિકાસ કરવાનો ઉત્તમ અવકાશ રહેલ છે, અને તેથી ત્યાંના લોકો મહાન્ છે. દરેક હિંદુ જાણે છે કે આપણા જ્યોતિષીઓ પુત્ર કે કન્યા જન્મે છે કે તરતજ તેની જાતિનો નિર્ણય કરવાનો પ્રયત્ન કરે છે. આ તેની વાસ્તવિક જાતિ–વ્યક્તિત્વ છે અને જ્યોતિષે તેનો સ્વીકાર કર્યો છે, અને તેને સંપૂર્ણ સત્તા ફરી આપશું ત્યારેજ આપણે આગળ વધી શકીશું. આ વિચિત્રતાનો અર્થ અસમાનતા કરવી કે કોઇ ખાસ હક્ક આપવો એમ થતો નથી. આ મારી પદ્ધતિ છે–કે હિંદુને એવું બતાવવું કે તેઓએ કંઇપણ તજી દેવાનું નથી, પરંતુ જે પરમર્ષિઓએ માર્ગ બતાવ્યા છે તે માર્ગપર ચાલવાનું છે; અને દાસત્વના શતકોમાં રાખેલ જડતાને હાંકી કાઢવાની છે. અલબત મુસલમાન વંશની જૂલમી રાજ્યનીતિથી આપણે તેઓના રાજ્યદરમ્યાન આગળ વધતાં અટકી પડયા હતા, કારણ કે તે વખતે આગળ વધવાનો સવાલ નહિ હતો, પરંતુ જીવવાનું બનશે કે મરી જઇશું એ સવાલ હતો. હવે તે દબાણ ગયું છે તો હવે આગળ કૂચ કરવી જરૂરની છે. પરંતુ તે નીચ, અકુલીનો તથા મિશનરીઓએ જે નાશકારક યોજનાઓ રચી છે તેના ધોરણપર નહિ; પરંતુ આપણા પોતાના ધોરણપર–આપણા પોતાના માર્ગપર કૂચ કરવાની છે. દરેક વસ્તુ ભયંકરતાનો દેખાવ દેછે, કારણકે આખી ઇમારત અપૂર્ણ છે. ભયંકરતાનાં સેંકડો વર્ષો દરમ્યાન આપણને ઇમારત બાંધતાં અટકી જવાની ફરજ પડી હતી. હવે તે ઈમારતને પૂરી કરો, અને તેથી દરેક વસ્તુ તેના યોગ્ય સ્થાને સુંદર ભાસશે. આ વાતની મને સંપૂર્ણ પ્રતીતિ છે. દરેક પ્રજાને જીવનનો એક મુખ્ય પ્રવાહ હોય છેજ; હિંદને તે મુખ્ય પ્રવાહ ધર્મ છે. તે પ્રવાહને સુદૃઢ બનાવો એટલે બંને બાજુનાં પાણી તે પ્રવાહ સાથે ચાલશે. આ મારા વિચારોની શ્રેણીની એક બાજુ છે. વખત આવ્યે

તે સર્વ વિચારોને બરાબર બહાર લાવીશ, પરંતુ અત્યારે મને માલૂમ પડે છે કે આ દેશમાં પણ મારા નિર્દિષ્ટ કાર્યનું નિશાન છે. તે છતાં આ દેશમાં હું સહાયની આશા રાખુંછું અને તે અહીંઆંથીજ. પરંતુ અત્યાર સુધી મારા વિચારો ફેલાવ્યા સિવાય બીજું હું કંઇ કરી શકયો નથી. હવે આવોજ પ્રયત્ન હિંદમાં કરવામાં આવે તે હું ઇચ્છું છું......હું કયારે હિંદમાં આવીશ તે હું જાણુતો નથી. પરમાત્મા દોરે છે તેમ દોરાઉં છું. હું તેના હસ્તમાં છું.

"આ જગત્માં ધનની શોધ કરતાં મને એમ માલૂમ પડયું છે કે હે પ્રભુ! તું" મહાન્માં મહાન્ રત્ન છો. હું મારી જાતને તારા ચરણુમાં સમર્પુંછું."

"પ્રીતિ બાંધવા માટે કોઇની શોધ કરતાં મને માલૂમ પડયું છે કે તુંજ પ્રીતિ કરવા યોગ્ય છે. હું તારામાં મારી જાતનો યજ્ઞ કરૂં છું." (યજુર્વેદ સંહિતા)

તમારૂં સર્વદા પરમાત્મા કલ્યાણુ કરો!

આપનો સદાનો ઉપકૃત,
વિવેકાનંદ.

પત્રાંક ૩૧.

ચિકાગો, ૧૧ મી જાન્યુઆરી, ૯૫.

વ્હાલા ગ—

તમારો પત્ર હમણાંજ પ્રાપ્ત થયો.........જે સમસ્ત ધર્મસમાજ અહીં વ્યવસ્થિત કરવામાં આવેલ છે તે એવા હેતુથી કે જગતના બીજા ધર્મો ઉપર ખ્રિસ્તધર્મની સરસાઇ સિદ્ધ કરવી, પરન્તુ તાત્ત્વિક હિંદુ ધર્મ તે છતાં પણ પોતાનું ગૌરવાન્વિત પદ જાળવી રાખવા સમર્થ થયો હતો. ડાકટર બ—અને તેની વિચારશ્રેણિ પ્રમાણે

ચાલનારા જે છે તે બધા ઘણા સ્થિતિચુસ્ત અને પ્રાચીનમતાવલંબી છે; અને હું તેમના તરફ સહાય મેળવવાની દષ્ટિ સુદ્ધાં નાંખતો નથી... પરમાત્માએ આ દેશમાં મારા માટે ઘણા મિત્રો મોકલ્યા છે અને તેઓ દિવસે દિવસે વધતાજ જાય છે....પ્રભુ તેઓનું કલ્યાણ કરો. આજ બોસ્ટન તો કાલ ન્યુયૉર્ક એમ બધો વખત દોડધામ કર્યા કરૂં છું, કારણ કે તે બે શહેરોજ આ દેશનાં મહાન્ મધ્યબિંદુઓ છે; તેમાં બોસ્ટનમાં વિદ્વત્તા–બુદ્ધિમત્તા વિસ્તરેલી છે, જ્યારે ન્યુયૉર્કમાં લક્ષ્મી–સંપદા વસેલી છે. બંનેમાં મને સામાન્ય રીતે જે ફત્તેહ મળવી જોઇએ તે કરતાં ઘણી વધુ મળી છે. ન્યુસપેપરોમાં મારા માટે શું ખબરો આવે છે તે પ્રત્યે હું ઉપેક્ષાજ રાખું છું, અને તેથી તેમાંનું એક પણ હું તમોને મોકલું એ આશા તમારે રાખવીજ નહિ. કાર્ય શરૂ કરવા માટે એક નાની ગર્જના જરૂરની હતી. હવે આપણે તે જેટલી જોઇએ તેના કરતાં વધુ કરી છે.

મેં મ—ને લખેલ છે અને તમને પણ મારે આપવાની સુચનાઓ ક્યારનો આપી ચૂકયો છું. હવે તો **તમે શું કરી શકો તેમ છો તે કાર્યથી બતાવી આપો.** હવે મૂર્ખાઇભરેલી વાતો કરવાથી સરવાનું નથી, ખરી રીતે જે કાર્ય કરવાનું છે તે કરી બતાવો. હિંદુઓએ પોતાની વાતોના ટેકારૂપ ખરૂં કાર્ય કરવું જોઇએ; જો તેઓ તેમ ન કરી શકે તો તેઓ કંઇપણ મેળવવાને લાયક નથી; આટલુંજ બસ છે. મારા માટે પૂછો તો હું સત્ય શું છે તે જાણવા માગું છું; પછી તે અહીં હોય કે અન્ય કોઈ સ્થલે તેની મને દરકાર નથી.

ભવિષ્યમાં લોકો મારી કે તમારી તરફેણમાં અગર વિરૂદ્ધમાં જે કંઇ કહે તે તરફ તદ્દન દુર્લક્ષ રાખો. કાર્ય કરી આગળ વધો, સિંહ થાઓ અને પરમાત્મા તમારૂં કલ્યાણ કરશે. હું મરીશ ત્યાં સુધી ખૂબ-

શાંતિ લીધા વગર કાર્ય કરીશ, અને હું મરી ગયા પછી પણ જગતના હિત ખાતર કાર્ય કરીશ. અસત્ય કરતાં સત્ય અનંતગણું વિશેષ ભારે છે. તેજ પ્રમાણે ભલાઇનું સમજી લેવું. જો તમે આ બે સદ્‌ગુણો ધરાવતા હો તો તેઓ પોતાની ગુરૂતાને લઇનેજ પોતાનો માર્ગ કરશે અને તમોને કરી આપશે.

ઉત્તમમાં ઉત્તમ એવા હજારો મનુષ્યો મારે માટે સંભાળ રાખે છેજ; આ તમે જાણો છો, તો પ્રભુમાં શ્રદ્ધા રાખો. મારા માટે બધા ન્યુસપેપરો મોટીમોટી સ્તુતિ કરી મારૂં માન, મોભો વધારે તેના કરતાં પણ વધારે ગૌરવ હું મારી જાતથી આ દેશમાં વધારૂં છું.

આનું કારણ કર્તવ્યનિષ્ઠાનું, પવિત્રતાનું અને સત્યતાનું એટલે સમુચ્ચયાર્થે કહિયેતો વ્યક્તિત્વનું–બલ છે. જ્યાં સુધી આ ત્રણ વસ્તુઓ મારી પાસે છે ત્યાં સુધી તમે નિરાંત રાખશો; મારો વાળ કોઇ પણ વાંકો કરી શકે તેમ નથી. તેમ કરવા તેઓ પ્રયત્ન કરશે તો તેઓ નિષ્ફળ જશે એમ પરમાત્મા કહે છે...પુસ્તકો અને તેમાંની 'થીઅરીઓ'થી શું સરવાનું છે? લોકોના હૃદયોને જાગૃત કરવાનો ઉચ્ચમાં ઉચ્ચ અને એકજ માર્ગ, આપણું શુદ્ધ જીવન છે;–તેજ વ્યક્તિગત આકર્ષક લોહચુંબક છે......પરમાત્મા દિનપ્રતિદિન મને ઉંડામાં ઉંડું અને તેથી ઉંડું દર્શન કરાવે છે. કાર્ય કરો, કાર્ય કરો, બસ કાર્ય કર્યાં કરો...મૂર્ખાઇભરેલ વાતો તદ્દન છોડી દ્યો; પ્રભુનીજ વાત કરો. કપટ અને છળની વાતો કરવામાં વખત ગાળવા જેટલી આ જીંદગી નથી. તે બહુ ટુંકી છે.

તમારે સર્વદા એ સ્મરણમાં રાખવાનું છે કે દરેક પ્રજાએ પોતાનો બચાવ પોતાની મેળે કરવો જોઇએ; તેવીજ રીતે દરેક મનુષ્યના સંબંધમાં સમજવું; બીજા ઉપર આધાર રાખવાની કદી વૃત્તિ રાખશો

નહિ. અહીં ફક્ત પરિશ્રમશીલ કાર્ય કરીનેજ હું તમારા કાર્યને માટે થોડા પૈસા વારંવાર મોકલાવવા શક્તિમાન્ થઈશ; પણ તે સિવાય બીજું કંઈ નહિ, જો તમારે તે સિવાય બીજાની જરૂર રહેતી હોય અને તેની આશામાં રહ્યાંજ કરતા હો, તો તમારે કાર્ય તુરતજ બંધ કરી દેવું બહેતર છે. વળી આ પણ જાણજો કે મારા વિચારોનું મહાન્ ક્ષેત્ર આ દેશ છે અને પછી તેઓ હિંદુ, મુસલમાન કે ખ્રિસ્તીઓ હો તેની મને દરકાર નથી, પરંતુ જે પ્રભુ પ્રત્યે પ્રીતિ રાખે છે તેને હમેશાં મારી સેવા મળતીજ રહેશે.

+ + + હું શાંતિથી અને મૌનપણે કાર્ય કરવા ચાહું છું, અને પરમાત્મા મારી સાથેજ હમેશાં છે. તમારી ઈચ્છા હોય તો અતિ-ઉગ્રપણે હૃદયનિષ્ઠ, સંપૂર્ણ નિઃસ્વાર્થી અને તે સર્વ ઉપરાંત સંપૂર્ણપણે પવિત્ર બનીને મારી પાછળ ચાલો. મારા આશીર્વાદો તમારી સાથેજ છે. આ ટુંકા જીવનમાં એક બીજાને ધન્યવાદ આપવામાં વખત ગાળવા જેવું નથી. આપણું યુદ્ધ પૂરૂં થાય ત્યાર પછી આપણે એક બીજાનાં કામની નોંધો તપાસી એકબીજાને જે ધન્યવાદ ઘટતા હશે તે પેટ ભરીને આપીશું; હમણાં તો મિથ્યાલાપ કરવાનો સમય નથી. કાર્ય કરો, કાર્ય કરો, બસ કાર્ય કર્યાં કરો ! તમે હિંદમાં કંઈ પણ કર્યું હોય તેમાંથી સ્થાયી કાર્ય એક પણ જોતો નથી—તમે એક પણ કેંદ્રિત સ્થાન કરેલું મારા જોવામાં આવતું નથી—તમે એક પણ મંદિર કે મકાન બંધાવ્યું હોય તેમ પણ દેખવામાં આવતું નથી—કોઈ તમારી સાથેને સાથે રહી કાર્ય કરતું હોય તેમ પણ દેખાતું નથી. જ્યાં જુઓ ત્યાં અતિશય વાતો વાતો ને વાતોજ કરવામાં આવે છે ! (કે) આપણે મહાન્ છીએ, આપણે મહાન્ છીએ ! આ સૌ મિથ્યાલાપજ છે ! આપણે બાયલા છીએ; એજ ખરૂં છે. નામ તથા કીર્તિ માટે બહુ કથનો કરવાં અને તેવાં બીજાં અર્થહીન ફારસ કરવાં—તે સૌથી

મને શું પ્રાપ્ત કરી આપો છો? મને તે બધાંની શું દરકાર છે? હું તો એજ જોવા ચાહું છું કે પરમાત્મામાં પોતાની જાતને અર્પણ કરનારા સેંકડો માણસો બહાર આવે! આવા ક્યાં છે? મારે તેની જરૂર છે, હું તેઓને જોવા ચાહું છું. તમારે આવા માણસો શોધી કહાડવા આવશ્યક છે. તમે મને ફક્ત મોટું નામ તથા મોટો જશ આપો છો. આવાં નામ તથા જશ પર પૂળો મૂકો. મારા બહાદૂર વીરો! કાર્ય કરો, બસ કાર્યમાંજ પરિસમાપ્તિ છે. તમારામાં હજુ મારો જુસ્સો–કાર્યોત્સાહ પ્રવેશવા પામ્યો નથી–તમે હજુ મને ઓળખતા નથી! તમે તો આલસ્ય અને વિલાસોના જૂના ચીલાઓમાં ઘસડાયા જાઓ છો, આ સર્વ આલસ્ય ખંખેરી નાંખો, અને હમણાના તેમજ હવે પછીના ભોગવિલાસોપર ડામ દ્યો. ઉત્સાહની અગ્નિમાં કૂદકો મારી લોકોને પ્રભુ સંમુખ લાવો.

તમારામાં મારો જુસ્સો પ્રવેશો, તમો ઉગ્ર રીતે હૃદયનિષ્ઠ બનો, તમે યુદ્ધક્ષેત્રપર એક વીર તરીકે મૃત્યુ પામો–તેજ સદાની પ્રાર્થના છે જેની એવો   વિવેકાનંદ.

તા. ક.–અ,–કુ,–ડા૰ બ––અને બીજા સર્વને એવું કહેજો કે માવજીભાઇ, કે પેથોભાઇ આપણી તરફેણમાં કે વિરૂદ્ધમાં જે કહે તે-પર બીલકુલ માન્યતા તેઓ રાખે નહિ, પરંતુ કાર્ય ઉપર પોતાની સર્વ શક્તિને એકાગ્ર–એકત્રિત કરે.

વિવેકાનંદ.

પત્રાંક ૩૨.

૧૨ મી જાન્યુઆરી ૯૫

*** સદાને માટે ફક્ત આ એકજ વખત હમણાં જાણીલ્યો કે હું નામ કે કીર્તિ કે એવી કોઇ મિથ્યા વસ્તુની બીલકુલ દરકાર કરતો

નથી. હું તો જગતના હિતની ખાતર મારા વિચારો ઉપદેશવા માંગુંછું. તમે એક મહાન્ કાર્ય કર્યું છે, પરંતુ તેથી શું? તેનાથી **મને** ફક્ત નામ તથા કીર્તિ મળેલ છે. મારી જીંદગી જગતનાં સ્તુતિગાન મેળવવામાં ગાળવા કરતાં વધુ કીંમતી છે. આ સૌ મૂર્ખવાદને માટે મને બીલકુલ અવકાશ નથી. મારા વિચારો આગળ વધારી હિંદમાં પદ્ધતિસર પ્રસારવા માટે તમે કયું કાર્ય કર્યું છે? કંઇ નહિ, અરે! **લેશમાત્ર પણ નહિ.**

હિંદુઓને અરસ્પરસ સહાય કેમ આપવી અને એક બીજાના ગુણોની કદર કેમ કરવી એ શીખવનારી એક વ્યવસ્થિત સંસ્થાની ઘણી જરૂરજ છે. અહીંના મારા કાર્યની કદર દર્શાવવા કલકત્તામાં મળેલી સભામાં પાંચહજાર માણસો ભેગાં થયાં હતાં—તે સારૂં અને ઠીક છે! પણ જો તમે દરેકને એક આનો આપવાનું કહ્યું હત તો શું તેઓ આપત? આપણી પ્રજાની કર્તવ્યનિષ્ઠા, એક બાલિશ પરાધીનતા જેવી છે. તેઓના મોં આગળ ખોરાક લાવીને ધરવામાં આવે, તો તેનો સ્વાદ લેવા તેઓ તૈયાર છે, અને કેટલાકતો એવા છે કે તેમને તે ખોરાક ગળે ઉતારી દઇએ તોજ ચાલે........આમ જો તમે તમારી પોતાની જાતને સહાય નહિ કરી શકો, તો તમે જીવવાને માટે પણ લાયક નથી.

અત્યારે સામાન્ય પ્રજાવર્ગને કેળવવાની મારી યોજનાને મેં છોડી દીધી છે. તે યોજના ધીમે ધીમે પાર પડશે. હમણાં તો ઉત્સાહી મિશનરીઓની એક ટોળીની મને જરૂર છે. તુલનાત્મક રીતે ધર્મોનું શિક્ષણ આપવા માટે મદ્રાસમાં એક કોલેજની આપણને અવશ્ય જરૂર છે; તેમાં સંસ્કૃત, વેદાંતનાં જુદાં જુદાં દર્શનો અને થોડી યુરોપીયન ભાષાઓ શીખવવી; વળી આપણી પાસે એક પ્રેસ હોવાની અને અંગ્રેજી અને દેશી ભાષામાં છાપેલાં પત્રોની અવશ્ય જરૂર છે. આટલું

થયું એટલે હું જાણીશ કે તમે કંઇક પણ કરી શક્યા છો. પ્રજાએ એવું બતાવવું જોઈએ કે તેઓ કંઇપણ કરવાને તત્પરજ છે. જો તમે આવા પ્રકારનું હિંદુસ્તાનમાં કંઇપણ કરવા અશક્ત હો, તોપછી મને હું એકલો જે કરી શકું તે કરવા દો. મારે સંદેશો આપવો છે અને તે સંદેશો જે લોકો તેની કદર કરે છે અને તે તે પાર પાડશે તેનેજ આપવા દો. તે ગ્રહણ કરનાર પછી ગમે તે હોય તેની દરકાર નથી. "મારા પિતાની ઇચ્છા જે પાર પાડશે" તે મારો પોતાનો છે.

મારૂં નામ બહુ બહાર પડે તેમ થવું જોઇતું નથી; જે બહાર પડી વાસ્તવિક રીતે કાર્યમાં મૂકાય તેવું હું ઇચ્છું છું તે મારા વિચારો છે. સર્વ ધર્મસંસ્થાપકોના શિષ્યોએ હમેશાં પોતાના ગુરૂદેવના વિચારો સાથે **અંગત સંબંધ** ન છુટી શકે તેમ જોડી દીધો છે, અને અંતે તે **અંગત સંબંધ**ની ખાતરજ તે વિચારોનું ખૂન કર્યું છે. શ્રીરામકૃષ્ણના શિષ્યો આવું ન કરે તે માટે ખાસ સાવધાન રહેવાનું છે. મૂલ**વિચાર** માટે શ્રમ લઇ કાર્ય કરો, પણ અંગતજાત માટે નહિજ. પ્રભુ તમારૂં કલ્યાણ કરો.

આશીર્વાદ સાથે સદાનો આપનો

વિવેકાનંદ.

પત્રાંક ૩૩.

૨૩ મી જાન્યુઆરી. ૯૫.

વ્હાલા અ.

\+ \+ \+ \+

મને અનુસરી ચાલવા માટે જે નરો પ્રાણાંત સુધી સત્ય અને વિશ્વાસનિષ્ઠ રહે તેવા નરોનીજ ફક્ત મને જરૂર છે. વિજય મળો યા

ન મળો તેને માટે મને દરકાર નથી....મારે મારી ગતિ પવિત્ર રાખવી જોઇએ, નહિતો તેમાંની કિંચિત માત્રનો મારે ખપ પડશે નહિ.

આપનો વિવેકાનંદ.

પત્રાંક ૩૪.

૧૭ મી ફેબ્રુઆરી ૧૮૯૫.

વ્હાલા અ—

+ + કાર્ય પ્રચંડરીતે ગહન છે, અને જેમ જેમ તે આગળ વધતું જાય છે તેમ તેમ તે વધારે ગહન થતું જાય છે. મને લાંબા વખત સુધી વિશ્રાંતિ લેવાની અતિશય જરૂર છે. છતાં ઇંગ્લંડમાં મારી સંમુખ એક મહાન્ કાર્ય ખડું છે....મારા પુત્ર, ધીરજ રાખ—તે કાર્ય માટે તુ જેટલી આશાઓ રાખી શકે તે સર્વ કરતાં તે વધારે વિકાસ પામી વધશે. દરેક કાર્ય ફત્તેહમંદ નિવડે તે પહેલાં તેને સેંકડો મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. જેઓ અંતસુધી તેમાં મંડ્યા રહે છે તે વિજયનો પ્રકાશ વહેલો યા મોડો જોઇ શકશે. + +

ન્યુયોર્ક કે જે અમેરિકાની સંસ્કૃતિનું ખાસ કેંદ્રસ્થાન છે, તેને જાગૃતિમાં લાવવાને હમણાં હું ફત્તેહ પામ્યો છું, પણ તેમ કરતાં તેમાં પ્રચંડ શ્રમ લેવો પડ્યો છે....આ ન્યુયોર્કના કાર્યમાં તેમજ ઇંગ્લિંડમાં આને માટે મારી પાસે જે જે હતું તે સર્વનો લગભગ મેં વ્યય કરી નાંખ્યો છે. હવે વસ્તુસ્થિતિ એવા સ્વરૂપમાં આવી ગઇ છે કે તે સ્વતઃ આગળ ચાલી શકશે.

હિંદુવિચારો અંગ્રેજી ભાષામાં મૂકવા, અને પછી નિરસ ફિલસુફી, અને ગૂઢ પુરાણ તથા વિચિત્રરીતે વિસ્મયમાં નાંખનાર

માનસશાસ્ત્રમાંથી એક એવો **ધર્મ** બહાર લાવવો કે જે સરલ, સાદો, લોકપ્રિય અને તેની સાથે ઉચ્ચમાં ઉચ્ચ બુદ્ધિમાન્ પુરૂષોની આવશ્યકતાઓને પહોંચી વળે—એ કાર્ય કેવું છે તે જેમણે તે માટે પ્રયત્ન કરેલ છે તેઓજ ફક્ત સમજી શકે તેમ છે. ભાવવાહી **અદ્વૈત**, હમેશના જીવનમાં સજીવન—કાવ્યમય હોવો જોઇએ; **પુરાણ** એટલું બધું ગૂઢ—ગુંચવાડા ભર્યું છે કે તેમાં સાર પામવા માટે નિરાશાજનક ફાંફાં મારવાં પડે છે તો તેમાંથી જ્ઞેય, નૈતિક સ્વરૂપો બહાર લાવવાંજ જોઇએ; અને યોગવિદ્યાના અગમ્ય ગૂઢ તત્વમાંથી સૌથી વધારે વૈજ્ઞાનિક અને વ્યવહાર માનસશાસ્ત્ર પ્રકટાવવુજ જોઇએ—અને આ સર્વ એવા સ્વરૂપમાં મૂકવાની જરૂર છે કે તેનું એક બાલક પણ ગ્રહણ કરી શકે. આ મારા જીવનનું કાર્ય છે. હું આમાં કેટલો વિજય પામીશ તે ફક્ત **પરમાત્માજ** જાણે છે. કાર્ય કરવું તે આપણા અધિકારમાં છે, પણ તેનાં ફલ અધિકારમાં નથી. (**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**—ગીતાવાક્ય.) આ મારા પુત્ર! મુશ્કીલ—ઘણું મુશ્કિલ કાર્ય છે! **કામકંચનના** વંટોળીઆમાં પોતાને સ્થિર—અચલ રાખવો અને આપણા શિષ્યો જ્યાં સુધી આપણી ભાવનાઓ—આદર્શોનો વિચાર કરી તેની સંપૂર્ણ પ્રતીતિ કરનાર અને કેવળ વિરાગી બને, ત્યાં સુધી આપણા આદર્શોને વળગી રહેવું એ ખરેખર ગહન કાર્ય છે. **પ્રભુનો** ઉપકાર માનો કે આ કાર્યમાં ક્યારનો મોટો વિજય મળી ચૂક્યો છે. મને કેટલા **ખ્રિસ્તી** મિશનરીઓ અને બીજાઓ સમજી શકતા નથી તેથી તેઓનો દોષ કાઢી શકતો નથી —(કારણ કે) તેઓએ જેણે **કામીની** અને કંચનની દરકાર કરી નથી એવા મનુષ્યને કદાચિત્ ભાગ્યેજ જોયો હોય. આવો પુરૂષ હોય એવું પહેલાં તો તેઓએ માન્યુંજ નહિ; ક્યાંથી તેઓ માની શકે? **શીયલ—બ્રહ્મચર્ય** અને **પવિત્રતાના** જે વિચારો **આર્યોમાં** છે તે **પશ્ચિમ-**

વાસીઓમાં છે એ તમારે ધારવાનુંજ નથી. તેઓની ભાષામાં તેનો જરા ભાવ બતાવનારા શબ્દો સદ્‌ગુણ અને હિંમત (courage) એ છે....લોકો હવે મારી પાસે સંખ્યાબંધ એકઠા થાય છે. સેંકડોને પ્રતીતિ થઇ ગઇ છે કે પોતાની શારીરિક ઇચ્છાઓ ખરેખરી રીતે કાબુમાં નિયમમાં રાખી શકનાર મનુષ્યો છે; અને આ નિયમો પ્રત્યે આદર અને માનની લાગણી વધતી જાય છે. જે સબૂરી પકડે છે તેને બધું આવી મળે છે. સર્વદા આપનું કલ્યાણ થાઓ.

આપનો વિવેકાનંદ.

પત્રાંક ૩૫.

૧૯ ડબલ્યુ. ૩૮ સ્ટ્રીટ.
ન્યુયોર્ક. '૯૫.

વ્હાલા અ—

* * જેને **સામાજિક સુધારો** કહેવામાં આવે છે તેમાં પડી મગજને કંટાળો આપતા ના, કારણ કે જ્યાં સુધી પ્રથમ **ધાર્મિક સુધારો** થયો નથી ત્યાં સુધી કોઇ પ્રકારનો સુધારો થઇ શકતો નથી... પ્રભુએ જે ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ કરો—વ્હેમ અને અસત્‌ના સંબંધમાં સારૂં યા નરસું કાંઇ કથન કરતા ના...હિંમત હારશો નહિ, તમારા ગુરૂપરની શ્રદ્ધા ખોશો નહિ, પ્રભુમાંની શ્રદ્ધા ગુમાવશો નહિ. જ્યાં સુધી આ ત્રણ તમારામાં હશે ત્યાં સુધી મારા બાલ ! તમારો કોઇ વાળ વાંકો કરનાર નથી. પ્રતિદિન હું વધારે દૃઢ—મજબૂત બનતો જાઉં છું. મારા બહાદૂર પુત્રો ! કાર્ય કર્યાંજ કરો.

આશીર્વાદ સાથે સદાનો આપનો
વિવેકાનંદ.

પત્રાંક ૩૬.

૬ ઠી માર્ચ '૯૫.

પ્રિય અ—

* * અમેરિકાવાસીઓ (યાંકીઓ) ધર્મમાં વ્યવહારૂ છે એ તમે એક ક્ષણભર ધારતા નહિ. તેમાં તો ફક્ત હિંદુઓજ વ્યવહારૂ છે, જ્યારે યાંકીઓ ધનપ્રાપ્તિ કરનાર છે......તેથી અહીંથી હું વિદાય થાઉં તે પહેલાં સંગીન–પાકો પાયો તયાર થઇ જાય તે હું ઇચ્છું છું. દરેક કાર્ય સંગીન કરવું જોઇએ...શ્રી રામકૃષ્ણના ઉપદેશો ઉપદેશવામાં તમારે આગ્રહ રાખવાની જરૂર નથી. તેના જે વિચારો છે તેને પ્રથમતો ફેલાવો–વેરો–વિસ્તારો; જો કે હું જાણું છું કે દુનિયાં પહેલાં, વ્યક્તિને હમેશાં ઇચ્છે છે, પછી તેના વિચારો ભણી વળે છે છતાં હું ઉપર પ્રમાણે કહું છું....પ્રથમ મોટી મોટી યોજનાઓ બહાર મૂકવાની નથી, પણ ધીમે ધીમે શરૂઆત કરો અને જોતા જાઓ કે કેટલા વધો છો.

* * મારા બહાદૂર પુત્રો! કાર્ય કર્યે જાઓ. કોઇ દહાડો પણ આપણે પ્રકાશ જોવાનાજ.

એકતા અને શાંતિ...કાર્યોનો વિકાસ ધીમે ધીમે થવા દ્યો. રોમ શહેર કંઇ એક દિવસમાં બંધાઈ ગયું નહોતું. મ્હૈસુરના મહારાજા કે જે આપણી મહાનમાં મહાન્ આશાના કારણભૂત હતા તે ગત થયા છે- ઠીક! પ્રભુ મહાન્ છે. તે મદદ કરવા માટે બીજાને મોકલશે.

બની શકે તો થોડા કુશાસનો મોકલાવશો.

આશીર્વાદ સાથે આપનો સદાનો

વિવેકાનંદ

પત્રાંક ૩૭.

મારા પ્રિય અ—

તમારો પત્ર હમણાંજ પ્રાપ્ત થયો. મને ઇજા કરવા કોઇ પ્રયત્ન કરે છે તેને માટે તમારે બીવાનું કંઇપણ પ્રયોજન નથી. જ્યાં સુધી પરમાત્મા મારૂં રક્ષણ કરે છે ત્યાં સુધી હું અભેદ્ય રહીશ. અમેરિકા સંબંધેના તમારા ખ્યાલો બહુ અચોકકસ–અસ્પષ્ટ છે......આ અમેરિકા એક વિશાલ દેશ છે અને તેમાં વસ્તીનો મોટો ભાગ ધર્મ વિષે ઝાઝી દરકાર કરતો નથી...ખ્રિસ્તી ધર્મ ટકે છે તો તે ફક્ત સ્વદેશ પ્રેમની ખાતર, બાકી બીજું કાંઇ નહિ... હવે મારા પુત્ર! ધૈર્ય છોડતો નહિ, વેદાંતસૂત્રો અને તે પર સર્વ સંપ્રદાયનાં ભાષ્યો મને મોકલાવ.

હું પરમાત્માના હાથમાં છું. પાછા હિંદમાં વળી આવવાથી શું સર્યું? હિંદ મારા વિચારોને આગળ વધારી શકનાર નથી. આ દેશ મારા વિચારો પ્રત્યે માયાળુપણું દર્શાવે છે. જ્યારે હું બધું હાથ કરીશ ત્યારે પાછો ફરીશ, તે દરમ્યાન તમે સૌ ધીમેથી અને સહનશીલતાથી કાર્ય કર્યાં કરો. જો કોઇ મારા ઉપર આક્ષેપ–હુમલો કરે, તો તે ફક્ત હયાત છે કે નહિ તે પ્રત્યે ઉપેક્ષાજ કરો...મારો વિચાર એ છે કે તમે એક એવી સમાજ સ્થાપો કે જ્યાં લોકોને વેદ, અને વેદાંતોનું તેની ટીકાઓ સાથે શિક્ષણ આપવામાં આવે. હમણાં આ માર્ગપર કાર્ય કરો...જરૂર લક્ષમાં રાખો કે જે જે ઘડીએ તમને નિર્બળ હોવાનું ભાસે છે, તે તે ઘડીએ તમે પોતાની જાતને ફક્ત નુકશાન કરો છો; એટલુંજ નહિ પણ આપણા કાર્યને–નિશાનને ઇજા પુગાડો છો. વિજય પ્રાપ્ત કરવો હોય તો તેની પહેલાં અનંત શ્રદ્ધા અને બળ એ બે અવશ્ય હોવાંજ જોઈએ.

આનંદી બનો......તમારા પોતાના આદર્શને વળગી રહો... તે સર્વ ઉપરાંત, કદી પણ કોઇને દોરવાને કે કોઇનાપર શાસન ચલાવવાને પ્રયત્ન કરતા નહિ. સર્વના સેવક બનો.

સર્વદા આશીર્વાદ સાથે,

વિવેકાનંદ.

પત્રાંક ૩૮.

૬ ટ્ટી મે. ૯૫.

વ્હાલા અ—

તમારો છેલ્લો પત્ર તથા રામાનુજાચાર્યના ભાષ્યનું પ્રથમ પુસ્તક મને આજ સવારે મળ્યાં......જો હિંદુઓ બધા ઉંઘમાં ઘોરતા હોય તો મારે તેઓના હિંદુ ધર્મનો બચાવ કરવા માટે, મારી શક્તિનો વ્યય નિરર્થક શા માટે કરવો જોઇએ ? તમે ત્રણ કરોડ હિંદવાસીઓ, અને ખાસ કરીને જેઓ પોતાની વિદ્વત્તા માટે એટલા બધા મગરૂર છે તેઓ, ત્યાં બેઠા બેઠા શું કરો છો ? તમે શા માટે યુદ્ધ કરવાનું સ્વીકારતા નથી, અને મને ઉપદેશ આપી શિક્ષણ આપવા માટે અળગો રાખતા નથી ? વિદેશીઓની મધ્યમાં હું અહિં દિવસ અને રાત ફાંફાં મારતો પડ્યો છું... હિંદુસ્તાન મને શું મદદ મોકલે છે ? હિંદી પ્રજા સિવાય બીજી કોઈ પ્રજા ઓછા સ્વદેશપ્રેમવાળી તમે કદી ભાળી છે ? જો તમે એક ડઝન સુશિક્ષિત દૃઢાગ્રહી પુરૂષોને યુરોપ અને અમેરિકામાં ઉપદેશ આપવા અર્થે મોકલો અને તેનો નિભાવ થોડા વર્ષ સુધી માથે ઉપાડી લ્યો, તો હિંદને નૈતિક અને રાજકીય મદદ અતિશય કરી શકશો. જે વ્યક્તિ હિંદ પ્રત્યે નૈતિક સહાનુભૂતિ રાખે છે તે દરેક રાજકીય મિત્ર બનશે. પશ્ચિમવાસીઓમાંના ઘણા તમારા વિષે એવું ધારે છે કે તમે અર્ધ-

નગ્ન દશામાં જંગલીઓની બનેલી પ્રજા છો અને તેથી તમોને સંસ્કર-ણમાં લાવવા માટે બળજોરી તમારાપર થવી જોઇએ છે. આ ધારવું તદ્દન ખોટું છે એવું તમે તમારી વલણથી કેમ બતાવી આપતા નથી?......ઘણે દૂર પડેલા દેશમાં રહી એક માણસ શું કરી શકે? વળી જે મેં કર્યું છે તેને માટે પણ તમે લાયક નથી. * * *

જે હિંદુઓ અત્યાર સુધી પશ્ચિમના દેશોમાં આવી ચૂક્યા છે તેઓએ વખાણ અથવા પૈસા મેળવવા અર્થે પોતાના ધર્મ અને દેશજનોપર વારંવાર ટીકા કરી છે. તમે જાણો છો કે હું અહીં નામ કે કીર્તિ શોધવા આવ્યો નથી. નામ કીર્તિ મારાપર બલાત્કારે આવીને પડેલ છે. હું હિંદમાં પાછો શા માટે આવું? મને ત્યાં કોણ સહાય આપશે? પોતાનો ધર્મ ઉપદેશવા માટે મદ્રાસમાં એવા કયા પુરૂષો છે કે જે સંસારને તજી દે? જેણે પોતાના દેશનો બચાવ કરવાની હિંમત કરી છે તે હું ફક્ત એકજ વ્યક્તિ છું, અને અહીંના લોકોને મેં એવા વિચારો આપ્યા છે કે જે તેઓ એક હિંદુ પાસેથી કદી પણ આશા રાખી શકે નહિ. આ દેશમાં હજારો એવા છે કે જે મારા મિત્ર તરીકે રહે છે, અને સેંકડો એવા છે કે મરણપર્યંત મારી પાછળ આવે તેમ છે; દર વર્ષે તેઓ વધતા જશે અને જો હું વધારે આયુષ્યવાળો રહી તેઓની સાથે કાર્ય કરીશ તો મારા જીવનના તથા ધર્મના આદર્શો પાર પડશે. તમે સમજ્યા કે?

સર્વ પ્રજા માટેનું મંદિર કે જે અમેરિકામાં બંધાવવાનું હતું તે સંબંધી હમણાં હું કાંઇ સાંભળતો નથી; છતાં અમેરિકાના કેંદ્ર-સ્થાનરૂપ ન્યુયૉર્કમાં મેં દૃઢ કાબુ મેળવેલ છે, અને તેથી મારૂં કાર્ય આગળ વધશે. હું મારા કેટલાક શિષ્યોને ઉન્હાળામાં એક શાંત પ્રદેશમાં લઇ જઈ તેઓને યોગ, ભક્તિ અને જ્ઞાનનું શિક્ષણ પૂરૂં

કરાવું છું અને પછી તેઓ કાર્ય આગળ લઈ જવા સંપૂર્ણ મદદ કરશે. હવે મારા પુત્રો ! કાર્ય કરવામાં પ્રવૃત્ત થાઓ.

એક માસની અંદર તે પેપર કાઢવા માટે થોડા પૈસા મોકલવાની સ્થિતિમાં હું આવીશ. હિંદુ ભિખારીઓ પાસેથી ભીખ માગવા જતા નહિ. હું તે કાર્ય મારા પોતાના મગજથી અને દઢ જમણા હાથથી મારી મેળેજ કરીશ. અહિં તેમજ હિંદમાં મને કોઈ માણુસની મદદની જરૂર નથી...રામકૃષ્ણ અવતાર ઉપર બહુ ઝાઝો ભાર મૂકશો નહિ.

હવે મેં જે શોધ કરી છે તે કહું છું. સર્વ ધર્મ, વેદાંતમાં એટલે વેદાંત ફિલસુફીની ત્રણ ક્રમિક દશાઓ નામે દ્વૈત, વિશિષ્ઠાદ્વૈત, અને અદ્વૈતમાં, સમાયેલ છે. એક બીજા પછી એમ ઉત્તરોત્તર છે. મનુષ્ય જેમ જેમ ધાર્મિક પ્રગતિ કરતો જાય છે તેમ તેમ તેને આ ત્રણે દશાઓ ઉત્તરોત્તર આવે છે. આ ધર્મનું રહસ્ય—તત્ત્વ છે. વેદાંતને હિંદના ભિન્નભિન્ન મનુષ્ય જાત સંબંધી રૂઢીઓ અને સંપ્રદાયોની સાથે લાગુ પાડતાં જે બને છે તે હિંદુધર્મ છે. પ્રથમની અવસ્થા કે જે દ્વૈત છે, તેને યુરોપના ભિન્ન ભિન્ન સમાજોના વિચારો સાથે લાગુ પાડીએ તો ખ્રિસ્તી ધર્મ બને છે. સેમેટીક પ્રજાઓને લાગુ પાડતાં મુસલમાન ધર્મ પ્રાપ્ત થાય છે. અદ્વૈતને તેના યોગના સ્પષ્ટસ્વરૂપ સાથે લાગુ પાડતાં બૌદ્ધ ધર્મ આદિ નિપજે છે. હવે ધર્મનો અર્થ વેદાંતથી સૂચવાય છે; તે વેદાંતને લાગુ પાડવું તે વિધવિધ પ્રજાઓની જરૂરીઆતો, આસપાસની સ્થિતિઓ અને બીજા સંજોગો ભિન્નભિન્ન હોવાથી ભિન્નભિન્ન થઈ શકે છે. તમે જોઇ શકશો કે ફિલસુફી એકજ હોવા છતાં શાક્તો, શૈવો આદિ તેઓના ખાસ વિશિષ્ટ સંપ્રદાયો અને મતોને જુદી જુદી રીતે તે ફિલસુફીને લાગુ પાડે છે. હવે તમારા મહાવારીમાં આ ત્રણ દર્શનો સંબંધે લેખો ઉપર લેખો લખ્યાં કરો

અને તેમાં એમ બતાવો કે એક દર્શન પછી બીજું દર્શન આવે છે અને તેથી ત્રણેમાં એકતા છે, અને તેની સાથે વિધિવાદને તદ્દન અડકતા નહિ. અર્થાત્ ફિલસુફીના આધ્યાત્મિક ભાગનો ઉપદેશ કરો, અને તે ઉપદેશને લોકો પોતાના મતો સાથે અનુકૂળ કરી લેશે. આ વિષયપર હું એક પુસ્તક લખવા માંગું છું, તેથી મેં ત્રણ ભાષ્યોની જરૂર પડતાં મંગાવ્યાં પણ હજુ સુધી રામાનુજનું પહેલું વૉલ્યુમજ મળ્યું છે.

* * હું પ્રસિદ્ધ લેખક નથી, એ તમે જાણો છો. ઘેર ઘેર ભીખ માંગવા જવાની મને ટેવ નથી. હું શાંત બેસું છું અને કાર્ય સ્વતઃ થતું જાય એમ થવા દઉં છું....હવે મારાં બાળકો ! જો હું સાંસારિક દંભી હોઉં તો અહીં જબરી વ્યવસ્થા કરવામાં મહાભારત ફત્તેહ હું મેળવી શકયો હત. અફસોસ ! અહીં ધર્મ એવું કંઇ જો મનાતું હોય તો તે બધું પૈસો અને કીર્તિ છે. અહીંના પાદરીઓ, પૈસાદારો અને વિષયમાં મચેલા પુરૂષો—સામાન્ય પુરૂષો સર્વ, પૈસો અને કીર્તિ માટેજ છે. હું અહીં એવા મનુષ્ય જાતની નવી સંસ્થા ઉત્પન્ન કરવાનો છું કે જે પ્રભુમાં અચલ હૃદયપૂર્વક શ્રદ્ધા રાખનાર હોય, અને દુનિયા માટે લેશમાત્ર પણ દરકાર કરનાર ન હોય. આ બધું થશે પણ ઘણુંજ ધીમે ધીમે. તે દરમ્યાન તમે તમારૂં કાર્ય ચલાવ્યાંજ કરો અને તમારી હોડી સીધી સીધી આગળ હંકાર્યે જાઓ. જે સામયિક પત્ર છે તે મિથ્યા દેખાવ કરનારૂં ન હોવું જોઇએ, પણ ગંભીર અને મક્કમ, શાંતિપ્રદર્શક, અને ઉચ્ચવિચારવાહી હોવું જોઇએ...એક સુંદર મક્કમ લેખકોની સમાજ હાથ કરો....સંપૂર્ણ નિઃસ્વાર્થી, અચલ કાર્યકરનાર બનો પછી કાર્ય ચલાવ્યે જાઓ. તો આપણે મહાન્ કાર્યો બજાવીશું. તે માટે ભીતિ ન રાખો. વિશેષ એક વાત એ કહેવાની કે

સર્વના દાસ બનો અને કોઇને કાબુમાં રાખવાની તલમાત્ર પણ કોશેશ ન કરો. તેમ કરશો તો અદેખાઇ ઉત્પન્ન થશે અને સર્વ ભાંગી પડશે....કૂચ કરો. અત્યાર સુધીમાં તમે આશ્ચર્યકારક રીતે સારૂં કર્યું છે. મારા પુત્ર ! તું આત્માવલંબી, વફાદાર અને સહનશીલ બન. આપણે બધું સાધી શકીશું. મારા બીજા મિત્રો સાથે શત્રુભાવ રાખીશ નહિ—વાદવિવાદ કરીશ નહિ. સર્વની સાથે સંપથી રહેજે. સર્વને મારા શાશ્વત પ્રેમ સાથે—

આપનો સદાનો આશીર્વાદસહ

વિવેકાનંદ.

તા. ક. જો તમે નેતા તરીકે આગળ વધશો તો તમને સહાય આપવા કોઇ આવશે નહિ. પ્રથમ તો અહંભાવનું નિકંદન કરો, ત્યાર પછીજ વિજયની ધારણા સંપૂર્ણ પાર પડશે.

પત્રાંક ૩૯.

ન્યુયોર્ક. ૧૪ મી મે.' ૯૫.

પ્રિય અ—

* * * *

હવે મેં ન્યુયૉર્ક પર આધિપત્ય મેળવ્યું છે, અને મને આશા રહે છે કે કાર્ય કરનારાની સ્થાયી સમાજ હું મેળવી શકીશ, તે સમાજ જ્યારે આ દેશથી વિદાય થઇશ, ત્યારે આપણે હાથ ધરેલું કાર્ય બજાવશે. મારા પુત્ર! તું સમજે છે કે વર્તમાનપત્રમાં જે બધી આતશવાળી બીનાઓ આવે છે તે સર્વ મિથ્યા છે. મારી ધારણા એજ છે કે હું અહીંથી જ્યારે વિદાયગીરી લઉં, ત્યારે મારી પાછળ હું

સ્થાયી અસર મૂકી જવા સમર્થ થઉં, એમ થવુંજ જોઇએ, અને પ્રભુના આશીર્વાદથી એમ ઘણું જલદી થશે......આખા જગતના સમસ્ત ધન કરતાં પુરૂષો વધારે કિંમતી છે.

મારા વિષે ફીકરચિંતા કરવાની તમારે જરૂર નથી. પ્રભુ મારૂં હમેશાં રક્ષણુ કરે છે. હું આ દેશમાં આવ્યો તો હવે મેં જે શ્રમ અહીં લીધેલો છે તે વ્યર્થ જવો નજ જોઇએ.

પ્રભુ માયાળુ છે, અને જો કે મને કોઇબી રીતે ઇજા કરવાને પોતાથી બની શકે તેટલું કરવાને પ્રયત્ન કરનારા ઘણા છે, છતાં મારી સાથેની મિત્રતા સાચવી મને અંતસુધી વળગી રહેનારા પણ ઘણા છે. સારા કાર્યમાં વિજય પામવાની કુંચીરૂપ અનંત ધૈર્ય, અનંત પવિત્રતા, અને અત્યંત ક્ષમતા છે.

આશિષ સાથે આપનો સદાનો,–વિવેકાનંદ.

પત્રાંક ૪૦.

યુ. સ્ટે. અ.
૨૦ મી. મે, ૧૮૯૫.

મારા વ્હાલા સ—

* * હવે હું તમને એક વિલક્ષણુ બીના કહું છું. જ્યારે જ્યારે તમારામાંથી કોઈ અનારોગ્ય થાય, ત્યારે તેણે પોતે પોતાને યા તમારામાંથી કોઇએ તેને (પોતાની દૃષ્ટિ) આગળ ખડો કરવો અને માનસિક કથન એવું કરવું અને દૃઢ રીતે એવી કલ્પના કરવી કે તે બરાબર આરોગ્ય છે. આથી તે ઝપાટામાં સાજો થશે. તે માંદાને ન ઓળખતા હો અગર તે તમારાથી હજારો મૈલ દૂર હોય તે

છતાં પણ તમે તે કરી શકો. તે યાદ રાખો, અને હવે વધુ વાર માંદા ન બનો. * *

શા માટે સ—પોતાની દીકરીના લગ્નને લઇને એટલો બધો દુઃખી છે, તે હું સમજી શકતો નથી. ગમે તેમ હોય તે છતાં, તે જે સંસારમાંથી મુક્ત થવા પોતે ઇચ્છે છે, તેજ દુર્ગંધી સંસારમાંથી પોતાની દીકરીઓને ખેંચી પસાર કરાવવા માંગે છે ! તેને માટે સંપૂર્ણ ધિક્કાર એજ ફક્ત મારી પાસે અભિપ્રાય છે. પુત્ર કે કન્યાના સંબંધમાં લગ્નનું નામજ ધિક્કારૂં છું. મૂર્ખાઓ ! શું તમે એમ ધારો છો કે લગ્ન માટે અનુમોદન આપી હું કોઇને બંધનમાં નાંખવામાં સહાયભૂત થાઉં ! જો મારા ભાઇ મ—પરણશે તો હું તેનાથી મારો સંબંધ છૂટો પાડીશ. તે સંબંધે મેં ચોક્કસ પાયે નિર્ણય બાંધ્યો છે.

સપ્રેમ આપનો—વિવેકાનંદ.

પત્રાંક ૪૧.

૧૯. ડબલ્યુ. ૩૮ મી સ્ટ્રીટ.
ન્યુયૉર્ક. ૨૨ મી જુન ૯૫.

વ્હાલા કુ—

અત્યારે એક લીટી લખવા કરતાં આખો પત્ર તમને હું હવે પછી લખીશ. તમે આગળ વધતા જાઓ છો એ જાણી મને આનંદ ઉપજે છે. હું હિંદ તરફ પાછો વળવાનો નથી એ માનવામાં તમારી ભૂલ થાય છે. હું નિષ્ફળતાઓને કદી વશ થવાનો નથી, અને અહીં મેં બીજ રોપ્યું છે, અને તે ઝાડ તરીકે ઉગવા લાગ્યું છે, અને તે ઉગવુંજ જોઇએ. ફક્ત ભીતિ એટલી રહે છે કે જો હું તેને યોગ્ય વખત પહેલાં ઘણો જલદીથી છોડી દઉં તો તેના વિકાસને બાધ આવશે. * *

મારા પુત્ર ! કામ કર્યાં કર. રોમ શહેર એક દિવસમાં બંધાયું નહોતું. (ઉતાવળે આંબા ન પાકે.) હું પ્રભુના આદેશથી પ્રેરાયેલો છું અને તેથી આખરે સર્વ એની મેળે બરાબર પરિણામ પામશેજ.

તમારા પ્રત્યે સદાને માટે પ્રેમસહ વર્તમાન,

તમારો હૃદયનિષ્ઠ.

વિવેકાનંદ.

પત્રાંક ૪૨.

૧ લી જુલાઈ ૯૫.

* * *

તમોને (અ—ને) મારે કહેવું જોઇએ કે તમારો બચાવ તમારે જાતેજ કરવાનો છે. સાવ બાળક પેઠે શા માટે વર્તો છો? તમારા **ધર્મ** પર કોઇ આક્ષેપ કરે તો શા માટે તમે તેની સામે બચાવ કરી શકતા નથી ? મારા વિષે પૂછો તો તમારે કોઇ પણ જાતની ભીતિ રાખવાની નથી. અહીં મારા શત્રુઓ છે તેના કરતાં મિત્રો વધારે છે, અને આ દેશમાં ત્રીજો ભાગ ખ્રિસ્તીઓ છે, અને શિક્ષિત વર્ગમાંથી તો ઘણીજ જુજ સંખ્યા ખ્રિસ્તી મિશનરીઓ માટે પરવા રાખે છે. બીજું વળી એ છે કે જે વસ્તુ સામે મિશનરીઓ અભાવ બતાવે છે, તેજ વસ્તુ એષણીય હોવી જોઇએ, એમ શિક્ષિત વર્ગ માને છે. તે મિશનરીઓની આગળની સત્તા હવે અહીંથી ગઇ છે અને દિવસે દિવસે નાબુદ થતી જાય છે. તેઓના કરેલા આક્ષેપોથી તમને દુઃખ થતું હોય તો શા માટે જક્કી બાલકની પેઠે તમે વર્તો છો, અને તે વાત મને ભળાવો છો અને પૂછો છો?......બાયલાપણું રાખવું એ સદ્ગુણ નથી.

અહીં મને અનુસરનાર ઘણા પ્રતિષ્ઠિત પુરૂષો ક્યારના થઇ ચૂક્યા છે. બીજે વર્ષે હું એવો વ્યવસ્થા કરનાર છું, કે તેને કાર્યગત શ્રેણીપર મૂકી આપીશ અને પછી આપણું કાર્ય ચાલુ થયાં જશે, અને જ્યારે હું હિંદમાં આવવા અહીંથી ઉપડીશ, ત્યારે અહીંઆં એવા મિત્રો રહેશે કે જે મને અવલંબન આપતા રહી હિંદમાં પણ મદદ કર્યા કરશે, તો તમારે કંઇપણ બીવાનું નથી. જ્યાં સુધી તમે મિશનરીઓના પ્રયત્નો જોઇ રડયાં કરશો, અને તે માટે કંઈ પણ કરવા શક્તિમાન થયા વગર કૂદકા માર્યા કરશો ત્યાં સુધી હું તમારા પ્રત્યે હાસ્ય કરતોજ રહીશ—તમે નાની પુતળીઓ જેવા છો, અર્થાત્ તમે કોણ માત્ર છો...સ્વામી પુરાણા બાળકોને માટે શું કરી શકશે?

મારા પુત્ર! હું જાણું છું કે મારે આવીને તમારા ટોળામાંથી ખરા મનુષ્યોને ઉપજાવવા પડશે. હું સારી રીતે જાણું છું કે હિંદમાં ફક્ત સ્ત્રીઓ અને બાયલાઓજ વસે છે. આથી તમે ગુસ્સે થતા નહિ. ત્યાં કાર્ય કરવા માટે મને સાધનોનો ખપ પડશે. હું નિર્વીર્ય પુરૂષોના હસ્તમાં મને મૂકવા માગતો નથી. તમારે તે બાબતની ફીકર રાખવાની નથી. જે થોડું તમારાથી બને તે કર્યા કરો. મારે તો પહેલેથી તે છેડાસુધી પડેજ કાર્ય કરવાનું રહ્યું છે......" આ આત્મા નિર્વીર્યથી પ્રાપ્ત થવાનો નથી." મારા માટેની ભીતિ તમારે રાખવાની નથી. પરમાત્મા મારી સાથેજ રહેલ છે. તમારે તો ફક્ત તમારો બચાવ કરવાનો છે, અને તેમ તમે કરી શકો છો. એટલુંજ મને બતાવી આપશો તો મને સંતોષ થશે; અમુક આમ મારા વિષે કહે છે, એવું લખીને હવે વધારે વાર મારૂં માથું ખાશો નહિ. મારા વિષે મૂર્ખ અમુક ચુકાદો આપે છે તે સાંભળવાને હું રાહ જોતો નથી. તમે નાનાં બચ્ચાંઓ! યાદ રાખોકે મહાન્ પરિણામો મહાન્ ધૈર્ય, મહાન સહનશીલતા, અને

મહાન્ પ્રયત્નોથીજ આમ થાય છે...ક–નું મન વખતોવખત બદલાતું જાય છે એવી બીક મને રહે છે.

મહાન્ કાર્યો માત્ર શૂરવીરોજ કરી શકે છે, નહિકે બાયલાઓ. તમે અશ્રદ્ધાળુ બચ્ચાંઓ! છેવટનું એકીવખતે આટલું તો જાણી લ્યો કે હું પરમાત્માના હસ્તકમલમાં છું. જ્યાં સુધી હું પવિત્ર છું, અને તે પરમાત્માનો દાસ છું, ત્યાં સુધી મારા માથાના એક વાળને પણ કોઇ અડકી શકનાર નથી—વાંકો કરી શકનાર નથી...દેશપ્રજા માટે કંઇ કરો, પછી તેઓ તમને મદદ આપશે અને ત્યારે આખી પ્રજા તમારી સાથેજ તમારી સહાયમાં રહેશે. બહાદુર બનો, વીર બનો, મનુષ્યનું મરણ માત્ર એક વખતજ થાય છે. મારા શિષ્યો બાયલા કદી નજ હોવા જોઇએ.

પ્રેમપૂર્વક આપનો સદાનો,
વિવેકાનંદ.

પત્રાંક ૪૩.

ખેત્રીના મહારાજાને લખેલ પત્ર.

૯ મી જુલાઇ, ૯૫.

* * હિંદમાં મારા પાછા આવવાના સંબંધમાં ખરી વાત આ છે. આપ નામદાર સારી રીતે જાણો છો કે હું જે કાર્ય લઉં છું તે ઠેઠ સુધી પહોંચાડવા જેટલી ધીરજવાળો છું. આ દેશમાં મેં બીજ વાવ્યું છે; તેમાંથી રોપો ક્યારનો થયો છે, અને વૃક્ષ થોડા સમયમાં જલદી થવાની આશા રાખું છું. મારી પાસે થોડા સત્પુરૂષો છે. હું કેટલાક સંન્યાસીઓ બનાવીશ, અને પછી તેઓને કાર્ય ભળાવી હું હિંદ પાછો ફરીશ. ખ્રિસ્તી પાદરીઓ જેમ જેમ મારી સામા

થશે, તેમ તેમ વધારે ને વધારે સ્થાયી છાપ આ દેશપર હું મૂકતો જઈશ......લંડનમાં મારા થોડા ઘણા મિત્રો ક્યારના થઇ ગયા છે. અગસ્ટની આખરમાં હું ત્યાં જઈશ......આ શિયાળામાં થોડો ભાગ લંડનમાં ગાળવો પડશે અને થોડો ભાગ ન્યુયૉર્કમાં ગાળીશ. પછી હું હિંદમાં આવવા માટે મોકળો થઇશ. પ્રભુની કૃપા હશે તો આ શિયાળામાં હવે પછી કાર્ય ચલાવવાને પૂરતાં મનુષ્યો મળશે. દરેક કાર્યને ત્રણ અવસ્થામાં પસાર થવું પડે છે—હાસ્યપાત્રતા, વિરૂદ્ધતા, અને પછી સ્વીકાર્યતા. જે વ્યક્તિ પોતાના સમયથી આગળ વધીને વિચાર કરે છે તેને સમજવા હમેશાં ખોટા ખ્યાલો ઉત્પન્ન થાય છેજ. તેથી વિરૂદ્ધતા અને જુલમ એ મને અભિનંદનીય છે, ફક્ત મારે મક્કમ અને પવિત્ર રહેવાનુંજ છે અને પ્રભુમાં અતિશય શ્રદ્ધા રાખવાનીજ છે. તેમ થયે આ બધું નાશ પામશે, * *

પત્રાંક ૪૪.

ઑગસ્ટ '૯૫.

વ્હાલા અ—'આ પત્ર તમને પહોંચે તે વખતે હું પારિસમાં હઇશ......આ વર્ષે મેં ઘણું કાર્ય કર્યું છે અને આ પછીના વર્ષમાં તેથી પણ વધારે કાર્ય કરવાની આશામાં છું. મિશનરીઓના સંબંધમાં ફીકર રાખશો નહિ. તેઓ રડયાં કરે એતો તદ્દન સ્વાભાવિક છે. જ્યાં ખોરાકની તંગી આવવા માંડે ત્યાં કોણ નથી રડતો ? ગયાં બે વર્ષમાં મિશનરીઓના ફંડમાં જબરો ખાડો પડયો છે અને દિવસે દિવસે તે ખાડો મોટો થતો જાય છે. છતાં પણ હું તે મિશનરીઓની સંપૂર્ણ ફત્તેહ ઇચ્છું છું. જ્યાં સુધી તમારામાં પ્રભુ અને ગુરૂ પ્રત્યે પ્રેમભાવ છે, સત્યમાં શ્રદ્ધા છે ત્યાં સુધી મારા પુત્ર ! તમને કોઇ ઇજા કરનાર

નથી. પરંતુ આ ગુણોમાંનો એક પણ ન હોય તો તે બહુ જોખમભરેલ છે. તમારી ટીકાઓ સુસંગત છે કે મારા વિચારો હિંદમાં કાર્ય કરવા કરતાં પશ્ચિમમાં કાર્ય કરવા તરફ વિશેષ છે...હિંદ મારા માટે કોઇ દિવસ કર્યું હોય તેના કરતાં મેં હિંદ માટે ઘણું વધારે કર્યું છે. મને સત્યમાં શ્રદ્ધા છે, હું જ્યાં જ્યાં જાઉં છું, ત્યાં પ્રભુ સંખ્યાબંધ કાર્ય કરનારા મને મોકલે છે—તેઓ...શિષ્યો જેવા નથી હોતા—તેઓ તો પોતાના ગુરૂ માટે પોતાના પ્રાણ અર્પણ કરવા તૈયાર રહે છે. સત્ય એ મારો પરમેશ્વર છે, વિશ્વ તે મારો દેશ છે. મને કર્તવ્યમાં શ્રદ્ધા નથી. કર્તવ્ય એ સંસારી માટે શ્રાપ સમાન છે, સંન્યાસીને માટે નહિ. કર્તવ્ય એ મિથ્યા છે. હું સ્વતંત્ર છું, મારાં બંધનો કપાઇ ગયાં છે, તો હવે આ શરીર ક્યાં જાય છે, ક્યાં જતું નથી એની મને શી દરકાર છે ? તમોએ મને સારી રીતે મદદ આપી છે. તેનો બદલો તમને પ્રભુ આપશે. હિંદમાં કે અમેરિકામાં મારાં વખાણ થાય એ તપાસમાં હું કદિ પડયો નથી, તેમજ એ પરપોટાસમાન સ્તુતિની શોધમાં પડનાર પણ નથી. હું પ્રભુનો બાળક છું અને મારીપાસે બીજાને શિખવવા વાસ્તે સત્યજ છે, અને જેણે મને સત્ય આપ્યું છે તેજ દુનિયાના શૂરવીરમાં શૂરવીર અને સરસમાં સરસ મારી સાથે કાર્ય કરનારાઓ મને મોકલાવશે. તમે હિંદુઓ થોડા વર્ષમાં જોઇ શકશો કે પશ્ચિમમાં પ્રભુ શું કરે છે. તમે જૂના સમયના જયુ જેવા (અહીંના લોભી મારવાડીઓ જેવા) છો—બીડવાળા કૂતરા છો. નથી પોતે ખાતા, તેમ નથી કોઇને ખાવા દેતા. તમારો કોઇ ધર્મ રહ્યો નથી, તમારો પરમેશ્વર રસોડું છે (એટલે ખાઓ, પીઓ, લહેર કરો, એમાંજ તમારો પરમેશ્વર આવી ગયો છે), તમારૂં બાઇબલ-ધર્મશાસ્ત્ર તે રાંધવાનાં પાત્રો છે. તમારામાં થોડા બહાદૂર કુમારો છે.

પુત્રો! હવે અટકો, મારાં બાલકોમાં બાયલાઓનું નામ નિશાન હોવું ન જોઇએ...મહાન્ કાર્યો શું સહેલાઇથી કદી પણ થયાં છે? તેને માટે તો અવશ્ય સમય, સહનશીલતા, અને અચલ ઇચ્છાશક્તિ જોઇએ. હું તમોને ઘણી વાતો કહી શકયો હત કે જે સાંભળી તમારાં હૃદયો કૂદકો મારી ઉછળત, પણ હું તે કહીશ નહિ. મારે તો લોઢા જેવી ઇચ્છા અને લોઢાનાં હૃદય ધરાવનારા જોઇએ છે કે જે કેમ કાંપવું તે તો બીલકુલ સમજતા ન હોય. થોભો, પ્રભુ તમારાપર આશીર્વાદ વરસાવશે.

આશિષસહ તમારો સદાનો,

વિવેકાનંદ.

પત્રાંક ૪૫.

પારિસ. ૯ મી. સપ્ટે.' ૯૫.

વ્હાલા અ—

* * મિશનરીઓના મિથ્યા પ્રલાપ માટે તમને બહુ ગંભીરપણે લાગી આવે છે એ જાણી હું આશ્ચર્યચકિત થાઉં છું. હિંદના લોકો હું હિંદુ ખોરાકજ લઉં એમ ઇચ્છતા હોય તો તેઓને એક રસોયો તથા તેના નિભાવ માટેના પૈસા મોકલવાનું કૃપા કરી કહેજો. આ મૂર્ખાઓ ખરી મદદનો એક નાનો સરખો કકડો પણ આપ્યા વગર બકબકાટ કરે છે, તેથી મને હસવું આવે છે. બીજી બાજુએ જો મિશનરીઓ એમ તમોને કહેતા હોય કે, સંન્યાસીનાં બે મહાન્ વ્રતો—નામે પવિત્રતા અને અકિંચનતા—નો મેં ભંગ કર્યો છે તો તેમને કહેજો કે તેઓ મહાન્ જૂઠા છે. હ—મિશનરીને મહેરબાની કરી પત્ર લખી પૂછાવજો કે તેઓએ મારામાં જે અસત્ વર્તનો જોયાં હોય

તેની એક વિગતવાર યાદી લખી તમોને મોકલાવે, અગર તેને મારા વિષે કોણે કોણે ખબર આપી છે તેનાં નામો મોકલાવે, તથા તે ખબરો એક ચોકકસ મનુષ્ય તરફથી સીધી રીતે આવી છે? કે એક પાસેથી બીજા પાસે એમ ચાલતાં ચાલતાં પસાર થઇને આવી છે? આમ કરશો તો આખા પ્રશ્નનું એની મેળે નિરાકરણુ થઇ જશે; અને આખો ઘટાટોપ એની મેળે ઉડી જશે.

મારા વિષે પૂછો તો યાદ રાખજો કે કોઇ મારો મુખત્યાર નથી. હું કોઇના કહેવા પ્રમાણે ચાલવા બંધાયેલ નથી. મારા જીવનનું મિશન—અંતિમ ઉદ્દેશ હું સારી રીતે જાણું છું, અને મારી પાસે ચરીવળીના નિયમ નથી. જેમ હું હિંદનો વતની છું તેમ આખી દુનિયાનો વતની છું. તો તે સંબંધે મિથ્યા પ્રલાપ કરવાનો નથી...... મેં મારાથી બની શકી તેટલી મદદ તમોને આપી છે. હવે તમોને તમારી પોતાની મદદ મળવી જોઇએ. એવો કયો દેશ છે કે જેનો ખાસ હકક મારા પર પહોંચે છે? શું હું કોઇ પ્રજાનો વેચાયેલો ગુલામ છું? તમે બેઇમાની નાસ્તિકો! હવે પછી એવો મૂર્ખ, અર્થહીન પ્રલાપ વધારે વખત કરતા નહિ.

મેં ઘણી સખત રીતે કાર્ય કર્યું છે અને જેટલો મારી પાસે પૈસો આવ્યો તે કલકત્તા અને મદ્રાસ મોકલાવી આપ્યો છે, અને આ બધું કર્યાં પછી શું હું તેઓના કહેવા પ્રમાણે ચાલવા બંધાયેલ છું? તમે શરમાતા નથી? શું હું તેઓનો કોઇ રીતે દેવાદાર છું? તેઓ મારાં વખાણ કરે તેની હું લેશમાત્ર દરકાર કરૂં તેમ છું? અને તેઓ મને નિંદે તેથી શું હું ડરૂં તેમ છું? મારા વ્હાલા પુત્ર! હું કોઇ વિલક્ષણ મનુષ્ય છું, અને તમે પણ મને હજુ સુધી સમજી શકયા નથી. તમે તમારૂં કાર્ય કર્યાં જાઓ, જો ન કરી શકો તો બંધ

રાખો; પણ મને તમારો મિથ્યા પ્રલાપ કહી સતાવવાનો પ્રયત્ન કરતા નહિ. મારી પીઠ પાછળ રહી સહાય આપનાર, મનુષ્યશક્તિ કરતાં મહાન્ શક્તિ, અથવા પ્રભુને અથવા કોઇ દેવને હું જોઇ શકું છું. મારી આખી જીંદગી સુધી હું બીજાને મદદ આપતો આવ્યો છું... જે દેશે મહાન્માં મહાન્ પુરૂષ—રામકૃષ્ણ પરમહંસને જન્મ આપ્યો છે તે દેશમાં તેનાં કાર્યને સહાય આપવા થોડા રૂપીઆ પણ જેઓ એકઠા કરી શકતા નથી, અને મિથ્યા પ્રલાપ કરવો હોય તો તૈયાર રહે છે, અને જેને માટે તેઓએ કંઇ કર્યું નથી પણ જેણે તેમને માટે બની શકે તેટલું બધું કર્યું છે તેને તું આમ કર, તારે આમજ કરવું જોઇએ! એમ આદેશ આપી તેને તે પળાવવા માંગે છે! આવી ઉપકાર વગરની–કૃતઘ્ની દુનિયા છે.

શું તમે એમ કહેવા ઇચ્છો છો કે જે જ્ઞાતિના દોરમાં દબાયેલા, વહેમી, દયાહીન, દાંભિક, નાસ્તિક બાયલાઓ, કેળવાયેલા હિંદુમાં તમોને મળી આવે છે તેવામાંના એક તરીકે જીંદગી ગુજારવા અને મરણ પામવા હું જન્મેલ છું? હું હીચકારાપણાને ધિક્કારૂં છું. હિચકારા કે રાજકીય મિથ્યા પ્રલાપ કરનારા સાથે મારે કંઇપણ લેવાદેવા કે નિસબત નથી. કોઇ રાજનીતિમાં મને શ્રદ્ધા નથી. જગત્માં પ્રભુ અને સત્ય એ બે રાજ્યનીતિ છે, બાકીનું સર્વ મિથ્યા છે.

હું કાલે લંડન ઉપડી જાઉં છું. * * * * * * * *

આશિષ સાથે આપનો.

વિવેકાનંદ.

પત્રાંક ૪૬.

લંડન. ૨૪ મી ઑક્ટો.' ૯૫.

* * મારૂં **પ્રથમનું** વ્યાખ્યાન મેં ક્યારનું આપી દીધું છે, અને તેણે કેટલું સરસ ધ્યાન ખેંચ્યું છે, તે **સ્ટાન્ડર્ડ** પત્રમાં આવેલ ખબરમાંથી જાણી શકશો. કૉન્ઝરવેટીવ પત્રોમાં મોટામાં મોટી વગ ધરાવનાર પત્રોમાંનું **સ્ટાંડર્ડ** એક છે. હું **લંડન**માં એક માસ રહેવાનો છું, પછી હું **અમેરિકા** ઉપડી જઇશ અને આવતા ઉનાળામાં હું ફરી પાછો ફરીશ. ત્યાં સુધીમાં તમે જોઇ શકશો કે **ઇંગ્લંડ**માં મેં બીજ સારી રીતે વાવ્યું છે.

હિંમત ધરો અને કાર્ય કર્યાં કરો. સબૂરી અને મક્કમ કાર્ય-એજ ફક્ત માર્ગ છે. ચાલુ રાખો, અને સહનશીલતા, પવિત્રતા, ધૈર્ય અને મક્કમ કાર્ય એજ સ્મરણમાં રાખ્યાં જાઓ...જ્યાં સુધી તમે પવિત્ર રહો છો ત્યાં સુધી તમે કદીપણ નિષ્ફલ થશો નહિ. જગ-જ્જનની તમને કદી વીલા મૂકશે નહિ, અને તમારાપર બધા આશિ-ર્વાદો આવશે.

તમારો, **વિવેકાનંદ.**

પત્રાંક ૪૭.

લંડન. ૧૮મી; નવેંબર ૯૫.

વ્હાલા—

* * ઇંગ્લંડમાંનું મારૂં કાર્ય ખરેખર ભવ્ય થયું છે. હું પોતે તે તરફ દૃષ્ટિ નાંખતાં આશ્ચર્યચકિત થયો છું. અંગ્રેજ લોકો વર્તમાનપત્રોમાં ઝાઝું બોલી દેખાવ કરતા નથી, પણ તેઓ મૌનપણે કાર્ય કર્યા કરે છે. અમેરિકા કરતાં ઇંગ્લંડમાં હું વધુ કાર્ય કરી

શકીશ એની મને ખાત્રી છે. ટોળાંનાં ટોળાં મારી પાસે આવે છે, કે તેને માટે જગ્યા કરવાનું મારી પાસે રહેતું નથી, તેથી તેઓ બાનુઓ તેમજ બધા નીચે પલાંઠીવાળી બેસે છે. હું તેમને કહું છું કે તેઓએ એવું કલ્પવું કે તેઓ હિંદના આકાશ તળે જટાજૂટથી ફેલાયેલા વડના ઝાડનીચે છે અને તેઓને આ કલ્પના બહુ પસંદ પડે છે... ...આવતા અઠવાડીઆમાં મારે અહીંથી ઉપડી જવું પડશે એ જાણી તેઓ ઘણા દીલગીર થાય છે. કેટલાક એવું ધારે છે કે અહીંના મારા કાર્યને, જો હું એકદમ ચાલ્યો જઇશ તો, થોડો બાધ આવશે. હું તેવું ધારતો નથી. મનુષ્યો કે વસ્તુઓ ઉપર હું આધાર રાખતો નથી. એકજ પ્રભુનું મારે શરણ છે—અને **તે** મારા દ્વારા કાર્ય ચલાવ્યે જાય છે.

× × મહેરબાની કરી દરેક જણ દાંભિક અને હિચકારા ન બનો. તમે તમારા વિચારોને બલ અને પવિત્રતાથી વળગી રહો અને તમારા માર્ગમાં હમણાં કોઇ મુશ્કેલીઓ આવે તો પણ જતે દહાડે—છેવટે આખી દુનિયાને તમારા પર લક્ષ રાખી તમારૂં સાંભળવા વગર છૂટકોજ નથી.

બંગાલીઓ કહે છે તેવી રીતે મરવાનો પણ મને વખત મળતો નથી. હું કામ કરૂં છું, કરૂંછું તે કર્યાંજ કરૂં છું અને મારી રોટલી મેળવી મારા દેશને સહાય આપતો રહું છું. આ બધું થાય છે તેટલાનેજ માટે શું મારે મિત્રો તેમજ શત્રુઓ તરફથી ટીકાઓ સાંભળ્યાજ કરવી કે ?! વારૂ, તમે હજુ નાનાં બચ્ચાં જેવા છો. મારે આ બધું સહન કરવું પડશે...મેં કલકત્તાથી એક સંન્યાસીને બોલાવી મંગાવેલ છે, અને તેને લંડનમાંનું કાર્ય સોંપી દઇશ. હવે અમેરિકાને માટે એકની મને જરૂર છે—તે માટે મારો પોતાનો મનુષ્ય મને જોઇએ છે. સર્વ આધ્યાત્મિકવિકાસ માટે ગુરૂભક્તિ એ પાયો છે.

વિ. ૫. ૯

× × અતિશય કાર્ય કરવાથી ખરેખર હું થાકી ગયો છું. જેવું મારે સખત કામ કરવું પડયું છે એવું કોઇપણ હિંદુએ કર્યું હત તો તે ખરેખર મૃત્યુવશજ થયો હત..............લાંબી વિશ્રાંતિ લેવા અર્થે મારે હિંદ આવવાની જરૂર છે.

સપ્રેમ અને સાશિષ આપનો સદાનો—

વિવેકાનંદ.

પત્રાંક ૪૮.

૨૨૮. ડબલ્યુ. ૩૯.
૨૦ મી ડીસેં, ૯૫.

વ્હાલા—

× × સહિષ્ણુતા રાખો અને મરણપર્યંત શ્રદ્ધાવાન્ રહો. તમો અંદરઅંદર વિગ્રહ કરતા નહિ. ધનની લેવડદેવડમાં સંપૂર્ણ પવિત્ર રહો...આપણે મહાન્ કાર્યો કરીશું...જ્યાં સુધી તમારામાં શ્રદ્ધા, પ્રામાણિકતા, અને ભક્તિ છે ત્યાં સુધી સર્વમાં વિજય મેળવી શકીશું.

× × સૂક્તોનું ભાષાંતર કરવામાં **ભાષ્યકારોનાં** વચનોપર ખાસ લક્ષ રાખશો, અને **પૂર્વ** સંબંધીના હમણાના **સ્કૉલરો** જે કહે તે પર બીલકુલ ધ્યાન આપતા નહિ. તેઓ આપણા **શાસ્ત્રોનો** એક કક્કો સમજતા નથી. **તત્ત્વજ્ઞાન** અથવા **ધર્મ** સમજવામાં શુષ્ક **ભાષાશાસ્ત્રી**-ઓનું કાર્ય નથી...ઉદાહરણ તરીકે '**आनीदबातम्**' એ **ઋગ્વેદમાં** એક શબ્દ છે તેનું ભાષાંતર એવું કરવામાં આવ્યું છે કે—" તે શ્વાસ વગર રહ્યો. " હવે જેના સંબંધે આ કહેવામાં આવેલ છે તે **મહા**-પ્રાણનેજ પ્રાધાન્યે ઉદ્દેશીને છે, અને **आनीद** ધાતુનો અર્થ અચલ—

આંદોલન વગરનો એમ થાય છે. આથી એ સૂચિત થાય છે કે આમાં કલ્પના આરંભ પહેલાંની **વિશ્વમય** સાર્વત્રિક શક્તિ—**પ્રાણનું** વર્ણન છે; જુઓ—**ભાષ્યકારો**. આપણા મહર્ષિઓએ જે કથ્યું છે તે પ્રમાણેજ અર્થ સમજાવો, અત્યારના કહેવાતા યુરોપીય વિદ્વાનોના કહેવાપર આધાર રાખીને અર્થ કરશો નહિ. કારણ કે તેઓ શું જાણે છે?

× × ધૈર્યવાન્ અને ભયહીન બનો એટલે માર્ગ ખુલ્લો થશે... યાદ રાખો, કે **થી...**ઓ સાથે તમારે કંઇ પણ લેવાદેવા નથી. તમે બધા મારી સાથે હરોળમાં ઉભા રહેશો, અને સહિષ્ણુતાનો ત્યાગ કરશો નહિ તો આપણે હજુ મહાન્ કાર્ય કરી શકીશું એની તમોને ખાત્રી આપું છું. આ મહાન્ કાર્ય મારા પુત્ર! ધીમે ધીમે ઇંગ્લંડમાં બની રહેશે. મને લાગે છે કે કેટલીક વખત નિરાશ બનો છો, અને મને ભય છે કે **થી**—ઓના હાથમાં રમવાને તમો લલચાઓ છો. તમે યાદ રાખો કે ગુરૂ-ભક્તિ આખા જગતને જીતી શકશે—આ ઇતિહાસનાં સત્યોમાંનું એક છે...મનુષ્યને સિંહ જેવો પરાક્રમી બનાવનાર શ્રદ્ધા છે. તમારે હમેશાં એ યાદ રાખવું કે કેટલુંબધું મારે કામ કરવું પડે છે. કેટલીક વખત એક દિવસમાં બે કે ત્રણ ભાષણો આપવાં પડે છે અને આવી રીતે ચારે બાજુ મુસ્કેલી છતાં, સખત કામ છતાં, હું મારો માર્ગ કરી લઉં છું. નબળોસબળો માણસ તો મરણવશ થાય તેમ છે.

× × શ્રદ્ધા અને બળ સાથે વળગ્યા રહો; સત્યનિષ્ઠ બનો, પ્રામાણિક બનો, પવિત્ર બનો અને એક બીજામાં વિગ્રહ ન કરો. ઇર્ષ્યા એજ આપણી પ્રજામાં મહાન્ કંટકરૂપ છે.

આપણા સર્વ મિત્રો પ્રત્યે પ્રેમપૂર્વક—

વિવેકાનંદ.

પત્રાંક ૪૯.

બોસ્ટન. ૨૩ મી માર્ચ ૯૬.

વ્હાલા અ—

* * મારા સંન્યાસીઓમાંનો એક સંન્યાસી ખરેખર એક સ્ત્રી છે...બીજા પુરૂષો છે. ઇંગ્લંડમાં બીજા વધારે કરવાનો છું, અને તેમને મારી સાથે હિંદમાં લઇ આવવાનો છું. આ 'શ્વેત' ચહેરાઓની અસર હિંદમાં હિંદુઓ કરે તેના કરતાં વધુ થશે—તે ઉપરાંત તેઓ ઉત્સાહી છે, જ્યારે હિંદુઓ અચેતન છે. હિંદની મુખ્ય આશાઓ ગરીબ પ્રજાવર્ગ ઉપર છે. ઉંચ વર્ગતો શરીરે તેમજ મને અચેતન–જડ–મૃત સમાન છે. * *

મારી જીત મારી પ્રજાપ્રિય શૈલીને લઇને છે–ઉપદેશકનું મહાનપણું તેની ભાષાની સરલતામાં રહેલ છે.

* * આવતા માસમાં હું ઈંગ્લંડ જવાનો છું. મને બીક છે કે જોઇએ તે કરતાં વધુ મેં કામ કર્યું છે; મારા જ્ઞાનતંતુઓ આ લાંબા સમય સુધી જારી રાખેલા કામથી લગભગ તૂટી ગયા છે. આ માટે સહાનુભૂતિ તમે દર્શાવો એ ઇચ્છા નથી, પણ આ જે હું લખું છું તે ફક્ત એટલા માટે કે તમે મારા પાસેથી ઘણાની આશા ન રાખી શકો એ સમજાવવું. બને તેટલી સરસ રીતે કાર્ય કર્યા કરો. હવે મહાન્ કાર્યો કરવામાં શક્તિમાન્ થવાની મને ઘણી થોડી આશા છે. છતાં મારાં ભાષણોની યંત્ર મારફતે કરેલી નોંધો પરથી જે સાહિત્ય થઇ શક્યું છે તે જાણી ઘણો ખુશ થાઉં છું. આનાં ચાર પુસ્તકો તૈયાર છે...વારૂ, મને સંતોષ છે કે સારૂં કરવાને મારાથી બને

તેટલું મેં કરવા પ્રયત્ન કર્યો છે અને આ કાર્યથી મુક્ત થઈ ગુફામાં બેસીશ ત્યારે મારૂં અંતઃકરણ શુદ્ધ-નિર્મલ રહેશે.

સર્વને પ્રેમ અને આશિષ સાથે.

વિવેકાનંદ.

પત્રાંક ૫૦.

માર્ચ, ૯૬.

વ્હાલા અ—

* * કાર્ય આગળ ધપેલો. મારાથી બનશે તેટલું હું કરીશ—પ્રભુએ એ ઇચ્છયું હશે તો પીતવસ્ત્રધારી સંન્યાસીઓ અહીં અને ઈંગ્લંડમાં સામાન્ય થઇ પડશે. મારા પુત્રો ! કાર્ય કર્યા કરો.

યાદ રાખો કે જ્યાં સુધી તમારા ગુરૂમાં તમારી શ્રદ્ધા છે ત્યાં સુધી તમારા પંથમાં મુશ્કેલી નાંખવા કોઈ પણ સમર્થ નથી. પશ્ચિમ-વાસીઓની દૃષ્ટિમાં તે ત્રણ ભાષ્યોનાં ભાષાંતરો મહાન્ કાર્ય તરીકે લેખાશે.

* *મારા બાલક ! તમે સબુરી પકડો, રાહ પકડો, થોભો. સહિષ્ણુતા, સહિષ્ણુતા...યોગ્ય સમયે હું પ્રજાજન સમક્ષ એકદમ આવી ચડીશ. * *

આપનો—વિવેકાનંદ.

પત્રાંક ૫૧.

ન્યૂયૉર્ક. ૧૪ મી એપ્રિલ '૯૬.

ડાકટર—યોગ્ય,

આજ સવારે તમારો પત્ર મળ્યો. કાલે હું ઈંગ્લંડના પ્રવાસે ઉપડી જાઉં છું. બાલકો માટેનું પત્ર કાઢવા સંબંધે તમારી સાથે

મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે, અને તેને સહાય આપવા હું મારાથી જેટલું બનશે તેટલું બધું કરીશ. તમારે તેને બ—જેવી રીતે ચાલે છે તેજ કોટિ ઉપર ચલાવી સ્વતંત્ર કરવું જોઈએ, તે સિવાય ફક્ત તેમાં શૈલિ અને વિષય વધારે લોકપ્રિય બને તેમ કરવું જોઈએ. ઉદાહરણ તરીકે, તમે સ્વપ્ને પણ ધારો તેના કરતાં પણ વધારે સંભવિત લાભ, પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં અહીં તહીં સર્વત્ર જણાતી અદ્ભુત વાર્તાઓ ફરી લખી પ્રજાપ્રિય બનાવી શકાય તેમાં છે. આનું દર્શન તમારા પત્રમાં ખાસ બીજાં સાથે આપવાની જરૂર છે. મારાથી વખત મળતાં બનશે તેટલી વાર્તાઓ હું લખીને મોકલીશ. પત્રને વિદ્વદ્‌ભોગ્ય—સાહિત્યવિષયક બનાવવાના સર્વ પ્રયત્નો છોડી દેશો. વિદ્વદ્‌ભોગ્યની પત્રની—ગરજ બ—સારી રીતે સારશે—અને મને ખાત્રી છે કે તમારૂં પત્ર ધીમે ધીમે સર્વ જગત્‌માં પોતાનો માર્ગ કરી લેશે. તેમાં ભાષા જેમ બને તેમ સાદી રાખો એટલે તમે તેમાં ફતેહ પામશો. આ પત્રનો પ્રધાન ઉદ્દેશ મૂળ તત્ત્વોને વાર્ત્તાદ્વારા બહાર પાડવાનો હોવો જોઇએ. આને છેક આધ્યાત્મિક બનાવશોમાં. જેની હિંદમાં ખોટ છે તે ઐક્ય શક્તિ, વ્યવસ્થા શક્તિની છે અને તે શક્તિની પહેલી કુંચી આજ્ઞાધારકતા છે.

* * બહાદૂરીથી આગળ વધો. એક દિવસ કે એક વર્ષમાં ફત્તેહ મળવાની આશા રાખશો નહિ. ઉચ્ચ નિશાનોનેજ હમેશ વળગી રહો. મકકમ રહો. ઇર્ષ્યા અને સ્વાર્થીપણાનો ત્યાગ કરો, સત્ય, મનુષ્યદયા, અને તમારો દેશ, એના હિતના દાસ અને અનંતકાલ સુધી તેમાં શ્રદ્ધા રાખનાર રહો એટલે જોઈ લ્યો કે તમે આખા જગત્‌ને કેવું હચમચાવી નાંખો છો. એ સ્મરણમાં રાખજો કે શક્તિની કુંચી—રહસ્ય વ્યક્તિ—જીવન (ચેતના) છે—બીજી એકેક વસ્તુ નથી. આ પત્ર

રાખી મૂકજો અને તમો થાકી ગયા છો કે ઇર્ષ્યાંખોર થયા છો એવું જ્યારે જ્યારે તમને લાગે ત્યારે ત્યારે આ પત્રની છેલ્લી લીટીઓ વાંચજો. અદેખાઇ એજ સર્વ ગુલામોને માટે મહાન્ પ્રત્યવાય રૂપ છે. તમોપર સર્વ આશીર્વાદ અને સર્વત્ર વિજય વરસે છે.

આપનો પ્રેમનિષ્ઠ–**વિવેકાનંદ.**

પત્રાંક પ૨.

૧૪મી જુલાઇ '૯૬–

વ્હાલા ડાક્ટર ન—

* * અંતે, કોઈ વિદેશી તેમજ દેશી **અંગ્રેજ, અંગ્રેજી** ભાષા કદીપણ સારીરીતે લખો શકશે નહિ. તેવી રીતે સારી **અંગ્રેજી** ભાષામાં વિચારો મૂકાશે તો હિંદુ—અંગ્રેજી ભાષા કરતાં વધારે આગળ તે વિચારો ફેલાશે. વળી બીજું એ કે, એક નિબંધ કરતાં એક વાર્તા વિદેશી ભાષામાં લખવી તે બહુજ કઠિન છે......

કોઈ જાતની **વિદેશી સહાય** ઉપર તમારે કદી આધાર રાખવો નહિ. વ્યક્તિઓની પેઠે પ્રજાઓએ પોતાના બળ ઉપર મુસ્તાક રહેવું જોઇએ. આજ ખરેખરૂં **સ્વદેશાભિમાન** છે. જો કોઈ પ્રજા આમ ન કરી શકે, તો તેનામાટે ઉન્નતિનો સમય આવ્યો નથી, તેથી તેણે થોભવું જોઇએ...નવીન પ્રકાશ સર્વ હિંદભૂમિ પર અવસ્ય વિસ્તારવો જોઇએ. આજ અંતિમ ઉદ્દેશથી તમારે કાર્ય કરવાનું છે.

કમલ એ પુનરૂદ્ધારનું ચિન્હ છે. આપણે કલામાં અને ખાસ કરી ચિત્રકલામાં અતિશય પાછળ છીએ. ઉદાહરણ તરીકે એક વન કરી તેમાં વસંતઋતુ જાગ્રત થઇ હોય એવો નાનો દેખાવ બતાવો, અને તેમાં પાંદડાં અને કળીઓ ફરીવાર કેવી રીતે દેખાવ દે છે તે

બતાવો. ધીમે ધીમે આગળ વધો. આવા સેંકડો વિચારો આપણે બહાર મૂકવાના છે.

આવતા રવિવારે હું સ્વિટ્ઝર્લેંડ જવાનો છું અને ત્યાંથી આવતી પાનખર ઋતુમાં લંડન પાછો ફરીશ અને આપણું આ કાર્ય પાછું હાથમાં લઇશ. તમે જાણો છો કે મને વિશ્રાંતિની ઘણીજ જરૂર છે.

સર્વ આશીર્વાદ સમેત ઇત્યાદિ આપનો

વિવેકાનંદ.

પત્રાંક ૫૩.

સ્વિટ્ઝરલૅંડ.

૬ ઠ્ઠી ઑગ. ૧૮૯૬.

વ્હાલા અ.

× × ભીતિ રાખશો નહિ. મારા બાલક ! મહાન્ કાર્યો કરવાનાં છે. ધૈર્ય રાખ × ×

તે (મેકસમુલર) ઘણાં મજેનાં પત્રો મને લખે છે, અને રામકૃષ્ણના જીવનચરિત્ર પર એક મોટું પુસ્તક રચવા માટે સાધનો મંગાવે છે. × ×

વર્તમાનપત્રમાં રંગીન ટીકાઓથી હદ વળી ગઈ છે. ગમે તેમ હોય પણ હું તેનાથી બહુ કંટાળી ગયો છું. આપણે આપણા માર્ગ તરફ ચાલવું ઉત્તમ છે. બાકી મૂર્ખાઓને બકવા દ્યો. સત્ય છે તેની સામે કોઇપણ પ્રતિબંધ કરે તેમ નથી.

હમણાં તમે જાણો છો કે હું સ્વિટ્ઝર્લેંડમાં છું, અને હમેશાં ગતિમાન્ રહ્યાંજ કરૂં છું. લેખ લખવા તેમજ બહુ વાંચવા સંબંધે હું કંઇપણ કરી શકું તેમ નથી, તેમ મારે કંઇ કરવું પણ નજ જોઇએ.

આવતે મહિનેથી લંડનનું મહાન્ કાર્ય હાર પાડવાનું મારે માથે તૈયારજ પડેલ છે. શિયાળામાં હું હિંદ તરફ પાછો ફરવાનોછું ત્યારે તે કામ હું તેઓનાજ શિરે નાંખી શકીશ.

સર્વને મારો પ્રેમ આપજો. બહાદુર અંતઃકરણવાળાઓ! તમે કાર્ય કર્યાજ કરો, નિષ્ફલ માં થાઓ—'ના' એ શબ્દ કદી વદોજ નહિ; કાર્ય કર્યાજ કરો—પરમાત્મન્ આપણા કાર્યના સમર્થનમાંજ છે. મહાશકિત તમારી સાથેજ છે.

પ્રેમ અને આશીર્વાદ સમેત આપનો

વિવેકાનંદ.

પત્રાંક ૫૪.

૮ મી ઑગ. ૧૮૯૬.

વ્હાલા અ—

* * * *

ઘણી બાબતો થવી આવશ્યક છે. પ્રથમતો દઢ પ્રામાણિકતા હોવી જોઇએ. આ પરથી નાની સરખી સૂચનાપણ હું કરવા માંગતો નથી કે તેવી પ્રામાણિકતા તમારામાંથી કોઇનામાં નથી, અગર તેનાથી તમે વિમુખ છો, પણ કહેવાનું એ છે કે સામાન્યરીતે હિંદુઓજ એવા છે કે તેમનામાં વ્યાવહારિક કાર્યમાં કોઇ વિલક્ષણ જાતનું આલસ્ય છે અને તેથી તેઓ હિસાબ રાખવા વગેરેમાં પૂરતી રીતે પદ્ધતિસર અને દઢ રહેતા નથી,

બીજું, ઉદ્દિષ્ટ કાર્યમાં કેવલ નિષ્કામ ભક્તિ જોઇએ, અને તેથી તમારે જાણવું જોઇએ કે બ—પત્રને એક વિજયવંત પત્ર કરવામાં તમારી મુક્તિનો આધાર રહેલ છે. આ પત્રને તમારો ઈષ્ટદેવ માનો,

અને પછી જોઈલ્યો કે ફત્તેહ એની મેળેજ તમારી પાસે આવે છે. મેં હિંદમાંથી અભેદાનંદને ક્યારના બોલાવેલ છે......યાદ રાખો કે સંપૂર્ણ પવિત્રતા અને ગુરૂપ્રત્યે નિઃસ્વાર્થમય આજ્ઞાધીનપણું એજ સર્વ વિજયની કુંચી રૂપ છે.

*　　*　　*　　*　　*

એક ધાર્મિક પત્રનો જબરો ફેલાવ વિદેશમાં થાય એ અશક્ય છે. હિંદુઓમાં સદ્‌ગુણ અને ઉપકાર શું છે એની ભાવના જો કંઇપણ રહી હોય તો તેઓએજ આ પત્રને ટેકો આપી નિભાવવું જોઇએ.

વેદાન્તનો ઉપદેશ કરવા ઉપરાંત આ પત્રનો આદર્શ, ધર્મ ઉપરજ હિંદીઓની શોધક બુદ્ધિ અને વિદ્વત્તા બતાવનાર પત્ર તરીકે બહાર પડવામાં છે.

ધીમે ધીમે, મીસીસ ઍની બિસન્ટે મને તેણીના લૉજમાં 'ભક્તિ' ઉપર વ્યાખ્યાન કરવા આમંત્રણ આપ્યું હતું. મેં ત્યાં એક રાત્રિ વ્યાખ્યાન આપ્યું. તે વખતે કર્નલ ઑલ્કૉટ પણ હતો. આ વ્યાખ્યાન આપ્યું તેનું કારણ મારી સર્વ સંપ્રદાયો પ્રત્યે સહાનુભૂતિ છે તે દર્શાવવાનું હતું......આપણા સ્વદેશ બંધુઓએ ખાસ લક્ષમાં રાખવાનું છે કે આધ્યાત્મિક વિષયોમાં આપણે વિદેશીઓના શિક્ષકો છીએ અને વિદેશીઓ આપણા શિક્ષકો નથી, જ્યારે જગત્‌ની વ્યાવહારિક બાબતોમાં આપણે વિદેશીઓ પાસેથી શિખવાની જરૂર છે.

મેં મૅક્સમુલ્લરનો લેખ વાંચ્યો. તે તેણે છ મહિના પહેલાં લખ્યો છે અને તે વખતે તેની પાસે મઝુમદારના નિબંધ સિવાય બીજું એક પણ સાધન ન હતું, છતાં તેણે તે લેખ લખ્યો છે તે વિચારતાં તે લેખ સારો છે. હવે તે મને એક લાંબો અને મજાનો પત્ર લખી જણાવે છે કે તે શ્રી રામકૃષ્ણપર એક પુસ્તક લખવા માંગે છે. મેં તેને માટે ઘણું સાહિત્ય પૂરૂં પાડ્યું છે પણ હજુ ઘણું

વધારે હિંદમાંથી તેને મળવાની જરૂર છે.

કાર્ય કરો! વળગીજ રહો! બહાદુર વીર બનો! કોઇ પણ કાર્ય અને સર્વ કાર્ય કરવાની હિંમત બતાવો!

* * તમે જાણતા નથી કે આ સંસાર દુઃખ માત્ર છે!

આશિષો અને પ્રેમ સમેત આપનો

વિવેકાનંદ.

પત્રાંક ૫૫.

સ્વિટ્ઝર્લેંડ,

૨૬ મી ઑગસ્ટ ૧૮૯૬.

વ્હાલા ન—

તમારો પત્ર મને હમણાંજ પ્રાપ્ત થયો. હું ગતિમાન્ છું. આલ્પ્સ પર્વતમાં ગિરિપર આરોહણ કરવું, અને બરફના ઢગલા ઓળંગવા એ વગેરે ઘણું કર્યું, હવે જર્મનીમાં જાઉં છું, કારણ કે પ્રોફે. ડ્યુસન તરફથી પોતાની કીલમાં મુલાકત લેવાનું મને આમંત્રણ થયેલ છે. ત્યાંથી ઇંગ્લંડમાં પાછો ફરીશ. બની શકશે તો આ શીયાળામાં હિંદુસ્તાન પાછો ફરીશ.

જે–ની ડિઝાઇન્ (રૂપરેખા) મોકલી તેની સંબંધે હું જે બાબતમાં વિરૂદ્ધતા જાણાવું છું તે બાબત તેની ક્ષુલ્લકતા છે, એટલુંજ નહિ, પરંતુ નિષ્પ્રયોજન સંખ્યાબંધ પાત્રોનું એક સાથે એકીકરણ કર્યું છે. ચિત્રરેખા હમેશાં સરલ, ચિન્હસૂચક અને અનેક ભાવ પ્રકટાવનાર હોવી જોઇએ.

આપણું કાર્ય બહુ સુંદર રીતે ચાલે છે એમ કહેતાં મને આનંદ થાય છે.

* * છતાં હું એક શિખામણ તમોને આપીશ. હિંદમાં જેટલા એકત્રિત પ્રયત્નો છે, તે ફક્ત એક મહાન્ દોષને પાત્ર છે અને તે દોષ એ છે કે, આપણામાં જે સખત વ્યાવહારિક ધંધાદારી તત્ત્વો જોઇએ તેની ખામી છે. 'ધંધો' એ ઉંચામાં ઉંચા અર્થમાં ધંધો છે, અને તેમાં મિત્રતા કે જેને હિંદુ કહેવતમાં ' આંખની શરમ ' કહેવામાં આવે છે તે તો હોવીજ ન જોઇએ. પોતાના હવાલામાં જેટલી વસ્તુઓ-બાબતો હોય તેનો બરાબર સ્પષ્ટમાં સ્પષ્ટ હીસાબ દરેકે રાખવો જોઇએ અને—નું ફંડ બીજી કોઇ પણ વપરાશમાં લેવુંજ ન જોઇએ. પછી તે લીધા વગર બીજીજ ક્ષણે તે માણસ ભુખે મરી જતો હોય તોપણ જેનું ફંડ છે તે તેમાંજ વપરાવું જોઇએ. આ તે ધંધાદારી પ્રામાણિકતા. બીજું એ કહેવાનું કે આપણું બળ કદી પણ મહાત ન થવું જોઈએ. જે જે કાર્ય તમે કરો તે તે સમયે તે તમારી પૂજાનું પાત્ર હોવું જોઇએ. આ વખતે આ પત્ર તમારો ઇશ્વર બનો, અને તેમ થયે અચૂક તમે વિજયવંતા છોજ.

આ પત્ર ફત્તેહમંદ રીતે તમે ચલાવ્યું તો પછી તામિલ, તેલંગુ, કાનરી ઇત્યાદિ દેશીય ભાષામાં તેજ શ્રેણિપર પત્રો કહાડો. મદ્રાસીઓ, ભલા, ઉત્સાહી છે એ બધું ખરૂં, પણ શંકરાચાર્યની તે ભૂમિએ ત્યાગની ભાવના ગુમાવી છે એવું દેખાય છે.

મારાં બાલકોએ ખાડીમાં કૂદકો મારવોજ જોઇએ, આ જગતનો ત્યાગ કરવોજ જોઇએ—અને પછી જોઇ લ્યો કે દૃઢ પાયો આપણે નાંખ્યો છે.

બહાદૂરીથી આગળ વધો—અત્યારે યોજનાઓ કે એવી બીજી બાબતોની પરવા કદી પણ ન રાખો—" ઘોડાની સાથે તેનું ચોકડું પણ આવશે." મરણાંત પર્યંત કાર્ય કરો, હું તમારી સાથે જ છું

અને જ્યારે હું મરણ પામીશ ત્યારે પણ મારો આત્મા તમારી સાથે રહી કાર્ય કરશે. આ જીવન આવે ને જાય છે-સંપદા, કીર્તિ, ભોગ-વિલાસ ફક્ત થોડા દિવસોને માટે છે. જગતના એક ક્ષુદ્ર કીડા માફક મરવા કરતાં સત્યનો ઉપદેશ કરતાં કર્તવ્ય ભૂમિ પર મરવું એ સારૂં— વધારે દરજ્જે સારૂં છે. આગળ વધો !

પ્રેમ અને આશિષો સમેત આપનો, **વિવેકાનંદ.**

પત્રાંક ૫૬.

ઠેકાણું **મિસ એચ. મેકસમુલ્લરની** માર્ફત,
ઍઅર્લીલૉજ, રિજ્વે ગાર્ડન
વિમ્બલ્ડન, ઇંગ્લંડ.
૨૨ મી **સપ્ટે.** ૧૮૯૬.

વ્હાલા અ—

* * **જર્મનીમાં પ્રોફે૦** ડયુસન સાથેનો ગાળેલો વખત ઘણો સુંદર હતો. ત્યાર પછી, તે અને હું **લંડન** સાથે આવ્યા, અને અમો ક્યારના મહાન્ મિત્રો તરીકે થઇ ગયા છીએ.

* * હજુ એક વિશાલ અસ્પષ્ટ ક્ષેત્ર આપણે માટે છે અને તે **તુલસીદાસ, કબીર, નાનક,** અને દક્ષિણ હિંદુસ્તાનના સર્વ સંતોનાં જીવનચરિત્રો અને કૃતિઓ લખી બહાર પાડવાનું છે. તે ઢંગધડા વગરની જેવી અને તેવી શૈલીમાં નહિ, પરંતુ બારીક ચોકસાઇથી વિદ્વદ્-ભોગ્ય શૈલીમાં લખવાં ઇષ્ટ છે.

* * સર્વ બલથી કાર્ય કર્યા કરો,

સર્વપ્રત્યે પ્રેમસહિત, આપનો-**વિવેકાનંદ.**

પત્રાંક ૫૭.

૧૮૯૬
૧૪ ગ્રે કોટ ગાર્ડન્સ.
વેસ્ટમિન્સ્ટર, લંડન.

વ્હાલા અ—

સ્વિટ્ઝર્લંડથી લગભગ ત્રણ અઠવાડીઆં થયાં અહીં પાછો ફર્યો છું......લંડનમાં ઉદ્દિષ્ટ કાર્ય અતિશય આગળ વધતું જાય છે, કહાડેલા વર્ગ પ્રતિદિન વધારે સંખ્યાવાળા થતા જાય છે...... અમેરિકામાં વેદાન્ત અને યોગ ઉપર વ્યાખ્યાન આપનારા વીશ માણસને માટે અવકાશ છે......દૃઢ અને હૃદયપૂર્વક કાર્ય કરનારની પૂરતી સંખ્યા હોય તો યુનાઇટેડ સ્ટેટ્સનો અર્ધો ભાગ દશ વર્ષમાં જીતી, તાબે કરી શકાય તેમ છે. પણ તેવા કાર્ય કરનાર ક્યાં છે? તમે બધા અજ્ઞાન બચ્ચાંઓ જેવા ત્યાં નીવડો તેમ છો, કારણ કે તમે સ્વાર્થી બાયલાઓ છો, અને જે કંઈ સ્વદેશપ્રેમની વાતો કહો છો તે બધી મુખના હોઠથી બહાર નીકળે છે એટલુંજ, અને જે ધાર્મિક લાગણીઓ બતાવો છો તે ફક્ત લડાઇજ માત્ર છે એટલે સર્વ મિથ્યાપ્રલાપ છે!! મદ્રાસીઓમાં આગળ વધવાપણું અને મક્કમપણું વધારે છે, પણ તેમાંના દરેક મૂર્ખ થઇને પરણેલ છે......નિષ્પરિગ્રહી, ગૃહસ્થાશ્રમી થવાની મહત્વાકાંક્ષા રાખવી એ ઘણું સારૂં છે પણ મદ્રાસમાં આપણે જેની હાલ તુરત જરૂર છે તે તેવા ગૃહસ્થાશ્રમીની નથી—પણ બ્રહ્મચારીની છે. * *

મારા બાલક જેની મારે જરૂર છે તે લોખંડ જેવા સ્નાયુ, અને પોલાદ જેવા જ્ઞાનતંતુઓની છે, કે જેની અંદર જે વસ્તુનું વજ્ર બનેલું છે તે વસ્તુનું બનેલું મન રહેલું હોય. બળ, પુરૂષત્વ, **ક્ષાત્રવીર્ય**,

અને બ્રહ્મતેજ. આપણા સ્વરૂપવાન્ આશાવંત કુમારોમાં બધું ભરેલું છે પણ તે ક્યારે કે જ્યારે તેઓ હાલમાં લગ્નના નામે ખરેખર રીતે કહેવાતાં પશુતત્ત્વના યજ્ઞમાં કરોડોને હોમી, તેઓની કતલ કરવામાં આવે છે તે કતલ ન થતી હોય તો. અરે ભગવાન્ ! મારાં શોકરૂદનો સાંભળ ! જ્યારે મદ્રાસના ખરાજીગરના લોહીથી બનેલા ઓછામાં ઓછા એક સો સુશિક્ષિત યુવક જનો સંસારથી ત્યાગ સેવીને પોતાની કમર કસશે અને સત્યનું યુદ્ધ એક દેશથી બીજા દેશમાં કૂચ કરીને લડવા તત્પર રહેશે ત્યારેજ મદ્રાસ નિંદ્રામાંથી જાગૃત થશે. ભારતની બહાર એક ઘા મારવામાં આવ્યો હોય તો તે તેની અંદર મારેલા એક લાખ ઘાની બરોબર છે. (એટલે હિંદમાં એક લાખ ઘા કરીને જેટલી અસર કરી શકીએ તેટલી અસર હિંદની બહાર એકજ ઘા કરવાથી થાય છે. એટલે હિંદ અને હિંદની બહારના દેશમાં આટલું બધું મહદ્ અંતર છે.) ઠીક, પ્રભુની ઇચ્છા હશે ત્યારે બધું થઈ રહેશે.

મૅક્સમુલ્લર મારી સાથે મિત્રતાની ગાંઠમાં વધુ આવતા જાય છે. ઑક્સફર્ડમાં હું બે વ્યાખ્યાનો તુરતમાંજ આપવાનો છું.

વેદાન્ત તત્ત્વજ્ઞાન ઉપર એક મહાન્ પુસ્તક લખવા હમણાં પ્રવૃત્ત થયેલો છું. જુદા જુદા વેદોમાંથી જે ઉલ્લેખો વેદાન્તને તેની ત્રણે અવસ્થામાં લાગુ પડે છે તે ઉલ્લેખોનો સંગ્રહ કરવામાં હું રોકાયેલો રહું છું. પહેલો અદ્વૈતવાદ, બીજો વિશિષ્ઠાદ્વૈતવાદ અને ત્રીજા દ્વૈતવાદ-ને લગતા ફકરાઓ સંહિતા, બ્રાહ્મણો, ઉપનિષદો અને પુરાણોમાંથી એકઠા કરનાર કોઇ એકને મેળવી તમે મને સહાય કરશો. આ ફકરા-ઓનું વર્ગીકરણ કરવું જોઇએ, અને તે દરેકને આ પુસ્તકના નામ અને પ્રકરણ સાથે સ્પષ્ટતાથી લખવા જોઇએ. ફિલસુફીને કંઇક પુસ્તકાકારમાં

આરૂઢ કર્યાં વગર મારે પશ્ચિમને છોડી જવું એ અફસોસકારક લાગે છે.

મૈસુરમાં તામિલ ભાષામાં એવી એક ચોપડી પ્રસિદ્ધ થઇ છે કે જેમાં ૧૦૮ ઉપનિષદોનાં નામો આપેલ છે; મેં તેને પ્રોફેસર ડ્યુસેનના પુસ્તકાલયમાં જોઇ હતી. આને દેવનાગરી લીપિમાં છપાવેલી એવી ચોપડી બહાર પડી છે? તેમ હોય તો એક પ્રત મને મોકલાવશો. તેમ ન હોય તો તામિલ ભાષામાંની એક પ્રત મોકલો અને તેની સાથે એક પાનામાં તામિલ લિપિના અક્ષરો અને જોડાક્ષરો લખી તેની સાથેજ તેને નાગરી લિપિમાં લખી મને મોકલો કે જેથી હું તામિલ લિપિ શીખી લઉં.

* * મી. સત્યન્ધનને લંડનમાં કાલે મળ્યો હતો. તેણે કહ્યું કે મદ્રાસના એક મુખ્ય એંગ્લો ઇંડિયન વર્તમાન પત્ર નામે મદ્રાસ મેલમાં મારા રાજયોગ નામક પુસ્તકનું અવલોકન પ્રશંસા સાથે કરવામાં આવ્યું છે. અમેરિકાનો અગ્રણી ભાષાશાસ્ત્રી મારા કલ્પનામય સિદ્ધાંતોથી મુગ્ધ બની ગયો છે. તેનીજ સાથે ઇંગ્લંડમાં મેં એવા પણ જોયા છે કે જેણે મારા વિચારોને હસી કહાડયા છે. વારૂ, મારા તર્કો અલબત બહુ હિંમતથી બહાર પાડેલ છે, અને તેમાંનો ઘણો ભાગ હમેશને માટે અર્થહીન જેવો રહેશે, પરંતુ તેની અંદર એવી સૂચનાઓ છે કે જે અત્યાર પહેલાં ભાષાશાસ્ત્રીઓએ ઉપડી લીધી હત તો સારૂં હતું. છતાં પણ, આનું જે પરિણામ જોઉં છું તેથી મને સંતોષ થયો છે. ' તેમને ગમે તો, ભલે તેઓ મારા પોતાને વિષે ખરાબ બોલે, પણ તે બોલવા જેટલીજ હદે હોવું જોઇએ '—એ મારો મુદ્રાલેખ છે.

* * દઢાગ્રહી બની મારા બહાદૂર પુત્રો, વળગ્યા રહો. હજુ આપણે શરૂઆત હમણાંજ કરી છે. તો કદી પણ નિરાશાને વશ થશો નહિ.

કદી પણ કહેશો નહિ કે ' આટલું બસ છે—પૂરતું છે !...કોઇ મનુષ્ય પશ્ચિમમાં આવે છે અને જુદીજુદી પ્રજાને જુએ છે કે તરતજ તેનાં નેત્રો ખુલી જાય છે. આ રીતે હું હિંદમાં આપણી પાસે શું છે અને શું નથી એ માત્ર બોલીનેજ નહિ પણ બરાબર વ્યાવહારિક રીતે બતાવીને દઢ કાર્યકરનારાઓ મેળવું છું. એક દશલાખ હિંદુઓએ આખી દુનિયાંની મુસાફરી કરી હોય તો કેટલુંબધું સારૂં ! હું ઓછામાં ઓછું એટલુંતો ઇચ્છું છું !

સપ્રેમ સદાનો આપનો,
વિવેકાનંદ.

પત્રાંક ૫૮.

લંડન ૧૮૯૬.

૧૮૯૬ના વર્ષની આખરે ડાકટર બૅરોઝ પોતાના કરવા ધારેલા ભાષણ–પ્રવાસપર નીકળતાં તેની આગમજ સ્વામીજીએ કલકત્તાના 'ઇંડિયન મિરર '–ભારતીય દર્પણ–નામક વર્તમાનપત્રપર એક પત્ર લખી પોતાના દેશજનોને આ માનનીય અતિથિની ઓળખાણ આપી હતી, અને તેમાં તેને યોગ્ય સન્માન આપવાનો બોધ આપ્યો હતો. તેમણે તેમાં બીજી બાબતની સાથે નીચે પ્રમાણે લખ્યું હતું:—

મિ. સી. બોનીથી 'જગત્મેળા'માં કોંગ્રેસ ભરવા માટેની પોતાની મહાન્ યોજના વિજયવંતી કરવા માટે સમર્થમાં સમર્થ યોદ્ધો મેળવી શકાયો હોય તો તે ડાકટર બૅરોઝ છે, અને આ એક કોંગ્રેસે ડા. બૅરોઝની આગેવાની તળે કેવું અદ્વિતીય માન મેળવ્યું હતું તે હવે એક ઐતિહાસિક સત્ય બિના છે.

પાર્લામેંટ એક ભવ્ય ફત્તેહ થઇ છે તે ડા. બૅરાઝના પરમ ધૈર્ય, અશ્રાંત પરિશ્રમ, અપ્રતિહત સહિષ્ણુતા, અને સદા સાફલ્ય આપનાર વિનયને લઇનેજ છે.

અત્યારસુધીમાં હિંદ, તેના લોકો, અને તેના વિચારો જગતની સન્મુખ–આગળ–બહાર આવેલા હોય તેના કરતાં ઘણા વધારે ચિકાગોમાં મળેલી આશ્ચર્યકારક સમાજથી બહાર આવેલ છે, અને તેથી આપણને જે પ્રજાકીય લાભ થયો છે તેનું સર્વમાન તે સમાજમાં કોઇને આપીએ તેના કરતાં ઘણુંવધુ ડા. બૅરાઝને ચોક્કસ રીતે આપવું ઘટે છે.

તદુપરાંત, તે અહીં આપણી પાસે આવેલ છે તે ધર્મના પવિત્ર નામની ખાતર, માનવ જાતના મહાન્ શિક્ષકોમાંના એક શિક્ષકના નામની ખાતર; અને મને ખાત્રી છે કે નાઝારેથના પયગંબરના ઉપદેશની શૈલીનું જે વિવરણ તે કરે છે તે અત્યંત ઉદારભાવનાવાળું અને ઉચ્ચપથગામી નિવડશે. આ મનુષ્ય, જે ખ્રિસ્તની શક્તિ હિંદમાં દાખલ કરવા ધારે છે તે પોતાના સિવાય બીજા સર્વ પ્રત્યે અસહિષ્ણુતા, દબાણ કરી નાંખનારી ઉચ્ચતા બતાવવાની કે ધિક્કાર દર્શાવવાની નથી, પરંતુ એક એવા બંધુ તરીકે છે કે જે હિંદમાં ક્યારની ચાલુ થયેલી ભિન્નભિન્ન શક્તિઓમાં કાર્ય કરનારાઓ સાથે ભળી તેઓની સાથેજ એક કાર્ય કરનારા તરીકે રહી એક બંધુ તરીકેનું સ્થાન લેવા ઉગ્રપણે ઇચ્છા રાખે છે. આ બધું છે તે ઉપરાંત આપણે યાદ રાખવાનું આવશ્યકજ છે કે હિંદના મનુષ્યોમાં ખાસ–વિશિષ્ટ લક્ષણો તેમની ઉપકારવૃત્તિ અને આતિથ્યસન્માન છે, અને તે તરીકે હું મારા દેશબાંધવોને એવી રીતે વર્તવા વિનંતિ કરીશ કે જેથી આ પૃથ્વીના બીજાજ ભાગમાંથી આવનાર હિંદથી અપરિચિત મનુષ્ય એવું જોઇ

એકે કે આપણામાં અનેક દુઃખો, નિર્ધનતા અને અવનતિ છે તે છતાં પણ આપણું હૃદય પ્રાચીનકાલમાં એટલે જ્યારે હિંદની દોલત સર્વ પ્રજામાં એક કહેવત સમાન થઇ પડી હતી, અને હિંદ ‘ આર્યભૂમિ ’ ગણાતી હતી, ત્યારે જેવું હતું તેવુંજ અત્યારે ઉષ્ણુતાવાળા ધબકારા મારેછે.

પત્રાંક ૫૯.

ઠે. ઈ. ટી. સ્ટર્ડી ની માર્ફત
૩૯ વિકટોરિયા સ્ટ્રીટ, લંડન.
૨૮ મી અકટો. ૧૮૯૬.

વ્હાલા અ—

* * કયા મહિનામાં હું હિંદમાં આવી પહોંચીશ તેને માટે હજુ સુધી હું અચોક્કસ છું. તે સંબંધે હું પછી લખી જણાવીશ. નવીન થયેલા સ્વામિએ એક મિત્રવર્ગની થયેલી સભામાં કાલે પોતાનું પહેલ વહેલુંજ (કૌમાર) વ્યાખ્યાન આપ્યું હતું. તે સારૂં હતું અને મને ગમ્યું હતું; મને ખાત્રી છે કે તે એક સારા વ્યાખ્યાનકાર નીવડશે.

* *—ને હજુ સુધી મેં છપાવી પ્રકટ કરેલ નથી. વળી, હિંદમાં મોટું વેચાણ થાય તેને માટે પુસ્તકોની કિંમત બહુ સોંઘી હોવી જોઇએ; પ્રજા સંતોષ પામે તેવા મોટા કદના ટાઇપથી તે છપાવાં જોઇએ......તમે—ની સસ્તી આવૃત્તિ ઘણી સારી રીતે કઢાવી શકશો. તેને આથી વધુ વહેલાં છપાવી બહાર ન પાડવામાં તમે એક સારી તક ગુમાવી છે, પરંતુ આપણે હિંદુઓ એવા ધીમા છીએ કે જ્યારે આપણે કાર્ય પૂરૂં કરીએ ત્યારે ખરી તક કયારની ગુમાવેલી હોય છે, અને તેથી આપણે નુકશાન ખમીએ છીએ. તમારૂં...એ નામનું પુસ્તક એક વરસ સુધી તે સંબંધે વાતચીત કર્યા પછી બહાર પડયું!

શું તમે એવું ધારતા હતા કે પશ્ચિમના લોકો ઠેઠ કયામતના દિવસ સુધી તેની રાહ જોઇને બેસી રહેશે ? આ વિલંબથી તમે ત્રણચતુર્થાંશ જેટલું વેચાણ ખોયું છે....તે હુ—એક મૂર્ખ છે અને તમારા કરતાં પણ ધીમો છે, અને તેનું પ્રિન્ટિંગ ભયંકર રીતે ખરાબ છે. આવી રીતે પુસ્તકો પ્રગટ કરવાં નકામાં છે; તેથી લોકને છેતરવાનું થાય છે, તો તેમ ન કરવું જોઇએ. ઘણું ખરૂં હું મી. અને મીસીસ સેવિઅર, મિસ મુલ્લર અને મિ. ગુડ્‌વિનને સાથે લઇને હિંદમાં આવીશ. મી. અને મિસીસ સેવિઅર ઓછામાં ઓછું થોડા વખતને માટે પણ સંભવિત રીતે આલ્મોરામાં આવી વસવાનાં છે, ગુડ્‌વિન સંન્યાસી બનવાના છે. આપણાં બધાં પુસ્તકો પ્રગટ થયાં છે તે તેને લઇને છે. તેણે મારાં વ્યાખ્યાનોની ટુંકાક્ષરી નોંધ લીધી હતી અને તેથી હું તે પુસ્તકો પ્રગટ કરાવી શકયો. આ બધાં વ્યાખ્યાનો કોઇ પણ જાતની તૈયારી કર્યાં વગર તત્ક્ષણે અપાયાં હતાં. ગુડ્‌વિનને મારી સાથે રહેવું પડશે. તે દઢાગ્રહી વેજીટેરીઅન (અન્નાહારી) છે.

સપ્રેમ, આપનો ઇત્યાદિ
વિવેકાનંદ.

પત્રાંક ૬૦.

૧૪ ગ્રે કોટ ગાર્ડન્સ.
વેસ્ટમિન્સ્ટર, એસ. ડબલ્યુ.
૧૧ મી નવે. '૯૬,

વ્હાલા અ—

હું ઘણું કરી ૧૬ મી ડીસેંબરે, અગર પછી તેથી બે ત્રણ દહાડામાં પછી અહીંથી ઉપડીશ. અહીંથી હું ઇટલી જઇશ અને ત્યાં થોડી જગ્યાઓ જોઇને નેપલ્સે સ્ટીમર પર ચડીશ. * *

રાજયોગની પ્રથમ આવૃત્તિ વેચાઇ ગઇ છે, અને બીજી આવૃત્તિ પ્રેસમાં છપાય છે. તે હિંદ અને અમેરિકામાં બહુ ખપે છે. * *

પ્રેમ અને આશિષ સાથે આપનો,

વિવેકાનંદ.

પત્રાંક ૬૧.

૩૯ વિકટોરિયા સ્ટ્રીટ.
લંડન એસ. ડબલ્યુ.
૨૦ મી નવેંબર '૯૬

વ્હાલા અ—

ઈટલી જવા ૧૬ મી ડીસેંબરે ઇંગ્લંડથી ઉપડી જઉં છું અને નેપલ્સે જર્મન લ્યૉડ સ્ટીમર નામે પ્રિન્ઝ રીજંટમાં ચડીશ. તે સ્ટીમર કોલંબો આવતા જાન્યુઆરીની ૧૪ મીએ પહોંચશે. હું સીલોન (લંકામાં) થોડું ઘણું જોવા માગું છું, અને ત્યાર પછી મદ્રાસ આવીશ.

* * મિ. સેવિઅર અને તેમની પત્ની હિમાલયમાં આવેલ આલ્મોરા પાસે એક સ્થાન બનાવવાનાં છે, અને હું તેને મારૂં હિમાલયમાંનું કાર્યસ્થાન કરનાર છું, એટલુંજ નહિ પરંતુ ત્યાં પશ્ચિમના મારા શિષ્યોને બ્રહ્મચારી અને સંન્યાસી તરીકે જીવન ગાળવા રાખીશ. ગુડ્‌વિન એક અપરિણીત યુવક છે અને તે મારી સાથે પ્રવાસ કરવા તેમજ રહેવા માગે છે. તે ખરેખર એક સંન્યાસી જેવોજ છે.

શ્રી રામકૃષ્ણના જન્મોત્સવની તિથિ પહેલાં હું કલકત્તે આવી પહોંચું એવી બહુ ઇચ્છા રહે છે...કાર્ય કરવાની હમણાંની મારી યોજના, એક કલકત્તે અને બીજું મદ્રાસમાં એમ બે સેંટર (કેંદ્ર-

સ્થાન) સ્થાપવાની છે, કે જ્યાં યુવાન ઉપદેશકોને શિક્ષણ આપી શકાય. કલકત્તા એ શ્રીરામકૃષ્ણના જીવનકાર્યની ભૂમિ હોવાથી ત્યાં આવું સ્થાન સ્થાપવા માટે મારૂં પ્રથમ લક્ષ ખેંચાય છે અને તેને પુરતાં નાણાં મારી પાસે છે. મદ્રાસ માટે ફંડ મેળવવાની આશા હિંદ ઉપર રહે છે.

આ સેંટરોથી આપણે આપણા કાર્યનો આરંભ કરીશું, અને સમય વીત્યે મુંબઇ અને અલ્લાહાબાદ સેંટર સ્થાપીશું. અને આ સીમાઓથી પ્રભુ ઇચ્છાતો આખા હિંદના પર હલ્લો લઇ જશું, એટલુંજ નહિ પણ જગતના સર્વ દેશોમાં આપણા ઉપદેશકોની ટુકડીઓ મોકલાવીશું. આ આપણું પ્રથમ કર્તવ્ય હોવું જોઇએ. ધૈર્યપૂર્વક કાર્ય કર્યાં કરો.

* * હવે આપણને અંગ્રેજી ભાષામાં ચાલતું એક હિંદી માસિક થઇ ગયું છે. વળી દેશીય ભાષામાં થોડાં પત્રો સ્થાપી શકીશું... આ પ્રકારનાં પત્રો આપણાં કાર્યના અનુયાયીઓના બનેલા નાના ભાગથી નભે છે....હિંદીપત્રોનો નિભાવ હિંદીઓથી થવાનો છે. સર્વ પ્રજાઓને સરખી રીતે પ્રિય અને અનુકૂળ થાય તેવું પત્ર કરવા માટે સર્વ પ્રજાના લેખકોને મેળવવા જોઇએ, અને તેમ કરતાં દર વર્ષે ઓછામાં ઓછા એક લાખ રૂપીઆ જોઇએ.

* * તમારે ભૂલી ન જવું જોઇએ કે હું જે લાભો જોઉં છું તે દરેક પ્રજા સંબંધીના છે અને ફક્ત હિંદીઓ માટેનાજ નથી * *

વિમ્બલ્ડનવાસી **મિસ. એમ. નોબલ** એક મહાન્ કાર્ય કરનાર છે. * *

સમસ્ત પ્રેમ અને આશીર્વાદ સમેત,
આપનો ઇત્યાદિ
વિવેકાનંદ.

પત્રાંક ૬૨.

(એક અમેરિકન બાનુને લખેલ પત્ર.)

લંડન. ૧૩ મી ડિસેંબર. ૧૮૯૬

પ્રિય શ્રીમતિ,

નીતિના સંક્રમણનો વિચાર ફક્ત આપણે ગ્રહણ કરવાનો છે, અને તેમ થયે સર્વ આપોઆપ સ્પષ્ટ થશે.

ત્યાગ,—અવિરોધ—નાશ નહિ કરવો તે—આ ભાવનાઓ જેમ જેમ સંસારભાવના ઓછી કરીએ, જેમ જેમ વિરોધ કરવાનું દૂર કરીએ, અને જેટલો જેટલો નાશ ન કરીએ તેટલા પ્રમાણમાં આપણને પ્રાપ્ત થાય છે. આ ભાવના દૃષ્ટિ સામી ખડી રાખો, અને તે પ્રત્યે શક્તિ સ્ફુરાવ્યા કરો. વિરોધ વગર, નાશ વગર, તૃષ્ણા વગર, જગતમાં કોઇ રહી શકે તેમ નથી. જગતને હજુ તે સ્થિતિએ આવવાનું છે અને ત્યારેજ તે ભાવનામય આદર્શ, સમાજમાં પ્રાપ્ત થઇ શકશે.

જગતની તેના સર્વ દુઃખોમાંથી ઉન્નતિ આ ભાવનામય આદર્શને માટે, જો કે ધીમેથી પરંતુ મક્કમપણે તેને યોગ્ય બનાવવાથી થઇ શકે તેમ છે. જગતના મોટામાં મોટા ભાગને આ ધીમા વિકાસથી આગળ જવું પડશે—જે વિરલાઓ છે તેને અત્યારની સ્થિતિમાં તે ભાવનામય આદર્શ પ્રતીત કરવો પડશે.

આ સમયનું કર્તવ્ય બજાવવું તે સરસમાં સરસ માર્ગ છે. અને તેજ ફક્ત એક કર્તવ્ય તરીકે થયું તો પણ આપણે બીજામાં આસક્ત થઇશું નહિ.

સંગીત તે ઉચ્ચમાં ઉચ્ચ કલા છે, અને જેઓ તેને સમજે છે તેને તે ઉચ્ચમાં ઉચ્ચ પૂજા છે.

અજ્ઞાન અને અસતનો નાશ કરવાને આપણી સર્વ શક્તિઓનો

ઉપયોગ કરવો આવશ્યક છે. આપણે ફક્ત એજ જાણવાનું છે કે સતના વિકાસથી અસતનો નાશ થાય છે.

આપનો પ્રેમનિષ્ઠ વિવેકાનંદ.

પત્રાંક ૬૩.

(બંગાળીમાં લખેલ પત્રનો અનુવાદ)

ॐ तत् सत्. રોઝ બેંક.

બર્દવાનના મહારાજાનું ગૃહ.

દાર્જીલિંગ. ૬ ઠી એપ્રિલ ૧૮૯૭.

'ભારતિ' ની સંપાદિકા યોગ્ય,

માનનીય શ્રીમતિ,

આપે મોકલાવેલ 'ભારતિ' માટે હું આપનો ઘણો આભારી થયો છું, અને જેને માટે મેં મારી આખી જીંદગી સમર્પણ કરેલી છે, તે કાર્ય આપના જેવી ઉચ્ચ વિદ્વત્તાવાળી સ્ત્રીઓ તરફથી પ્રશંસા મેળવી શકયું છે, એ જાણી હું પોતાને ખરેખર ભાગ્યશાળી માનું છું.

જીવનના યુદ્ધમાં નવીન વિચારનો પ્રવેશ કરાવનારને ઉત્સાહ આપનાર પુરૂષો જવલ્લેજ મળે છે, ત્યારે તેને ઉત્તેજન આપનાર સ્ત્રીઓની તો શી વાત કરવી ? આપણા આ દુર્ભાગી દેશમાં તો ખાસ કરીને આવી વસ્તુસ્થિતિ છે. તેથી હિંદના સર્વ મનુષ્યોનાં મોટાં મોટાં વખાણો કરતાં સુશિક્ષિત બંગાલી સ્ત્રીની પ્રશંસા વધુ કીંમતી-વજનદાર છે.

આપના જેવી ઘણી સ્ત્રીઓ આ દેશમાં જન્મો, અને તેઓ પોતાની જન્મભૂમિની સુધારણા માટે પોતાની જીંદગીઓ સમપર્ણ કરો એવું પ્રભુ કરો એવી પ્રાર્થના છે.

ભારતિમાં આપે મારા વિષે જે લેખ લખ્યો છે તે સંબંધે થોડું મારે કહેવાનું છે કે જે ધાર્મિક ઉપદેશ પશ્ચિમમાં આપવામાં આવ્યો છે અને હજુ આપવામાં આવશે તેમાં હિંદનું કલ્યાણ રહેલું છે. મારી હમેશાં પ્રતીતિ થઇ છે કે જો પશ્ચિમના લોકો આપણી મદદે નહિ આવે તો આપણે ઉન્નતિ મેળવી શકવાના નથી. આ દેશમાં ગુણની કદર હજુ સુધી થયેલી નથી, તેમ પૈસાનું બળ મેળવી શક્યા નથી, અને સૌથી શોકકારક બાબત તો એ છે કે વ્યવહારૂ કાર્ય કરવાની શક્તિનો એક અંશમાત્ર પણ નથી.

ઘણાં કાર્યો કરવાનાં છે, પણ તે માટેનાં સાધનોની આ દેશમાં બહુ ખોટ છે. આપણામાં સારાં ભેજાં—વિચારકો છે, પણ સારા હાથ—વ્યવહારૂ કાર્ય કરનારા નથી. આપણી પાસે વેદાંતના સિદ્ધાંતો છે, પણ તેને અમલમાં લાવવા જેટલી શક્તિ આપણી પાસે નથી. આપણા પુસ્તકોમાં સર્વદેશીય સમાનતાનો સિદ્ધાંત છે, પણ આપણા આચારમાં મહાન્ ભેદો—ભિન્નતાઓ જોવામાં આવે છે. હિંદ દેશમાંજ નિઃસ્વાર્થ અને પરોપકારાર્થે ઉચ્ચમાં ઉચ્ચ કોટિપર કાર્ય કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે, પણ આચારમાં આપણે ભયંકર રીતે ક્રૂર થયા છીએ, ભયંકર રીતે હૃદયવિના વર્ત્યા છીએ અને તે એટલે સુધી કે આપણા શરીરોમાં માંસ ભરવા સિવાય બીજી કોઇ બાબતનો વિચાર કરવા અશક્ત રહ્યા છીએ.

છતાં પણ વર્તમાન સ્થિતિમાંથીજ આપણે કાર્ય કરી આગળ વધવાનું શક્ય છે. તે સિવાય બીજો કોઇ રસ્તો નથી. દરેકને સારૂં શું, ખોટું શું એ પારખવાની શક્તિ છે, પણ તેઓમાં જે મનુષ્ય ભૂલો, કપટ અને દુઃખથી પૂર્ણ એવા સંસારના તરંગો સામે ધીરજ છોડ્યા વગર એક

હાથથી પોતાનાં આંસુ લુછે છે, અને બીજા હાથથી કાંઇ પણ થડકા વગર મુક્તિનો માર્ગ બતાવે છે તેજ ખરો વીર છે. એક બાજુએ પ્રાચીનજ સારૂં એમ ચુસ્તપણે માનનારી અને વર્તનારી સમાજ અચેતન પદાર્થના જથ્થાની માફક પડી રહી છે; બીજી બાજુએ, અશ્રાંત, અધીરો, અને ઉત્સાહ પ્રેરતો સુધારક ઉભો છે. જ્યારે ખરૂં કલ્યાણ આ બંને બાજુની વચ્ચમાં રહેલું છે. મેં જાપાનમાં એવું સાંભળ્યું કે તે દેશની કન્યાઓમાં એવી માન્યતા છે કે તેઓની પુતળીઓ–ઢીંગલીઓને પૂર્ણ હૃદયભાવથી ચાહવામાં આવે તો તેઓમાં ચેતન–પ્રાણ આવે. આથી જાપાનની કન્યાઓ પોતાની પુતળીને કદી ભાંગતી–તોડતી નથી. અરે મહાભાગ્યશાલી શ્રીમતિ ! હું પણ એમ માનું છું કે હિંદને કોઈ પણ પોતાના સંપૂર્ણ હૃદયથી ચહાશે તો હિંદ ફરીવાર જાગશે; સંપત્તિની કૃપા વગરના, ક્ષીણ ધનવાળા, જ્ઞાનના અભાવવાળા, ચગદાયેલા, હમેશાં ભૂખે મરતા, કજીઆ કરતા અને ઇર્ષ્યાખોર એવા હિંદના લોકો ફરીવાર જાગશે. પણ જ્યારે ઉદાર–ચિત્તવાળાં સેંકડો સ્ત્રીપુરૂષો મોજશોખના ભોગ ભોગવવાની સર્વ ઇચ્છાઓ તજી કરોડો સ્વદેશ બંધુઓ કે જે ઉતરતી પંક્તિમાં દિન-પ્રતિદિન નિરાધાર અને અજ્ઞાની દશામાં ધીમે ધીમે જતા જાય છે, તેઓના કલ્યાણ માટે સર્વસ્વ કરવાને, સમર્પવાને કટિબદ્ધ થશે, ત્યારેજ આ ભારતની ઉન્નતિ થશે. મારી ક્ષુદ્ર જીંદગીમાં પણ મેં અનુભવ્યું છે કે શુભ ઉદ્દેશો, હૃદયનિષ્ઠા, અને અનંત પ્રેમ જગતને જીતી શકે છે. એકજ જીવમાં જો આ સદ્‌ગુણો હોય તો તે એક કરોડો મિથ્યા-ડંબરીઓ અને પિશાચ માનવોની ગુપ્ત યોજનાઓનો ધ્વંસ કરી શકે છે.

પશ્ચિમમાં મારે ફરીવાર જવાનું હજુ અનિશ્ચિત છે; જો હું જાઉંશ તો તે પણ હિંદને માટેજ, એ ચોક્કસ સમજજો. આ દેશમાં માન-

વોનું બળ ક્યાં છે? ક્યાં ધનનું બળ છે? જ્યારે પશ્ચિમનાં પુષ્કળ સ્ત્રીપુરૂષો, હિંદી પોશાકમાં રહીને હિંદના ધર્મનો ઉપદેશ આપીને અધમમાં અધમ ચાંડાલોની પણ સેવા કરીને હિંદનું કલ્યાણ કરવાને તૈયાર છે. આ દેશમાં આવા કેટલા છે? અને નાણાં જોઇએ તો!! (તે માટે તો અફસોસ છે.) મારો સત્કાર કરવામાં જોઇતા ખર્ચને પૂગી વળવાને કલકત્તાની પ્રજાએ મારી પાસે વ્યાખ્યાન–ભાષણ દેવરાવ્યું, અને તેને માટેની ટીકીટો વેચી. આ માટે હું કોઇની નિંદા કરતો નથી તેમ દોષ કાઢતો નથી. હું આ પરથી એમ બતાવવા માંગું છું કે પશ્ચિમમાંથી માણસો અને ધન આવ્યા વગર આપણું કલ્યાણ અશક્ય છે.

આપનો હમેશનો આભારી, અને આપના કલ્યાણ માટે પ્રભુ પાસે હમેશ પ્રાર્થના કરતો— વિવેકાનંદ.

પત્રાંક ૬૪.

દાર્જીલિંગ, ઠે. એમ. એન. મુકરજીની માર્ફત
૨૪મી એપ્રિલ ૧૮૯૭.

પ્રિય શ્રીમતી.

* * * * * *

કાર્ય કઇરીતે કરવું એ સંબંધી આપે પૂછેલા પ્રશ્ન સંબંધી એ કહેવાનું કે, અગત્યમાં અગત્યનું એ છે કે જે પરિણામો ધારી રાખ્યાં હોય તેને અનુકૂળ થાય તેવા પ્રમાણ ઉપર કાર્ય ચલાવવું જોઇએ. મારા મિત્ર મિસ મુલ્લર તરફથી આપના ઉદાર ચિત્ત, સ્વદેશાભિમાન, અને દઢ કાર્યક્ષમતા વિષે મેં ઘણું સાંભળ્યું છે, અને આપની વિદ્વત્તાતો પ્રગટ રીતે જોઇ શકાય છે. જે અલ્પ આ ક્ષુદ્રજીવ આરંભવાને

કરી શકયો છે તે જાણવા આપ ઈચ્છાતુર છો, તે હું મારા મોટા ભાગ્યની વાત સમજું છું; જેટલું મારાથી બની શકશે તેટલું આ ટુંક પત્રમાં હું જણાવું છું. પણ પહેલાંતો મારી પુખ્ત પ્રતીતિઓ તમારી સમક્ષ મુકીશ કે જે પર તમે પકવ વિચાર કરી શકો. આપણે સદાને માટે ગુલામો છીએ, એટલે કે હિંદની પ્રજાને પોતાને વારસામાં મળેલ આંતરિક પ્રકાશ પ્રકટાવવાને અવકાશ કદીપણ આપવામાં આવેલ નથી. છેલ્લા થોડા શતકો દરમ્યાન પશ્ચિમ, સ્વતંત્રતા તરફ બહુ ઝડપથી આગળ વધ્યું જાય છે. હિંદમાં કુલીન કોણ છે, ત્યાં તે માણસે શું ખાવું જોઇએ, અને શું ન ખાવું જોઇએ, તે દરેક માટે નિયમો ઘડવાનું કાર્ય રાજા કરતો હતો. પશ્ચિમના દેશોમાં લોકો દરેક બાબત પોતેજ કરી લે છે.

હમણાં કોઇપણ સાંસારિક બાબત પર કહેવાનું રાજાની પાસે કંઇ રહ્યું નથી; બીજી બાજુએ હિંદની પ્રજામાં પોતાના પર થોડામાં થોડો વિશ્વાસ પણ હજુસુધી આવેલ નથી, તો આત્મશ્રદ્ધાની વાત ક્યાં કરવી? આત્મશ્રદ્ધા કે જે વેદાંતનો પાયો છે, તે અમલમાં અંશ માત્ર પણ મૂકવામાં આવેલ નથી. આ કારણથીજ પશ્ચિમની રીતિ કે જેમાં પહેલવહેલા જે ઇષ્ટ ઉદ્દેશ–નિશાન છે તે પર ખૂબ ચર્ચા ચલાવાય છે, અને પછી બધાં બળોને એકઠાં કરી તે બળોથી ઉકત ઉદ્દેશ સાધવાના પ્રયત્નો થાય છે, તે પશ્ચિમની રીતિ આ દેશમાં હમણાં પણ કંઇ કારગત થઇ શકે તેમ નથી; આ કારણથીજ વિદેશીય રાજ્ય નીચે આપણે આટલાબધા પ્રાચીનમતાવલંબી દેખાઇએ છીએ. આ કથન સત્ય હોય, તો પછી જાહેર રીતે લોકસંસ્થાદ્વારા ખૂબ ચર્ચા કરી કોઇ મહાન્ કાર્ય કરવું એ મિથ્યા પ્રયત્ન છે. 'જ્યાં માથુંજ ન હોય ત્યાં માથું દુઃખવાનો પ્રસંગ પણ ક્યાંથી આવે?—તેવીજ રીતે આપણી પાસે લોક-

સંસ્થાજ ક્યાં છે ? (એટલે જ્યારે લોકસંસ્થા હોય ત્યારેજ લોકસંસ્થાદ્વારા ચર્ચા થાયને ?) આ ઉપરાંત આપણે બળથી એટલા બધા રહિત છીએ કે, આપણી બધી શક્તિ કોઇ બાબત ચર્ચા કરવાનું માથે લઇએ તો તેમાં ખાલી થઈ જાય છે, એટલે કાર્ય માટે શીલકમાં બાકી રહેતી નથી. હું ધારૂં છું કે આ કારણને લઇને બંગાલમાં બહુ બોલવાનું ઘણું જોવામાં આવે છે, પણ કરવાનું ઘણુંજ ઓછું છે. બીજું એ મેં અગાઉ લખ્યા પ્રમાણે મને હિંદના ધનવાન્ માણસો પાસેથી કંઇ પણ મળવાની આશા નથી. જે યુવાનોમાં આપણી આશા છે તેઓમાં ધીરજથી, ચીવટાઇથી અને કંઇપણ દેખાવ કર્યા વગર મૌનપણે કાર્ય કરવું તે સરસમાં સરસ છે.

હવે કાર્યવિષે કહું છું. જ્યારથી કેલવણી—સંસ્કૃતિ વગેરે, ઉચ્ચ વર્ગથી નીચલા વર્ગસુધી ધીમેધીમે ફેલાવા લાગી, ત્યારથી બે ભેદ પડયા એકતો વર્તમાન સુધારો, જેવો કે પશ્ચિમના દેશોનો અને બીજો પ્રાચીન સુધારો, જેવો કે હિંદ, ઈજીપ્ત, રોમ આદિનો—જેમજેમ કેલવણી અને બુદ્ધિનો પ્રસાર જનસમાજમાં થતો જાય છે, તેમ તેમ તે તે પ્રમાણમાં પ્રજા આગળ વધે છે, તે હું મારી દૃષ્ટિએ જોઉં છું. હિંદની પડતીનું મુખ્ય કારણ આખી ભૂમિની બધી કેળવણી તથા બુદ્ધિને અભિમાન અને રાજ્યસત્તાથી અમુક બહુથોડા માણસોમાં સંકુચિત રાખી છે તેજ છે. જો હવે આપણે ફરીથી ચડતીમાં આવવું હોયતો આપણે તેજ રીતે એટલે જનસમાજમાં કેલવણીનો સુપ્રસાર કરીને આવી શકીશું. અર્ધી સદી થયાં સામાજીકસુધારો એ સંબંધે બહુ ઘટાટોપ—ધાંધલ મચી રહેલ છે. આ છેલ્લાં દશ વર્ષ હિંદના જુદાજુદા સ્થાનોમાં મુસાફરી કરતાં મેં જોયું તો આખો દેશ સાંસારિક સુધારાસભાઓથી ભરપૂર છે, પણ મેં એક પણ સભા—સંસ્થા,

જે લોકોનાં લોહી ચૂસીને હાલના ગણાતા 'ગૃહસ્થ' પોતે 'ગૃહસ્થ' તરીકે બન્યા છે, અને તેવા ચાલુ રહેવા માગે છે તે લોકોને માટે થયેલી જોઇ નહીં. મુસલમાનો અહીં આવ્યા ત્યારે કેટલા સીપાઈઓ પોતાની સાથે લાવ્યા હતા? કેટલા ઇંગ્રેજો અહીં છે? હિંદુસ્તાન સિવાય બીજું કયું સ્થળ છે કે જ્યાં કરોડો મનુષ્યો હોય અને તે વળી એવા કે ફક્ત ૭ રૂપીઆ માટે પોતાના બાપ અને ભાઇઓનાં ગળાં કાપે? મુસલમાની રાજ્યના સાતસો વર્ષમાં ૭ કરોડ મુસલમાનો અને ખ્રિસ્તી રાજ્યના સો વર્ષમાં વીસ લાખ ખ્રિસ્તીઓ હિંદમાં થયા તેનું કારણ શું? આર્યનું મૂળ આર્યત્વ આ દેશને તદ્દન છોડી ગયું છે તેનું શું કારણ? કુશલ હસ્તથી કામ કરતા કારીગરો યુરોપીઅન સાથે હરીફાઇ કરતાં અશક્ત બની હમેશાં દેશમાંથી નાશ પામતા જાય છે તે શેને લેઇને? અંગ્રેજ મજૂરોએ પોતાની મજબૂતાઇ ઘણા શતકો થયાં સ્થાપિત કરી હતી તે તોડી નાંખી જર્મન મજૂરો ફરીવાર કઇ શક્તિથી ફત્તેહમંદ થયા?

કેલવણી, કેલવણી, કેલવણી માત્રથીજ. યુરોપના ઘણા શહેરોમાં મુસાફરી કરી તેઓમાં રહેલ સુખચેન, અને તેના ગરીબ માણસોમાં રહેલ કેલવણી જોઇને, મારા મનમાં આપણા પોતાના ગરીબ લોકની સ્થિતિ તરી આવતી; અને હું તેથી હમેશાં આંસુ પાડતો. આ સંબંધમાં આટલો બધો ભેદ છે તેનું શું કારણ? એ વિચારતાં મને એજ ઉત્તર મળતો કે 'કેલવણી'–શિક્ષણથી, આત્મામાં શ્રદ્ધા રાખવાથી અને આત્મશ્રદ્ધાથીજ (તેમનામાં રહેલ) બ્રહ્મન્ જાગૃત થાય છે, જ્યારે આપણામાં રહેલ બ્રહ્મન્ ધીમે ધીમે સુષુપ્ત થતો જાય છે. ન્યુયોર્કમાં આઇરીશ સંસ્થાનવાસીઓ આવતા તે જોતો ત્યારે એવું મને માલૂમ પડતું કે તેઓ ખરાબ સ્થિતિ નીચે કચડાયેલ, માંયકાંગલા જેવા દેખાતા, પોતાના દેશમાં તદ્દન નિરાધાર થયેલા, દરિદ્ર, અને કઠોર મગજવાળા છે; એટલુંજ નહિ

પરંતુ તેઓની પાસે મૂઠીમાં એક લાકડી અને તેને છેડે વળગાડેલ ચીંથરાંનું પોટકું હતું; તેઓ પગલાં બી બીને ભરતા, અને આંખોમાં પણ ભય ભરેલો દેખાતો હતો. આવાઓ ત્યાં છ મહિના રહેતા, અને પછી જોઇ લ્યો તેઓમાં તફાવત. તદ્દન જુદુંજ દેખાતું. તેઓ ટટાર ચાલતા, તેઓનો પહેરવેશ જુદીજ ઢબનો થતો. તેઓની આંખ અને ગતિમાં ભય જેવું તો નામ નહોતું. આનું શું કારણ ? આપણો વેદાંત કહે છે કે તે આઇરીશ (આયર્લંડનો રહેવાશી) પોતાના દેશમાં તિરસ્કારથી ઘેરાયેલો રહેતો, અને ત્યાં આખી કુદરત તેને એમજ કહેતી હોય નહિ કે 'ભલા આદમી! તારે માટે સારી આશા છેજ નહિ, તું ગુલામ તરીકે જન્મેલ છે અને ગુલામ તરીકેજ રહેવાનો,' એમ જણાતું. આવું જ્યારે જન્મથીજ તેને કહેવામાં આવતું, તેથી તે બિચારો તેમાં શ્રદ્ધા રાખી પોતાને એવો મંત્રમુગ્ધ કરી નાંખતો કે 'તે ઘણો અધમ છે, અને તેનામાં રહેલ બ્રહ્મન્ તેનાથી દૂર છે,' એમ માનતો. જ્યારે અમેરિકા ઉપર પગ દીધો કે તરતજ તેની આસપાસ ચારેકોર એજ ધ્વનિ ચાલતો કે 'ભલા આદમી! જેમ અમે મનુષ્યો છીએ, તેમ તું પણ મનુષ્ય છે, અને મનુષ્યે બધું કર્યું છે; તો મારા અને તારા જેવા માણસો બધું કરી શકશે, માટે હિંમત ધર." આથી આ માણસ પોતાનું માથું ઉન્નત કરી જોઇ શકતો કે તે સત્યજ છે, અને તેનામાં રહેલ બ્રહ્મન્ જાગૃત થયેલ છે. કુદરત જાણે પોતેજ કહેતી હોય નહિ તેમ બોલી ઉઠતી કે 'ઉભો થા, જાગૃત થા.—**उत्तिष्ट जागः** ઇત્યાદિ (કથા ઉપનિષદ્ ૧–૩.૪)

તેવીજ રીતે આપણાં બાલકો જે જાતનું શિક્ષણ મેળવે છે તે ક્યાંય પણ નથી. શાળામાં જતો વિદ્યાર્થી કંઈ શીખતો નથી એટલુંજ નહિ પણ તેનામાં જે જે શક્તિઓ હોય છે, તે પણ ભગ્ન થાય

છે—અને તેના પરિણામમાં અશ્રદ્ધા આવે છે. વેદ અને વેદાન્તની કુંચી રૂપ શ્રદ્ધા—જેણે નચિકેતાને યમની સામે થઇ તેની સત્તાનો નિષેધ કરવા શક્તિમાન કરી તે શ્રદ્ધા—શ્રદ્ધા કે જે આખા જગત્‌ને ગતિમાન કરે છે, તે શ્રદ્ધાનો અરે નાશ! **अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति।** (ગીતા)–અજ્ઞાની અને અશ્રદ્ધાવાળો તેમજ જેનો આત્મા સંશયવાળો બન્યો છે તે નાશ પામે છે! તેથી આપણે શ્રદ્ધા વગરના નાશની સંમુખ થયા છીએ. હવે ઉપાય એ છે કે કેલવણીનો પ્રસાર કરો. સૌથી પહેલું આત્મશિક્ષણ છે. આત્મશિક્ષણનો અર્થ, માથે જટા, હાથમાં દંડ, કમંડલુ રાખવાં અને ગુફામાં રહેવું એ નથી. ત્યારે શું?–તેનો જે અર્થ હું કરૂં છું તે એ છે કે જે જ્ઞાનથી આ સંસારી અવસ્થાના બંધનથી મુક્તિ મેળવાય છે, તે જ્ઞાન શું સામાન્ય ઐહિક સંપત્તિ આપી શકતું નથી? ચોક્કસ રીતે તે આપી શકે છે. સ્વતંત્રતા, રાગાભાવ, અને ત્યાગ—આ બધા બહુજ ઉચ્ચમાં ઉચ્ચ આદર્શો છે, પણ **स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्॥** (ગીતા) આ ધર્મનું સ્વલ્પ પણ (જન્મ મરણના) મહાભયને નિવારે છે. દ્વૈતવાદી, વિશિષ્ટાદ્વૈતી, અદ્વૈતવાદી, શૈવ, વૈષ્ણવ, શાક્ત અરે બૌદ્ધ જૈન અને બીજા પણ—ટુંકામાં જે જે સંપ્રદાયો હિંદમાં થયા છે, તે બધા આ બાબતોમાં તો એકજ માન્યતા ધરાવે છે કે આ જીવાત્મામાં અનંતશક્તિ ગુપ્તપણે રહેલી છે; પછી તે કીડીનો જીવ હોય કે સંપૂર્ણતા પામેલ મનુષ્યનો જીવ હોય, પણ દરેકમાં આત્મા છે; ભેદ તેમાં એટલોજ કે તેનું પ્રકટીકરણ જુદીજુદી રીતે છે. તે કોની પેઠે ? તો કહે કે જેવી રીતે (પાણીના માર્ગમાં) આવતી અડચણો ખેડુત તોડીનાંખે છે તેમ. (પાતંજલ યોગસૂત્ર કૈવલ્યપાદ. ૩) આત્મશક્તિ યોગ્યતા કે વખત અને સ્થાન મેળવતાંજ પ્રકટ થાય છે.

ઉચ્ચમાં ઉચ્ચ દેવતાથી તે ક્ષુદ્રમાં ક્ષુદ્ર તૃણ સુધી—દરેકમાં એકજ જાતની શક્તિ વિદ્યમાન છે-પછી તે પ્રકટ કે અપ્રકટ હો. આપણે આજ શક્તિ દરેક બારણે-ઘેરે ઘેર જઇને બહાર લાવવી જોઇશે.

બીજું આ સાથે એક શિક્ષણ હજુ આપવાનું છે. શિક્ષણ આપવાનું કહેવું તે બહુ સહેલું છે, પણ તે આપવાનું અમલમાં લાવવું બહુજ મુશ્કેલ છે. આપણા દેશમાં જેણે સઘળું તજી દીધું છે એવા નિઃસ્વાર્થી, માયાળુ પુરૂષો હજારો છે. તેવીજ રીતે જેમ તેઓ મુસાફરી કરતાં કરતાં કંઇપણ બદલો લીધા વગર ધર્મોપદેશ આપતા જાય છે, તેમ ઓછામાં ઓછા તેઓમાંના અડધા જણાઓને જે શિક્ષણની આપણે સૌથી વધારે જરૂર છે તે શિક્ષણ આપી શકે તેવા શિક્ષકો તરીકે કેળવવાના છે. તેને માટે આપણે સૌથી પહેલાં દરેક ઇલાકાની રાજધાનીમાં એક કેંદ્રસ્થાન સ્થાપવું, કે જ્યાંથી ધીમે ધીમે આખા હિંદુસ્થાનમાં તેવા ઉપદેશકોને ફેલાવી શકાય. આવાં સેંટરો (કેંદ્રસ્થનો) હમણાંજ મદ્રાસ અને કલકત્તામાં સ્થાપવામાં આવ્યાં છે, અને બીજાં થોડાં વધારે તુરતમાં થવાની વકી છે. પછી ઘણુંખરૂં શિક્ષણ ગરીબોને મોઢેથી આપવું જોઇએ, કારણ કે નિશાળો સ્થાપવાનો હજુ વખત પરિપક્વ થયો નથી. આ મુખ્ય સેંટરોમાં ધીમે ધીમે ખેતીવાડી, ઉદ્યોગકળા વગેરે શિખવવામાં આવશે, અને કળા ખીલવવા માટે કળાભવનો સ્થાપવામાં આવશે. આ કળાગૃહોમાં બનેલ વસ્તુઓ યુરોપ અને અમેરિકામાં વેચવાને હમણાં જે એસોસિએશન છે તેના જેવી એસોસિએશનો સ્થાપવામાં આવશે. પુરૂષોને માટે છે તેવીજ રીતે સ્ત્રીઓને માટે પણ સેંટરો સ્થાપવાનું જરૂરનું થઇ પડશે. પણ તમે જાણો છો કે આ બધું આપણા દેશમાં કરવું કેટલું બધું મુશ્કેલ છે ? વળી ' જે સર્પ કરડે છે તે સર્પનું ઝેર કાઢી નાંખવું જોઇએ '- તેમ કરવાની મારી

દૃઢ પ્રતીતિ થતી જાય છે; આ કાર્યોમાટે જોઇતાં નાણાં પશ્ચિમમાંથી આવવાં જોઇએ; અને તેજ માટે યુરોપ અને અમેરિકામાં આપણા ધર્મનો ઉપદેશ આપવો જોઇએ. ખ્રિસ્તી ધર્મ જેવા ધર્મોના પાયા પણ હાલના વિજ્ઞાનશાસ્ત્રે તોડી પાડયા છે. આ ઉપરાંત, મોજશોખથી ધાર્મિક પ્રેરણા સ્વતઃ નાશ પામતી જાય છે, તેથી યુરોપ અને અમેરિકા આશાપૂર્ણ દૃષ્ટિથી હિંદ પ્રત્યે જુએ છે–તો આજ પરમાર્થ કરવાનો સમય છે–શત્રુના કિલ્લા મેળવવાનો આ સરસ પ્રસંગ છે.

પશ્ચિમમાં સ્ત્રીઓ રાજ્ય ભોગવે છે; તેઓની પાસે બધી સત્તા અને અધિકાર રહેલાં છે. જો તમારા જેવી ધૈર્યવાન્ અને વિદ્વાન્ સ્ત્રીઓ વેદાન્તમાં નિષ્ણાત થઇને ઇંગ્લંડમાં ધર્મોપદેશ કરવા જાય, તો મને ખાત્રી છે કે દરેક વર્ષે, સેંકડો સ્ત્રીપુરૂષો ભારતભૂમિના ધર્મને અંગીકાર કરી સુખી થશે. જે એક સ્ત્રી આપણા દેશમાંથી ત્યાં ગઇ છે તે રમાબાઇ છે. તેણીનું અંગ્રેજી ભાષાનું, પશ્ચિમના વિજ્ઞાનશાસ્ત્ર અને કળાનું જ્ઞાન મર્યાદિત હતું; છતાં તેણીએ બધાને ચકિત કરી નાંખ્યા છે. જો તમારા જેવી એકપણ શ્રીમતી ઇંગ્લંડમાં જાય તો ઇંગ્લંડ આખું બની જાય, તો પછી અમેરિકાનું તો શું કહેવું ! હિંદી પોશાકમાં સજ્જ થઇ કોઇ હિંદી સ્ત્રી જે ધર્મ હિંદના ઋષિઓના મુખમાંથી નીકળેલ છે તેનો ઉપદેશ કરે તો—આવું બનશે એવું ભવિષ્ય આગાહી આપે એવું હું જોઇ શકું છું—એવું મહાન્ મોજું ઉછળશે કે જે આખી પશ્ચિમની ભૂમિને પાણી પાણી કરી નાંખશે. શું મૈત્રેયી, ખના, લીલાવતી, સાવિત્રી, અને ઉભયભારતિની ભૂમિમાં આવા કાર્યની હિંમત ધરાવનાર કોઇ સ્ત્રી નહિજ જાગે ? પ્રભુ જાણે છે કે આપણે ઇંગ્લંડને જીતીશું. ઇંગ્લંડને ધાર્મિક તત્ત્વથી આપણે આપણા હાથમાં લઇ શકીશું.–नान्यः पन्था विद्यतेऽयनाय–મોક્ષ·

નો આ સિવાય બીજો કોઇ રસ્તો નથી. શું સભાઓ અને મીટીંગો ભરવાથી મુક્તિ કદી મળી જવાની કે ? આપણને જીતનારાને આપણા ધાર્મિકતત્ત્વથી દેવ બનાવી દેવા જોઇએ. હું એક નમ્ર ભિક્ષુક છું, ભમતો સાધુ છું. હું અસહાય અને એકલો છું. હું તે શું કરી શકું? તમારી પાસે લક્ષ્મી, બુદ્ધિ અને કેળવણીની સત્તા છે. શું તમે આ તક ગુમાવશો ? ઈંગ્લંડ, યુરોપ, અને અમેરિકાપર જીત મેળવવી—એ આપણો અત્યારે મહાન્ મંત્ર હોવો જોઇએ, તે મંત્રમાં આપણા દેશનું કલ્યાણ છે. વૃદ્ધિ એ જીવનનું ચિહ્ન છે, અને આપણે પૃથ્વીતલ ઉપર આપણી ધાર્મિક ભાવનાઓથી વધવું જોઇએ. અફસોસ ! આ દેહ ગરીબીમાં છે, તે ઉપરાંત એક બંગાલીનું શરીરબળ છે. વળી આ પરિશ્રમથી અસાધ્ય દરદે આ શરીરપર હુમલો કર્યો છે, પણ એ આશા જ્વલંત છે કે—

संपत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा ।
कालोह्ययं निरवधि र्विपुला च पृथ्वी ॥

(ભવભૂતિ)

' મારા જેવો સમાન ધર્મવાળો, આ અવધિ—છેડા વગરના કાલમાં અને વિશાલ પૃથ્વીમાં કોઇપણ (આ કાર્ય સાધવા) જાગશે. '

વનસ્પતિ આહારના સંબંધમાં મારે એ કહેવું પડે છે કે—પ્રથમતો મારા ગુરૂ વનસ્પતિના આહારી હતા, પણ દેવીને ચડાવેલ માંસાહાર તેમને આપવામાં આવતો, ત્યારે તેઓ તેને માથાપર ચડાવી લેતા. પ્રાણ લેવો—જીવનો વધ કરવો એ નિર્વિવાદ રીતે પાપી કાર્ય છે, પણ જ્યાં સુધી, * * * * * * *

વિવેકાનંદ

શ્રીમતિ સરલા ઘોસલ બી. એ. યોગ્ય.

પત્રાંક ૬૫.

આલ્મોરા. ૨૯મી મે ૧૮૯૭.

મારા વ્હાલા ડૉકટર સ—

આપનો પત્ર, અને ઔષધની બે શીશીઓ બરાબર મળ્યાં. કાલની સાંજથી આપનાં તે ઔષધોની અજમાયશ શરૂ કરી છે. આશા રાખું છું કે બન્ને જાતની દવા સાથે લેવાથી એક દવા કરતાં વધુ ફાયદો થશે.

× × સવાર તેમજ સાંજ બંને વખત ઘોડાપર સ્વારી કરી ફરવાની કસરત કરવાનું મેં શરૂ કર્યું છે. તે કરવા લાગ્યો ત્યારથી ખરેખર હું વધારે સારો થયો છું. મારી કસરત થવા લાગી તેના પ્રથમ અઠ્વાડીઆમાં શરીરે મને એટલોબધો ફાયદો જણાવા લાગ્યો કે જ્યારથી હું એક નાનો છોકરો હતો અને જ્યારથી હું 'કુસ્તી'ની કસરત હમેશાં કરતો હતો ત્યારથી તે અત્યારસુધીમાં મારૂં તેવું આરોગ્ય ભાગ્યેજ મને જણાયું હશે. મારી થતી દરેક ગતિ મારા બલની પ્રતીતિ કરાવતી હતી—મારા સ્નાયુનું દરેક હલનચલન આનંદ આપતું હતું. આથી જે આનંદમય લાગણી થતી હતી તે થોડીઘણી ઓછી થઇ છે, છતાં પણ હું વધારે બળવાન્ થતો જાઉં છું એમ લાગે છે. બળ અજમાવતાં મેં ગ. ગ. અને ન ને એક મિનિટમાં નીચે નાંખીદીધા હતા. દાર્જિલિંગમાં મને હમેશાં લાગતું કે હું પૂર્વે હતો તેવો નથી. અહીં મને એમ લાગે છે કે મને કોઇપણ રોગ નથી, પણ તદુપરાંત એક ખાસ ધ્યાન રાખવા જેવો ફેરફેર મારામાં થયો છે. મારી આખી જીંદગીમાં હું પથારીમાં પડું કે તરતજ મને કદી ઉંઘ આવી શકતી નહોતી; મારે પથારીમાં ઓછામાં ઓછા બે કલાક સુધી આમતેમ આળોટવું પડતું— તડફડીઆં મારવાં પડતાં; જ્યારે મદ્રાસથી દાર્જિ-

લિંગના પ્રવાસમાં (પ્રથમ માસના અરસામાં) મારૂં મસ્તક ઓશિકાનો
સ્પર્શ કરે કે તરતજ મને ઉંઘ આવતી. આ એકદમ ઉંઘ આવવાની
પ્રકૃતિ હવે તદ્દન ગઇ છે, અને પૂર્વવત્ પથારીમાં આમતેમ આળો-
ટવાની ટેવ અને સાંજના ખાણા પછી જે ગરમી લાગતી તે પ્રમાણેજ
પાછું ચાલુ થયું છે. દિવસે ભોજન લીધા પછી મને કંઈ ગરમી
જણાતી નથી. અહીં ફલવન હોવાથી જેવો અહીં આવ્યો કે તરતજ
હમેશ કરતાં વધારે ફળો લેવાનું મેં શરૂ કર્યું. પરંતુ અહીં જે ફળ
મળી શકેછે તે ફક્ત અખરોટ છે. જુદીજુદી જાતનાં ફળો
નૈનિતાલથી મંગાવવાની ધારણા છે. જોકે અહીં દિવસના ભાગમાં
ભયંકર ગરમી પડે છે છતાં પણ મને તરસ લાગતી નથી....એકંદરે
આખો દિવસ એમજ લાગ્યાં કરે છે કે મારામાં દિવસે દિવસે વધારે
બલ, આનંદ અને ઉત્સાહપ્રેરક આરોગ્યતા સજીવન થઇ સ્ફુરતી જાય
છે; ફક્ત બીકમાંબીક એ રહે છે કે અતિશય દૂધનો ખોરાક લેવાથી
દિવસે દિવસે જાડો–ચરબીવાળો થતો જાઉં છું. જે **જ**—લખે છે તે
તરફ ધ્યાન આપતો નહિ. તે પોતેજ અને દરેકને પણ તેવોજ બના-
વવા માંગે છે. મેં લકનૌમાં બરફીના ચોસલાનો સોળમો ભાગ ખાધો હતો,
અને **જ**—નું કહેવું એમ થયું કે તેથીજ મને આલ્મોરામાં અસ્વસ્થ
રહેવું પડયું ! **જ**—થોડા દિવસમાં અહીં આવશે એવું ધારૂં છું.
પછી તેને મારા હાથમાં લેવા માંગું છું. ધીમેધીમે મલેરીઆ તાવની
અસર થાય એવો મને બહુ શક રહે છે. આલ્મોરામાં પહેલા અઠવા-
ડીઆમાં રહેલ જરા અસ્વસ્થ પ્રકૃતિ થોડેક અંશે 'તેરઇ' દ્વારા હું
આવ્યો તેને લઇને થયેલી હોયતો ના નહિ. ગમેતેમ પણ હવે હું વધુ-
વધુ બલવાન્ થતો જાઉં છું એમ લાગે છે. જ્યારે હું સૌંદર્યથી ભરેલાં
બરફનાં શિખરો પાસે ધ્યાનમાં બેસી—**न तस्य मृत्यु र्न जरा न व्याधिः**,

प्राप्तं हि योगाग्निमयं शरीरम्—એટલે તેને મૃત્યુ નથી, વૃદ્ધપણું નથી, વ્યાધિ–રોગ નથી, કારણ કે તેને યોગરૂપી અગ્નિથી પૂર્ણ એવું શરીર મળ્યુ છે. એ ઉપનિષદોનાં વાક્યોનો જાપ કરૂં છું ત્યારે ડૉક્ટર, આપ આવીને દર્શન કરો તો બહુ સારૂં. કલકત્તાના રામકૃષ્ણ મિશનમાં થયેલી સભાઓનો વિજય જાણી મને બહુ હર્ષ થાય છે. મહાન્ કાર્યમાં જે જે સહાય આપે છે તેમનાપર સર્વ આશીર્વાદ આવી રહો. × ×

સર્વપ્રેમસાથે પ્રભુનિષ્ઠ આપનો, વિવેકાનંદ.

પત્રાંક. ૬૬.

આલ્મોરા. ૧ લી જુન ૧૮૯૭.

વ્હાલા મિ.—

વેદો વિષે તમે જે વાંધા બતાવો છો તે જો વેદોનો અર્થ સંહિતા થતો હોય તો સત્ય છે. વેદ એ શબ્દમાં ત્રણ ભાગો એટલે સંહિતા, બ્રાહ્મણો અને ઉપનિષદોનો સમાવેશ થાય છે એમ હિંદમાં સર્વેએ માન્ય રાખેલ મત છે. આમાંના પહેલા બે ભાગમાં વિધિ-આચાર હોવાથી લગભગ તેમને ઉપેક્ષવામાં આવેલ છે. ફક્ત ઉપનિષદો-નુંજ આપણા સર્વ તત્ત્વજ્ઞાનીઓ, અને ધર્મસ્થાપકોએ ગ્રહણ કરેલ છે.

સંહિતા એજ વેદ છે એ ખ્યાલ હમણાંજ ઉત્પન્ન થયેલ છે, અને તે સ્વ. સ્વામી દયાનંદે પ્રતિપાદિત કરેલ છે. આ મતે પ્રાચીન મતાવલંબીઓના અભિપ્રાયઉપર બીલકુલ અસર કરી નથી.

આ મતનું કારણ એ હતું કે સ્વામી દયાનંદે એમ વિચાર્યું કે તેથી સંહિતાનો નવો અર્થ કરી તેના મંડાણ ઉપર સમગ્ર વેદ સંગત કરી શકાશે, પણ તેમ કરતાં મુશ્કેલીઓ તો તેજ ઉભી રહી, તેથી તેઓને બ્રાહ્મણ નામના વેદના ભાગનો આશ્રય લેવો પડ્યો અને

નવીન અર્થ, અથવા ક્ષેપક કરેલ છે એવા સિદ્ધાંત કાઢ્યા છતાં હજુ પણ ઘણું બાકી રહે છે.

હવે જો સંહિતા ઉપર એક સંગત ધર્મ રચવો શક્ય હોય તો ઉપનિષદોનો પાયો રાખી ઘણોજ એક સંગત અને એક ધ્વનિવાળો ધર્મ રચવો એ તેના કરતાં હજારગણું ચોક્કસ છે, અને તદુપરાંત તેમ કરતાં, આખી પ્રજામાં જે મત સ્વીકારાયો છે તેની વિરૂદ્ધ પણ જવું પડતું નથી. આમ કરવાથી પૂર્વના સર્વ આચાર્યો તમારી તરફેણમાં લઈ શકાશે, અને નવીન પ્રગતિ કરવાને વિશાલ સ્થાન તમને મળશે.

એતો ચોક્કસ છે કે ગીતા હિંદુ ધર્મના બાઈબલ તરીકે ક્યારની પ્રસિદ્ધ થઈ ગયેલ છે, અને તેમ થઈ પડવાને તે સંપૂર્ણ લાયક છે, પણ કૃષ્ણનું વ્યક્તિત્વ એટલા બધા અનિર્ણીત તત્વથી આચ્છાદિત થયેલ છે કે તેના જીવનમાંથી જીવનને રસાયનરૂપ અંતઃપ્રેરણા હમણાં મેળવવી તે અશક્ય છે. તે ઉપરાંત હમણાંનો જમાનો નવીન વિચાર, રીતિઓ અને નવીન જીવન માંગે છે. આ શ્રેણીપર વિચાર કરવામાં તમને કંઇપણ સહાય આ પત્ર આપશે એમ ઇચ્છી,

આશીર્વાદ સમેત સદા આપનો,
વિવેકાનંદ.

પત્રાંક ૬૭.

आल्मोरा

ॐ नमो भगवते रामकृष्णाय ।
यस्य वीर्येण कृतिनो वयं च भुवनानि च ।
रामकृष्णं सदा वंदे शर्वं स्वतंत्रमीश्वरं ॥

" प्रभवति भगवान् विधिः" इत्यागमिनः अप्रयोगनिपुणाः प्रयोगनिपुणाश्च पौरुषं बहुमन्यमानाः । तयोः पौरुषापौरुषेयप्रतीकारबलयोः विवेकाग्रहनिबंधनः कलह इति मत्वा यतस्वायुष्मन् शरच्चन्द्र आक्रमितुम् ज्ञानगिरिगुरो गरिष्ठं शिखरम् ।

यदुक्तं " तत्त्वनिकषग्रावा विपदिति " उच्यते तदपि शतशः"तत्त्वमसि" तत्त्वाधिकारे । इदमेव तन्निदानं वैराग्यरुजः। धन्यं कस्यापि जीवनं तल्लक्षणाक्रान्तस्य । अरोचिष्णु अपि निर्दिशामि पदं प्राचीनम्—"कालः कश्चित् प्रतीक्ष्यताम्" इति ।। समारूढक्षेपणीक्षेपणश्रमः विश्राम्यतां तन्निर्भरः । पूर्वाहितो वेगः पारं नेष्यति नावं । तदेवोक्तं—" तत् स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति " । " न धनेन न प्रजया त्यागेनैकेन अमृतत्वमानशुः " इत्यत्र त्यागेन वैराग्यमेव लक्ष्यते, तद्वैराग्यं वस्तुशून्यं वस्तुभूतं वा । प्रथमं यदि, न तत्र यतेत कोऽपि कीटभक्षितमास्तिष्केन विना; यद्यपरं तदेतत् आपतति,—त्यागः मनसः संकोचनं, अन्यस्मात् वस्तुनः। पिण्डीकरणं च ईश्वरे वा आत्मनि। सर्वेश्वरस्तु व्यक्तिविशेषो भवितुं नार्हति, समष्टिरित्येव ग्रहणीयम् । आत्मेति वैराग्यवतो जीवात्मा इति नापद्यते, परन्तु सर्वगः सर्वान्तयामी सर्वस्यात्मरूपेणावस्थितः सर्वेश्वर एव लक्ष्यीकृतः । स तु समष्टिरूपेण सर्वेषां प्रत्यक्षः । एवं सति जीवेश्व-

रयोः स्वरूपतः अभेदभावात् तयोः सेवाप्रेमरूपकर्मणोरभेदः। अयमेव विशेषः,—जीवे जीवबुद्ध्या या सेवा समर्पिता सा दया, न प्रेम। यद्वात्मबुद्ध्या जीवः सेव्यते, तत् प्रेम। आत्मनोहि प्रेमास्पदत्वं श्रुतिस्मृतिप्रत्यक्षप्रसिद्धत्वात्। तत् युक्तमेव यद्-वादीत् भगवान् चैतन्यः,—प्रेम ईश्वरे, दया जीवे इति। द्वैतवा-दित्वात् तत्र भगवतः सिद्धान्तः जीवेश्वरयोर्भेदविज्ञापकः समी-चीनः। अस्माकं तु अद्वैतपराणाम् जीवबुद्धिर्बन्धनाय इति। तदस्माकं प्रेम एव शरणं, न दया। जीवे प्रयुक्तः दया शब्दोऽपि साहसिकजल्पित इति मन्यामहे। वयं न दयामहे, अपि तु सेवामहे; नानुकम्पानुभूतिरस्माकं अपि तु प्रेमानुभवः स्वानुभवः सर्वस्मिन्।

सैव सर्ववैषम्यसाम्यकरी भवव्याधिनीरुजकरी प्रपञ्चा-वश्यम्भाव्यत्रितापहरणकरी सर्ववस्तुस्वरूपप्रकाशकरी माया-ध्वान्तविध्वंसकरी आब्रह्मस्तम्बपर्यन्तस्वात्मरूपप्रकटनकरी प्रेमा-नुभूति वैराग्यरूपा भवतु ते शर्मणे शर्मणे।

इत्यनुदिवसं प्रार्थयति

त्वयि धृतचिरप्रेमबन्धः विवेकानंदः।

પત્રાંક ૬૮.

(ઉપર્યુક્ત સંસ્કૃત પત્રનું ભાષાંતર.)

આલ્મોરા જુલાઇ ૩, ૧૮૯૭.

ૐ ભગવાન્ રામકૃષ્ણને નમસ્કાર.

જેની શક્તિથી અમે તથા ત્રણ ભુવનો કૃતાર્થ થયાં છે, તે કલ્યાણકારી સ્વતંત્ર ઇશ્વર રામકૃષ્ણને હમે સદા વંદીએ છીએ.

(અહા ! શરતચંદ્ર ! તું દીર્ઘ આયુષ્માન્ ભવ.)

જે શાસ્ત્રપ્રબંધકો પુરૂષાર્થને નથી માનતા તે એમજ કહે છે કે વિધિ એજ ઇશ્વર છે, અને તેજ બધું કરે છે; ત્યારે જેઓ કાર્ય કરવામાં શ્રદ્ધા રાખનાર–પ્રયોગનિપુણ છે તે મનુષ્યના પુરૂષાર્થને વિશેષ આદર આપે છે. આવી રીતે પૌરૂષ અને અપૌરૂષેયના આવેલા દુઃખને દૂર કરવા માટેનો વાદ–ઝઘડો એ વિ.ૐ શક્તિનો ઉપયોગ નહિ કરવાને લઇને છે તો આયુષ્માન્ શરચ્ચંદ્ર ! જ્ઞાનરૂપી પર્વતનું ઉંચામાં ઉંચું શિખર પ્રાપ્ત કરવાને પ્રયત્ન કર.

એમ કહેલું છે કે વિપદ્ તે તત્ત્વવાતની કસોટી છે. આમ કહેવાય છે છતાં તત્ત્વાધિકારમાં–તત્ત્વના ગ્રંથમાં 'તત્ત્વમસિ'–'તે તુંજ છે' એ સેંકડો વખત બોલાય છે. આ વૈરાગ્યરૂપી રોગનું નિદાન–ઉપાયછે. આ લક્ષણને જે પહોંચેલ છે તેઓના જીવનને ધન્ય છે. 'તારી ઇચ્છા ન હોય છતાં પણ થોડો વખત સુધી થોભીજા'–એ પ્રાચીન પદ હું ફરીવાર કહું છું. નાવ ઉપર બેસી તેને હલેસાં મારી આગળ લઇ જવામાં તું થાકી ગયો છે, તો તે પર જરા વિસામો લે. પૂર્વે તેં જે વેગ આપેલ છે તેજ તારા નાવને સામીપાર લઇ જશે. તેટલા માટે કહેલ છે કે 'પોતાની મેળે યોગમાં સંપૂર્ણ સિદ્ધ બની કાલક્રમે પોતે પોતાને પોતાનામાંજ પ્રાપ્ત કરે છે.'–ગીતા–૪–૩૮. અને ઉપ-

નિષદ્‌માં એમ કથેલ છે કે અમૃતત્વ ધનથી કે સંતતિથી મેળવી શકાતું નથી, પણ એક ત્યાગથીજ મેળવી શકાય છે. આમાં ત્યાગનો અર્થ વૈરાગ્યજ છે. તે વૈરાગ્ય બે જાતનો છે. વસ્તુશૂન્ય (પ્રયોજન વગરનો) અને વસ્તુભૂત (પ્રયોજન વાળો). વસ્તુશૂન્ય વૈરાગ્ય હોય તો તેને માટે જેનું મગજ કીડા ખાઇ ગયા હોય તેવો મનુષ્ય પણ પ્રયત્ન કરશે નહિ; પણ જો વસ્તુભૂત વૈરાગ્ય પ્રાપ્ત કરવાનો હોય તો તેમાં જે ત્યાગ છે તેનો અર્થ મનને બીજા પદાર્થોમાંથી ખેંચી લઇ તેને ઇશ્વરમાં થી. આત્મામાં કેંદ્રિત કરવું–એ છે. સર્વનો ઇશ્વર એક અમુક વ્યક્તિ વિશેષ હોવો ઘટતો નથી પણ તેને સમષ્ટિરૂપે લેવાનો છે. વૈરાગ્યવાન, આત્મા એટલે જીવાત્મા એમ જાણતો નથી, પણ આત્મા એટલે સર્વવ્યાપક, સર્વના અંતરમાં ગમન કરનારો–સર્વાંતર્યામી, અને સર્વનો આત્મારૂપે રહેલ સર્વેશ્વર છે એમ નિશ્ચિતપણે જાણે છે. આત્મા સમષ્ટિરૂપે સર્વને પ્રત્યક્ષ છે. આમ હોવાથી જીવ અને ઇશ્વરનો સ્વરૂપથી અભેદ છે; જીવની સેવારૂપી કાર્ય અને ઇશ્વરપર પ્રેમરૂપી કાર્ય એ બંને એકજ–અભિન્ન છે. અહીં ભેદ માત્ર એટલોજ છે કે જીવની જીવ બુદ્ધિથી જે સેવા કરવી તેનું નામ દયા છે, પ્રેમ નથી; જ્યારે જીવની આત્મબુદ્ધિથી સેવા કરવી તે પ્રેમ છે. આત્મા પોતેજ પ્રેમનું આસ્પદ-સ્થાન–પાત્ર છે તે શ્રુતિ, સ્મૃતિપરથી પ્રત્યક્ષપણે જાણી શકાય છે. આથી ભગવાન્ ચૈતન્યે સત્યજ કહ્યું છે કે–ઇશ્વરમાં પ્રેમ, અને જીવમાં દયા. આ ભગવાનનો સિદ્ધાંત પોતે દ્વૈતવાદી હોવાથી જીવ અને ઈશ્વરમાં ભેદ પાડવાથી ખરો છે, પણ આપણ અદ્વૈતવાદીઓને જીવને ઇશ્વરથી જુદો માનવો–જીવબુદ્ધિ રાખવી તે કર્મબંધ છે, તેથી આપણને તો પ્રેમ એજ શરણ છે, દયા નહિ. મારી માન્યતા પ્રમાણે જીવમાં દયા એ શબ્દની પ્રવૃત્તિ કરવી તે સાહસિક, અને મિથ્યા લવારા જેવુંથી

છે કારણકે આપણે દયા કરવાની નથી, પણ સેવા કરવાની છે. આપણે અનુકંપા-અનુભૂતિ રાખવાની નથી, પણ સર્વમાં પ્રેમનોજ અનુભવ-ાત્માનોજ અનુભવ કરવાનો છે.

હે શર્મન્! તારા કલ્યાણ માટે તને વૈરાગ્યરૂપી પ્રેમનો અનુભવ ઓ!-પ્રેમનો અનુભવ કે જે સર્વ વિષમતાને સમ કરે છે, સંસાર વ્યાધિને મટાડનાર ઔષધી છે, પ્રપંચી જગત્માં અવશ્ય થનારા ા ત્રણ જાતના તાપને દૂર કરે છે, સર્વ વસ્તુનું સ્વરૂપ પ્રકાશે છે, ારૂપી અંધકારનો નાશ કરે છે અને બ્રહ્માથી તે તૃણપર્યંત દરેક સ્તુમાં આત્મસ્વરૂપ પ્રકટ કરે છે.

આમ હમેશાં પ્રાર્થના કરતો—

તારામાં ચિરકાલ સુધી પ્રેમ રાખતો.

વિવેકાનંદ.

પત્રાંક ૬૯.

(રામકૃષ્ણની ગીતાનાં પૃષ્ઠો સંબંધે મ-ને લખેલ પત્ર)

ડેહરાડુન ૨૪ મી ડિસેંબર ૧૮૯૭

ારા પ્રિય મ.

તમારા બીજા નિબંધ માટે ઘણા ઘણો આભાર દર્શાવું છું. તે રેખર આશ્ચર્યજનક છે. તે સંબંધે તમે જે વલણ લીધું છે તે તદ્દન તેભાશાલી છે, અને મહાન્ ગુરૂનું આવું જીવનવૃતાંત આજકાલ લેખક પોતાની બુદ્ધિ પ્રમાણે લખે છે અને તેથી થતા કલંક-દોષ વેગળું તમે જે કર્યું છે તેવું જીવનવૃતાંત જનસમાજ આગળ ાપણ રજુ થયું નથી, તેની ભાષા પણ સર્વથા પ્રશંસનીય છે, અને ી નૂતન, એવી અણીશુદ્ધ, અને તે ઉપરાંત વળી એવી સરલ,

અને સ્પષ્ટ છે કે કંઇ પૂછોજ નહિ.

મને તે વાંચીને જે આનંદ થયો છે તેને પૂરતા શબ્દોમાં હું દર્શાવી શકું તેમ નથી. જ્યારે જ્યારે તે વાંચું છું ત્યારે ત્યારે આ લોકથી કોઇ અન્ય દિવ્ય લોકમાં હોઉં એમ મને લાગે છે. તમને એમ નથી લાગતું કે આ બધું વિલક્ષણ થાય છે ? આપણા ગુરૂદેવ, પરમાત્માના અંશી એવા પ્રતિભાશાલી હતા કે તેના જેવા આપણામાંના દરેકને પ્રતિભાશાલી થવું પડશે, અને જો તેવા નહિ થઇએ તો આપણામાં કંઇ નથી. અત્યાર અગાઉ આપણામાંના કોઇએ તેમનું જીવનચરિત્ર લખવાનો પ્રયત્ન નહિ કર્યો તેનું કારણ હવે હું સમજી શકું છું. આ મહાન્ કાર્ય તમારામાટેજ ખાસ રાખેલું હતું. તે પ્રત્યક્ષ તમારી સાથે છે.

સર્વપ્રેમ અને નમસ્કાર સહિ

વિવેકાનંદ.

તા. ક. સોક્રેટીસના સંવાદોમાં સર્વત્ર પ્લેટોજ પ્રત્યક્ષ રહેલો ભાસ છે; જ્યારે તમે તદ્દન ગુપ્ત રહ્યા છો; (ઉપલા જીવનવૃતાંતમાં.) તે છતાં નાટયરસ આપનાર ભાગ અનહદ સુંદર છે. અહીં તેમજ પશ્ચિમમાં રહેલ દરેકને તે ગમે છે.

પત્રાંક ૭૦

(એક બંગાલી સન્નારીને બંગાલીમાં લખેલ પત્રનું ભાષાંતર,

દેવગઢ, વૈદ્યનાથ.

૩ જી જાન્યુઆરી. ૧૮૯૮.

પ્રિય માતુશ્રી,

આપના પત્રમાં કેટલાક ઘણા અગત્યના પ્રશ્નો ઉપસ્થિત થયેલા છે. આ ટુંકા પત્રમાં તેમનો સંપૂર્ણ ઉત્તર વાળવો એ શક્ય નથી

તોપણ જેમ બનશે તેમ ટુંકામાં તેનો જવાબ આપું છું.

(૧) ઋષિ, મુનિ કે ઈશ્વર—કોઇને પણ સમાજ ઉપર કોઇ સંસ્થા બળાત્કારે લાવવાની સત્તા નથી. જ્યારે વખત જતાં પડતી જરૂરીઆતો સમાજપર બહુ દબાણ કરે છે, ત્યારે સમાજ પોતાના રક્ષણ સારૂ કેટલાક રૂઢિરીવાજો ધારણ કરે છે. ઋષિઓએ તો ફક્ત આ રૂઢિરીવાજોને પુસ્તકારૂઢ કરેલ છે. જેવી રીતે મનુષ્યો તુરતજ પોતાનું રક્ષણ કરવા માટે જે સારા ઉપાયો તે વખતે લાગતા હોય, પણ જે ભવિષ્યમાં તો ઘણા નુકશાનકારક હોય તોપણ તેને ગ્રહણ કરે છે, તેવીજ રીતે સમાજ પણ ઘણીવખત તુરતને માટે પોતાને બચાવી લે છે, પણ આ તાત્કાલિક ઉપાયો કે જે તે વખતે રક્ષણ કરવામાં સહાયભૂત થયા હોય છે, તે લાંબેગાળે ભયંકર નીવડે છે.

ઉદાહરણ તરીકે, આપણા દેશમાં વિધવાવિવાહના નિષેધનો પ્રશ્ન લ્યો. આને લગતો જે કાયદો છે તે ઋષિઓએ કે દુષ્ટ માણસોએ દાખલ કરેલો છે એમ ધારતા નહિ. પુરૂષોની સ્ત્રીઓને પોતાના કાબુ નીચે રાખવાની ઇચ્છા છતાં તે પુરૂષો તે કાલની સામાજિક જરૂરીઆત હોય અને તેની મદદ લઇને આવો કાયદો દાખલ કરવામાં ફળીભૂત થાય, પણ તે મદદ વગર કદી ફત્તેહ મંદ ન થાય. આ રૂઢિરીવાજના બે મુદ્દા ખાસ કરીને અવલોકવા જોઇએ:.

(અ) વિધવાવિવાહ ઉતરતા વર્ણોમાં બને છે.

(બ) ઊંચ વર્ણોમાં સ્ત્રીઓની સંખ્યા પુરૂષોના કરતાં વધુ છે.

હવે જો દરેક કન્યાને પરણાવવાનો નિયમજ હોય, તો દરેકને માટે એક પતિ મેળવવો મહા મુશ્કેલ થઇ પડશે; તો પછી ધીમે ધીમે દરેકને માટે બે કે ત્રણ પતિ તો ક્યાંથીજ મળી શકે ? તેથી સમાજે એક પક્ષને ગેરલાભ તળે રાખેલ છે એટલે કે સમાજ જે સ્ત્રીને એક પતિ

હોય છે ત્યાં બીજો પતિ કરવા દેતી નથી; જો તેમ કરવા દે તો એક કુમારિકાને પતિ વગરજ રહેવું પડે. બીજી બાજુએ વિધવાવિવાહ, જે જ્ઞાતિઓમાં સ્ત્રીઓ કરતાં પુરૂષોની સંખ્યા વધુ હોય તેમાં પ્રચલિત છે કારણ કે તેમની બાબતમાં જે વાંધો ઉપર બતાવ્યો તે રહેતો નથી. કુમારી કન્યાઓને પતિઓ મેળવવાનું પશ્ચિમમાં પણ દિવસે દિવસે વધુ મુશ્કેલ થતું જાય છે.

આજ રીતે જાતિભેદ અને બીજા સાંસારિક રીવાજોના સંબંધમાં સમજી લેવાનું છે.

તેથી જો કોઇપણ સાંસારિક રીવાજને બદલવાનું જરૂરનું લાગે તો તેમાં જે જરૂર હોય તે પ્રથમ શોધી કહાડવી જોઇએ, અને પછી તે પ્રમાણે બદલવાથી રીવાજ એનીમેળેજ નાશ પામે છે. આમ ન થાય તો રીવાજને નિંદવાથી કે વખાણવાથી કંઇ વળવાનું નથી.

(૨) હવે પ્રશ્ન એ છે કે શું સમાજના નિયમો અથવા સમાજ, સામાન્ય—સર્વ પ્રજાના લાભ માટે બંધાયેલી છે ? આનો જવાબ ઘણા હકારમાં આપે છે; કેટલાક વળી એવો અભિપ્રાય આપે છે કે તેમ નથી. કેટલાક પોતે બીજા કરતાં મુકાબલામાં વધુ સત્તાવાળા હોઇ બીજા બધાને ધીમે ધીમે પોતાના કાબુમાં આણે છે, અને શામ, દામ અને ભેદનો ઉપયોગ કરી પોતાના હેતુઓ સાધે છે. જો આ ખરી હકીકત હોય તો અજ્ઞાનીઓને સ્વતંત્રતા આપવામાં જોખમ રહેલ છે એ કથનનો અર્થ શું થઇ શકે ? વળી સ્વતંત્રતાનો અર્થ શું છે ?

સ્વતંત્રતાનો અર્થ, ધન વગેરેના તમારે કે મારે ઉચાપત કરવાના માર્ગમાં નડતી મુશ્કેલીઓનો અભાવ, એ વસ્તુતઃ નથી; પણ તે આપણું પોતાનું શરીર, જ્ઞાન અને ધન બીજાઓ તરફથી અડચણ આવ્યા વગર આપણી પોતાની ઇચ્છા પ્રમાણે વાપરવાનો આપણો કુદરતી હક

છે; અને સમાજની સર્વ વ્યક્તિઓને ધન, જ્ઞાન, અને શિક્ષણ પ્રાપ્ત કરવાને સરખીજ તક મળવી જોઇએ. બીજો પ્રશ્ન એ છે કે જો ધનવાન અને ઉચ્ચ સ્થિતિવાળાની પેઠે અજ્ઞાની અને ગરીબોને સ્વતંત્રતા, એટલે તેમના શરીર, ધન, આદિ ઉપર સંપૂર્ણ હક્ક આપવામાં આવે, અને જો તેઓનાં બાલકોને પોતાની સ્થિતિ સુધારવાને અને જ્ઞાન પ્રાપ્ત કરવાને સરખીજ તક આપવામાં આવે તો તેઓ આડે માર્ગે ફંટાઇ જશે એવું જે કહે છે તેઓ શું સમાજના હિત ખાતર કહે છે યા પોતાના સ્વાર્થમાં અંધ બનીને કહે છે? ઇંગ્લંડમાં પણ મેં એવું સાંભળ્યું છે કે ' જો નીચલી જાતના લોક કેલવણી મેળવશે તો આપણી સેવાચાકરી કોણ કરશે?'

મુઠીભર ધનવાનના મોજશોખ માટે ભલે લાખો સ્ત્રીપુરૂષો તંગીરૂપી નરકમાં અને અજ્ઞાનની ભયંકર ઉંડી ખાડીમાં રીબાયેલા રહે, કારણ કે જો તેઓને ધન અને જ્ઞાન મળે તો સમાજ ઉંધી વળીજાય!!

સમાજ શું છે? લાખો સ્ત્રીપુરૂષો; કે તમે, હું અને ઉંચી વર્ણના થોડા મનુષ્યો?

વળી, જો પાછળ કહેલ કથન ખરૂં હોય તોપણ અમે બીજાને તારીએ છીએ એ મિથ્યાપ્રલાપ કરવાનું શું કારણ છે? આપણે સર્વજ્ઞ છીએ?

उद्धरेदात्मनात्मानम्—આત્માનો આત્માથી ઉદ્ધાર કરો. **(ગીતા)** પોતાનો ઉદ્ધાર દરેક પોતાની જાતેજ કરો–મેળવો, તેનું નામ દરેક દિશાએથી મુક્તિ છે, એટલે કે મુક્તિ તરફ પ્રયાણ કરવું તે મનુષ્યને યોગ્યમાં યોગ્ય લાભ છે. પોતાની મેળે શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક મુક્તિ તરફ પ્રયાણ કરવું, અને બીજાને તેમ કરવામાં મદદ કરવી એ મનુષ્યને મહાનમાં મહાન્ ઇનામ છે. આ સ્વતંત્રતાને વિકસાવવામાં જે

સાંસારિક નિયમો પ્રતિબંધક છે તે નુકશાનકારક છે, અને તેમનો જેમ બને તેમ ત્વરાથી નાશ કરવાને પગલાં લેવાં જોઇએ, અને જે સંસ્થાઓથી મનુષ્યની સ્વતંત્રતાના માર્ગ તરફ પ્રગતિ થાય તેને ઉત્તેજન આપવું જોઇએ.

આ જીવનમાં આપણે પ્રથમદૃષ્ટિએ જે અમુક વ્યક્તિ અસાધારણ ગુણ વગરની હોય તે છતાં તેના તરફ ઉંડી પ્રીતિ ધરાવીએ છીએ, તેનું કારણ આપણા દેશના વિચારકો એવું આપે છે કે તે ગત ભવના સંસ્કારોને લઇને છે.

ઇચ્છાશક્તિ સંબંધે આપનો પ્રશ્ન ઘણો રસિક છે; તે ખાસ જાણવા જેવો વિષય છે; સર્વ ધર્મોનું તત્વ તૃષ્ણાનો નાશ કરવો તે છે, કે જેની સાથેજ ચોક્કસ ઇચ્છાશક્તિનો નાશ થાય છે, કારણકે તૃષ્ણા તે ઇચ્છાશક્તિની એક વિશિષ્ટ રીતિનું નામ છે. વળી આ જગત્ શાને માટે થયેલ છે? અથવા તે ઇચ્છાશક્તિનાં આ પ્રકટીકરણો શાને માટે છે? કેટલાક ધર્મો તેને વિષે એમ કહે છે કે અસત્નો નાશ કરવો જોઇએ. તૃષ્ણાનો આ લોકમાં નિષેધ કરવાનો બદલો પરલોકમાં તેથી મળતાં સુખથી વળી જાય છે. આ ઉત્તર અલગ્ન પ્રશ્ન પુરૂષોને સંતોષકારક નથી. બૌદ્ધો બીજી બાજુએ એમ કહે છે કે તૃષ્ણા-સ્પૃહા એ દુઃખનું કારણ છે, અને તેનો નાશજ કરવો યોગ્ય છે. પરંતુ પોતાના ગાલ ઉપર એક મચ્છર બેઠો હોય તેને મારી નાખવાને પ્રયત્ન કરતાં માણસને મારી નાખનો તેની પેઠે તેઓ એટલે દરજ્જે ગયા છે કે બૌદ્ધદર્શન પ્રમાણે દુઃખનો ક્ષય કરવાના તેમના પ્રયત્નમાં પોતાની જાતનો ક્ષય કરવો.

વસ્તુતઃ એમ છે કે જેને આપણે ઇચ્છાશક્તિ કહીએ છીએ તે કોઇ ઉચ્ચ સ્થિતિનું કનિષ્ઠ રૂપાંતર છે. સ્પૃહારહિત થવું તેનો અર્થ ઇચ્છા-

શક્તિરૂપે જે કનિષ્ઠ રૂપાંતર છે તેનું જતું રહેવું, અને તે ઉચ્ચ સ્થિતિનું પ્રદર્શન થવું એ છે. આ ઉચ્ચ સ્થિતિ મનથી તેમજ બુદ્ધિથી અજ્ઞેય છે; પરંતુ જો કે સોનામહોરનો દેખાવ રૂપીઆના અને પૈસાના દેખાવ કરતાં તદ્દન જુદો છે, છતાં પણ જેમ આપણે ખાત્રીપૂર્વક જાણીએ છીએ કે સોનામહોર તે બંને કરતાં વધારે મોટી-કીંમતી છે. તેવીજ રીતે તે ઉચ્ચતમ સ્થિતિને-મુક્તિ કે નિર્વાણ-ગમે તે નામ આપો-તે જો કે મન અને બુદ્ધિથી અગમ્ય છે, છતાં તે ઇચ્છાશક્તિ અને બીજી બધી શક્તિઓ કરતાં મોટી છે. તે કંઇ શક્તિ નથી, પણ જે શક્તિ છે, તે તેનું રૂપાંતર છે તેથી તે મોટી છે; હવે તમે જોઇ શકશો કે ઇચ્છાશક્તિને યોગ્ય રીતે પ્રથમ કોઇ પદાર્થ માટે સ્પષ્ટ રાખીને અને પછી કંઇપણ સ્પૃહા રાખ્યા વગર પ્રવૃત્ત કરીએ તો તેનું પરિણામ એ આવશે કે તે ઇચ્છાશક્તિ વધારે ઉચ્ચ સ્થિતિ મેળવશે.

પ્રાથમિક દશામાં શિષ્યે ગુરૂની મુદ્રા-રૂપનું ધ્યાન ધર્યા કરવાનું છે. ધીમેધીમે તેનો આર્વિભાવ ઈષ્ટમાં પરિણામ પામે છે. ઈષ્ટ એટલે પ્રેમનું અને ભક્તિનું સ્થાન. * * *

મનુષ્યમાં પ્રભુનું આરોપણ કરવું બહુ મુશ્કેલ છે, પણ તેમાં વારંવાર પ્રયત્ન કર્યા કરવાથી ચોક્કસ ફત્તેહ મેળવી શકીએ છીએ. પ્રભુ દરેક વ્યક્તિમાં છે, તેને મનુષ્ય જાણતો હોય વા નહીં; પણ તેમાં રહેલ પ્રભુત્વ પ્રેમપૂર્વક ભક્તિથી અવશ્યમેવ પ્રકટી નીકળે છે.

આપનો સદાનો શુભચિંતક

વિવેકાનંદ.

પત્રાંક ૭૧.

(એક બંગાળી સન્નારીને લખેલા પત્રમાંથી ભાષાંતર)

દેવગઢ, વૈદ્યનાથ

ઠે. બાબુ પ્રિયાનાથ મુકરજીની માર્ફત

૨૩મી ડીસેંબર ૧૯૦૦

પ્રિય માતુશ્રી !

આપનો પત્ર મળવાથી ઘણો આનંદ થયો. આપ જે સમજ્યાં છો તે વાસ્તવિક છે. **स ईश अनिर्वचनीयप्रेमस्वरूपः—'તે પ્રભુનું સ્વરૂપ અનિર્વચનીય પ્રેમ છે.'** નારદે બતાવેલું પ્રભુનું સ્વરૂપ–લક્ષણ પ્રકટ છે, અને સર્વને માન્ય છે એવી મારા જીવનની તે સંબંધમાં દૃઢ પ્રતીતિ છે. બહુ વ્યક્તિઓનો સમૂહ તે સમષ્ટિ (આખું) કહેવાય છે, અને દરેક વ્યક્તિ વ્યષ્ટિ (ભાગ) કહેવાય છે. તમે અને હું–એ દરેક વ્યષ્ટિ છીએ, સમાજ સમષ્ટિ છે. તમે, હું, એક પ્રાણી, એક પક્ષી, એક કીટ, એક જીવડું, એક ઝાડ, એક લતા, પૃથ્વી, ગ્રહ, તારો એ દરેક વ્યષ્ટિ છે, જ્યારે આ વિશ્વ સમષ્ટિ છે, તેને વેદાંતમાં વિરાટ, હિરણ્યગર્ભ, અથવા ઈશ્વર કહેવામાં આવે છે, અને પુરાણોમાં બ્રહ્મા, વિષ્ણુ દેવી વગેરે નામથી વર્ણવવામાં આવે છે. વ્યષ્ટિને વ્યક્તિગત સ્વાતંત્ર્ય છે કે નહીં ? જો હોય તો તે કેટલા પ્રમાણમાં હોવું જોઇએ ? વ્યષ્ટિએ સમષ્ટિને માટે પોતાની ઇચ્છાશક્તિનો અને પોતાના સુખનો સંપૂર્ણ રીતે ભોગ આપવો જોઇએ કે નહીં ? એ દરેક સમાજની સમક્ષ સિદ્ધ કરવાના સ્થાયી પ્રશ્નો છે. આ પ્રશ્નોનું નિરાકરણ શોધવામાં દરેક સ્થળે સમાજ પ્રવૃત્ત બની રહી છે. આ સવાલો વર્તમાન પશ્ચિમની સમાજને મહાન્ મોજાંની માફક ક્ષુબ્ધ કરી રહ્યા છે. સામાજિક હિત, વધારે મહાન્ હોઇ તેની ખાતર વ્યક્તિગત સ્વાતંત્ર્યનો

ભોગ આપવાના સિદ્ધાંતને સોશિઆલિઝમ—સામાજિકવાદ કહેવામાં આવે છે. જ્યારે જે સિદ્ધાંત વ્યક્તિના હિતનું પ્રતિપાદન કરે છે તેને ઈન્ડિવિજ્યુએલિઝમ–વ્યક્તિવાદ કહેવામાં આવે છે.

સમાજના હિતની ખાતર વ્યક્તિત્વનું શાશ્વત બલિદાન આપવું, અને તે અમલમાં લાવવા સંસ્થા અને નિયમો બાંધી બલાત્કારે આત્માર્પણ કરાવવું એથી જે પરિણામો અને અસરો થઈ તેનું જ્વલંત ઉદાહરણ આપણી જન્મભૂમિ છે. આ દેશમાં મનુષ્યનો જન્મ શાસ્ત્રની આજ્ઞાઓને અનુસરવા માટે છે. તેઓ આખી જીંદગી પર્યંત અમુક નિર્ણીત કરેલા નિયમ પ્રમાણે ખાય છે, પીએ છે, તેવીજ રીતે તેઓ વિવાહપદ્ધતિ અને તેના જેવાં બીજાં કાર્યોમાંથી પસાર થાય છે; ટુંકામાં તેઓનું મરણ પણ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે થાય છે. આવા કઠણ શાસનમાં એકજ મહાન્ અને સુંદર લાભ રહેલ છે, તે સિવાય તેનાં પરિણામો માઠાં છે. તે સુંદર લાભ એ છે કે માણસો પેઢીઓની પેઢીઓ સુધી એક કે બે કાર્યો હમેશાં સુંદર રીતે આચરીને તે કામો સારી રીતે થોડા પ્રયાસથી કરી શકે છે. આ દેશનો રસોઇઓ ત્રણ ચાર છાણાંથી અને થોડાં લાકડાંથી જે સ્વાદિષ્ટ ભાત અને કઢી બનાવી શકે છે તે કોઇ સ્થળે બની શકતું નથી. એક રૂપીઆની એક પ્રાચીન સાળની સાદી યાંત્રિક ક્રિયાથી અને ખાડામાં પગ રાખીને વીશ રૂપીઆના વારની કીંમતના કિનખાબ બનાવવા તે આજ દેશમાં શકય થઇ શકે છે. એક તુટેલ સાદડી, માટીનો દીવો અને તે પણ એરંડીઆ તેલથી બળતો, આવાં સાધનોની મદદથી અદ્ભુત સમર્થ વિદ્વાનો ફક્ત આજ દેશમાં પાકયા છે. કદરૂપી અને વિરૂપ પત્ની પ્રત્યે સર્વ પ્રેમ, અને નકામા, અને લુચ્ચા પતિ પ્રત્યેની જીવન પર્યંતની ભક્તિ આજ દેશમાં શકય છે. આટલી સુંદર બાજુ છે.

પરંતુ આ બધી બાબતો લોકો નિર્જીવ યંત્રોની માફક દોરાઇને

ક્યાં જાય છે—તેમનામાં માનસિક ચપલતા, હૃદયનો વિકાસ, જીવનનો ધ્વનિત વેગ, કે આશાનો આવિર્ભાવ નથી; ઇચ્છા શક્તિની દૃઢ ઉત્તેજકતા, કે તીક્ષ્ણ આનંદનો અનુભવ તેમજ તીવ્ર શોકનો સ્પર્શ તેમનામાં નથી; શોધક બુદ્ધિનો ચળકાટ, નવીન તત્ત્વની ઇચ્છા, નવીન પદાર્થોની કદર તેમને નથી. એમનાં મન એવાં છે કે તેમની આસ-પાસ રહેલ વાદળાં (આવરણો) વિખરાતાં નથી. તેઓનાં હૃદયો એવાં છે કે પ્રભાતના સૂર્યથી પ્રકાશિત ચિત્રમાં તેમને સૌંદર્ય લાગતું નથી. પોતાની હાલની સ્થિતિ કરતાં વધારે ચ્હડીઆતી સ્થિતિ થાય તો સારૂં એવું તેમના મનમાં કદી આવતું નથી; કદી આવે તો તે બાબતની પ્રતીતિ નથી. કોઇ બાબતની દૃઢ પ્રતીતિ થાય, તો તે કર-વામાં પ્રયાસ બીલકુલ થતો નથી; જ્યાં પ્રયાસ થાય છે, ત્યાં ઉત્સાહનો અભાવ હોય છે તેથી તે પ્રયાસ મિથ્યા જાય છે.

જો અમુક નિયમ અનુસાર જીવન ગાળવાથી જીવન ઉત્તમ બનતું હોય, જો પેઢીની પેઢી સુધી પરંપરાએ ચાલ્યા આવેલા નિયમો અને રૂઢિ રીવાજોને દૃઢરીતે પાળવામાં સદ્ગુણ સમાઇ જતો હોય, તો પછી કહો કે, એક વૃક્ષ કરતાં વધારે સદ્ગુણી કોઇ હોઇ શકે ? એક રેલ્વેગાડી કરતાં વધારે ભક્ત અને વધારે પવિત્ર સંત કોઈ હોઇ શકે તેમ છે ? કુદરતી કાયદાનું ઉલ્લંઘન કરનાર પત્થરના કકડાને કોઇએ જોયેલ છે ? ઢોરને પાપ કરતાં કદી કોઇએ જાણેલ છે ?

વિશાળ આગબોટ, રેલ્વેનું પ્રબળ એંજીન એ તરફ નજર કરો. તેઓ બુદ્ધિરહિત છે. તેઓ ગતિ કરે છે, ફરે છે, દોડે છે, પણ બુદ્ધિવગર. અને બીજી તરફ એક અલ્પ કીડો કે જે રેલ્વેગાડી પોતાની પાસે આવતી જોતાંજ બાજુએ ખસી જઇ પોતાની જીંદગી બચાવવા ચાલી રહ્યો છે તે જુઓ. આનું શું કારણ ? કારણ એ કે તેનામાં બુદ્ધિ છે. તે ગાડીના યંત્રમાં ઇચ્છાશક્તિ પ્રકટ કરવાની શક્તિ નથી, તેમજ તે યંત્ર કુદરતી કાયદાનું

ઉલ્લંઘન કરવાની ઇચ્છા કદી ધરાવતું નથી. પણુ પેલો કીડો કુદરતી કાયદાની સામે થવાની ઇચ્છા ધરાવે છે. તે કાયદા સામે થાય છે; પછી તેમાં ફત્તેહમંદ થાય છે કે નહિ તે જુદો સવાલ છે; આ કારણુને લઇને તેનામાં બુદ્ધિ છે એ સાબિત થાય છે. જેટલા પ્રમાણુમાં આ ઇચ્છાશક્તિ વિજયવંત થઇને પ્રકટ થાય છે તેટલા પ્રમાણુમાં વધારે સુખ છે, તેટલા પ્રમાણુમાં તે જીવની વધારે ઉચ્ચ દશા છે. ઇશ્વરની ઇચ્છા સંપૂર્ણુરીતે વિજયવતી છે, તેથી તે ઉચ્ચમાં ઉચ્ચ દશામાં છે.

શિક્ષણુ એ શું છે ? શું પુસ્તકને પઢી જવું તે શિક્ષણુ છે ? નહિ. તે જુદા જુદા પ્રકારની માહિતી છે ? ના તેપણુ નહિ. જે કેલવણીથી ઇચ્છાશક્તિના પ્રવાહ અને તેનું પ્રકટીકરણુ કાબુમાં લાવી વિજયવાન કરી શકાય છે તેજ શિક્ષણુ છે. હવે ધ્યાનમાં લ્યો કે જેના પરિણામે ઇચ્છાશક્તિને પેઢીઓની પેઢીઓ થયાં બલાત્કારે વારંવાર ગુંગળાવી નાખવામાં આવે છે, અને મૃતપ્રાય કરી નાખવામાં આવે છે તે શું કેલવણી છે ? જેની સત્તા નીચે-નવા તો એક બાજુએ રહ્યા પણુ જૂના વિચારો એકપછી એક નાશ પામતા જાય છે તે શું કેલવણી છે કે જે ધીમેધીમે મનુષ્યને એક યંત્ર સમાન બનાવે છે મારા મત પ્રમાણે શિક્ષણુ એવું કલ્યાણુકારક છે કે જે પોતાની સ્વતંત્ર ઇચ્છાશક્તિ અને બુદ્ધિથી પ્રેરાઇ અવળે માર્ગે પણુ જવું વધારે પસંદ કરશે, પણુ યંત્રની માફક સારે રસ્તે જવાનું પસંદ નહિ કરે. વળી જે માણુસો માટીના ટુકડા જેવા, નિર્જીવ યંત્ર જેવા, પથ્થરના કકડા જેવા છે તે માણુસોના સમુહથી બનેલી સમાજને આપણે શું સત્યરીતે સમાજ કહી શકીશું ? આવી સમાજ હોય તો કેવી રીતે તે સારી પેઠે ચાલી શકશે ? જો સારૂં થઇ શક્યું હોત તોપછી સેંકડો વર્ષો આપણે ગુલામગીરીમાં રહ્યા છીએ, તેને બદલે આપણે આખા જગતમાં મહાનમાં મહાન્ પ્રજા બન્યા હોત, અને હિંદની આ ભૂમિ

મૂર્ખતાની એક ખાણ થઈ પડી છે તેને બદલે જ્ઞાન મેળવવાની શાશ્વત નદી નિવડી હત.

ત્યારે હવે આત્મભોગ એ શું સદ્‌ગુણ નથી ? શું પોતાનું સુખ, પોતાનું કલ્યાણ, વધારે વ્યક્તિઓના સુખમાટે અર્પણ કરી તેનો ભોગ આપવો એ સદ્‌ગુણી કાર્ય નથી ? છેજ. પણ જેમ બંગાલી કહેવતમાં કહ્યું છે કે ' ઘસવાથી અને મસળવાથી શું રૂપ આવતું હશે ? શું પ્રયાસ અને બલાત્કારથી એટલે પરાણે પ્રીત થઇ શકે ? ' તેજ પ્રમાણે જન્મથીજ જે ભિખારી હોય તે પદાર્થોનો ત્યાગ કરે તેમાં શું વળ્યું ? જ્યાં ઇંદ્રિયમાં શક્તિ ન હોય ત્યાં ઇંદ્રિયનિગ્રહ રાખવો એમાં કયો સદ્‌ગુણ છે ? જેમાં વિચારશૂન્યતા, હૃદયશૂન્યતા મહત્વાકાંક્ષાનો અભાવ અને સમાજનું બંધારણ કેવું હોવું જોઇએ તેના ખ્યાલનું હજુ અજ્ઞાન છે ત્યાં આત્મભોગ ક્યાંથી હોઇ શકે ? વિધવાને બલાત્કારે સતી કરીએ, તેમાં પતિપ્રત્યેની અનન્યભક્તિ ક્યાં આવી ? વહેમો ભરાવી સદ્‌ગુણી કાર્યો લોકો પાસે કરાવવામાં શું સર્યું ? હું કહું છું તે એ છે કે જેટલું તમારાથી બની શકે તેટલું લોકોને સ્વાતંત્ર્ય આપવા, તથા તેની બેડીઓ તોડી પાડવા માટે કરો. શું કાદવ કાદવથી ધોઇ શકાશે ? શું બેડીઓ બેડીથી તોડી શકાશે ? આવો દાખલો ક્યાંય દીઠો છે? જ્યારે તમે સમાજની ખાતર સુખની સર્વ ઇચ્છાનો ભોગ આપવા શક્તિમાન થશો, ત્યારે તમે બુદ્ધ થશો, ત્યારે તમે મુકત થશો; પણ આ બધું હજુ ઘણું દૂર છે. વળી તે મેળવવાનો રસ્તો શું જુલમ છે એમ તમે ધારો છો ? અરે આપણી વિધવાઓ આત્મત્યાગનાં કેવાં ઉદાહરણો છે ! અરે બાલલગ્ન કેટલું સ્વાદિષ્ટ છે ? આવી બીજી રૂઢિ શક્ય છે ? શું આવા લગ્નમાં પતિ અને પત્ની વચ્ચે પ્રેમ સિવાય બીજુ શું હોઇ શકે તેમ છે ? આવો મિથ્યા વિલાપ હમણાં ચારે બાજુએ જોવામાં આવે છે. પરંતુ પુરૂષો કે જે

સ્થિતિ સુધારવા માટે અગ્રણી છે તેના સંબંધમાં કહેવાતું કે તેમને માટે આત્મત્યાગની જરૂર નથી ? બીજાની સેવા કરવા કરતાં બીજો કોઈ ચ્હડીઆતો સદ્‌ગુણ છે ? પણ આ બ્રાહ્મણોને લાગુ નથી પડતું, તેથી બીજાઓ કરે તેને માટે છે ! સત્ય વાત તો એ છે કે આ દેશમાં માબાપો અને સગાંઓ ક્રૂર થઇ પોતાનાં બાળકો અને બીજાના લાભોનું બલિદાન–ભોગ આપે છે, અને તે પોતાના સ્વાર્થી હેતુ માટે,–અને સમાજ સાથે કોઇપણ રીતે વાંધો પતાવી પોતાને બચાવી લે છે. આ બધું પેઢીઓની પેઢીઓ થયાં મનને નિર્જીવ બનાવી દેવાના મળેલા શિક્ષણને લઇને સંપૂર્ણ રીતે સહેલું થઇ ગયું છે. જે બહાદૂર હોય તેજ પોતાની જાતનો ત્યાગ કરે છે. ચાબુકથી બ્હીતો હોય એવો બાયલો તો એક હાથથી પોતાની આંખો લુછે છે, અને બીજી બાજુથી ચાબુક મારે છે. આવી બક્ષિસોથી શું વળ્યું ? વિશ્વ તરફ પ્રેમ રાખવો એતો અરણ્યરૂદન છે. કુમળા છોડને તો વાડ બાંધી સારી રીતે પોષવો જોઇએ. જો કોઇને સર્વ વિશ્વ પ્રત્યે પ્રેમ રાખવો હોય તો તેને ધીમે ધીમે વધતાં તે પ્રાપ્ત થાય તેમ છે. એક માણસ એક વસ્તુનેજ નિઃસ્વાર્થ-પણે ચાહતાં–પ્રીતિ રાખતાં શીખે તો તે વિશ્વ પ્રત્યે પ્રેમ રાખવાની સ્થિતિ સુધી જઇ શકે છે. જો એક અમુક ઇષ્ટદેવ પ્રત્યે પૂર્ણ ભક્તિ રાખવાનું પ્રાપ્ત કરી શકાય છે, તો સર્વ વિશ્વ પ્રત્યે–વિરાટ્ પ્રત્યે ભક્તિ રાખવાનું ધીમે ધીમે શક્ય બની શકે છે. તેથી જ્યારે એક વ્યક્તિ માટે એક માણસ આત્મત્યાગ કરવાને શક્તિમાન થાય ત્યારે તેણે સમાજની ખાતર આત્મત્યાગ કરવાની વાત કરવી, તે પહેલાં બોલવાનું નથી. ઇચ્છા સહિત કાર્ય કરતાં પરિણામે ઇચ્છારહિત કાર્ય કરવાનું બની શકે છે. જો આદિમાં ઇચ્છા અસ્તિત્વ ન ધરાવતી હોય તો ઇચ્છાનો ત્યાગ શું શક્ય છે ? અને તેનો અર્થ પણ શું થઇ શકે ? જો અંધકાર ન હોયતો પ્રકાશનો કંઇપણ અર્થ થઇ શકે તેમ છે ?

ઇચ્છાથી, ભક્તિસહિત પૂજા કરવાનું પહેલું કહેલ છે. તેમાં ન્હાનાની પૂજા કરવાનું પહેલાં કરો, અને પછી મહાન્‌ની પૂજા કરવાનું એની મેળે આવશે.

માતુશ્રી, ચિંતાતુર થતાં નહિ. પ્રબલ વાયુ વાય છે તે મોટા ઝાડની સામે વાય છે. 'અગ્નિને સળીયાથી હલાવવાથી તે અગ્નિ વધારે સારી રીતે બળે છે.' 'સર્પને મસ્તકે મારવાથી ફેણ ચડાવે છે.' અને એવી રીતે બધું. જ્યારે હૃદયને દુઃખ થાય છે, જ્યારે શોકનું તોફાન ચારે તરફ ચાલી રહ્યું હોય છે, અને પ્રકાશ બીલકુલ હવેથી દેખાશે નહિ એવું જણાય છે, જ્યારે આશા અને ધૈર્ય લગભગ જતાં રહ્યાં હોય છે, ત્યારે અરે ત્યારેજ આ મહાન્ ધાર્મિક તોફાનમાં બ્રહ્મન્‌નો અંતરંગ પ્રકાશ ઝળકે છે. મોજશોખમાંજ ઉછરીને, ગુલાબની શય્યા પર સૂઇને, અને આંસુ કદી ન પાડીને કયો માણસ કોઇપણ વખતે મહાન્ થયેલ છે, કોઇપણ અંતરમાં રહેલ બ્રહ્મન્‌ને પ્રકટાવ્યો છે! આપ શા માટે રડવામાં બીક રાખો છો? રડો! રડવાથી આંખ શુદ્ધ થાય છે, અને તેમાંથી આંતરિક પ્રેરણા જાગે છે. ત્યાર પછી વિવિધતા —મનુષ્ય, પ્રાણી, વનસ્પતિ—વગેરેનું દર્શન ધીમે ધીમે નાશ પામે છે, દરેક સ્થળે અને દરેક વસ્તુમાં બ્રહ્મન્‌ની અનંત પ્રતીતિ આવે છે. ત્યારેજ

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥

'ખરેખર તે ઈશ્વરને સર્વત્ર સમાન રીતે જોઇને આત્માને આત્માથી હણતો નથી—હિંસા કરતો નથી, અને તેથી પરમગતિ—મોક્ષને પામે છે.'

હમેશાં આપનો શુભચિંતક વિવેકાનંદ.

સમાપ્ત.

જાહેર ખબર.

જીવિતદાન આપનાર સો પાળક પણ નહીં નીકળે ?

દીન વત્સલો ? દુષ્કાળને લીધે આશ્રમમાં અનાથોની સંખ્યા વધવા માંડી છે અને બીજી બાજુ આ અનાથ આશ્રમની શક્તિ ઓછી છે તો શું ભૂખે મરતા અનાથોને વીલે મોઢે પાછા કાઢવા પડશે? અરે શું એમને આપણી નજર નીચે દયાજનક રીતે મરવા દેવા ? દયાળુ સજ્જનો ! સર્વ બાજી આપનાજ હાથમાં છે. **પ્રભુની ખાતર દયા લાવો અને અનાથોના પાળક બનો માત્ર દર માસે સાત રૂપીઆ આપનાર ધર્માત્માના નામથી** બાર વર્ષથી મ્હોટા અનાથને અને રૂ. ૩–૮–૦ આપનારના નામથી નાની ઉમરના અનાથને પાળી વિદ્યાદાન આપી સનાથ બનાવીશું. આ પૂજ્ય ભુમિમાંથી અનાથના પ્રાણદાતા એવા માત્ર (૧૦૦) પાળક પણ નહિ નીકળે ? અનાથના પ્રાણદાતા બનો અને જરૂર દયા લાવી લખોઃ—

આ સિવાય પણ આ આશ્રમને યથાશક્તિ દાન આપવાની પ્રાર્થના કરવામાં આવે છે.

મંત્રી, હિન્દુ અનાથાશ્રમ–નડીઆદ.

જાહેર ખબર.

રૂ. ૨૫૦) માં અમરનામ.

પુન્યશીલ દાતાઓ માટે ઉત્તમ તક.

[અત્યાર સુધીમાં ૩૦ દાતાઓએ પોતાના નામની ઓરડીઓ બંધાવી છે.]

નડીઆદ હિંદુ અનાથ આશ્રમમાં અનાથો અને અપંગોની સંખ્યામાં મ્હોટો વધારો થવાથી અનાથોને રહેવા વિગેરે માટે ઘણી અગવડ પડતી હોવાથી, આશ્રમના મધ્ય સ્થળમાં વધારાનું મકાન બાંધવાની જરૂર છે આ નવા મકાનની નીચેની ઓરડીઓમાં અનાથ અપંગો વગેરેનો સમાસ કરવામાં આવશે. મકાનને લગતી દરેક ઓરડી બાંધતાં લગભગ પાંચસો રૂપીઆ ખર્ચ થાય છે, તથાપી કોઈ દાતા ગૃહસ્થ એકી વખતે રૂ ૨૫૦) આપશે તો તે ગૃહસ્થના નામની એક ઓરડી બાંધી તેના મુખદ્વાર ઉપર આરસપહાણની તખ્તી ચોઢી તે સખી દાતાનું નામ અમર કરવામાં આવશે. આ મકાન બાંધતાં ચાર હજાર રૂપીઆ સુધી ખર્ચ થાય તેમ છે પરંતુ કોઇ શ્રીમંત સખી ગૃહસ્થ ત્રણ હજાર રૂપીઆ સામટા દાન આપશે તો એ આખું મકાન એ દાતાના નામથી બંધાવી અમે કૃતાર્થ થશું; આ મકાન આશ્રમમાં ઘણુંાજ આગળ પડતા સ્થળમાં થોડાજ સમયમાં બંધાનાર હોવાથી દાનશીલ સજ્જનો આ ઉત્તમ તકનો લાભ લેવા ચુકશે નહિ એવી આશા છે. વધુ વિગ માટે લખો.

મંત્રી, હિન્દુ અનાથાશ્રમ–નડીઆદ.

ગંગા કિનારે કૂવો શામાટે ખોદો છો?

મારૂં હૃદય એટલું બધું ભરાઈ આવ્યું છે કે, મારા ભાવ શબ્દદ્વારા બતાવી શકતો નથી જ્યાં સુધી કરોડો માણસો ભૂખ અને અજ્ઞાનમાં જીવન ગાળશે; ત્યાં સુધી જે માણસ તેઓના ખર્ચે ભણી કેળવાયેલો બન્યા છતાં, તેમના તરફ થોડામાં થોડું પણ લક્ષ આપતો નથી; તેવા દરેક માણસને હું દ્રોહી ગણું છું. જે ધનવાનો ગરીબોને ઘાણ વાળી પૈસા મેળવી પોતાના ઠાઠમાઠવાળા પોષાકમાં આમ તેમ હરે ફરે છે, તેમને—જ્યાં સુધી ભૂખે મરતા, જંગલી કરતાં જેની સ્થિતિ કોઈપણ રીતે ચડીઆતી નથી એવા, વીસ કરોડ માણસોને માટે તેઓ કંઈ પણ કરતા નથી, ત્યાં સુધી હું દુષ્ટો ગણું છું. * *

જે ધર્મ કે ઇશ્વર વિધવાનાં આંસુ લૂછી ન શકે; અથવા બાપ વગરનાં નિરાધાર બાળકોના મુખમાં એક રોટલીનો કટકો મૂકી ન શકે; તેવા ધર્મ કે ઇશ્વરમાં મને શ્રદ્ધા નથી. ગમે તેટલાં ઉમદા ધર્મતત્વો હોય, ગમે તેટલું સુગંધિત તત્વજ્ઞાન હોય—છતાં જ્યાં સુધી પુસ્તકોમાંજ છે; અને મૂખમાત્રથી ચર્ચાના વિષય રૂપ છે, એટલે કાર્યમાં ઉતરેલ નથી, ત્યાં સુધી હું તેને ધર્મ કહેતો નથી. * * * * મારો ધર્મ, એમ કહેવામાં તમે મગરૂરી લ્યો છો તે ધર્મને કાર્યમાં મૂકો. પ્રભુ તમારૂં કલ્યાણ કરશે. * * *

શું તમે તમારા જાતિ ભાઈઓ પર પ્રેમ રાખો છો? ઇશ્વર શોધવા તમે કયાં જાઓ છો? શું ગરીબ, દુઃખી અને નિર્બળ બધું આ બધા ઇશ્વરો નથી? તેઓની પૂજા પહેલી શા માટે કરતા નથી? ગંગા નદીના કિનારા ઉપર શા માટે કૂવો ખુદો છો?

'**સ્વામી, વિવેકાનંદનાં પત્રો**' માંથી ઉતારો